श्री संखेश्वर पार्श्वनाथाय नमः ॥

# શ્રી અમૃત ચંદ્રા પ્રભા સ્તવનાવલી

( પ્રાચીન પૂર્વાચાર્ય વિરચિત ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ અને સજ્ઝાયોનો ઉપયોગી સુંદર સંગ્રહ. )

નામ

ઠેકાણું

: સંયોજક :

રાજનગર હાજાપટેલની પોળમાં પીપરડીની પોળના
વિમળગચ્છના આજ્ઞાવર્તી પરમપૂજ્ય ઉપકારી ગુરૂણીજી
શ્રી પ્રભાશ્રીજી, ચંદ્રોદયશ્રીજી તથા મહોદયશ્રીજીના સદુપદેશથી

: છપાવી પ્રસિદ્ધ કરનાર :
માસ્તર રતિલાલ બાદરચંદ શાહ
દોશીવાડાની પોળ—અમદાવાદ.

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૮૨ | કીંમત ૨—૮—૦ | વીક્રમ સં. ૨૦૧૨ |

ૐ શ્રી સંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

# શ્રી

# પ્રાચીન સ્તવન સજઝાયાદિ સંગ્રહ

(પ્રાચીન પૂર્વાચાર્ય વિરચિત ચૈત્યવંદનો, સ્તવનો,
સ્તુતિઓ અને સજઝાયોનો અતિ સુંદર સંગ્રહ)

卐 卐

નામ

ઠેકાણું

માસ્તર રતીલાલ બાદરચંદ શાહ
દોસીવાડાની પોળ—અમદાવાદ
વીર સં. ૨૪૮૨ | કિં. રૂા. ૨-૮-૦ | વી. સં. ૨૦૧૨

# પ્રસ્તાવના

જગતમાં તરવાના સાધનમાં જ્ઞાન, તપ વિગેરે સાધનોમાં ભક્તિ પણ મહત્વ ભર્યું સ્થાન છે.

આ ભક્તિએ કઇ આત્માઓને હૃદયના તાર એક કરી મુક્તિ અપાવી છે. રાવણની ભક્તિ આના આદર્શરૂપ છે.

ભક્તિની ભાવનામાં વૃદ્ધિ કરનાર અને ભક્તિને ટકાવી રાખનાર તે ભગવાનના સિદ્ધાંતો આદર્શો અને સ્વરૂપને રજુ કરનાર સાહિત્ય છે.

આ સાહિત્યમાં પ્રાચીન ચૈત્યવંદનો સ્તવનો સ્તુતિઓ અને સજ્ઝાયો છે. એક સજ્ઝાયના પદે 'વીરા ગજ થકી હેઠા ઉતરો' અને નઝીનીગુલ્મના સ્વાધ્યાય બાહુબલી અને સુબાહુ કુમારને પણ તાર્યા છે.

તત્ત્વજ્ઞાન એ તો સમજદાર માણસો માટે છે. પણ સામાન્ય જનસમુહને હર હંમેશ ધર્મમાં અતિપ્રેમ કરનાર કોઈ પણ સાહિત્ય હોય તો આપણાં આ ચૈત્યવંદન સ્તવનાદિ સાહિત્ય છે. જેના આ બંધનથી વર્ષો સુધીનું સંયમ દીપાવાય છે. અને વર્ષો સુધી ભક્તિમાં તલ્લીન રહી ધર્મપ્રિય જીવન વીતાવાય છે.

આ પુસ્તકમાં ચાર ભાગ રાખવામાં આવ્યા છે. પ્રથમ વિભાગમાં વિવિધ ચૈત્યવંદનો બીજામાં સ્તવનો ત્રીજામાં સ્તુતિઓ અને ચોથામાં સજ્ઝાયોનો સંગ્રહ છે.

આ ચૈત્યવંદન સ્તવન સ્તુતિ અને સજ્ઝાયોની પસંદગી ખુબ જ રોચ કરીને કરવામાં આવી છે. લોકજીભે વસેલાં અને જેને સાંભળતાં આત્મ પ્રાપ્તિ જાગૃત થાય તેવાં લગભગ બધાં પદો આ પુસ્તકમાં દાખલ કરવામાં આવ્યાં છે.


૧૦–૬–૫૭ શાહ.

ખેતરપાળની પોળ મફતલાલ ઝવેરચંદ

અમદાવાદ. પંડિત.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | આત્મરક્ષા નવકાર મંત્ર. | ૧ |
| | સોળ સતીનો છંદ | ૨ |
| | ચૈત્યવંદનો | ૨ થી ૨૭ |
| ૧ | શ્રી સંખેશ્વર પાર્શ્વનાથનું ચૈત્યવંદન | ૨ |
| ૨ | બીજ તીથીનું ચૈત્યવંદન | ૨ |
| ૩ | પંચમી તીથીનું ચત્યવંદન | ૩ |
| ૪ | શ્રી અષ્ટમી તીથીનું ચૈત્યવંદન | ૪ |
| ૫ | શ્રી મૌન એકાદશીનું ચૈત્યવંદન | ૬ |
| ૬ | શ્રી રોહિણી તપનું ચૈત્યવંદન | ૮ |
| ૭ | શ્રી દીવાળીનું ચૈત્યવંદન | ૮ |
| ૮ | શ્રી દીવાળીનું ચૈત્યવંદન | ૯ |
| ૯ | શ્રી સિદ્ધચક્રજીનું ચત્યવંદન | ૧૦ |
| ૧૦ | શ્રી સિદ્ધચક્રજીનું ચૈત્યવદન | ૧૧ |
| ૧૧ | શ્રી સિદ્ધચક્રજીનું ચૈત્યવંદન | ૧૨ |
| ૧૨ | શ્રી એકસો સિત્તેર જિનવર્ણનું ચૈત્યવંદન | ૧૨ |
| ૧૩ | શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન | ૧૩ |
| ૧૪ | શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન | ૧૩ |
| ૧૫ | શ્રી પુંડરીક સ્વામીનું ચૈત્યવંદન | ૧૪ |
| ૧૬ | શ્રી સીમંધર સ્વામીનું ચૈત્યવંદન | ૧૪ |
| ૧૭ | શ્રી વીશ સ્થાનક તપના કાઉસ્સગ્ગનું ચૈત્યવંદન | ૧૫ |
| ૧૮ | શ્રી વર્ધમાન તપનું ચૈત્યવંદન | ૧૫ |
| ૧૯ | શ્રી વર્ધમાન તપનું ચૈત્યવંદન | ૧૬ |
| ૨૦ | શ્રી ઉપદેશકનું ચૈત્યવંદન | ૧૬ |
| ૨૧ | શ્રી પર્યુષણ પર્વનું ચૈત્યવંદન | ૧૭ |
| ૨૨ | શ્રી પર્યુષણ પર્વનું ચૈત્યવંદન | ૧૮ |

૨૩ આવતી ચોવિશીના તીર્થંકરનું ચૈત્યવંદન ૧૯
૨૪ શ્રી જિન પૂજાના ફળનું ચૈત્યવંદન ૨૦
૨૫ ચોવિશ જિન લંછનનું ચૈત્યવંદન ૨૨
૨૬ ૧૪૫૨ ગણધરનું ચૈત્યવંદન ૨૩
૨૭ એકસો સિત્તેર જિનનું ચૈત્યવંદન ૨૪
૨૮ સામાન્ય જિનનું ચૈત્યવંદન ૨૪
૨૯ ચોવીશ જિન ભવ ગણત્રીનું ચૈત્યવંદન ૨૫
૩૦ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું ચૈત્યવંદન ૨૫
૩૧ વીશ સ્થાનકના ગુણનું ચૈત્યવંદન ૨૭

પ્રાચીન સ્તવનો ૨૮ થી ૧૨૦

૧ બીજ તિથિનું સ્તવન (ઢાળ–બે,) ૨૮
૨ પંચમી તિથિનું સ્તવન (ઢાળ–છ) ૩૧
૩ અષ્ટમી તિથિનું સ્તવન (ઢાળ–બે) ૩૮
૪ મોન એકાદશીનાદોઢસો કલ્યાણકનું સ્તવન (ઢાળ–૧૨) ૪૦
૫ શ્રી એકાદશીનું સ્તવન (ઢાળ ચાર) ૫૦
૬ શ્રી રોહિણી તપ વિધિ સ્તવન (ઢાળ ચાર) ૫૪
૭ શ્રી સિદ્ધચક્રજીનું સ્તવન ૬૧
૮ શ્રી દિવાળી પર્વનું મહાવીર સ્વામીનું સ્તવન ૬૩
૯ શ્રી દિવાળી કલ્પનું સ્તવન (ઢાળ દસ) ૬૫
૧૦ શ્રી દિવાળીનું સ્તવન ૭૯
૧૧ શ્રી સિદ્ધાચલજીનું સ્તવન ૮૧
૧૨ શ્રી સિદ્ધાચલજીનું સ્તવન ૮૨
૧૩ શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન ૮૩
૧૪ શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન ૮૪

૧૫ શ્રી અભિનંદન સ્વામીનું સ્તવન ૮૫
૧૬ શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન ૮૬
૧૭ શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન ૮૭
૧૮ શ્રી શીતલનાથ સ્વામીનું સ્તવન ૮૮
૧૯ શ્રી વાસુપૂજ્ય સ્વામીનું સ્તવન ૮૯
૨૦ શ્રી શાન્તિનાથ સ્વામીનું સ્તવન ૯૦
૨૧ શ્રી શાન્તિનાથ જિન સ્તવન ૯૦
૨૨ શ્રી મલ્લિનાથ ભગવાનનું સ્તવન ૯૧
૨૩ શ્રી નેમનાથ પ્રભુનું સ્તવન ૯૨
૨૪ શ્રી નેમનાથ પ્રભુનું સ્તવન ૯૩
૨૫ શ્રી નેમનાથનો શ્લોકો ૯૫
૨૬ શ્રી નેમનાથ પ્રભુનો ચોક ઢાળ ચાર ૧૦૩
૨૭ શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું સ્તવન ૧૦૭
૨૮ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન ૧૦૮
૨૯ શ્રી પાર્શ્વનાથ પ્રભુનો થાળ ૧૦૯
૩૦ શ્રી સમવસરણ વર્ણન ગર્ભિત શ્રી વર્ધમાન જિન સ્ત. ૧૧૧
૩૧ શ્રી મહાવીર સ્વામિનું હાલરડું ૧૧૪
૩૨ શ્રી મહાવીર સ્વામીનું સ્તવન ૧૧૭
૩૩ શ્રી મહાવીર સ્વામીનું સ્તવન ૧૧૮
૩૪ શ્રી મહાવીર સ્વામીનું સ્તવન ૧૨૦

## સ્તુતિ સંગ્રહ ૧૨૧ થી ૧૩૨

૧ શ્રી જ્ઞાન પંચમીની સ્તુતિ ૧૨૧
૨ શ્રી રોહિણીની સ્તુતિ ૧૨૨
૩ શ્રી સિદ્ધચક્રજીની સ્તુતિ ૧૨૩

૪ શ્રી આદિશ્વર જિનની સ્તુતિ ૧૨૪
૫ શ્રી નેમનાથ જિન સ્તુતિ ૧૨૫
૬ શ્રી રાત્રિભોજનની સ્તુતિ ૧૨૬
૭ શ્રી દશત્રિક વિગેરેની સ્તુતિ ૧૨૬
૮ શ્રી પોષ દશમીની સ્તુતિ ૧૨૭
૯ શ્રી સીમંધર સ્વામીની સ્તુતિ ૧૨૮
૧૦ શ્રી દિવાળીની સ્તુતિ ૧૨૮
૧૧ શ્રી દિવાળી કલ્પની સ્તુતિ ૧૨૯
૧૨ શ્રી પર્યુષણપર્વની સ્તુતિ ૧૩૦
૧૩ શ્રી જ્ઞાન પંચમીની સ્તુતિ ૧૩૨

## સજ્ઝાય સંગ્રહ ૧૩૩ થી ૨૨૩

૧ શ્રી પંચમીની સજ્ઝાય ૧૩૩
૨ શ્રી આઠમની સજ્ઝાય ૧૩૪
૩ શ્રી એકાદશીની સજ્ઝાય ૧૩૫
૪ શ્રી રોહીણીની સજ્ઝાય ૧૩૭
૫ શ્રી સિદ્ધચક્રજીની સજ્ઝાય ૧૩૮
૬ શ્રી સિદ્ધચક્રજીની સજ્ઝાય ૧૪૦
૭ શ્રી ઋષભદેવ સ્વામીનો સજ્ઝાય (ઢાળ ૪) ૧૪૫
૮ શ્રી નેમરાજુલની સજ્ઝાય ૧૫૦
૯ શ્રી કમલાવતીની સજ્ઝાય ૧૫૧

૧૦ શ્રી સુકુમાલિકાની સજ્ઝાય (ઢાળ. ૩) ૧૫૫
૧૧ શ્રી ચંદનબાળાની સજ્ઝાય ૧૬૦
૧૨ શ્રી કામલત્તાની સજ્ઝાય ૧૬૫
૧૩ શ્રી ગજસુકુમાલની સજ્ઝાય ૧૬૮
૧૪ શ્રી એલાયચી કુમારની સજ્ઝાય ૧૭૦
૧૫ શ્રી સુબાહુ કુમારની સજ્ઝાય ૧૭૨
૧૬ શ્રી દ્વારિકા નગરીની સજ્ઝાય ૧૭૪
૧૭ શ્રી દશ ચંદરવાની સજ્ઝાય (ઢાળ ૩) ૧૭૮
૧૮ શ્રી વજ્રસ્વામીની સજ્ઝાય (ઢાળ–૧૪) ૧૮૨
૧૯ શ્રી જંબુસ્વામીની સજ્ઝાય ૧૮૩
૨૦ શ્રી અંજના સતીની સજ્ઝાય ૧૯૫
૨૧ શ્રી કલાવતીની સજ્ઝાય ૧૯૭
૨૨ સાસુ વહુની સજ્ઝાય (ઢાળ–૪) ૨૦૧
૨૩ શ્રી અરણિક મુનીની સજ્ઝાય ૨૦૬
૨૪ શ્રી દીવાની સજ્ઝાય ૨૦૮
૨૫ શ્રી સ્થુલિ ભદ્રજીની સજ્ઝાય ૨૦૮
૨૬ શ્રી સ્થુલિ ભદ્રજીની સજ્ઝાય ૨૧૦
૨૭ શ્રી સ્થુલિ ભદ્રજીની સજ્ઝાય ૨૧૧
૨૮ શ્રી સતી સુભદ્રાની સજ્ઝાય ૨૧૨
૨૯ શ્રી અમકા સતીની સજ્ઝાય ૨૧૪

| | | |
|---|---|---|
| ૩૦ | શ્રી સોળ સ્વપ્નની સજ્ઝાય | ૨૧૭ |
| ૩૧ | શ્રી નાલંદા પાડાની સજ્ઝાય | ૨૧૯ |
| ૩૨ | શ્રી રેવતી શ્રાવિકાની સજ્ઝાય | ૨૨૦ |
| ૩૩ | શ્રી આત્મા વિષે સજ્ઝાય | ૨૨૧ |
| ૩૪ | શ્રી છઠ્ઠા આરાની સજ્ઝાય | ૨૨૩ |
| ૩૫ | શ્રી પાંચમા આરાની સજ્ઝાય | ૨૨૩ |
| ૩૬ | શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન ( ઢાળ ૭ ) | ૨૨૫ |
| ૩૭ | શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન | ૨૩૧ |
| ૩૮ | શ્રી સીમંધર સ્વામીનું સ્તવન | ૨૩૮ |

મુદ્રક : પંડિત મફતલાલ ઝવેરચંદ નયન પ્રિન્ટીંગ પ્રેસ. ઢીંકવાવાડી
અમદાવાદ

स्व. परम पूज्य साध्वीजी श्री प्रधानश्रीजी
महाराज साहेब



स्व. सं. २००२ ना अषाड सुद ११

સ્વ. પ. પૂ. સાધ્વીજી
શ્રી ચંદ્રાશ્રીજી
મહારાજ સાહેબ


સ્વ. પ. પૂ. સાધ્વીજી
શ્રી અમરશ્રીજી
મહારાજ સાહેબ



સ્વ. સં. ૨૦૦૭ ના
ફાગણ વદ ૦))

સ્વ. સં. ૨૦૦૯ ના
આસો વદ ૯

## પ. પૂ. સાધ્વીજી શ્રી પ્રભાશ્રીજી મહારાજ સાહેબ



જન્મ—સં. ૧૯૫૮ ના માગશર સુદ ૧૧

દીક્ષા—સં. ૧૯૭૯ ના વૈશાખ સુદ ૫

# આ પુસ્તકમાં મદદ આપનાર સદ્‌ગૃહસ્થોની નામાવલી.

૧૦૦) કાળુસીની પોળના પંચખાતે
૩૧) શા. શાન્તીલાલ મોહનલાલ ખેડાવાળા
૩૧) શેઠ સકરચંદ હાલાભાઈ પાછીઆનીપોળ
૨૫) ધીરજ બેન કાળુસીનીપોળ
૨૫) બકુભાઈ મણીલાલ ઝાંપડાનીપોળ
૨૫) શા. કેશવલાલ મુળચંદ
૧૫) શા. ભગુભાઈ મણીભાઈ ખેડાવાળા
૧૧) પુરીબેન કાળીદાસ ગામ કાલરીવાળા
૧૧) ચંપાબેન કાળુસીનીપોળ
૧૧) દાકતર દીનકરભાઈ સાંકળચંદ કાળુસીની પોળ
૧૧) માણેકલાલ ચુનીલાલના ધર્મપત્નિ કમળાબેન
૧૧) શા. ચમનલાલ છોટાલાલ ખેડાવાળા
૧૦ાા શાહ ખાતે
૧૦) ગં. સ્વ. ગંગાબ્હેનના સ્વર્ગસ્થનિમિત્તે પાછીયાનીપોળ
૭) બાળાબેન કાળુસીની પોળ
૭) શા. ત્રીકમલાલ ડાહ્યાભાઈ ,,
૭) ગજીબેન ,,
૫) મણીબેન સામણ
૫) શા. વિપિનચંદ્ર ચમનલાલ

૫) શા. ચમનલાલ છોટાલાલ
૫) વિમળાબેન
૫) કેશવલાલ મનસુખરામ
૫) ભગુભાઈ હીરાલાલ
૫) શા. પોપટલાલ મનસુખલાલ
૫) શા. નાનાભાઈ ભાઈલાલ દશાપોળવાડ
૫) શા. કાળીદાસ મોહનલાલ સોસાયટી
૫) શેઠ મણીભાઈ સનાભાઈ
૫) શા. નગીનદાસ રમણુલાલ
૫) શા. ભગવાનદાસ બાલાભાઈ
૫) રણછોડભાઈ
૫) શા. નંદુભાઇ ડાહ્યાભાઈ
૫) શા. શાંતીલાલ વાડીલાલ રાજામહેતાનીપોળ
૫) શા. ચીનુભાઈ મોહાનલાલ
૫) શારદાબેન પાટણવાળા
૫) શા. ભોગીલાલ સરૂપચંદ હાંલ્લાપોળ
૫) શા. સોમચંદ વાડીલાલ
૫) શા. અશ્વિનકુમાર ભોગીલાલ
૫) શા. પ્રફુલ્લકુમાર ભોગીલાલ
૫) રોકાણી ત્રીકમલાલ પોપટલાલ ડીસાવાળા
૫) કોરાણી કાન્તીલાલ મોહનલાલ

卐

## શ્રી ઘંટાકર્ણ મહામંત્ર

ૐ ઘંટાકર્ણો મહાવીર, સર્વ વ્યાધિ વિનાશક,
વિસ્ફોટક ભયે પ્રાપ્તે, રક્ષ રક્ષ મહાબલ ! ૧
યત્ર ત્વં તિષ્ઠસે દેવ ! લિખિતોઽક્ષર પંક્તિભિઃ
રોગાસ્તત્ર પ્રણુસ્યન્તિ; વાત પિત્ત કફોદ્ભવાઃ ૨
તત્ર રાજભયં નાસ્તિ, યાન્તિ કર્ણે જપાઃ ક્ષયમ્;
શાકિની ભૂત વેતાલા, રાક્ષસાઃ પ્રભવન્તિ ન. ૩
નાઽકાલે મરણું તસ્ય, ન ચ સર્પેણ દશ્યતે,
અગ્નિ ચૌર ભયં નાસ્તિ, હ્રીઁ ઘંટાકર્ણ નમોસ્તુતે.
ઠઃ ઠઃ ઠઃ સ્વાહા. ૪

## શ્રી માણિભદ્રજીનો છંદ.

સરસ વચન દો સરસ્વતી, પૂજુ ગુરૂના પાય, ગુણ માણિકયના ગાવતાં, સેવકને સુખ થાય. ૧. માણિભદ્રને પામીયે, સુરતરૂ જેવો સામ, રોગશોક દૂરે હરે, નમો ચરણ શીર નામ ૩. તું પારગ તું પોસસો, કામકુંભ સુખકાર, સાહેબ વરદા ઈસદા, અણુધારનો આધાર. ૩. તુંહી ચિંતા-મણિ રત્ન, ચિત્રાવેલ વિચાર; માણિક સાહેબ માહરા, દોલતનો દાતાર. ૪. દેવ ઘણા દુનિયા નમે, સુણતાં કરે સન્માન; માણિભદ્ર મ્હોટો મરદ, દીપે દેવ વિમાન. ૫.

## શ્રી મહાલક્ષ્મી અષ્ટક.

ૐ નીર નિર્મલ સુગન્ધ ચન્દન અખંડ અક્ષીત પુષ્પજં
દીપ ધુપ નૈવેદ્ય પય ઘૃત શર્કરાયુત ફલાદિકં,
પૂજા ભવ્ય શિવ સુખદાયક દૂરિત કલ્મષ ખંડનં,
શ્રી મહાલક્ષ્મી મહામાયા પૂજાયાં પ્રતિ ગૃહ્યતામ્. ૧

ૐ નમોઽસ્તુ મહામાયે, સુરાસુરૈઃ પ્રપૂજ્યતેઃ
શંખ ચક્રં ગદાહસ્તે, મહાલક્ષ્મી નમોઽસ્તુતે. ૨
જન્માદિ રહિતે દેવી, આદિ શક્તિ અગોચરે,
યોગીની યોગ સંભૂતે, મહાલક્ષ્મી નમોઽસ્તુતે. ૩
પદ્મે વનારસિ દેવી, પદ્મ જિહ્વે સરસ્વતી,
પદ્મ હસ્તે જગન્નાથ, મહાલક્ષ્મી નમોઽસ્તુતે. ૪
સર્વજ્ઞ સર્વદે દેવી, સર્વદુઃખ નિવારિણી,
સર્વ સિદ્ધિ કરે દેવી, મહાલક્ષ્મી નમોઽસ્તુતે. ૫
સ્થૂલે સૂક્ષ્મે મહારૂદ્રં, સત્યે સત્યમહોદરી,
મહાપાપ હરે દેવી, મહાલક્ષ્મી નમોઽસ્તુતે. ૬
સિદ્ધિ બુદ્ધિ પ્રદે દેવી, ભક્તિ મુક્તિ પ્રદાયિની,
મિત્રહસ્તે મહાદેવી, મહાલક્ષ્મી નમોઽસ્તુતે. ૭
લક્ષ્મી સ્તવનં પુણ્યં, પ્રાતરુત્થાય યઃ પઠેત્,
દુઃખ દારિદ્રયં નિશ્યંતિ, રાજ્યં પ્રાપ્નોતિ નિત્યસં. ૮

## સરસ્વતી (વિદ્યા) મંત્ર.

ૐ હ્રીઁ શ્રીઁ કલીઁ વદ વદ વાગ્વાદિની ભગવતી સરસ્વતી મમ જિહ્વાગ્રે વાસં કુરુ કુરુ સ્વાહા.

દરરોજ ૧૦૮ વાર જાપ કરવાથી વિદ્યા આવડશે, તેમજ રોજ ભણુવાથી બુદ્ધિ તેજ થાય છે.

## સરસ્વતી ચૂર્ણ.

ગળો, અઘાડો વાવડીંગ, શંખાવલી, વજ, સુંઠ. શતાવરી, બ્રાહ્મી, એ આઠનું ચૂર્ણ કરી ઉપરના સરસ્વતી મંત્રથી મંત્રી, ગાયનું ઘી સાકર સાથે દરરોજ લે તો બુદ્ધિવર્ધક થાય છે.

# શ્રી અમૃત ચંદ્રા પ્રભા સ્તવનાવલી.

## શ્રી આત્મરક્ષા નવકાર મન્ત્ર

### શ્રી વજ્રપંજર સ્તોત્રઃ—

ૐ પરમેષ્ઠિ-નમસ્કારં. સારં નવપદાત્મકં;
આત્મરક્ષાકર વજ્ર પંજરાભં સ્મરામ્યહં. ૧

ૐ નમો અરિહંતાણં, શિરસ્કં શિરસિ સ્થિતં,
ૐ નમો સવ્વ સિદ્ધાણં, મુખે મુખ પટાંવરમ્. ૨

ૐ નમો આયરિયાણં, અંગ રક્ષાતિ શાયિની;
ૐ નમો ઉવજ્ઝાયાણં, આયુધં હસ્તયોર્દઢં, ૩

ૐ નમો લોએ સવ્વસાહૂણં, મોચકે પાદયોઃ શુભે;
એસો પંચ નમુક્કારો, શિલા વજ્રમયી તલે. ૪

સવ્વપાવપ્પણાસણો, વપ્રો વજ્રમયો બહિઃ;
મંગલાણં ચ સવ્વેસિં ખાદિરંગાર-ખાતિકા. ૫

સ્વાહાંતં ચ પદં જ્ઞેયં, પઢમં હવઈ મંગલં;
વપ્રોપરિ વજ્રમયં, પિધાનં દેહ-રક્ષણે. ૬

મહાપ્રભાવા રક્ષેયં, ક્ષુદ્રોપદ્રવ-નાશિની;
પરમેષ્ઠિ-પદોદ્ભુતા, કથિતા પૂર્વ સુરિભિઃ ૭

યશ્ચૈનં કુરૂતે રક્ષાં, પરમેષ્ઠિપદૈઃ સદા;
તસ્ય ન સ્યાદ્ ભયં વ્યાધિ-રાધિશ્ચાઽપિ કદાચન. ૮

## સોળ સતીનો છંદ.

બ્રાહ્મા ચંદન બાલિકા ભગવતી, રાજીમતી દ્રૌપદી,
કૌશલ્યા ચ મૃગાવતી ચ સુલસા, સીતા, સુભદ્રા શીવા;
કુન્તી શીલવતી નલસ્ય દયિતા, ચુલા પ્રભા વત્યપિ,
પદ્મા વત્યપિ સુંદરી દિનમુખે, કુર્વન્તુ વો મંગલમ. ૫

---

## ચૈત્યવંદનો.

### ૧. શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ જિન ચૈત્યવંદન.

ૐ નમઃ પાર્શ્વનાથાય, વિશ્વ ચિંતામણી યતે;
હ્રીઁ ધરણેન્દ્ર વૈરોટયા, પદ્માદેવી યુતાયતે. ૧

શાન્તિ તુષ્ટિ મહાપુષ્ટિ, ધૃતિ કિર્તિ વિધાયિ ને,
ૐ હ્રીઁ દ્વિડ્ વ્યાલ વૈતાલ, સર્વાધિ વ્યાધિ નાશિને. ૨

જયા જિતાખ્યા વિજયાખ્યા, પરાજિતયાન્વિતઃ,
દિશાં પાલૈ ર્ગ્રહૈ ર્યક્ષૈ, ર્વિદ્યાદેવી ભિરન્વિતઃ ૩

ૐ અસિઆઉસાય, નમસ્તત્ર ત્રૈલોકય નાથતાં;
ચતુઃષષ્ઠિ સુરેન્દ્રાસ્તે, ભાષંતે છત્ર ચામરૈઃ ૪

શ્રી સંખેશ્વર મંડન, પાર્શ્વજિન પ્રણુતકલ્પ તરૂકલ્પ;
ચૂરય દુષ્ટવ્રાતં, પૂરય મે વાંછિતં નાથ. ૫

---

### ૨ બીજ તીથીનું ચૈત્યવંદન.

ચોવીશમા જિનરાજજી, ચંપાપુરી આવે,
ચૌદ સહસ અણગારના, સ્વામી તેહ કહાવે. ૧

અઢી કોસ ઉંચો સહિ, સમવસરણ વિરચાવે;
ત્રિભુવનપતિ ગુરૂ તેહમાં, ઉપદેશ વરસાવે. ૨

જીતશત્રુ રાજા તિહાં, પ્રભુને વંદન આવે,
તે પણ સમવસરણમાં, બેસી હરષીત થાવે. ૩

ભવિક જીવ તારણ ભણી, ગૌતમ પૂછે જીનને;
બીજ તિથિ માહમા કહો, સંશય હરણ પ્રભુ અમને, ૪

તવ પ્રભુ પર્ષદા આગળે, બીજનો મહિમા ભાખે;
પંચ કલ્યાણક જિનતણા, તે સહુ સંઘની સાખે. ૫

બીજે અજિત જનમીયા, બીજે સુમતિ ચ્યવન;
બીજે વાસુપૂજ્યજી, લહ્યું કેવળનાણ. ૬

દશમા શીતળનાથજી બીજે શિવ પામ્યા;
સાતમા ચક્રી અરજિન, જન્મ્યા ગુણ ધામ. ૭

એ પાંચે જિન સમરતાંએ, ભવિ પામે દોય ધર્મ;
સર્વવિરતિ ને દેશવિરતિ ટાળે પાતિક મર્મ. ૮

વીર કહે દ્વિતીયા તિથિ, તે કારણ તુમે પાળો;
ચંદ્રકેતુ રાજા પરે, આતમ અજુવાળો. ૯

તે સાંભળી બહુ આદરે, પ્રાણી બીજ તિથિ સાર;
તે આરાધતાં કેઈના, થયા આતમ ઉદ્ધાર. ૧૦

ચઉવિહાર ઉપવાસ કરી, બીજ આરાધો વિવેક;
નયસાગર કહે વીરજિન, દ્યો મુજને શિવ એક. ૧૧

---

## ૩ શ્રી પંચમી તીથીનું ચૈત્યવંદન.

યુગલા ધર્મ નિવારીયો, આદિમ અરિહંત;
શાંતિકરણ શ્રી શાંતિનાથ, જગ કરૂણાવંત, ૧

નેમનાથ બાવીસમા, બાળ થકી બ્રહ્મચારી;
પ્રગટ પ્રભાવી પાર્શ્વદેવ, રત્ન–ત્રય ધારી. ૨

વર્ત્તમાન શાસન ધણી એ, વર્દ્ધમાન જગદીશ;
પાંચે જીનવર પ્રણમતાં, વાધે જગમાં જગીશ. ૩

જન્મ કલ્યાણક પંચ રૂપ, સોહમપતિ આવે,
પંચ વર્ણ કળશે કરી, સુરગિરિ નવરાવે. ૪

પંચ સાખ અંગુઠડે, અમૃત સંચારે;
બાળપણે જિનરાજ કાજ, એમ ભક્તિ શું ધારે. ૫

પંચ ધાવ પાલી જતે, જોવન વય પાવે;
પંચ વિષય વિષ વેલી તોડી, સંજમ મન ભાવે. ૬

છંડી પંચ પ્રમાદ પંચ, ઈંદ્રિય બળ મોડી;
પંચ મહાવ્રત આદરે, દેઈ ધન કોડી. ૭

પંચાચાર આરાધતાં, પામ્યા પંચમ જ્ઞાન;
પંચ દેહ વર્જિત થયા, પંચ હ્રસ્વાક્ષર માન. ૮

પંચમી ગતિ ભરતાર તાર, પૂરણ પરમાનંદ;
પંચમી તપ આરાધતાં, ક્ષમાવિજય જિનચંદ. ૯

---

## ૪ શ્રી અષ્ટમી તીથીનું ચૈત્યવંદન.

ચૈતર વદિ આઠમ દિને, મરૂદેવી જાયો,
આઠ જાતિ દિશીકુમરીએ, આઠે દિશી ગાયો. ૧

આઠ ઈંદ્રાણી નાથશું, સુર સંગતે લઇ આવે;
સુર ગિરિ ઉપર સુરવરા, સર્વે મળી આવે. ૨

આઠ જાતિ કલશા ભરી, ચોસઠ હજાર;
દોસય ને પચાસ માનો, અભિષેક ઉદાર. ૩

એક કોડને સાઠ લાખ, ઉંચા શત કોસ;
પોળપણે અડિયાલ કોસ, કળશા જળ કોષ. ૪

ચાર વૃષભ અડ શૃંગ રંગ, આઠે જલ ધારે;
ન્હવરાવી જિનરાજને, સુરેન્દ્ર પાપ પખાળે. ૫
ક્ષુદ્રાદિક અડદોષ શોષ, કરી અડગુણ પાખે;
ટાળી આઠ પ્રમાદ આઠ, મંગળ આળેખે. ૬

કોડી આઠ ચઉગુણા, કંચન વરસાવે;
પ્રભુ સોંપી નિજ માતને, નંદીશ્વર જાવે. ૭
અઠ્ઠાઇ મહોત્સવ કરે એ, ઠવણા જિન ઉદ્દેશ;
અષ્ટ પ્રકારે પૂજીએ, અષ્ટમી દિન સુવિશેષ. ૮

રૂષભ અજીત સુમતિ નમી, મુનિસુવ્રત જન્મ,
અભિનંદન ને નેમિ પાસ, પામ્યા શિવ શર્મ. ૯

સંભવ દેવ સુપાસ દોય, સુર ભવથી ચવીયા;
સેના પુહવી માત કુગ, ઉદરે અવતરિયા. ૧૦

વરસ એક ઉદ્‌ઘોષણાએ, રૂષભ લીયે ચારિત્ર;
અષ્ટમી દિન અગીયાર એમ, કલ્યાણક સુપવિત્ર. ૧૧

દર્શન જ્ઞાન ચારિત્રના, આઠે અતિચાર;
ટાળે ગાળે પાપને, પાળે પંચાચાર. ૧૨

અણિમાદિક અડ સિદ્ધિ રિદ્ધિ, ખીણ માંહે પામી;
અષ્ટ કર્મ હણીને થયા, અડ ગુણ અભિરામી. ૧૩

અષ્ટમી દિન ઉજવળ મને એ, સમરો દશ અરિહંત;
ખીમાવિજય જિન નામથી, પ્રગટે જ્ઞાન અનંત ૧૪

## ૫ શ્રી મૌન એકાદશીનું ચૈત્યવંદન.

વિશ્વનાયક મુક્તિદાયક નમિ નેમિ નિરંજનં,
હર્ષધરી હરી પૂછે પ્રભુને, ભાખો આતમ હિતકરં.
કુણ દિવસ એવો વરસમાંહે, અલ્પ સુકૃત બહુ ફલે,
કહે નેઉ જિનનાં હુઆં કલ્યાણક, મૌન અગ્યારસી સુખકરં. ૧

કેવલિ મહાજસ સર્વાનુભુતિ શ્રીધરનાથએ,
નમિ મલ્લી શ્રી અરનાથ સ્વામી, સાચો શિવપુર સાથએ.
શ્રી સ્વયંપ્રભ દેવશ્રુત અરિહંત, ઉદયનાથ જિનેશ્વરં,
કહે નેઉ જિનનાં હુઆં કલ્યાણક, મૌન અગ્યારસી સુખકરં ૨

અકલંક કર્મ કલંક ટાલે, શુભકરં સમરૂં સદા;
સપ્તનાથ બ્રહ્મેંદ્ર જિનવર, શ્રી ગુણનાથ નમુ મુદા,
ગાંગિકનાથ શ્રી સાંપ્રતિ મુનિનાથ, વિશિષ્ટ અતિવરં,
કહે નેઉ જિનનાં હુઆં કલ્યાણક, મૌન અગ્યારસી સુખકરં. ૩

શ્રી મૃદુ જિનજી જગતવેત્તા વ્યક્ત અરિહા વંદીએ,
શ્રી કલાસત આરણ ધ્યાતા, સહજ કર્મ નિકંદીએ.
જોગ અજોગ શ્રી પરમપ્રભુજી, સુદ્ધાર્ત્તિની કેસરં,
કહે નેઉ જિનનાં હુઆં કલ્યાણક, મૌન અગ્યારસી સુખકરં. ૪

શ્રી સર્વાર્થ સકલ જ્ઞાયક, હરિભદ્ર અરિહંતએ,
મગધાધિપ જિનેંદ્ર વંદો, શ્રી પ્રયચ્છ ગુણવંતએ.
અક્ષોભ મલ્લસિંહનાથ દિનરૂક્, ધનંદ પોષદ જયકરં
કહે નેઉ જિનનાં હુઆં કલ્યાણક, મૌન અગ્યારસી સુખકરં. ૫

શ્રીપલંબ ચારિત્રનિધિ જિન, પ્રશમરાજિત ધ્યાઈએ,
સ્વામીશ્રી વિપરીતદેવ અહોનીશ, પ્રસાદ પ્રેમે ગાઈએ;
અઘટિતજ્ઞાની બ્રહ્મેંદ્ર પ્રભુ, ઋષભચંદજી અઘહરં,
કહે નેઉ જિનનાં હુઆં કલ્યાણક, મૌન અગ્યારસી સુખકરં. ૬

દયાંત દાતા જગત કેરો, અભિનંદન રત્નેશએ,
સામકોષ્ટ મરુદેવી નાયક, અતિપાર્શ્વ વિશેષએ,
નમો નંદિષેણ વ્રતધર, શ્રીનિર્વાણી દુ:ખહરં,
કહે નેઉ જિનનાં હુઆં કલ્યાણક, મૌન અગ્યારસી સુખકરં. ૭

સૌંદર્યજ્ઞાની ત્રિવિક્રમ જિન, નરસિંહ નમો તુમે,
ખેમંત સંતોષિત અરીહા, કામનાથથી દુ:ખ સમે,
મુનિનાથને શ્રીચંદ્રદાહએ, દિલાદિત ઉદયકરં,
કહે નેઉ જિનનાં હુઆં કલ્યાણક, મૌન અગ્યારસી સુખકરં. ૮

શ્રીઅષ્ટાહ્નિક વાણિગ વંદો, ઉદયજ્ઞાન આરાધયે,
તમોકંદને સાયકાક્ષ સ્વામી, ખેમંત શિવસુખ સાધિયે,
નિર્વાણીને રવિરાજ સાહિબ, પ્રથમ નાથ પરમેશ્વરં
કહે નેઉ જિનનાં હુઆં કલ્યાણક, મૌન અગ્યારસી સુખકરં. ૯

શ્રીપરુરવાસ અવબોધ જગગુરુ, વિક્રમેંદ્ર વખાણીએ,
શ્રીસ્વસાંતિ હરિનંદિકેશને મહામૃગેંદ્ર મન આણીએ,
અશોકચિત ચિત્તમાં વસે અહનીશ, ધર્મેંદ્ર જગજસ કરં,
કહે નેઉ જિનનાં હુઆ કલ્યાણક, મૌન અગ્યારસી સુખકરં. ૧૦

અશ્વવૃંદ કુટિલક વર્ધ્ધમાન નંદીકેશના ગુણ ઘણા,
શ્રીધર્મચંદ્ર વિવેક જગપતિ, કલાપક સોહામણા;
વિસોમ સૌમ્યકૃતિ જેની, આરણઅંગિ સુખકરં,
કહે નેઉ જિનનાં હુઆં કલ્યાણક, મૌન અગ્યારસી સુખકરં. ૧૧

ત્રીસ ચોવીસી દશે ક્ષેત્રે, કાલત્રિક જિન લિજિએ,
પંચકલ્યાણક ત્રીસ જિનનાં ઈમ, દોઢસો ગુણીજિએ.
જિનભક્તિ કરતાં ધ્યાન ધરતાં, કોટિ તપફલ હોઈનરં,
કહે નેઉ જિનનાં હુઆં કલ્યાણક, મૌન અગ્યારસી સુખકરં. ૧૨

પોષધને ઉપવાસ કરીને, આરાધે એકાદશી,
નરભવ તેહનો સફલ થાયે, પરમાનંદ પદ દેહસી,
ગુરુ રૂપકીર્તિ હૃદય ધરીને, માણેક મુનિ શિવ સુખકરં,
કહે નેઉ જિનનાં હુઆં કલ્યાણક, મૌન અગ્યારસી સુખકરં. ૧૩

---

## ૬ શ્રી રોહિણી તપનું ચૈત્યવંદન.

રોહિણી તપ આરાધીએ, શ્રી શ્રી વાસુપૂજ્ય,
દુઃખ દોહગ દૂરે ટળે, પૂજક હોએ પૂજ્ય. ૧
પહેલાં કીજે વાસક્ષેપ પ્રહ ઉઠીને પ્રેમે,
મધ્યાન્હે કરી ધોતીઆ, મન વચ કાયા ખેમે. ૨
અષ્ટ પ્રકારની વિરચીએ, પૂજા નૃત્ય વાજિંત્ર;
ભાવે ભાવના ભાવીએ, કીજે જન્મ પવિત્ર. ૩
ત્રિહું કાલ લઈ ધુપ દીપ, પ્રભુ આગળ કીજે,
જિનવર કેરી ભક્તિ શું, અવિચળ સુખ લીજે. ૪
જિનવર પૂજા જિન સ્તવન, જિનનો કીજે જાપ,
જિનવર પદને ધ્યાઈએ, જિમ નાવે સંતાપ. ૫
કોડ કોડ ફળ દીએ, ઉત્તર ઉત્તર ભેદ,
માન કહે ઇણ વિધ કરો, જિમ હોય ભવનો છેદ. ૬

---

## ૭ શ્રી દીવાળીનું ચૈત્યવંદન.

ત્રીસ વરસ કેવલી પણે, વિચર્યા મહાવીર,
પાવાપુરી પધારીયા, જિન શાસન ધીર. ૧
હસ્તીપાલ નૃપ રાયની, રજ્જુકા સભા મઝાર,
ચરમ ચોમાસું ત્યાં રહ્યા, લેઈ અભિગ્રહ સાર. ૨

કાશી કોશલ દેશના, ઘણા રાય અઢાર,
સ્વામી સુણી સહુ આવીયા, વંદને નિરધાર. ૩
સોલ પહોર દીધી દેશના, જાણી લાભ અપાર,
દીધી ભવિ હિત કારણે, પિધી તેહીજ પાર. ૪
દેવશર્મા બોધન ભણી, ગોયમ ગયા સુજાણ,
કાર્તિક અમાવાસ્યા દિને, પ્રભુ પામ્યા નિર્વાણ. ૫
ભાવ ઉદ્યોત ગયો હવે, કરો દ્રવ્ય ઉદ્યોત;
ઇમ કહી રાય સરવે વલી, કીધી દીપક જ્યોત. ૬
દીવાલી તીહાંથી થઇ, જગમાંહી પ્રસિદ્ધ,
પદ્મ કહે આરાધતાં, લહીએ અવિચલ રિદ્ધ. ૭

---

## ૮ શ્રી દીવાળીનું ચૈત્યવંદન.

મગધદેશ પાવાપુરી, પ્રભુ વીર પધાર્યા,
સોલ પહોર દેઇ દેશના, ભવિક જીવને તાર્યા. ૧
ભુપ અઢાર ભાવે સુણે, અમૃત જીસી વાણી,
દેશના દીયે રયણીયે, પરણ્યા શીવરાણી. ૨
રાય ઉઠી દીવા કરે, અજવાળાના હેતે,
અમાવાસ્યા તે કહી, વલી દીવાળી કીજે. ૩
મેરૂ થકી આવ્યા ઇંદ્ર, હાથે લેઇ દીવી,
મેરઇયા દીન સફળ કરી, લોક કહે સવી જીવી. ૪
કલ્યાણક જાણી કરી, દીવા તે કીજે,
જાપ જપો જીનરાજનો, પાતિક સવિ છીજે. ૫
બીજે દિન ગૌતમ સુણી, પામ્યા કેવલજ્ઞાન,
બાર સહસ ગુણણું ગણો, ઘર હોસે કોડ કલ્યાણ. ૬

સુરનર કિન્નર સહુ મલી, ગૌતમને આપે,
ભટ્ટારક પદવી દેઈ, સહુ સાખે થાપે. ૭
જ્વાર ભટ્ટારક થકી, લોક કરે જુહાર,
બેન ભાઇ જમાડીયા, નંદીવર્ધન સાર, ૮
ભાઈ બીજ તિહાં થકી, વીર તણો અધિકાર,
જયવિજય ગુરૂ સંપદા, મુજને દીયો મનોહાર. ૯

---

## ૯ શ્રી સિદ્ધચક્રજીનું ચૈત્યવંદન.

શ્રી સિદ્ધચક્ર આરાધતાં, સુખ સંપત્તિ લહીએ,
સુરતરૂ સુરમણી થકી, અધિક જ મહીમા કહીએ. ૧
અષ્ટ કર્મ હણી કરી, શિવ મંદિર રહીએ.
વિધિશું નવપદ ધ્યાનથી, પાતિક સવિ દહીએ. ૨
સિદ્ધચક્ર જે સેવશે, એક મને નરનાર,
મન વાંછિત ફલ પામશે, તે સવિ ત્રિભુવન મઝાર. ૩
અંગદેશ ચંપાપુરી, તસ કેરો ભૂપાલ.
મયણા સાથે તપ તપે, તે કુંવર શ્રીપાલ. ૪
સિદ્ધચક્રના નવણથી, જસ નાઠા રોગ,
તત્ક્ષણ ત્યાંથી તે લહે, શિવસુખ સંયોગ. ૫
સાતસેં કોઢી હતા, હુઆ નીરોગી જેહ,
સોવન વાને જલહલ, જેહની નિરૂપમ દેહ. ૬
તેણે કારણ તમે ભવિજનો, પ્રહ ઉઠી ભકતે,
આસો માસ ચૈત્ર થકી, આરાધો જુગતે. ૭
સિદ્ધચક્ર ત્રણ કાલના, વંદો વલી દેવ,
પડિક્કમણું કરી ઉભયકાલ, જીનવર મુનિ સેવ. ૮

નવપદ ધ્યાન હૃદયે ધરો, પ્રતિપાલો ભવિશીલ.
નવપદ આંબિલ તપ તપો, જેમ હોય લીલમ લીલ. ૯

પહેલે પદ અરિહંતનું, નિત્ય કીજે ધ્યાન,
બીજે પદ વલી સિદ્ધનું, કીજે ગુણગ્રામ. ૧૦

આચાર જ ત્રીજે પદે, જપતાં જય જયકાર,
ચોથે પદ ઉવજ્ઝાયના, ગુણ ગાઉં ઉદાર. ૧૧

સર્વ સાધુ વંદુ સહી, અઢીદ્વીપમાં જેહ.
પંચમ પદમાં તે સહિ, ધરમે ધરી સસનેહ, ૧૨

છઠ્ઠે પદ દરસન નમું, દર્શન અજુવાળું,
નાણ નમો પદ સાતમે તેમ પાપ પખાલું. ૧૩

આઠમે પદે રૂડું જપું, ચારિત્ર સુસંગ;
નવમે પદ બહુ તપ તપો, જીમ લહો ફલ અભંગ, ૧૪

એહી નવપદ ધ્યાનથી, જપતાં નાઠે કોઢ;
પંડિત ધીર વિમલ તણો, નય વંદે કરજોડ ૧૫

---

## ૧૦ શ્રી સિદ્ધચક્રજીનું ચૈત્યવંદન.

શ્રી સિદ્ધચક્ર અરાધીએ, આસો ચૈતર માસ,
નવદીન નવ આયંબીલ કરી, કીજે ઓળી ખાસ, ૧

કેસર ચંદન ઘસી ઘણાં, કસ્તુરી બરાસ,
જુગતે જિનવર પૂજિયા, મયણાને શ્રીપાલ, ૨

પૂજા અષ્ટ પ્રકારની, દેવવંદન ત્રણકાળ,
મંત્ર જપો ત્રણ કાળના, ગુણણું દોય હજાર, ૩

કષ્ટ ટળ્યું ઉંબર તણું, જપતાં નવપદ ધ્યાન,
શ્રી શ્રીપાળ નરેંદ્ર થયા, વાધ્યો બમણો વાન, ૪

સાતસો કોઢિયા સુખ લહ્યા, પામ્યા નિજ આવાસ,
પુણ્યે મુક્તિ વધુ વર્યાં, પામ્યા લીલ વિલાસ, ૫

## ૧૧ શ્રી સિદ્ધચક્રજીનું ચૈત્યવંદન.

પહેલે દિન અરિહંતનું, નિત્ય કીજે ધ્યાન;
બીજે દિન વળી સિદ્ધનું, કીજે ગુણગાન, ૧

આચાર જ ત્રીજે પદે, જપતાં જય જયકાર,
ચોથે પદે ઉવજ્ઝાયના, ગુણ ગાવો ઉદાર, ૨

સકલ સાધુ વંદો સહી, અઢીદ્વીપમાં જેહ,
પંચમ પદ આદર કરી, જપજો ધરી સસનેહ, ૩

છઠે પદે દર્શન નમો, દરિશણ અજુઅળો,
નમો નાણપદ સાતમે, જિમ પાપ પખાલો, ૪

આઠમે પદ આદર કરી, ચારિત્ર સુચંગ,
નવમે પદ બહુ તપ તણો, ફળ લીજે અભંગ, ૫

એણી પરે નવપદ ભાવશુંએ, જપતાં નવ નવ કોડ;
પંડિત "શાન્તિવિજય" તણો, શિષ્ય કહે કરજોડ, ૬

## ૧૨ શ્રી એકસો સિત્તેર જિનવર્ણનું ચૈત્યવંદન

સોલે જિનવર શામળા, રાતા ત્રીશ વખાણું;
લીલા મરકત મણિસમા, આડત્રીશ ગુણખાણું ૧.

પીલા કંચન વર્ણ સમા, છત્રીશે જિનચંદ;
શંખ વરણ સોહામણું, પચાસે સુખકંદ, ૨.

સીત્તેર સો જિન વંદીએ એ, ઉત્કૃષ્ટા સમકાલ;
અજિતનાથ વારે હુવા, વંદૂ થઈ ઉજમાલ ૩.

નામ જપંતાં જિનતણું, દુરગતિ દુરે જાય;
ધ્યાન ધ્યાતાં પરમાત્મનું. પરમ મહોદય થાય. ૪.
જિનવર નામે જશ ભલો, સફલ મનોરથ સાર;
શુદ્ધ પ્રતિતી જિનતણી, શિવસુખ અનુભવ ધાર. ૫.

## ૧૩ શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન

કલ્પવૃક્ષની છાંયડી, નાનડીયો રમતો;
સોવન હીંડોલે હિંચતો, માતાને મન ગમતો, ૧
સો દેવી બાલક થયા, ઋષભજી ક્રીડે;
વ્હાલા લાગો છો પ્રભુ, હૈડા શું ભીડે. ૨
જીનપતિ યૌવન પામીયા, ભાવે શું ભગવાન,
ઈંદ્રે ઘાલ્યો માંડવો, વિવાહનો સામાન ૩
ચોરી બાંધી ચીહું દીશી, સુર ગોરી આવે,
સુનંદા સુમંગલા, પ્રભુજીને પરણાવે. ૪
ભરતે બિંબ ભરાવીયા, થાપ્યા શત્રુંજય ગિરિરાય.
શ્રી વિજયપ્રભસુરિ મહિમા ઘણો, ઉદયરત્ન ગુણગાય. ૫
માનવભવ પામી કરીએ, સદ્‌ગુરૂ તીરથ જોમ;
શ્રી શુભવીરને શાસને, શીવરમણી સંયોગ ૭.

## ૧૪ શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન

સિદ્ધાચલ શિખરે ચડી, ધ્યાન ધરો જગદીશ,
મન વચ કાય એકાગ્રશું, નામ જપો એકવીશ. ૧
શત્રુંજયગિરિ વંદીએ, બાહુબલી શિવ ઠામ,
મરૂદેવાને પુંડરિકગીરિ, રેવતગિરિ વિસરામ, ૨

વિમલાચલ સિદ્ધરાજજી, નામ ભગીરથ સાર,
સિદ્ધક્ષેત્રને સહસ્ત્ર કમલ, મુક્તિ નિલય જયકાર, ૩

વિમલાચલ શતકૂટગિરિ ઢંકને કોડી નીવાસ,
કદંબગિરિ લોહિત નમું, તાલધ્વજ પુણ્યરાસ, ૪

મહાબલ દઢ શક્તિ સહી, એ એકવીશે નામ;
સાતે શુદ્ધિ સમાચરી, નિત્ય કીજે પ્રણામ. ૫

દગ્ધ શુન્ય તેને અવિધિ દોષ, અતિ પરિણતિ જેહ,
ચાર દોષ છંડી ભજો, ભક્તિ ભાવ ગુણ ગેહ. ૬

---

## ૧૫ શ્રી પુંડરીક સ્વામીનું ચૈત્યવંદન.

આદિશ્વર જીનરાયનો, ગણધર ગુણવંત,
પ્રગટનામ પુંડરીક જાસ, મહીમાએ મહંત. ૧

પંચ કોડી મુનીશું, અણસણ તિહાં કીધ,
શુકલધ્યાન ધ્યાતાં અમૂલ, કેવલ તિહાં લીધ. ૨

ચૈત્રી પૂનમને દિન, પામ્યા પદ મહાનંદ,
તે દિનથી પુંડરિકગીરિ, નામ દાન સુખકંદ. ૩

---

## ૧૬ શ્રી સિમંધર સ્વામીનું ચૈત્યવંદન

સીમંધર જિન વિચરતા સોહે વિજય મોઝાર.
સમવસરણ રચે દેવતા, બેસે પર્ષદા બાર ૧

નવતત્ત્વનીદીયે દેશના, સાંભળી સુરનર કોડ;
ષટ દ્રવ્યાદિક વર્ણવે, લે સમકિત કરજોડ. ૨

ઇહાં થકી જિન વેગળા, સહસ તેત્રીશ શત એક,
સત્તાવન જોજન વળી, સત્તર કળા સુવિશેષ. ૩

દ્રવ્ય થકી જિન વેગળા, ભાવથી હૃદય મોઝાર;
ત્રિહું કાળે વંદન કરૂં, શ્વાસમાંહે સોવાર. ૪
શ્રી સીમંધર જિનવરૂએ. પૂરે વાંછિત કોડ;
કાંતિવિજય ગુરૂ પ્રણમતાં, ભકિત બે કર જોડ. ૫

## ૧૭ શ્રી વીસસ્થાનક તપના કાઉસ્સગ્ગનું ચૈત્યવંદન.

ચોવીસ પન્નર પીસ્તાલીસનો, છત્રીસનો કરીએ;
દસ પચવીસ સત્તાવીસનો કાઉસ્સગ્ગ મન ધરીએ. ૧
પંચ અડસઠિ દસ વલી, સિત્તોર નવ પણવિસ;
બાર અડવીસ લોગસ્સ તણો, કાઉસ્સગ્ગ ધરો ગુણીસ. ૨
વીસ સત્તર ને ઇગવન્ન, દ્વાદશ ને પંચ;
ઇણીપરે કાઉસ્સગ્ગ જો કરે, તો જાએ ભવ સંચ. ૩
ઇણીપરે કાઉસ્સગ્ગ મન ધરો, નવકારવાળી વીસ;
વીસ સ્થાનક ઇમ જાણીએ, સંક્ષેપથી જગીશ, ૪
ભાવ ધરી મનમાં ઘણોએ, જો એક પદ આરાધે;
જિન ઉત્તમ પદ પદ્મને, નમી નીજ કારજ સાધે. ૫

## ૧૮ શ્રી વર્ધમાનતપનું ચૈત્યવંદન.

બે કર જોડી પ્રણમીયે, વર્ધમાન તપ ધર્મ;
ત્રિકરણ શુદ્ધે પાળતાં, ટાલે નિકાચીત કર્મ. ૧
વર્ધમાન તપ સેવીને, કેઇ પામ્યા ભવપાર;
અંતગડ સૂત્રે વર્ણવ્યા, વંદુ વારંવાર. ૨
અંતરાય પંચક ટલે એ, બાંધે જિનવર ગોત્ર;
નમો નમો તપરત્નને, પ્રગટે આતમ જ્યોત.

## ૧૯ શ્રી વર્ધમાન તપનું ચૈત્યવંદન

વર્ધમાન જિનપતિ નમી, વર્ધમાન તપ નામ;
ઓળી આયંબિલની કરૂં, વર્ધમાને પરિણામ, ૧

એકાદિ આયત શત, ઓળી સંખ્યા થાય;
કર્મ નિકાચિત તોડવા, વજ્ર સમાન ગણાય, ૨

ચૌદ વરસ ત્રણ માસની, સંખ્યા દિનની વીશ;
યથાવિધિ આરાધતાં, ધર્મરત્ન પદ ઈશ, ૩

## ૨૦ શ્રી ઉપદેશકનું ચૈત્યવંદન.

ક્રોધે કાંઇ ન નીપજે, સમકિત તે લુંટાય;
સમતા રસથી ઝીલીએ, તો વૈરી કોઇ ન થાય. ૧

વહાલા શું વઢીએ નહિ, છટકી ન દીજે ગાળ;
થોડે થોડે છંડીએ, જિમ છંડે સરોવર પાળ. ૨

અરિહંત સરખી ગોઠડી, ધર્મ સરીખો સનેહ;
રત્ન સરિખાં એસણાં, ચંપક વર્ણો દેહ. ૩

ચંપકે પ્રભુજી ન પૂજીયા, ન દીધું મુનિને દાન;
તપ કરી કાયા ન શોષવી, કીમ પામશો નિર્વાણ. ૪

આઠમ પાખી ન ઓળખી, એમ કરે શું થાય;
ઉન્મત્ત સરખી માંકડી, ભોંય ખણંતી જાય. ૫

આંગણે મોતી વેરીયા, વેલે વિંટાળી વેલ;
હીરવિજય ગુરૂ હીરલો મારૂં હૈડું રંગની રેલ. ૬

## ૨૧. શ્રી પર્યુષણ પર્વનું ચૈત્યવંદન.

પર્વ પર્યુષણ ગુણ નીલો, નવ કલ્પિ વિહાર;
ચાર માસાન્તર સ્થિર રહે, એહી જ અર્થ ઉદાર. ૧

અષાઢ સુદી ચૌદસ થકી, સંવત્સરી પચાસ;
મુનિવર દિન સિત્તેરમે, પડિક્કમતાં ચઉમાસ. ૨

શ્રાવક પણ સમતા ધરી, કરે ગુરુનાં બહુમાન;
કલ્પસુત્ર સુવિહિત મુખે, સાંભળે થઈ એક તાન. ૩

જિનવર ચૈત્ય જુહારીયે, ગુરૂ ભક્તિ વિશાલ;
પ્રાયે અષ્ટ ભવાન્તરે, વરીયે શિવ વરમાળ. ૪

દર્પણથી નિજ રૂપનો, જુવે સુદૃષ્ટિ રૂપ;
દર્પણ અનુભવ અર્પણે, જ્ઞાન રમણ મુનિ ભુપ. ૫

આત્મ સ્વરૂપ વિલોકતાંએ, પ્રગટ્યો મિત્ર સ્વભાવ;
રાય ઉદાયી ખામણાં, પર્વ પર્યુષણ દાવ. ૬

નવ વખાણ પુજી સુણો, શુકલ ચતુર્થી સીમા;
પંચમી દિન વાંચે સુણે, હોય વિરોધી નીમા. ૭

એ નવ પર્વે પંચમી, સર્વ સમાણી ચોથે;
ભવભીરૂ મુનિ માનસે, ભાખ્યું અરિહા નાથે. ૮

શ્રુતકેવલી વયણા-સુણી, લહી માનવ અવતાર;
શ્રી શુભવીરને શાસને, પામ્યા જય જયકાર. ૯

---

## ૨૨. શ્રી પર્યુષણ પર્વનું ચૈત્યવંદન,

સકલ પર્વ શૃંગાર હાર, પર્યુષણ કહીએ;
મંત્ર માંહિ નવકાર મંત્ર, મહિમા જગ લહીએ. ૧
આઠ દિવસ અમારી સાર, અઠ્ઠાઈ પાળો;
આરંભાદિક પરીહરી, નરભવ અજુવાળો. ૨
ચૈત્ય પરિપાટી શુદ્ધ સાધુ, વિધિ વંદન ભાવે;
અઠ્ઠમ તપ સંવત્સરી, પડિક્કમણું ભાવે. ૩
સાધર્મિક જન ખામણાં એ, ત્રિવિધિશું કીજે;
સાધુ મુખ સિદ્ધાંત કાંત, વચનામૃત રસ પીજે. ૪
નવ વ્યાખ્યાને કલ્પસુત્ર, વિધિ પૂર્વક સુણીએ;
પૂજા નવ પ્રભાવના, નિજ પાતિક હણીએ. ૫
પ્રથમ વીરચરિત્ર બીજ, પાર્શ્વચરિત્ર અંકુર;
નેમચરિત્ર પ્રબંધ સ્કંધ, સુખ સંપત્તિ પુર. ૬
ઋષભ ચરિત્ર પવિત્ર, પત્ર શાખા સમુદાય;
સ્થવિરાવલી બહુ કુસુમ પુર, સરિખો કહેવાય. ૭
સમાચારી શુદ્ધતા એ, વર ગંધ વખાણો;
શિવ સુખ પ્રાપ્તિ ફલ સહી, સુર તરૂ સમ જાણો. ૮
ચૌદ પુર્વધર શ્રીભદ્રબાહુ, જિણે કલ્પ ઉદ્ધરીઓ;
નવમા પૂર્વથી યુગ પ્રધાન, આગમ જલ દરિયો. ૯
સાત વાર શ્રી કલ્પસૂત્ર, જે સુણે ભવિ પ્રાણી;
ગૌતમને કહે વીરજિન, પરણે શિવરાણી. ૧૦

કાલિકાલસૂરિ કારણે એ. પર્યુષણ કીધાં;
ભાદરવા સુદિ ચોથમાં, નિજ કારજ સિદ્ધાં. ૧૧

પંચમી કરણી ચોથમાં, જિનવર વચન પ્રમાણે;
વીર થકી નવસેં એંશી, વરસે તે આણે. ૧૨

શ્રી લક્ષ્મીસાગરસૂરિશ્વરૂએ, પ્રમોદસાગર સુખકાર;
પર્વ પર્યુષણ પાલતાં, હોવે જય જયકાર. ૧૩

---

## ૨૩. આવતી ચોવિશીના તીર્થંકરનું ચૈત્યવંદન

પદ્મનાભ પહેલા જીણુંદ, શ્રણીક નૃપ જીવ;
સુરદેવ બીજા નમું, સુપાસ શ્રાવક જીવ. ૧
શ્રી સુપાસ ત્રીજા વળી, જીવ કોણીક ઉદાયી;
સ્વયંપ્રભ ચોથા જિણંદ, પોટિલ મુનિ ભાઈ. ૨
સર્વાનુભુતિ જિન પાંચમા એ, દઢાયુ શ્રાવક જાણ;
દેવશ્રુત છઠ્ઠા જિણુંદ, કાર્તિક શેઠ વખાણ. ૩
શ્રી ઉદય જિન સાતમા, શંખ શ્રાવક જીવ;
શ્રી પેઢાલ જિન આઠમા, આણુંદ મુનિ જીવ. ૪
પોટિલ નવમા વંદીએ, જીવ જેહ સુનંદ;
શત કીર્તી દશમા જિણુંદ, સત્ય શ્રાવક આણુંદ. ૫
સુવ્રત જિન અગ્યારમા, દેવકી રાણી જાણ;
અમમ જિનવર બારમા, જીવ કેશવ ગુણ ખાણ. ૬

નિષ્કષાય જિન તેરમા, સત્યકી વિદ્યાધર;
નિષ્પુલાક જિન ચૌદમા, બળભદ્ર સુહંકર. ૭
શ્રી નિર્મમ જિન પંદરમા, જીવ સુલસા શ્રાવિ;
ચિત્રગુપ્ત જિન સોળમા, રોહીણી જીવ ભાવી. ૮
શ્રી સમાધિ જિન સત્તરમા, રેવતી શ્રાવિકા જાણ;
સંવર જિન અઢારમા, જીન શતાનિક વખાણ. ૯
શ્રી યશોધર ઓગણીસમા, જીવ કૃષ્ણ દ્વીપાયન;
વિજય નામે વીશમા જિન, જીવ કર્ણ સહાયન. ૧૦
એકવીશમા શ્રી મલ્લિનાથ, કૃષ્ણ નારદ કહીએ;
અંબડ શ્રાવક જીવ દેવ, બાવીશમા લહીએ, ૧૧
અનંતવીર્ય ત્રેવીશમા એ, જીવ અમરનો જેહ;
ભદ્રંકર જિન ચોવીશમા, સ્વાતી બુદ્ધ ગુણ ગેહ. ૧૨
એ ચોવીશે જિનવરા, હોશે આવતે કાળે;
ભાવ સહિત તે વંદીએ, કર જોડીને ભાવે. ૧૩
લંછન વર્ણ પ્રમાણ આયુ, અંતર સવી સરખાં;
સંપ્રતિ જિન ચોવીશ પરે, ચઢતે નિરખ્યાં, ૧૪
પંચ કલ્યાણક તેહનાં એ, હોશે એહી જ દિવસ;
ધીર વિમલ ગુરૂનો કહે જ્ઞાનવિમલ સૂરીશ. ૧૫

---

## ૨૪. શ્રી જિનપૂજાના ફળનું ચૈત્યવંદન.

પ્રણમી શ્રી ગુરૂરાજ આજ, જિન મંદિર કેરો,
પુન્ય ભણી કરશું સફળ, જિન વચન ભલેરો ૧

દહેરે જાવા મન કરે, ચોથ તણું ફળ પામે;
જિનવર જુહારવા ઊઠતાં, છઠ્ઠ પોતે આવે. ૨
જાઈશું જિનવર ભણી, મારગ ચાલંતાં,
હોવે દ્વાદશતણું પુન્ય, ભક્તિ માલંતાં. ૩
અર્ધ પંથ જિનવર ભણી, પંદર ઉપવાસ;
દીઠે સ્વામી તણો ભવન, લહીએ એક માસ. ૪
જિનવર પાસે આવતાં, છ માસી ફલ સિદ્ધ;
આવ્યા જિનવર બારણે, વર્ષી તપ ફલ લીધ. ૫
સો વરસ ઉપવાસ પુન્ય, પ્રદક્ષિણા દેતાં;
સહસ વરસ ઉપવાસ પુન્ય, જે નજરે જોતાં. ૬
ફલ ઘણો ફુલની માલનો, પ્રભુ કંઠે ઠવતાં;
પાર ન આવે ગીતનાદ, કેરા ફલ થુણતાં. ૭
શિર પુજી પૂજા કરોએ, સુર ધૂપ તણો ધૂપ;
અક્ષતસાર તે અક્ષય સુખ, દીપે તનુ વર રૂપ. ૭
નિર્મલ તન મને કરીયે, થુણતાં ઇંદ્ર જગીશ;
નાટક ભાવના ભાવતાં, પામે પદવી જગીશ. ૯
જિનવર ભક્તિ વાલીયે, પ્રેમે પ્રકાશી;
સુણી શ્રીગુરૂ વયણ સાર, પૂર્વ ઋષિએ ભાખી. ૧૦
અષ્ટ કર્મને ટાળવા, જિન મંદિર જઈશું;
ભેટી ચરણ ભગવંતના, હવે નિર્મળ થઇશું. ૧૧
કીર્તિવિજય ઉવજ્ઝાયનો એ, વિનય કહે કરજોડ;
સફળ હોજો મુજ વિનંતિ, જિન સેવાનો કોડ. ૧૨

## ૨૫ શ્રી ચોવીશ જિન લંછનનું ચૈત્યવંદન.

ઋષભ લંછન વૃષભદેવ, અજિત લંછન હાથી;
સંભવ લંછન ઘોડલો, શિરપુરનો સાંથી. ૧

અભિનંદન લંછન કપિ, કૌંચ લંછન સુમતિ;
પદ્મ લંછન પદ્મપ્રભુ, વિશ્વદેવા સુમતિ. ૨

સુપાર્શ્વ લંછન સાથીઓ, ચંદ્રપ્રભ લંછન ચંદ્ર;
મગર લંછન સુવિધિપ્રભુ, શ્રીવચ્છ શીતલ જિણંદ. ૩

લંછન ખડગી શ્રેયાંસને, વાસુપૂજ્યને મહિષ;
સુવર લંછન વિમળદેવ, ભવિયાં તે નમો શીષ. ૪

સિંચાણો જિન અનંતને, વજ્ર લંછન શ્રીધર્મ;
શાન્તિ લંછન મૃગલો, રાખે ધર્મનો મર્મ. ૫

કુંથુનાથ જિન બોકડો, અરજિન નંદાવર્ત્ત,
મલ્લિ કુંભ વખાણીએ, સુવ્રત કચ્છપ વિખ્યાત. ૬

નમિ જિનને નીલો કમળ, પામીએ પંકજ માંહી:
શંખ લંછન પ્રભુ નેમજી, દીસે ઉંચે આંહી. ૭

પાર્શ્વનાથજીને ચરણ સર્પ, નીલવરણ શોભિત;
સિંહ લછન કંચન તનુ, વર્ધમાન વિખ્યાત. ૮

એણી પેરે લંછન ચિંતવીએ, ઓળખીએ જિનરાય;
જ્ઞાનવિમલ પ્રભુ સેવતાં, લક્ષ્મીરતન સુરિરાય. ૯

## ૨૬. શ્રી ૧૪૫૨ ગણધરનું ચૈત્યવંદન.

સરસ્વતિ આપે સરસ વચન, શ્રી જિન શુણતાં હરખે મન;
જિન ચોવીશે ગણધર જેહ, પભણું સંખ્યા સુણો તેહ. ૧
ઋષભ ચોરાશી ગણધર દેવ, અજિત પંચાણું કરો નિત્ય સેવ:
શ્રી સંભવ એકસો વળી દોય, અભિનંદન એકસો સોળ હોય. ૨
એકસો સુમતિ શિવપુરવાસ, પદ્મપ્રભ એકસો સત ખાસ;
સ્વામી સુપાર્શ્વ પંચાણું જાણ, ચંદ્રપ્રભ ત્રાણું ચિત્ત આણ. ૩
અઠયાસી સુવિધિ પુષ્પદંત, એકાશી શીતલ ગુણવંત;
શ્રેયાંસ જિનવર છોંતેર સુણો, વાસુપૂજ્ય છાસઠ ભવી ગણો. ૪
વિમળનાથ સત્તાવન સુણો, અનંતનાથ પચાસ ગુણો;
તેંતાલીશ ગણધર ધર્મનિધાન, શાન્તિનાથ છત્રીશ પ્રધાન. ૫
કુંથુ જિનેશ્વર કહું પાંત્રીશ, અરજિન આરાધો તેત્રીશ:
મલ્લી અઠ્ઠાવીશ આનંદ અંગ, મુનિસુવ્રત અષ્ટાદશ ચંગ. ૬
નમિનાથ સત્ત સંભાળ, એકાદશ નમો નેમિ દયાળ;
દશ ગણધર શ્રી પાર્શ્વકુમાર, વર્ધમાન એકાદશ ધાર. ૭
સર્વ મળી સંખ્યાએ સાર, ચોદશો બાવન ગણધાર;
પુંડરીકને ગૌતમ પ્રમુખ, જસ નામે લહીએ બહુ સુખ. ૮
પ્રહ ઊઠી જપતાં જય જયકાર, ઋદ્ધિ વૃદ્ધિ વાંછિત દાતાર;
રત્નવિજય સત્યવિજય બુધરાય, તસ સેવક વૃદ્ધિવિજય
ગુણગાય. ૯

## ૨૭. શ્રી એકસો સિત્તેર જિનનું ચૈત્યવંદન

સોળે જિનવર શામળા, રાતા ત્રીશ વખાણું;
નીલા મરકત મણી સમા, આડત્રીશ વખાણું. ૧

પીળા કંચન વર્ણ સમા, છત્રીસે જિનચંદ;
શંખ વરણુ સોહામણું, પચાશે સુખકંદ. ૨

સીત્તેર સો જિન વંદિએ એ, ઉત્કૃષ્ટા સમકાળ,
અજિતનાથ વારે હુઆ, વંદુ થઈ ઉજમાળ. ૩

નામ જપંતા જિન તણું, દુરગતિ દૂરે જાય;
ધ્યાન ધ્યાતાં પરમાત્મનું, પરમ મહોદય થાય. ૪

જિનવર નામે જશ ભલો, સફળ મનોરથ સાર;
શુદ્ધ પ્રતીતિ જિન તણી, શિવસુખ અનુભવ ધાર. ૫

---

## ૨૮. શ્રી સામાન્ય જિનનું ચૈત્યવંદન

જય જય તું જિનરાજ આજ, મળીયો મુજ સ્વામી;
અવિનાશી અકલંક રૂપ, તુંહી અંતરજામી. ૧

રૂપારૂપી ધર્મ દેવ, આતમ આરામી;
ચિદાનંદ ચેતન અચિંત્ય, શિવ લીલા પામી. ૨

સિદ્ધ બુદ્ધ તુજ વંદતાં, સકલ સિદ્ધિ વર બુદ્ધ;
રામ પ્રભુ ધ્યાને કરી, પ્રકટે આતમ રિદ્ધ. ૩

કાલ બહુ સ્થાવર ગયો, ભમિયો ભવમાંહિ;
વિકલેંદ્રિય માંહિ વસ્યો, સ્થિરતા નહીં ક્યાંહી. ૪
તિર્યંચ પંચેંદ્રિય માંહી દેવ, કરમે હું આવ્યો;
કરી કુકર્મ નરકે ગયો, તુમ દરિશન નહીં પાયો. ૫
એમ અનંત કાલે કરીએ, પામ્યો નર અવતાર;
હવે જગ તારક તુંહી મળ્યો, ભવજલ પાર ઉતાર. ૬

---

## ૨૯ શ્રી ચોવીશ જિન ભવ ગણત્રીનું ચૈત્યવંદન.

પ્રથમ તિર્થંકર તણા હુઆ ભવ તેર કહીજે;
શાન્તિ તણા ભવ બાર સાર, નવ ભવ નેમ લહીજે. ૧
દશ ભવ પાસ જિણંદને, સત્તાવીશ શ્રી વીર;
શેષ તીર્થંકર ત્રિહું ભવે, પામ્યા ભવજલ તીર. ૨
જ્યાંથી સમકિત ફરસીયું, ત્યાંથી ગણીએ તેહ;
ધીર વિમલ પંડિત તણો, જ્ઞાનવિમલ ગુણ ગેહ. ૩

---

## ૩૦ શ્રી શંખેશ્વરપાર્શ્વનાથજિનનું ચૈત્યવંદન.

સકલ ભવિજન ચમત્કારી, ભારી મહીમા જેહનો,
નિખિલ આતમ રમા રાજીત, નામ જપીએ તેહનો;
દુષ્ટ કર્માષ્ટક ગંજરી જે, ભવિક જન મન સુખ કરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામી નામ શંખેશ્વરો. ૧

બહુ પુન્ય રાશિ દેશ કાશિ, તત્થ નયરી વણારસી,
અશ્વસેન રાજા રાણી વામા, રૂપે રતિ તનુ સારિખી;
તસ કુખે સુપન ચૌદ સુચિત, સ્વર્ગથી પ્રભુ અવતર્યો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામી નામ શંખેશ્વરો. ૨

પોષ માસે કૃષ્ણપક્ષે, દશમી દિન પ્રભુ જનમીયો,
સુરકુમરી સુરપતિ ભક્તિ ભાવે, મેરૂ શ્રૃંગે સ્થાપિયો;
પ્રભાતે પૃથ્વીપતિ પ્રમોદે, જન્મ મહોત્સવ અતિ કર્યો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામી નામ શંખેશ્વરો. ૩

ત્રણ લોક તરૂણી મન પ્રમોદી, તરૂણ વય જબ આવીયા,
તવ માત તાતે પ્રસન્ન ચિત્તે, ભામિની પરણાવીઆ;
કમઠ શઠ કૃત અગ્નિકુંડે, નાગ બળતો ઉદ્ધર્યો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામી નામ શંખેશ્વરો. ૪

પોષ વદી એકાદશી દિને, પ્રવજ્યા જિન આદરે;
સુર અસુર રાજા ભક્તિ સાજા, સેવના ઝાઝી કરે,
કાઉસગ્ગ કરતાં દેખી કમઠે, કીધ પરિસહ આકરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામી નામ શંખેશ્વરો ૫

તવ ધ્યાન ધારા રૂઢ જિનપતિ, મેઘ ધારે નવિ ચળ્યો,
ચલિત આસન ધરણ આવ્યો, કમઠ પરિસહ અટકળ્યો;
દેવાધિદેવની કરે સેવા, કમઠને કાઢી પરો
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામી નામ શંખેશ્વરો. ૬

ક્રમે પામી કેવળજ્ઞાન કમલા, સંઘ ચઉવિહ સ્થાપીને;
પ્રભુ ગયા મોક્ષે સમેતશિખરે, માસ અણસણ પાળીને;

શિવરમણી રંગે રમે રસિયો, ભવિક તસ સેવા કરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામી નામ શંખેશ્વરો. ૭

ભુત પ્રેત પીશાચ વ્યંતર, જલણ જલોદર ભય ટળે,
રાજા રાણી રમા પામે, ભક્તિ ભાવે જો મળે,
કલ્પતરૂથી અધિક દાતા, જગત ત્રાતા જય કરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ,સ્વામી નામ શંખેશ્વરો. ૮

જરા જર્જરી ભૂત યાદવ, સૈન્ય રોગ નિવારતા,
વઢીયાર દેશે નિત્ય બિરાજે, ભવિક જીવને તારતા;
એ પ્રભુ તણા પદ પદ્મ સેવા, રૂપ કહે પ્રભુતા વરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ,સ્વામી નામ શંખેશ્વરો. ૯

## ૩૧. વીસસ્થાનકના ગુણનું ચૈત્યવંદન.

ચોવીસ પંદર પીસ્તાવીસનો, છત્રીસનો કરીએ,
દશ પચવીશ સત્તાવીસનો, કાઉસ્સગ્ગ મન ધરીએ. ૧

પાંચ સડસઠ દશ વળી, સિત્તેર નવ પણવીસ,
બાર અઠ્ઠાવીસ લોગસ્સ તણો,કાઉસગ્ગ ધરો ગુણીશ. ૨

વીસ સત્તરને એકાવન, દ્વાદશને પંચ;
એણી પેરે કાઉસ્સગ્ગ જો કરે, તો જાયે ભવ સંચ. ૩

એણી પેરે કાઉસ્સગ્ગ મન ધરો, નવકારવાળી વીસ,
વીસ સ્થાનક એમ જાણીએ, સંક્ષેપથી જગીસ. ૪

ભાવ ધરી મનમાં ઘણોએ, જો એક પદ આરાધે;
જિન ઉત્તમ પદ પદ્મને, નમી નિજ કારજ સાધે. ૫

# શ્રી પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ.

## ૧ શ્રી બીજ તિથિનું સ્તવન.

॥ દુહા ॥

સરસ વચન રસ વરસતી, સરસતી કળા ભંડાર;
બીજ તણો મહિમા કહું, જિમ કહ્યો શાસ્ત્ર મોઝાર. ૧

જંબુદ્વીપના ભરતમાં, રાજગૃહી ઉદ્યાન,
વીર જિણંદ સમોસર્યા, વાંદવા આવ્યા રાજન. ૨

શ્રેણિક નામે ભુપતિ, બેઠા બેસણ ઠાય;
પૂછે શ્રી જિનરાયને, દ્યો ઉપદેશ મહારાય ૩

ત્રિગડે બેઠા ત્રિભુવનપતિ, દેશના દિયે જિનરાય;
કમળે સુકોમળ પાંખડી, એમ જિન હૃદય સોહાય. ૪

શશિ પ્રગટે જિમ તે દિને, ધન્ય તે દિન સુવિહાણ:
એક મને આરાધતાં, પામે પદ નિર્વાણ. ૫

---

ઢાળ ૧લી

કલ્યાણક જિનના કહું, સુણ પ્રાણીજીરે;
અભિનંદન અરિહંત, એ ભગવંત, ભવિ પ્રાણીજીરે;
માઘ શુદી બીજને દિને. સુણ પ્રાણીજીરે,
પામ્યા શિવસુખ સાર, હરખ અપાર, ભવિ પ્રાણીજીરે. ૧

વાસુપૂજ્ય જિન બારમા, સુણ પ્રાણીજીરે,
એહજ તિથે થયું નાણ, સફળ વિહાણ, ભવિ પ્રાણીજીરે.
અષ્ટ કર્મ ચૂરણ કરી, સુણ પ્રાણીજીરે,
અવગાહન એકવાર, મુક્તિ મોઝાર, ભવિ પ્રાણીજીરે. ૨

અરનાથ જિનજી નમું, સુણ પ્રાણીજીરે;
અષ્ટાદશમા અરિહંત, એ ભગવંત, ભવિ પ્રાણીજીરે.
ઉજ્વળ તિથિ ફાગણ ભલી સુણ પ્રાણીજીરે,
વરીયા શિવ વધુ સાર, સુંદર નાર, ભવિ પ્રાણીજીરે. ૩

દશમા શીતળ જિનેશ્વરૂ સુણ પ્રાણીજીરે,
પરમપદની એ વેલ, ગુણની ગેલ, ભવિ પ્રાણીજીરે.
વૈશાખ વદિ બીજને દિને, સુણ પ્રાણીજીરે;
મૂકયો સરવે એ સાથ, સુર નર નાથ, ભવિ પ્રાણીજીરે. ૪

શ્રાવણ શુદની બીજ ભલી, સુણ પ્રાણિજીરે,
સુમતિનાથ જિનદેવ, સારે સેવ, ભવિ પ્રાણીજીરે,
એણિ તિથિએ જિનજી તણા, સુણ પ્રાણીજીરે,
કલ્યાણક પંચ સાર, ભવનો પાર, ભવિપ્રાણીજીરે. ૫

---

ઢાળ ૨ જી.

જગપતિ જિન ચોવીસમો રે લાલ
એ ભાખ્યો અધિકારરે, ભવિક જન;
શ્રેણિક આદે સહુ મળ્યારે, શક્તિતણે અનુસારરે,
ભવિકજન ભાવ ધરીને સાંભળોરે,
આરાધો ધરી ખંતરે, ભવિક જન! ભાવધરીને૦ ૧

દોય વરસ દોય માસનીરે લાલ, આરાધો ધરી હેતરે,
ભવિકજન૦
ઉજમણું વિધિશું કરો રે લાલ, બીજ તે મુક્તિ સંકેત રે
ભવિકજન, ભાવ૦ ૨

માર્ગ મિથ્યા દૂરે તજોરે લાલ, આરાધો ગુણ થોક રે,
ભવિકજન૦
વીરની વાણી સાંભળી રે લાલ, ઉછરંગ થયા બહુ લોક રે.
ભવિકજન, ભાવ૦ ૩

એણિ બીજે કેઈ તર્યા રે લાલ, વળી તરશે કેઇ દાસ રે,
ભવિકજન૦
શશિ નિધિ અનુમાનથીરે લાલ, સઈલા નાગધર એષરે,
ભવિકજન, ભાવ૦૪

અષાઢ શુદિ દશમી દિનેરે લાલ, એ ગાયો સ્તવન રસાળરે,
ભવિકજન૦
નવલવિજય સુપસાયથી રે લાલ, ચતુરને મંગલ માલરે,
ભવિકજન, ભાવ૦ ૫

---

કળશ

ઈમ વીર જિનવર, સયલ સુખકર, ગાયો અતિ ઉલટ ભરે,
અષાઢ ઉજ્વળ દશમી દિવસે, સંવત અઢાર અઠ્ઠોત્તરે;
બીજ મહિમા એમ વર્ણવ્યો, રહી સિદ્ધપુર ચોમાસએ,
જેહ ભવિક ભાવે ભણે ગુણે, તસ ઘરે લીલવિલાસ એ. ૧

# ૨. શ્રી પંચમીતિથિનું સ્તવન.

ઢાળ ૧ (દેશી—રસીઆલી.)

પ્રણમી પાર્શ્વ જિનેશ્વર પ્રેમશું, આણી ઉલટ અંગ,
ચતુર નર!
પંચમી તપ મહિમા મહિયલ ઘણો, કહેશું સુણજો રે રંગ.
ચતુર નર, ભાવ ભલે પંચમી તપ કીજીએ. ૧

ઈમ ઉપદેશે હો નેમી જીનેશ્વરૂ, પંચમી કરજો રે તેમ; ચતુર૦
ગુણમંજરી વરદત્ત તણી પરે, આરાધે ફળ જેમ ચ૦ ભા૦ ૨

જંબુદ્વિપે ભરત મનોહરૂ, નયરી પદ્મપુર ખાસ ચતુર નર.
રાજા અજિતસેનાભિધ તિહાં કણે, રાણી યશોમતી તાસ.
ચતુર નર. ભાવ૦ ૩

વરદત્ત નામે હો કુંવર તેહનો, કોઢે વ્યાપી રે દેહ; ચ૦
નાણ વિરાધન કર્મ જે બાંધીયું, ઉદયે આવ્યું રે તેહ,
ચતુર નર, ભાવ૦ ૪

તેણે નયરે સિંહદાસ ગૃહીવસે, કપૂરતિલકા તસ નારી; ચ૦
તસ બેટી ગુણમંજરી રોગિણી, વચને મુંગી રે ખાસ,
ચતુર નર; ભાવ૦ ૫

ચઉનાણી વિજયસેનસૂરીશ્વરૂ, આવ્યા તિણ પુર જામ; ચ૦
રાજા શેઠ પ્રમુખ વંદન ગયા, સાંભળી દેશના તામ,
ચતુર નર ભાવ૦ ૬

પૂછે તિહાં સિંહદાસ ગુરૂ પ્રત્યે, ઉપજ્યા પુત્રીને રોગ; ચ૦
થઈ મુંગી વળી પરણે કો નહીં, એ શા કર્મના ભોગ.
ચતુર નર, ભાવ૦ ૭

ગુરૂ કહે પૂરવ ભવ તમે સાંભળો, ખેટક નયરે વસંત; ચ૦
શ્રી જિનદેવ તિહાં વ્યવહારીઓ સુંદરી ગૃહિણીનો કંત.
ચતુર નર. ભાવ૦ ૮

ઢાળ ૨ જી (સીરોહીનો ચેલો હોકે-એ દેસી)

તે સુત પાંચ હોકે. પઢણુ કરે નહિ;
રમતાં રમતાં હોકે, દિન જાયે વહી.
શીખવે પંડિત હો કે, છાત્રને સીખ કરી,
આપી માતાને હો કે, કહે સુત રૂદન કરી. ૧

માત અધ્યારૂ હો કે અમને મારે ઘણું,
કામ અમારે હોકે, નહીં ભણવા તણું;
શંખણી માતા હો કે, સુતને શીખ દીયે,
ભણવા મન જાજો હો કે, શું કંઠ શોષ કીયે. ૨

તેડવા તુમને હો કે, અધ્યારૂ આવે.
તો તસ હણજો હો કે, પુનરપિ જિમ નાવે;
શીખવી સુતને હો કે, સુંદરીએ તિહાં,
પાટી પોથી હો કે, અગ્નિમાં નાંખી દીયાં. ૩

તે વાત સુણીને હો કે જિનદેવ બોલે ઈસ્યું,
ફીટ રે સુંદરી હો કે, કામ કર્યું કીસ્યું;
મૂરખ રાખ્યા હો કે, એ સર્વ પુત્ર તુમે,
નારી બોલી હો કે, નવિ જાણું અમે. ૪

મૂરખ મોટા હો કે, પુત્ર થયા જ્યારે,
ન દીયે કન્યા હો કે, કોઈ તેહને ત્યારે;
કંત કહે સુણ હો કે, એ કરણી તુમચી,
વયણ ન માન્યાં હો કે, તે પહેલાં અમચી. ૫

એમ વાત સુણીને હો કે, સુંદરી ક્રોધે ચડી,
પ્રીતમ સાથે હો કે, પ્રેમદા અતિહિ વઢી;
કંતે મારી હો કે, તિહાંથી કાળ કરી,
એ તુમ બેટી હો કે, થઈ ગુણમંજરી. ૬

પૂર્વ ભવે એણે હો કે, જ્ઞાન વિરાધીયું,
પુસ્તક બાળી હો કે, જે કર્મ બાંધીયું;
ઉદયે આવ્યું હો કે, દેહે રોગ થયો,
વચને મુંગી હો કે, એ ફળ તાસ લહ્યો. ૭

---

### ઢાળ ૩ જી. (દેશી-લલનાની.)

નિજ પૂરવ ભવ સાંભળી, ગુણમંજરીએ તાંહિ—લલના;
જાતિ સ્મરણ પામીયું, ગુરૂને કહે ઉત્સાહ, લલના;
ભવિકા જ્ઞાન અભ્યાસીએ. ૧

૩

જ્ઞાન ભલો ગુરૂજી તણો, ગુણમંજરી કહે એમ, લલના,
શેઠ પૂછે ગુરૂને તિહાં, રોગ જાવે હવે કેમ, લલના. ભવિ૦ ૨

ગુરૂ કહે હવે વિધિ સાંભળો, જે કહ્યો શાસ્ત્ર મોઝાર, લલના;
કાર્તિક શુદિ દિન પંચમી, પુસ્તક આગળ સાર, લ૦ ભ૦ ૩

દીવો પંચ દીવેટ તણો, કીજીએ સ્વસ્તિક સાર, લલના;
**નમો નાણસ્સ** ગુણણું ગણો, ચૌવિહાર ઉપવાસ, લ૦ભ૦ ૪

પડિક્કમણાં દોય કીજીએ, દેવવંદન ત્રણ કાળ; લલના;
પાંચ વરસ પાંચ માસની, કીજીએ પંચમી સાર, લ૦ભ૦ ૫

તપ ઉજમણું પારણું, કીજીએ વિધિનો પ્રપંચ, લલના;
પુસ્તક આગળ મુકવાં, સઘળાં વાનાં પાંચ, લલના. ભ૦ ૬

પુસ્તક ઠવણી પુંજણી, નવકારવાળી પ્રત, લલના;
લેખણ ખડીયા દાભડા, પાટી કવળી જુક્ત; લલના. ભવિ૦ ૭

ધાન્ય ફળાદિક ઢોઈએ, કીજીએ જ્ઞાનની ભક્તિ, લલના;
ઉજમણું એમ કીજીએ, ભાવથી જેવી શક્તિ. લલના; ભ૦ ૮

ગુરૂ વાણી એમ સાંભળી, પંચમી કીધી તેહ, લલના;
ગુણમંજરી મુંગી ટળી, નિરોગી થઈ દેહ, લલના; ભ૦ ૯

---

ઢાળ ૪ થી (યાદવરાય જઈ રહ્યો—એ દેશી)

રાજા પૂછે સાધુનેરે, વરદત્ત કુમરને અંગ;
કોઢ રોગ એ કીમ થયોરે, મુજ ભાખો ભગવંત.
સદ્ગુરૂજી ધન્ય તમારું જ્ઞાન. ૧

ગુરૂ કહે જંબુદ્વિપમાં રે, ભરતે શ્રીપુર ગામ;
વસુનામા વ્યવહારીઓરે, દોય પુત્ર તસ નામ, સદ્૦ ૨

વસુસાર ને વસુદેવજીરે, દીક્ષા લીએ ગુરૂ પાસ;
લઘુ બંધવ વસુદેવનેરે, પદવી દીએ ગુરૂ તાસ. સદ્૦ ૩

પંચ સહસ અણગારનેરે, આચારજ વસુદેવ;
શાસ્ત્ર ભણાવે ખંતશું રે, નહીં આળસ નિત્ય મેવ. સદ્૦ ૪

એક દિન સૂરિ સંથારીયારે, પૂછે પદ એક સાધ,
અર્થ કહીઓ તેહને વળીરે, આવ્યો બીજો સાધ, સદ્૦ ૫

એમ બહુ મુનિ પદ પૂછવારે, એક આવે એક જાય;
આચારજની ઉંઘમાં રે, થાય અતિ અંતરાય, સદ્૦ ૬

સૂરિ મને એમ ચિંતવેરે, કયાં મુજ લાગ્યું પાપ;
શાસ્ત્ર મેં એ અભ્યાસીયારે, તો એટલો સંતાપ. સદ્૦ ૭

પદ ન કહું હવે કેહનેરે, સઘળા મૂકું વિસારી;
જ્ઞાન ઉપર એમ આણીઓરે, ત્રિકરણ ક્રોધ અપાર. સદ્૦ ૮

બાર દિવસ એ ન બોલીઆરે, અક્ષર ન કહ્યો એક;
અશુભ ધ્યાન તે મરીરે, એ સુત તુજ અવિવેક. સદ્૦ ૯

---

ઢાળ ૫ મી. ( મુખન મરકલડે. એ—દેશી )

વાણી સુણી વરદત્તજી, જાતિસ્મરણ લહ્યું,
નિજ પુરવ ભવ દીઠોજી, જેમ ગુરૂએ કહ્યું.

વરદત્ત કહે તવ ગુરૂનેજી, રોગ એ કેમ જાવે,
સુંદર કાયા હોવેજી, વિદ્યા કેમ આવે. ૧

ભાખે ગુરૂજી ભલી ભાતજી, પંચમી તપ કરો,
જ્ઞાન આરાધો રંગેજી, ઉજમણું કરો;
વરદત્તે તે વિધિ કીધીજી, રોગ દૂરે ગયો,
ભુક્ત ભોગી રાજ્ય પાળીજી, અંતે સિદ્ધ થયો. ૨

ગુણમંજરી પરણાવીજી, શાહ જિનચંદ્રને,
સુખ ભોગવી પછી લીધુંજી, ચારિત્ર સુમતિને,
ગુણમંજરી વરદત્તેજી, ચારિત્ર પાળીને,
વિજય વિમાને પહોંચ્યાજી, પાપ પ્રજાળીને. ૩

ભોગવી સુર સુખ તિહાંથીજી, ચવિયા દોય સુરા,
પામ્યા જંબુ વિદેહેજી, માનવ અવતારા;
ભોગવી રાજ્ય ઉદારાજી, ચારીત્ર લીયે સારા,
હુવા કેવળજ્ઞાનીજી, પામ્યા ભવ પારા. ૪

---

ઢાળ ૬ ઠી. (ગીરીથી નદીયાં ન તરેરે લોલ.)

જગદીશ્વર નેમીશ્વરૂ રે લોલ, એ ભાખ્યો સંબંધ રે
સોભાગી લાલ;
બારે પર્ષદા આગળે રે લોલ, એ સઘળો પરબંધ રે,
સોભાગી લાલ, નેમીશ્વર જિન જયકરૂ રે લોલ-એ આંકણી, ૧

પંચમી તપ કરવા ભણી રે લોલ, ઉત્સુક થયા બહુ લોક રે;
સોભાગી લાલ;
મહાપુરૂષની દેશના રે લોલ, તે કીમ હોવે ફોક રે,
સોભાગી લાલ૦ ૨
કાર્તિક શુદી જે પંચમી રે લોલ, સૌભાગ્ય પંચમી નામ રે,
સોભાગી લાલ૦;
સૌભાગ્ય લહીએ એહથી રે લોલ, ફળે મનવાંછિત કામ રે,
સોભાગી લાલ૦ ૩
સમુદ્રવિજય કુળસેહરો રે લોલ, બ્રહ્મચારી શિરદાર રે,
સોભાગી લાલ૦
મોહનગારી માનિની રે લોલ, રૂડી રાજુલનારી રે,
સોભાગી લાલ૦ ૪
તે નવિ પરણી પાંપ્રણીરે લોલ, પણ રાખ્યો જેણે રંગ રે,
સોભાગી લાલ૦
મુક્તિ મહેલમાં બેહુ મળ્યા રે લોલ, અવિચળ જોડ
અભંગ રે, સોભાગી લાલ૦ ૫
તેણે એ મહાત્મ્ય ભાખીયું રે લોલ. પાંચમનું પરગટ રે,
સોભાગી લાલ૦
જે સાંભળતાં ભાવશું રે લોલ, શ્રીસંઘને પરગટ રે,
સોભાગી લાલ૦ ૬

---

કળશ.

એમ સયલ સુખકર સયલ દુઃખહર, ગાયો નેમિ જિણેસરો;
તપગચ્છ રાજા વડ દિવાજા, વિજયાનંદસૂરિશ્વરો;

તસચરણ પદ્મ પરાગ મધુકર, કોવિદ કુંવરવિજય ગણી,
તસ શિષ્ય પંચમી સ્તવન ભાખી, ગુણવિજય રંગે મુનિ ૫

## ૩. શ્રી અષ્ટમી તિથિનું સ્તવન

### ઢાળ ૧ લી.

(તને ગોકુળ બોલાવે કાન, ગોવિન્દ ગોરીરે–એ રાગ)

શ્રી રાજગૃહી શુભ ઠામ, અધિક દીવાજેરે;
વિચરંતા વીર જિણંદ, અતિશય છાજે રે. ૧

તિહાં ચોત્રીસ ને પાંત્રીસ, વાણી ગુણ લાવે રે;
પધાર્યા વધામણી જાય, શ્રેણીક આવે રે. ૨

તિહાં ચોસઠ સુરપતિ આવીને, ત્રિગડું બનાવે રે;
તેમાં બેસીને ઉપદેશ, પ્રભુજી સુણાવે રે. ૩

તિહાં સુર નરનારી તિર્યંચ, નિજ નિજ ભાષા રે;
મન સમજીને ભવતીર, પામે સુખ ખાસા રે. ૪

તિહાં ઇંદ્રભુતિ મહારાજ, શ્રી ગુરૂ વીરને રે;
પૂછે અષ્ટમીનો મહિમાય, કહો પ્રભુ અમને રે. ૫

તવ ભાખે વીર જિણંદ, સુણો સહુ પ્રાણી રે;
આઠમ દિન જિનનાં કલ્યાણ, ધરો ચિત્ત આણી રે. ૬

### ઢાળ ૨ જી.

(વાલાજીની વાટડી અમે જોતા રે–એ દેશી)

શ્રી ઋષભનું જન્મ કલ્યાણ રે, વળી ચારિત્ર લહ્યા ભલે વાનરે;

ત્રીજા સંભવનું નિર્વાણ, ભવી તુમે અષ્ટમી તિથિ
સેવોરે, એ છે શિવવધુ મળવાનો મેવો, ભવિ૦ ૧

શ્રી અજિત સુમતિ જિન જન્મ્યા રે, અભિનંદન શિવપદ
પામ્યારે;
જિન સાતમા શિવ વિસરામ્યા, ભવિ તુમે અષ્ટમી તિથિ
સેવો રે૦ ૨

વીશમા મુનિસુવ્રત સ્વામીરે, તેહના જન્મ મોક્ષ
ગુણ ધામી રે;
એકવીશમા શિવ વિશરામી, ભવિ તુમે અષ્ટમી તિથિ
સેવો રે૦ ૩

પાર્શ્વનાથજી મોક્ષ મહંત રે, ઈત્યાદિક જિન ગુણવંતરે;
કલ્યાણક મુખ્ય કહંત. ભવી તુમે અષ્ટમી તિથિ સેવોરે. ૪

શ્રી વીર જિણંદની વાણીરે, સુણી સમજ્યા બહુ ભવ્ય પ્રાણીરે;
આઠમ દિન અતિ ગુણ ખાણી, ભવી તુમે અષ્ટમી તિથિ
સેવો રે૦ ૫

આઠ કર્મ તે દૂરે પલાયરે, એથી અડ સિદ્ધિ અડ
બુદ્ધિ થાયરે,
તેણે કારણ સેવો ચિત્ત લાય, ભવિ તુમે અષ્ટમી તિથિ
સેવો રે૦ ૬

શ્રી ઉદયસાગર સૂરિરાયારે, ગુરૂ શિષ્ય વિવેક ધ્યાયારે.
તસ ન્યાયસાગર જસ ગાયા, ભવિ તુમે અષ્ટમી તિથિ
સેવોરે૦ ૭

## ૪. શ્રી મૌન એકાદશીના દોઢસો કલ્યાણકનું સ્તવન.

### ઢાલ પહેલી.

॥ છઠ્ઠી ભાવના મન ધરો, એ દેશી ॥

ધુરં પ્રણમું જિન મહરસી, સમરૂં સરસતિ ઉલ્લસી;
ધસમસિ; મુજમતિ જિન ગુણ ગાયવારે. ॥૧॥

હરિ પૂછે જિન ઉપદિશિ, પરવ તે મૌન એકાદશી,
મનવસિ; અહોનિસિ તે ભવિલોકને એ. ॥૨॥

તરીઆને ભવ જલ તરસિ, એહ પરવ પૌષધ ફરસિ,
મનહરસિ; અવસર જે આરાહસિએ. ॥૩॥

ઊજમણું તે ધારસિ, વસ્તુ ઈગ્યાર ઇગ્યારસિ;
વારસિ; તે દુરગતિનાં બારણાં એ ॥૪॥

એ દિન અતિથિ સુહામણો, દોઢસો કલ્યાણક તણો;
મન ઘણો; ગુણણું કરતાં સુખ હોયે એ. ॥૫॥

---

### ઢાલ બીજી.

પાડે પાડે ત્રણ્ય ચોવીસી, દ્વીપ ક્ષેત્ર જિણનામે;
પાડે પાડે પાંચકલ્યાણક, ધારો શુભ પરિણામે. ॥૧॥

જિનવર ધ્યાયીયેં રે, મોક્ષ મારગના દાતા ॥એ આંકણી॥

સર્વજ્ઞાય નમો ઈમ પહેલે, નમો અરિહંત એ બીજે;
ત્રીજે નમો નાથાય તે ચોથે, સર્વજ્ઞાય કહીજે,
॥ જિન૦ ॥ ॥ ૨ ॥

પાંચમે નમો નાથાય કહીજે, પાડે પાડે જાણો;
ત્રણ્ય નામ તિર્થંકર કેરાં, ગણુણાં પાંચ વખાણો;
॥ જિન૦ ॥ ॥ ૩ ॥

ત્રણ્ય ચોવીસી એક એક ઢાલે, ત્રણ્ય નામ જિન કહિસું;
કોડ તપ કરો જે ફલ લહિયેં, તે જિન ભક્તિ લહિસું;
॥ જિન૦ ॥ ॥ ૪ ॥

કામસવે સિજે જિન નામેં, સફલ હોય નિજ જિહા;
જે જિભે જિન ગુણ સમરંતાં, સફલ જનમ તે દિહા;
॥ જિન૦ ॥ ॥ ૫ ॥

---

## ઢાલ ત્રીજી.

જંબુદ્વિપ ભરત ભલું, અતિત ચોવીસિ સાર મેરે લાલ;
ચોથા મહાયશ કેવલી, છઠ્ઠા સરવાનુભૂતિ ઉદારમેરે લાલ ॥૧॥

જિનવરનામે જય હુઓ ॥ એ આંકણી ॥ શ્રી શ્રીધર જિન
સાતમા, હવે ચોવીસી વર્ત્તમાન મેરે લાલ;
શ્રી નમિજન એકવીસમા, ઓગણીસમા મલ્લિ પ્રધાન
મેરે લાલ. ॥ જિન૦ ॥ ॥૨॥

શ્રી અરનાથ અઢારમા, હવે ભાવિ ચોવીસી ભાવ મેરે લાલ;
શ્રી સ્વયંપ્રભ ચોથા નમું, છઠ્ઠા દેવસુત મન લ્યાવ
મેરે લાલ ॥ જિન૦ ॥ ॥૩॥

ઉદયનાથ જિન સાતમા, તેહને નામે મંગલ માલ મેરે લાલ;
ઓચ્છવ રંગ વધામણાં, વળી લહીયે પ્રેમ રસાલ
મેરે લાલ. ॥ જિન૦ ॥ ॥૪॥

અલિઅ વિઘન દુરે ટલે, દુરિજન ચિંત્યું નવી થાય મેરે લાલ
મહીમા મહોટાઈ વધે, વલી જગમાં સુજસ ગવાય
મેરે લાલ ॥ જિન૦ ॥ ॥૫॥

---

## ઢાલ ચોથી.

પુરવ ભરતે તે ધાતકી ખંડેરે, અતિત ચોવીસી ગુણ અખંડેરે;
ચોથા શ્રી અકલંક સોભાગીરે, છઠ્ઠા દેવ સુભંકર ત્યાગીરે. ૧
સપ્તનાથ સપ્તમ જિન રાયારે, સુરપતિ પ્રણમે તેહના પાયારે;
વર્ત્તમાન ચોવીસી જાણોરે, એકવીસમા બ્રહ્મેન્દ્ર વખાણોરે ૨
ઓગણીસમા ગુણનાથ સમરીયેરે, અઢારમા ગાંગીક મન ધરીયેરે:
કહું અનાગત હવે ચોવીસીરે, ધાતકીખંડે હૈયડે હિંસીરે ૩
શ્રી સાંપ્રત ચોથા સુખદાયીરે, છઠ્ઠા શ્રી મુનીનાથ અમાયીરે;
શ્રી વિશિષ્ટ સપ્તમ સુખકારારે, તે તો લાગે મુજ મન પ્યારારે. ૪
શ્રી જિન સમરણ જેહવું મીઠું રે, એહવું અમૃત જગમાં ન દીઠું રે;
સુજસ મહોદય શ્રી જિન નામેરે, વિજય લહીજે ઠામો ઠામેરે. ૫

---

## ઢાલ પાંચમી

પુક્ખર અર્દ્ધ પુરત્ર હુઆ, જિન વંદીએરે;
ભરત અતીત ચોવીસી કે, પાપ નિકંદીએરે;
ચોથા સુમૃદુ સુહંકરૂં ॥જિન૦॥છઠ્ઠા વ્યક્ત જગદીસ કે,
॥ પાપ નિ૦ ॥ ૧ ॥

શ્રી કલાશત ગુણ ભર્યા ॥ જિન૦ ॥
હવે ચોવીસી વર્ત્તમાન કે ॥ પાપ નિ૦ ॥
કલ્યાણક એ દિન હુઆ ॥ જિન૦ ॥
લીજીયે તેહનાં અભિધાન કે ॥ પાપ નિ૦ ॥ ૨ ॥

અરણ્યવાસ એકવીસમા ॥ જિન૦ ॥
ઓગણીસમા શ્રી યોગ કે ॥ પાપ નિ૦॥
શ્રી અયોગ તે અઢારમા ॥ જિન૦ ॥
દિયે શિવરમણી સંયોગ કે ॥ પાપ નિ૦ ॥ ૩ ॥

ચોવીસી અનાગત ભલિ ॥ જિન૦ ॥ તિહાં
ચોથા પરમ જિનેશ૦ કે ॥ પાપ નિ૦ ॥ સુધારતિ
છઠ્ઠા નમું ॥જિન૦॥ સાતમા શ્રી નિઃકેશ પાપ નિ૦॥૪॥

પ્રીયમેલક પરમેશ્વરૂ ॥ જિન૦ ॥ એહનું નામ
તે પરમ નિધાન કે ॥ પાપ નિ૦ ॥
મહોટાનો જે આસરો ॥ જિન૦ ॥ તેહથી
લહીયે યશ બહુમાન કે ॥ પાપ નિ૦ ॥ ૫ ॥

---

## ઢાલ છઠ્ઠી.

ધાતકીખંડેરે પશ્ચિમ ભરતમાં, અતિત ચોવીસી સંભાર;
શ્રી સર્વારથ ચોથા જિનવરૂ, છઠ્ઠા હરીભદ્ર ધાર. ॥૧॥
જિનવર નામે રે મુજ આનંદ ઘણો ॥ એ આંકણી ॥

શ્રી મગધાધિપ વંદુ સાતમા, હવે ચોવીસી વર્તમાન;
શ્રી પયચ્છ પ્રણમું એકવીસમા,જેહનું જગમાં નહીં ઉપમાન
॥ જિન૦ ॥ ૨ ॥

શ્રી અક્ષોભ જિનવર ઓગણીસમા અઢારમા મલ્લસીંહનાથ;
હવે અનાગત ચોવીસી નમું, ચોથા દિનરૂક શિવ સાત
॥ જિન૦ ॥ ૩ ॥

છઠ્ઠા શ્રી જિન ધનદ સંભારીયે, સાતમા પોષધ દેવ;
હરખે તેહના ચરણકમલ તણી, સુરનર સારે સેવ.
॥ જિન૦ ॥ ૪ ॥

ધ્યાવે મલવું એહવા પ્રભુ તણો, આલસ માંહેરે ગંગ;
જનમ સફલ કરી માનું તેહથી; સુજસ વિલાસ સુરંગ.
॥ જિન૦ ॥ ૫ ॥

---

## ઢાલ સાતમી.

પુખ્ખર પશ્ચિમ ભરતમાં, ધારો અતિત ચોવીસીરે;
ચોથા પ્રલંબ જિનેસરૂ, પ્રણમું હિયડલે હિંસીરે. ૧

એહવા સાહિબ નવી વીસરે, ક્ષિણ ક્ષિણ સમરીયે હેજેરે;
પ્રભુ ગુણ અનુભવ યોગથી, શોભીયે આતમ તેજેરે;
એહવા સાહીબ નવી વીસરે. ॥ એ આંકણી ॥ ૨

છઠ્ઠા ચારિત્ર નિધિ સાતમા, પ્રશમરાજિત ગુણ ધામરે;
હવે વર્ત્તમાન ચોવીસીએ, સમરીજે જિન નામરે.
॥ એહવા૦ ॥ ૩

સ્વામી સર્વજ્ઞ જયંકરૂ, એકવીસમા ગુણ ગેહરે;
શ્રી વિપરીત ઓગણીસમા, અવિહડ ધરમ સનેહરે;
॥ એહવા૦ ॥ ૪

નાથપ્રસાદ અઢારમા, હવે અનાગત ચોવીસીરે;
ચોથા શ્રી અઘટિત જિન વંદીયે,કર્મ સંતતિ જિણે પીસીરે
॥ એહવા૦ ॥ ૫

શ્રી બ્રમણેન્દ્ર છઠ્ઠા નમું, રિષભચંદ્રાભિધ વંદુરે;
સાતમા જગજશ જયકરૂ, જિનગુણ ગાતાં આનંદુરે.
॥ એહવા૦ ॥ ૬

---

## ઢાલ આઠમી

જંબુદ્વીપ ઐરાવતેજી, અતિત ચોવીસી ઉદ્ધાર;
શ્રી દયાંત ચોથા નમુંજી જગ જનના આધાર ॥૧॥

મનમોહન જિનજી; મનથી નહીં મુજ દુર, એ આંકણી,
અભિનંદન છઠ્ઠા નમુંજી, સાતમા શ્રી રતનેસ;
વર્ત્તમાન ચોવીસીયેજી, હવે જિન નામ ગણેસ.
મન૦ ॥૨॥

સ્યામકોષ્ટ એકવીસમાજી, ઓગણીસમા મરૂદેવ;
શ્રી અતિપાર્શ્વ અઢારમાજી, સમરૂં ચિત્ત નિતમેવ.
મન૦ ॥૩॥

ભાવી ચોવીસી વંદીએજી, ચોથા શ્રી નંદીખેણુ;
શ્રી વ્રતધર છઠ્ઠા નમુંજી, ટાલી કરમની રેણુ.
મન૦ ॥૪॥

શ્રી નિરવાણુ તે સાતમાજી, તેહસું સુજસ સનેહ;
જિમ ચકોર ચિત્ત ચંદસુંજી, તિમ મોરા મનમેહ.
મન૦ ॥૫॥

## ઢાલ નવમી

પ્રથમ ગોવાલીઆ તણે ભવેજીરે-એ દેશી.

પૂરવ અર્ધે ધાતકીજીરે, ઐરાવતે જે અતીત;
ચોવીસી તેહમાં કહુંજીરે, કલ્યાણક સુપ્રતિત. ॥૧॥

મહોદય સુંદર જિનવર નામ,—એ આંકણી:
ચોથા શ્રી સૌંદર્યનેજી, વંદુ વારંવાર;
છઠ્ઠા ત્રિવિક્રમ સમરીયેજી, સાતમા નરસિંહ સાર.
મહોદય સુંદર જિ૦ ॥૨॥

વર્ત્તમાન ચોવીસીયેજી, એકવીસમા ક્ષેમંત;
સંતોષિત ઓગણીસમાજી, અઢારમા કામનાથ સંત.
મહોદય સુંદર જિ૦ ॥૩॥

ભાવિ ચોવીસી વંદીએજી, ચોથા શ્રી મુનિનાથ;
ચંદ્રદાહ છઠ્ઠા નમુંજી, ભ૦ દવ નીરદ પાથ.
મહોદય સુંદર જિ૦ ॥૪॥

દિન લાદિત્ય જિન સાતમાજી, જન મન મોહનવેલ;
સુખ જશ લીલા પામીયેજી, જશ નામે રંગરેલ.
મહોદય સુંદર જિ૦ાપા

---

## ઢાલ દશમી.

ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-એ દેશી.

પુષ્ખર અર્દ્ધે પૂરવ અરવતે, અતીત ચોવીસી સંભારૂં;
શ્રી અષ્ટાહીક ચોથા વંદી, ભવ વન ભ્રમણ નિવારૂ રે. ાા૧ાા

ભવિકા એહવા જિનવર ધ્યાવો, ગુણવંતના ગુણ ગાવોરે;
ભવિકા એહવા૦એ આંકણી,વણિક નામ છઠા જિન નમીયે;
શુદ્ધ ધર્મ વ્યવહારિ, ઊદયનાથ સાતમા સંભારો.
ત્રણભુવન ઊપગારીરે, ભવિકા. ાા એહવા૦ ાા૨ાા

વર્ત્તમાન ચોવીસી વંદુ, એકવીસમા તમોકંદ;
સાયકાક્ષ ઓગણીસમા સમરો, જન મન નયણ નિંદરે.
ભવિકા. ાાએહવા૦ાા ાા૩ાા

શ્રી ક્ષેમંત અઢારમા વંદો, ભાવી ચોવીસી ભાવો;
શ્રી નિવારણ ચોથા જિનવર, હૃદયકમલમાં લાવોરે;
ભવિકા. ાાએહવા૦ાા ાા૪ાા

છઠા રત્નીરાજ સાતમા, પ્રથમ નાથ પ્રણમીજે;
ચિદાનંદઘન સુજસ મહોદય, લીલા લચ્છિ લહીજે રે.
ભવિકા ાાએહવા૦ાા ાા૫ાા

## ઢાલ અગીઆરમી

કરપટ કુલીરે લુછણાં ॥ એ દેશી ॥

પશ્ચિમ ઐરાવતે ભલો, ધાતકી ખંડ અતિત કે;
ચોવીસીરે પૂરૂરવા, ચોથા જિન સુપ્રતિત કે. ॥૧॥
જિનવર નામ સોહામણું, ઘડીય ન મેલ્યું જાય કે;
રાત દિવસ મુજ સાંભરે, સંભારે સુખ થાય કે. ॥જિન૦ ॥૨॥
એ આંકણી ॥ શ્રી અવબોધ છઠ્ઠા નમું, સાતમા શ્રી વિક્રમેંદ્ર કે;
ચોવીસી વર્ત્તમાનના, હવે સંભારૂ જિનેંદ્ર કે ॥ જિન૦ ॥૩॥
એકવીસમા શ્રી સુશાંતજી, ઓગણીસમા હર નામકે;
શ્રી નંદીકેસ અઢારમા હોજો તાસ પ્રણામ કે ॥ જિન૦ ॥૪॥
ભાવિ ચોવીસી સંભારીયે, ચોથા શ્રી મહામૃગેંદ્ર કે;
છઠ્ઠા અસોચિત વંદીયે, સાતમા શ્રી ધર્મેંદ્ર કે ॥જિન૦॥૫॥
મન લાગ્યું જસ જેહસું, ન સરે તેહુ વિણુ તાસ કે.
તિણે મુજ મન જિન ગુણથુણિ ॥ પામીસુ જસ વિલાસ કે.
॥જિન૦॥૬॥

---

## ઢાલ બારમી

પુષ્ખર પશ્ચિમ ઐરાવતે હવે, અતિત ચોવીસી વખાણુંજી,
અશ્વવૃંદ ચોથા જિન નમીયેં, છઠા કુટીલક જાણુંજી.
સાતમા શ્રી વર્દ્ધમાન જિનેશ્વર, ચોવીસી વર્ત્તમાનજી.
એકવીસમા શ્રી નંદીકેસ જિન૦ ॥ તે સમરૂ સુભ ધ્યાનજી.॥૧॥
ઓગણસીમા શ્રી ધરમચંદ્ર જિન, અઢારમા શ્રી વિવેકોજી,

હવે અનાગત ચોવીસીમાં, સંભારૂ શુભ ટેકોજી;
શ્રી કલાપક ચોથા જિન છઠ્ઠા શ્રી વિશોમ પ્રણમીજેજી;
સાતમા શ્રી આરણ્ય જિન ધ્યાતાં, જન્મનો લાહો લીજેજી. ૨

શ્રી વિજયપ્રભસુરીશ્વર રાજે, દિન દિન અધિક જગીસેંજી;
ખંભ નયરમાં રહી ચોમાસું, સંવત સત્તર બત્રીસેંજી;
દોઢસો કલ્યાણકનું ગુણણું, ઈમ મેં પૂરણ કીધુંજી,
દુઃખ ચુરણ દીવાલી દીવસે, મનવાંછિત ફલ લીધુંજી. ૩

શ્રી કલ્યાણવિજયવર વાચક, વાદી મત્તંગજ સિંહોજી;
તાસ શષ્ય શ્રી લાભવિજય બુધ, પંડિત માંહિ લિહોજી,
તાસ શિષ્ય શ્રી જિતવિજયબુધ, શ્રી નયવિજય સોભાગીજી,
વાચક જશ વિજયે તસ શિષ્યે, થુણીઆ જિન વડભાગીજી. ૪

એ ગુણણું જે કંઠે કરશે, તે શિવરમણી વરશેજી;
તરસે ભવ હરસે સવિ પાતિક, નિજ આતમ ઉદ્ધરસેજી;
બાર ઢાલ જે નિત્યે સમરસે, ઊચિત કાજ આચરસેજી,
સુકૃત સહોદય સુજસ મહોદય, લીલા તે આદરસેજી. ૫

---

## કલસ

એ બાર ઢાલ રસાલ બારહ, ભાવના તરૂ મંજરી;
વર બાર અંગ વિવેક પલ્લવ, બાર વ્રત શોભા કરી;
ઈમ બાર તપ વિધ સાર સાધન, ધ્યાન જિન ગુણ અનુસરી;
શ્રી નયવિજય બુધ ચરણ સેવક, જસવિજય જયશ્રી વરી. ૧

## ૫. શ્રી એકાદશીનું સ્તવન.

જગપતિ નાયક નેમિ જિણંદ, દ્વારિકા નગરી સમોસર્યા;
જગપતિ વાંદવા કૃષ્ણ નરિંદ, જાદવ કોડશું પરિવર્યા. ૧

જગપતિ ધીગુણ ફુલ અમૂલ, ભક્તિ ગુણે માલા રચી;
જગપતિ પૂજી પૂછે કૃષ્ણ, ક્ષાયિક સમકિત શિવરૂચિ. ૨

જગપતિ ચારિત્ર ધર્મ અશક્ત, રક્ત આરંભ પરિગ્રહે;
જગપતિ મુજ આતમ ઉદ્ધાર, કારણ તુમ વિણ કોણ કહે. ૩

જગપતિ તુમ સરિખો મુજ નાથ, માથે ગાજે ગુણનિલો;
જગપતિ કોઇ ઉપાય બતાવ, જેમ કરે શિવવધુ કંતલો. ૪

નરપતિ ઉજ્જવલ માગશિર માસ, આરાધો એકાદશી;
નરપતિ એકસોને પચાશ, કલ્યાણક તિથિ ઉલ્લસી. ૫

નરપતિ દશ ક્ષેત્રે ત્રણ કાલ, ચોવીશી ત્રીસે મલી;
નરપતિ નેવું જિનનાં કલ્યાણ, વિવરી કહું આગલ વલી. ૬

નરપતિ અર દીક્ષા નમિ નાણ, મલ્લી જન્મ વ્રત કેવલી;
નરપતિ વર્તમાન ચોવીશી, માંહે કલ્યાણક આવલી. ૭

નરપતિ મૌનપણે ઉપવાસ, દોઢસો જપ માલા ગણો;
નરપતિ મન વચ કાય પવિત્ર, ચરિત્ર સુણો સુવ્રત તણો. ૮

નરપતિ દાહિણ ધાતકી ખંડ, પશ્ચિમ દિશિ ઇક્ષુકારથી;
નરપતિ વિજય પાટણ અભિધાન, સાચો નૃપ પ્રજાપાલથી. ૯

નરપતિ નારી ચંદ્રાવતી તાસ, ચંદ્રમુખી ગજગામિની;
નરપતિ શ્રેષ્ઠિ શુર વિખ્યાત શિયલ સલીલા કામિની ૧૦

નરપતિ પુત્રાદિક પરિવાર, સાર ભૂષણ ચીત્ર ધરી;
નરપતિ જાયે નિત્ય જિનગેહ, નમન સ્તવન પૂજા કરે. ૧૧

નરપતિ પોષે પાત્ર સુપાત્ર, સામાયિક પોષધ વરે;
નરપતિ દેવવંદન આવશ્યક, કાલ વેલાયે અનુસરે, ૧૨

---

## ઢાળ ૨ જી

એક દિન પ્રણમી પાય, સુવ્રત સાધુ તણારી;
વિનયે વિનવે સેઠ, મુનિવર કરી કરૂણારી. ૧

દાખો મુજ દિન એક, થોડો પુણ્ય કીયોરી;
વાધે જિમ વડ બીજ, શુભ અનુબંધી થયોરી, ૨

મુનિ ભાખે મહા ભાગ્ય, પાવન પર્વ ઘણાંરી;
એકાદશી સુવિશેષ, તેહમાં સુણ સુમનારી, ૩
સિત એકાદશી સેવ, માસઅગ્યાર લગેરી;
અથવા વરસ ઈગ્યાર, ઉજવી તપ સુવગેરી. ૪

સાંભલી સદ્‌ગુરૂ વેણ, આનંદ અતિ ઉલ્લસ્યોરી;
તપ સેવી ઉજવિય, આરણ સ્વર્ગે વસ્યોરી. ૫

એકવીશ સાગર આય, પાલી પુણ્ય વસેરી;
સાંભલ કેશવરાય, આગલ જેહ થશેરી, ૬

સૌરીપુરમાં શેઠ, સમૃદ્ધદત્ત વડોરી;
પ્રીતિમતિ પ્રિયા તાસ, પુણ્યે જોગ જડ્યોરી. ૭

તસ કુખે અવતાર, સૂચિત શુભ સ્વપ્નેરી;
જન્મ્યો પુત્ર પવિત્ર, ઉત્તમ ગ્રહ શુકનેરી. ૮

નાલ નિક્ષેપ નિધાન, ભૂમિથી પ્રગટ હવેરી;
ગર્ભ દોહદ અનુભાવ, સુવ્રત નામ ઠવ્યોરી. ૯

બુદ્ધિ ઉદ્યમ ગુરૂ જોગ, શાસ્ત્ર અનેક ભણ્યોરી;
યૌવનવય અગીયાર, રૂપવતી પરણ્યોરી. ૧૦

જિનપૂજન મુનિદાન, સુવ્રત પચ્ચખાણુ ધરેરી;
અગીયાર કંચન કોડ, નાયક પુણ્ય ભરેરી. ૧૧

ધર્મઘોષ અણગાર, તિથિ અધિકાર કહેરી;
સાંભલી સુવ્રત શેઠ, જાતિસ્મરણુ લહેરી. ૧૨

જિન પ્રત્યય મુનિશાખ, શેઠ તપ ઉચરેરી;
એકાદશી દિન આઠ, પોહોરો પોસો ધરેરી, ૧૩

## ઢાલ ત્રીજી.

પત્નિ સંયુતે પોસહ લીધો, સુવ્રત શેઠે અન્યદાજી,
અવસર જાણી તસ્કર આવ્યા, ઘરમાં ધન લુંટે તદાજી. ૧

શાસન ભકતે દેવી શકતે, થંભાણા તે બાપડાજી,
કોલાહલ સુણી કોટવાલ આવ્યો, ભૂપ આગલ ધર્યા રાંકડાજી. ૨

પોસહ પારી દેવ જુહારી, દયાવંત લેઈ ભેટણુંજી;
રાયને પ્રણમી ચોર મૂકાવી, શેઠે કીધાં પારણુંજી. ૩

અન્ય દિવસ વિશ્વાનલ લાગ્યો, સોરીપુરમાં આકરોજી;
શેઠજી પોસહ સમરસ બેઠા, લોક કહે હઠ કાં કરોજી. ૪

પુણ્યે હાટ વખારો શેઠની, ઉગરી સૌ પ્રશંસા કરેજી;
હરખે શેઠજી તપ ઉજમણું, પ્રેમદા સાથે આદરેજી. ૫

પુત્રને ઘરનો ભાર ભલાવી, સંવેગી શિર સેહરોજી,
ચઉનાણી વિજય સેખર સૂરિ, પાસે તપવ્રત આદરેજી. ૬

ચાર ચૌમાસી, દોસય છઠ્ઠ, સો અઠ્ઠમ કરેજી;
બીજા તપ પણ બહુ શ્રુત સુવ્રત, મૌન એકાદશી વ્રત ધરેજી. ૭

એક અધમ સુર મિથ્યાદૃષ્ટિ, દેવતા સુવ્રત, સાધુનેજી,
પૂર્વોપાર્જિત કર્મ ઉદેરી, અંગે વધારે વ્યાધિનેજી. ૮

કર્મે નડીયો પાપે જડીયો, સુર કહે જાઓ ઔષધ ભણીજી,
સાધુ ન જાયે રોષ ભરાયે, પાટુ પ્રહારે હણ્યો મુનિજી ૯

મુનિ મન વચન કાય ત્રિયોગે, ધ્યાન અનલ દહે કર્મનેજી,
કેવલ પામી જિનપદ રામો, સુવ્રત નેમ કહે શ્યામનેજી ૧૦

---

## ઢાળ ચોથી.

કાન પયંપે નેમને એ, ધન્ય ધન્ય યાદવ વંશ;
જિહાં પ્રભુ અવતર્યા એ, મુજ મન માનસ હંસ,
જયો જિન નેમને એ. ૧

ધન્ય શિવાદેવી માવડી એ, સમુદ્રવિજય ધન્ય તાત,
સુજાત જગત ગુરૂએ, રત્નત્રયિ અવદાત. જયો૦ ૨

ચરણ વિરોધી ઉદનો એ, હું નવમો વાસુદેવ. જયો૦
તિણે મન નવિ ઉલ્લસે એ, ચરણ ધરમની સેવ. જયો૦ ૩

હાથી જેમ કાદવ ગલ્યો એ, જાણું ઉપાદેય હેય. જ્યો૦
તોપણ હું ન કરી શકું એ, દુષ્ટ કર્મનો ભેય. જ્યો૦ ૪
પણ સરણો બલિયા તણો એ, કીજે સીજે કાજ. જ્યો૦
એહવાં વચનને સાંભલી એ, બાંહે ગ્રહ્યાની લાજ. જ્યો૦ ૫
નેમ કહે એકાદશી એ, સમકિત યુત્ત આરાધ. જ્યો૦
થાઇસિ જિનવર બારમો, એ ભાવિ ચોવીશિયે લદ્ધ. જ્યો૦ ૬

## કલસ.

ઇય નેમિ જિનવર, નિત્ય પુરંદર, રેવતાચલ મંડણો,
બાણ નવ મુનિ, ચંદ વરસે, રાજનગરે સંથુણ્યો,
સંવેગરંગ તરંગ જલનિધિ, સત્યવિજય ગુરૂ અનુસરી,
કપૂરવિજય કવિ, ક્ષમાવિજય ગણિ, જિનવિજય જયસિરિ
વરી ॥૧॥

## ૬ શ્રી રોહિણી તપ વિધિનું સ્તવન.

### દુહા

સુખકર સંખેશ્વર નમો, શુભ ગુરૂનો આધાર,
રોહિણી તપ મહિમા વિધિ, કહિશું ભવ ઉપગાર. ૧
ભક્ત પાન કુચ્છિત દીએ, મુનિને જાણ અજાણ,
નરક તિર્યંચમાં જીવ તે, પામે બહુ દુઃખ ખાણ. ૨
તે પણ રોહિણી તપ થકી, પામી સુખ સંસાર,
મોક્ષે ગયા તેહનો કહું, સુંદર એ અધિકાર. ૩

## ઢાળ પહેલી

( શીતલજિન સહજાનંદી—એ દેશી )

મઘવા નગરી કરી ઝંપા, અરિ વર્ગ થકી નહિ કંપા;
આરંભે પુરી છે ચંપા, રામ સીતા સરોવર પંપા,
પનોતા પ્રેમથી તપ કીજે, ગુરૂ પાસે તપ ઉચરીજે.
એ આંકણી. ૧

વાસુપૂજ્યના પુત્ર કહાય, મઘવા નામે તિહાં રાય,
તસ લક્ષ્મીવતી છે રાણી, આઠ પુત્ર ઉપર એક જાણી. ૫૦ ૨

રોહિણી નામે થઈ બેટી, નૃપ વલ્લભસું થઇ મોટી,
યૌવન વયમાં જબ આવે, તબ વરની ચિંતા થાવે. ૫૦ ૩

સ્વયંવર મંડપ મંડાવે, દૂરથી રાજપુત્ર મિલાવે,
રોહિણી શણગાર ધરાવે, જાણું ચંદ્ર પ્રિયા ઈહાં આવે. ૫૦ ૪

નાગપુર વિતશોક ભૂપાલ, તસ પુત્ર અશોક કુમાર,
વરમાલા કંઠે ઠાવે, નૃપ રોહિણીને પરણાવે. ૫૦ ૫

પરિકરશું સાસરે જાવે. અશોકને રાજ્યે ઠાવે,
પ્રિયા પુણ્યે વધી બહુ ઋદ્ધિ, વિતશોકે દીક્ષા લીધી. ૫૦ ૬

સુખ વિલસે પંચ પ્રકારે, આઠ પુત્ર સુતા થઇ ચારે,
રહો દંપતિ સાતમે માલે, લઘુ પુત્ર રમાડે ખોલે. ૫૦ ૭

લોકપાલાભિધાનને બાલ, રહી ગોખે જુએ જન ચાલ,
તસ સન્મુખ રોતિ નારી, ગયો પુત્ર મરણ સંભાળી. ૫૦ ૮

શિર છાતી કુટે મળી કેતી, માય રોતી જલજલી દેતી,
માથાના કેસ તે રોલે, જોઈ રોહિણી કંથને બોલે. ૫૦ ૯

આજ મે નવું નાટક દીઠું, જોતાં બહુ લાગે મીઠું,
નાચ શીખી કીહાંથી નારી,
સુણી રોષે ભર્યો નૃપ ભારી. ૫૦ ૧૦

કહે નાચ શીખ્યો ઈણિ વેલા, લેઈ પુત્ર બાહિર દીએ ઝોલા,
કરથી વિછોડ્યો તે બાલ, નૃપ હાહા કરે તત્કાલ. ૫૦ ૧૧

પુરદેવ વચ્ચેથી લેતા, ભુંય સિંહાસન કરી દેતા,
રાણી હસતી હસતી જુએ હેઠું, રાજાએ એ કૌતુક દીઠું. ૫૦ ૧૨

લોક સઘળા વિસ્મય પામે, વાસુપૂજ્ય શિષ્ય વન ઠામે,
આવ્યા રૂપ સોવન કુંભ નામ, શુભવીર કરે પરણામ. ૫૦ ૧૩

---

## ઢાળ ૨ જી.

(ચોપાઈની દેશી)

ચઉનાણી નૃપ પ્રણમી પાય, નિજ રાણીને પ્રશ્ન કરાય,
આ ભવદુઃખ નવિ જાણ્યા એહ, એ ઉપર મુજ અધિકો નેહ. ૧

મુનિ કહે ઇણ નગરે ધનવંતો, ધનમિત્ર નામા શેઠજી હતો,
દુર્ગંધા તસ બેટી થઈ, કુબ્જા કુરૂપા દુર્ભગા ભઇ. ૨

યોવન વય ધન દેતાં સહી, દુર્ભગપણે કોઈ પરણે નહીં.
નૃપ હણતાં કૌતવ શિષ્યેણ, રાખી પરણાવી સા તેણ. ૩

નાઠો તે દુર્ગંધા લઈ, દાન દિયંતાં સા ઘરે રહી,
જ્ઞાનીને પરભવ પૂછતી, મુનિ કહે રૈવતગિરિ તટ હતી. ૪
પૃથ્વીપાલ નૃપ સિદ્ધિમતિ, નારી નૃપ વનમાં ક્રિડતી.
રાય કહે દેખી ગુણવંતા, તપસી મુનિ ગોચરીએ જતા. ૫
દાન દીયાં ઘર પાછાં વલી, તબ ક્રીડારસે રીસે બલી,
મૂર્ખ પણે કરી બલતે હૈયે, કડવો તુંબડ મુનિને દીએ. ૬
પારણું કરતાં પ્રાણ જ ગયા, સુરલોકે મુનિ દેવજ થયા;
અશુભ કર્મ બાંધ્યું તે નારી, જાણી નૃપ કાઢે પુર બારે. ૭
કુષ્ટ રોગ દિન સાતે મરી, ગઈ છઠ્ઠી નરકે દુઃખ ભરી,
તિરીય ભવે અંતરતા લહી, મરીને સાતમા નરકમાં ગઈ. ૮
નાગણ કારમી ને કુતરી, ઉંદર ગિરોલી જલો શુકરી,
કાકી ચંડાલણ ભવ લહી, નવકાર મંત્ર તિહાં સદ્દહી. ૯
મરીને શેઠની પુત્રી થઇ, શેષ કર્મ દુર્ગંધા થઈ,
સાંભળી જાત સ્મરણ લહી, શ્રી શુભવીર વચન સદ્દહી. ૧૦

---

## ઢાળ ૩ જી.

( ગજરા મારૂજી ચાલ્યા ચાકરી રે—એ દેશી )

દુર્ગંધા કહે સાધુને રે, દુઃખ ભોગવિયાં અતિરેક,
કરૂણા કરીને દાખીએરે, જિમ જાએ પાપ અનેક રે. ૧
જિમ મુનિ કહે રોહિણી તપ કરો રે, સાત વરસ ઉપર સાત માસ,
રોહિણી નક્ષત્રને દિને રે, ગુરૂ મુખ કરીએ ઉપવાસરે. ગુરૂ૦ ૨

તપથી અશોક નૃપની પ્રિયારે, થઇ ભોગવી ભોગ વિલાસ,
વાસુપૂજ્ય જિન તીર્થેરે, તમો પામશો મોક્ષ નિવાસરે. તમો૦ ૩

ઉજમણે પુરે તપેરે, વાસુપૂજ્યની પડિમા ભરાય,
ચૈત્ય અશોક તરૂ તલે રે,
અશોક રોહિણી ચિત્તરાય રે. અશોક૦ ૪

સાહમિવત્સલ પધરાવીને રે, ગુરૂ વસ્ત્ર સિદ્ધાંત લખાય,
કુમાર સુગંધ તણી પરેરે, દુષ્કર્મ સકલ ક્ષય જાય રે. દુષ્ક૦ ૫

સાધુ કહે સિંહપુરમાં રે, સિંહસેન નરેસર સાર,
કનકપ્રભા રાણી તણોરે, દુર્ગંધી અનિષ્ટ કુમાર રે. દુર્ગં૦ ૬

પદ્મપ્રભુને પુછતાં રે, જિન જલ્પે પૂર્વ ભવ તાસ,
બાર યોજન નાગપુરથી રે,
એક શિલા નિલગિરિ પાસ રે. એક૦ ૭

તે ઉપર મુનિ ધ્યાનથીરે, ન લહે આહેડી શિકાર,
ગોચરી ગત શિલા તલે રે,
કોપ્યો ધરે અગ્નિ અપાર રે. કોપ્યો૦ ૮

શિલા તપી રહ્યા ઉપરેરે, મુનિ આહાર કરે કાઉસ્સગ્ગ,
ક્ષપકશ્રેણી થયે કેવલીરે, તતક્ષણ પામ્યા અપવર્ગ રે. તત૦ ૯

આહેડી કુષ્ટી થઈ રે, ગયો સાતમી નરક મઝાર,
મચ્છ મઘા અહીં પાંચમી,
સિંહ ચોથી ચિત્ર અવતાર. સિંહ૦ ૧૦

ત્રીજી બિલાડો બીજીએરે, ઘુક પ્રથમ નરક દુઃખ જાલ,
દુઃખના ભવ ભમી તે થયો રે,
એક શેઠ ઘરે પશુપાલ રે. એક૦ ૧૧

ધર્મ લહી દવમાં બલ્યો રે, નિદ્રાએ હૃદય નવકાર,
શ્રી શુભવીરના ધ્યાનથીરે, તુજ પુત્ર પણે અવતારરે. તુજ૦ ૧૨

---

## ઢાળ ૪ થી

(મારી અંબાના વડલા હેઠ—એ દેશી)

નિસુણી દુર્ગંધ કુમાર, જાતિ સ્મરણ પામતો રે,
પદ્મપ્રભુ ચરણે શીષ, નામી ઉપાય તે પૂછતો રે,
પ્રભુ વયણે ઉજમણે યુક્ત, રોહિણીનો તપ સેવિયોરે;
દુર્ગંધીપણું ગયું દુર, નામે સુગંધી કુમાર થયો રે,
રોહિણી તપ મહિમા સાર,
સાંભળતાં નવ વિસરે રે. એ આંકણી૦ ૧

રહી વાત અધુરી એહ, સાંભળશો રોહિણીને ભવેરે,
ઇમ સુણી દુર્ગંધા નારી, રોહિણી તપ કરે ઓછવે રે;
સુગંધિ લઈ સુખ ભોગ, સ્વર્ગે દેવી સોહામણી રે,
તુંજ કાંતા મઘવા ધુઆં, ચવિ ચંપાએ થઇ રોહિણીરે. રો૦ ૨

તપ પુણ્ય તણે પ્રભાવ, જન્મથી દુઃખ ન દેખીઓરે,
અતિ સ્નેહ કીધો અમ સાથ, રાય અશોકે વલી પુરીયુરે;
ગુરૂ બોલે સુગંધિ રાય, દેવ થઇ પુષ્કલાવતી રે,
વિજયે થઈ ચક્રિ તેહ, સંયમધર હુઆ અચ્યુતપતિરે. રો૦ ૩

ચવિને થયા તમે અશોક, એક તને પ્રેમ બન્યો ઘણોરે,
સાત પુત્રની સુણજો વાત, મથુરામાં એક માહણોરે;
અગ્નિશર્મા સુત સાત, પાટલીપુર જઇ ભીક્ષા ભમેરે;
મુનિ પાસે લેઇ વૈરાગ, વિચર્યા સાતે રહી સંયમેરે. રો૦ ૪

સૌધર્મે હુઆ સુર સાત, તે સુત સાતે રોહિણી તણા રે,
વૈતાઢયે ભિલ્લ ચુલ ખેટ, સમકિત શુદ્ધ સોહામણો રે;
ગુરૂદેવની ભક્તિ પસાય, ધુર સ્વર્ગે થઇ દેવતા રે,
લઘુ સુત આઠમો લોકપાલ, રોહિણીનો તે સુર દેવતારે. રો૦૫

વલી ખેટ સુતા છે ચાર, રમવાને વનમાં ગઇ રે,
તીહાં દીઠા એક અણગાર, ભાખે ધર્મ વેલા થઇ રે;
પૂછ્યાથી કહે મુનિ ભાસ, આઠ પહોર તુમ આયુ છે રે,
આજ પંચમીનો ઉપવાસ, કરશો તો લાભદાયી છે રે. રો૦ ૬

ધુજતી કરી પચક્ખાણ, ગેહ અગાસે જઇ સોવતિ રે,
પડી વિજળીએ વલી તેહ, ધુર સુરલોકે દેવી થતી રે;
ચવી થઇ તુમ પુત્રી ચાર, એક દિન પંચમી તો કરી રે,
ઈમ સાંભલી સહુ પરિવાર,
વાત પૂર્વ ભવની સાંભળી રે. રો૦ ૭

ગુરૂ વંદી ગયા નિજ ગેહ, રોહિણી તપ કરતાં સહુ રે;
મોટી શક્તિ બહુમાન, ઉજમણાં વસ્તુ બહુ રે;
ઈમ ધર્મ કરી પરિવાર, સાથે મોક્ષપુરી વરી રે,
શુભવીરના શાસનમાંહિ,
સુખ ફલ પામો તપ આદરી રે. રો૦ ૮

કળશ

ઇમ ત્રિજગ નાયક મુક્તિદાયક, વીર જિનવર ભાખીયો,
તપ રોહિણીના ફલ વિધાને, વિધિ વિશેષે દાખીયો;
શ્રી ક્ષમાવિજય જસવિજય પાટે, શુભવિજય સુમતિ ધરો,
તસ ચરણ સેવક કહે પંડિત, વીરવિજય જય જય કરો.

---

## ૭. શ્રી સિદ્ધચક્રજીનું સ્તવન.

વીર જીનેશ્વર સાહિબ મોરા—એ દેશી

સકલ કુશલ કમલાનું મંદિર, સુંદર મહીમારે જાસ,
નવપદમાં નવનિધિનો દાતા, સિદ્ધ અનેકમાં વાસ રે.
ભવિકા, સિદ્ધચક્ર સુખકારી, તુમે આરાધો નરનારી રે ભ૦ ૧

પ્રથમ પદે અરિહંત આરાધો, સ્ફટીક રત્ન સમવાન,
પદ્મ એક મણિની પરે રાતા, બીજે સિદ્ધનું ધ્યાન રે. ભ૦ ૨

ત્રીજે આચારજ અનુસરીએ, કંચન કાંતિ અનુપ,
પદ ચોથે ઉવજ્ઝાયને પ્રણમો, ઇંદ્ર નિયલ સમ વાન રે. ભ૦૩

સર્વ સાધુ પદ પાંચમે પ્રણમો, શ્યામ વરણ સુખકાર,
છઠ્ઠે દરિસણ જ્ઞાન સાતમે, આઠમે ચારિત્ર સાર રે. ભ૦ ૪

તપનું આરાધન પદ નવમે, ચાર એ ઉજ્વલ વરણા;
ઈહ લોગોત્તમ એહીજ મંગળ, કરવા એહનું શરણ રે.ભ૦ ૫

આસો ચૈત્રી અઠ્ઠાઇ માંહી, નવ આંબીલ નવ ઓળી,
સિદ્ધચક્રજીની પૂજા કરતાં, દુઃખ સવિ નાખો ઢોળી રે. ભ૦ ૬

સિદ્ધચક્ર પૂજા થી સઘળી, સંપદા નીજ ઘેર આવે,
દુષ્ટ કુષ્ટ પ્રમુખ જે રોગો, તે પણ દુરે જાવે રે. ભ૦ ૭

પૃથ્વી નિરુપમ નયરી ઉજ્જેણુ, દોય પુત્રી તસ સારી,
સુરસુંદરી મિથ્યાત્વિને પેખી, મયણા જિન મત ધારી રે. ભ૦ ૮

સુરસુંદરી કહે સવિ સુખ અમને, છે નિજ તાત પસાય,
મયણા કહે એ ફોગટ કુમત, સુખ દુઃખ કર્મ પસાય રે. ભ૦ ૯

તવ વચને નૃપ કોપ્યો એહ, આવ્યો ઉંબર ઈણુ ઠાય;
સાતસેં કોઢિનો તે અધિપતિ, તેણે માગી કન્યાય રે, ભ૦ ૧૦

નૃપ કહે મયણા તુજ કર્મે, આણ્યો એ વર રસાલ,
તવ મયણા મન ધીરજ ધરીને, કંઠે ઠાવે વરમાલ રે. ભ૦ ૧૧

શુભવેલા પરણી દોય પહોંચ્યા, શ્રી જિનવર પ્રાસાદે,
ઋષભદેવ પૂજી ગુરુ પાસે, આવ્યા ધરી ઉલ્લાસ રે. ભ૦ ૧૨

પ્રણુમી મયણા કહે ગુરુને, હવે ભાંખો કોઈ ઉપાય,
જેહથી તુમ શ્રાવકની કાયા, સર્વ નિરોગી થાય રે. ભ૦ ૧૩

ગુરુ કહે અમને મંત્ર જંત્રાદિક, કહેવા નહિ આચાર,
યોગ્ય પણું જાણી અમે કહેશું, કરવાને ઉપગાર રે. ભ૦ ૧૪

નવ દીન નવ આંબિલ તપ કરીને, સિદ્ધચક્ર નિત્ય પૂજે;
ન્હવણ તણું જલ છાંટો અંગે, રોગ સકલ તીહાં ધ્રુજે રે ભ૦૧૫

ગુરૂ વચને આંબિલ તપ કરીને, સિદ્ધચક્ર આરાધ્યો;
ઉંબર કોઢ ગયો તસ દૂરે, રૂપ અનુપમ વાધ્યો રે ભ૦ ૧૬

શ્રી શ્રીપાલ નરેંદ્ર થયો જે, પરણ્યો બહુ કન્યાય;
પ્રજાપાલ થયો પણ શ્રાવક, શ્રી જિનધર્મ પસાય રે. ભ૦ ૧૭

અનુક્રમે ચંપા રાજ્ય લેઇને, પાલે અખંડિત આણ;
જગમાંહે જસવાદ થયો બહુ, નિત્ય નિત્ય રંગ મંડાણરે. ભ૦૧૮

મહામંત્ર પરમેષ્ટી તણો એ, ભવદુઃખ નાસે અવિલંબ;
સકલ સિદ્ધિ વશ કરવાને, એહ અનોપમ યંત્ર રે ભ૦ ૧૯

એહનો મહિમા કેવલી જાણે, કિમ છદ્મસ્થ પ્રકાશે;
તે માટે પણ સકલ ધર્મથી, જિનધર્મ સારો ભાસે રે. ભ૦ ૨૦

તે માટે ભવિયણ તુમે ભાવો, સિદ્ધચક્રની કરો સેવા;
આ ભવ પરભવ બહુ સુખ સંપદા, જિમ લહિયે શિવ મેવા. ભ૦૨૧

સુરત બંદરે રહી ચોમાસું. સ્તવન રચ્યું એ વારી;
સત્તરસેં બાસઠ વરસે, સંઘ સકલ હિતકારી રે. ભ૦ ૨૨

સિદ્ધચક્રનો મહિમા સુણતાં, હોવે સુખ વિસ્તાર;
શ્રી વિજયસેનસૂરિશ્વર વિનવે, દાનવિજય જયકારરે. ભ૦ ૨૩

---

## ૮. શ્રી દિવાલીપર્વનું મહાવીર સ્વામીનું સ્તવન.

હસ્તીપાલ રાજાની સભામાંરે, છેલ્લું ચોમાસું રે વીર;
બેંતાલીસમું તે કર્યું રે, પ્રણમું સાહસ ધીરરે.
વીર પ્રભુ સીદ્ધ થયા રે૦ ૧

દેવશર્માને પ્રતિબોધવા રે, એમ જાય ગૌતમ સ્વામ;
ઉત્તરાધ્યયન પ્રરૂપતાંરે, મોક્ષે ગયા ભગવાનરે. વીર૦ ૨

સર્વારથ મુહૂર્ત આવે થકેરે, છઠ્ઠ ચોવિહારો રે કીધ.
અઢાર દેશના રાજા ભેગા થયારે,સઘલાએ પોસહ લીધરે, વીર૦ ૩

પ્રભાતે ગૌતમ હવેરે, પાછા વલી આવે તામ;
દેવ સઘલા શોકાતુર કરેરે, એમ કહે ગૌતમસ્વામરે, વીર૦ ૪

રાજા અને પ્રજા સહુરે, સર્વ શોકાતુર જાણ;
દેવ દેવીઓ શોકાતુર કરેરે, શું કારણ છે આમરે; વીર૦ ૫

તવ તે વળતું એમ કહેરે, સુણો સ્વામી ગૌતમસ્વામ;
આજની પાછલી રાતમાંરે, વિર પ્રભુ થયા નિરવાણરે. વીર૦ ૬

વજ્રહત તણી પરે રે ગૌતમ મૂર્છારે ખાય,
સાવધાન વાયુ ભેગા થયારે,પછી વિલાપ કરે મોહ રાયરે. વીર૦ ૭

ત્રણ લોકનો સુરજ આથમ્યોરે, એમ કહે ગૌતમસ્વામ,
મિથ્યાત્વરૂપી અંધકારનોરે, થાસે ગામો ગામરે, વીર૦ ૮

રાક્ષસ સરિખા દુકાલ પડેરે, પડશે ગામોરે ગામ,
પાંચમા આરામાં માણસ દુખીયા થશેરે,
તમે ગયા મોક્ષ મોઝારરે, વીર૦ ૯

ચંદ્ર વિના આકાશમાંજીરે, દયા વિના ધર્મ ન હોય,
સુરજ વિના જંબુદ્વીપમાંરે,
તુમ વિના એમ પ્રમાણેરે. વીર૦ ૧૦

પાખંડી કુગુરૂ તણાજીરે, કુણ હઠાવશે જોર,
જ્ઞાનવિમલસુરિ [illegible] કહેરે, દીયે ઉપદેશ ભરપુરરે. વીર૦ ૧૧

પંડિત શ્રી પદ્મવિજયજી કૃત—

## ૯. શ્રી દિવાલીકલ્પનું સ્તવન.

શ્રી શ્રમણ સંઘ તિલકોપમં ગૌતમં, સુવિધિ પ્રણિપત્ય પાદારવિંદં; ઇન્દ્રભૂતિ પ્રભવમંહસો મોચકં, કૃત કુશલ કોટિ કલ્યાણ કંદં. ૧

ઢાલ ૧લી રાગ રામગિરિ

મુનિ મન રંજણો, સયલ દુઃખ ભંજણો, વીર પ્રભુ વર્ધમાન જીણંદો; મુગતિ ગતિ જીમ લહી, તિમ કહું સુણ સહી, જીમ હોએ હર્ષ હઈડે આણંદો મુ૦ ૧ કરીય ઉદ્‌ઘોષણા દેશપુર પાટણે, મેઘ જીમ દાન જલ બહુલ વરસી, ધણ કણગ મોતીચા ઝગમગે જોતિયા, જીન દેઈ દાન ઈમ એક વરસી. મુ૦ ૨ દોયવિણ તોય ઉપવાસ આદે કરી, મૃગસિર કૃષ્ણ દશમી દહાડે; સિદ્ધ સામા થઈ વીર દીક્ષા લેઈ, પાપ સંતાપ મલ દૂર કાઢે. મુ૦ ૩ બહુલ બંભણ ઘરે પારણું સામિએ, પુણ્ય પરમાન્ન મધ્યાન્હ કીધું; ભુવન ગુરૂ પારણા પુન્યથી બંભણે, આપ અવતાર ફલ સયલ લીધું મુ૦ ૪. કર્મચંડાલ ગોસાલ સંગમ સુરો, જીણે જિન ઉપરે ઘાત મંડયો, એવડો વયર તેં પાપિયા સેં કર્યો, કર્મ કોડિ તુ હિજ સબલ દંડયો. મુ૦ ૫. સહજ ગુણ રોષિઓ નામે ચંડકોષિઓ, જિન પદે સ્વાન

જિમ જેહ વિલગો, તેહને બુઝવી ઉદ્ધર્યો જગપતિ, કીધલો પાપથી એહિ અલગો મુ૦ ૬ વેદયામા ત્રિયામા લગે ખેદીયે ભેદીયો તુજ નવિ ધ્યાન કુંભો; શૂલપાણી અ૦નાણિ અહો બુઝવ્યો, તુજ કૃપા પાર પામે ન શંભો. મુ૦ ૭ સંગમે પીડીયો પ્રભુ સજલ લોયણે, ચિંતવે છુટશ્યે કિમ એહો; તાસ ઉપરે દયા એવડી શી કરી, સાપરાધે જને સબલ નેહો. મુ૦ ૮ ઇમ ઉપસર્ગ સહેતાં તરણી મીત વરસ, સાર્દ્ધ ઉપર અધિક પક્ષ એકે, વીર કેવલ લહ્યું કર્મ દુઃખ સવિ દહ્યું, ગહગહ્યું સુર નિકર નર અનેકે. મુ૦ ૯ ઇંદ્રભૂતિ પ્રમુખ સહસ ચઉદશ મુનિ, સાહુણી સહસ છત્રીસ વિહસી; ઓગણસાઠ સહસ એક લાખ શ્રદ્ધાલુઆ, શ્રાવિકા ત્રિલાખ અઢાર સહસી. મુ૦ ૧૦ ઇમ અખિલ સાધુ પરિવારશું પરવર્યો, જલધિ જંગમ જીશ્યો ગભિર ગાજે; વિચરતા દેશ પરદેશ નિય દેશના, ઉપદિશે સયલ સંદેહ ભાંજે. મુ૦ ૧૧

---

## ॥ ઢાલ ૨ ॥

### ॥ વિવાહલાની દેશી ॥

હવે નિય આય અંતિમ સમે, જાણીય શ્રી જિનરાજરે, નયરી અપાપાએ આવીયા, રાય સમાજને ઠાયરે; હસ્તિપાલરાયે દીઠલા, આવિયા અંગણ બારરે, નયણ કમલ દોય વિહસીઆ, હરસીલા હઇડા મોઝારરે. ૧ ભલે ભલે પ્રભુજી પધારીયા, પારસ પાવન કીધાં રે, જન્મ સફલ આજ અમ

તણો, અમ્હ ઘરે પાઉલાં દીધાં રે; રાયરાણી જિન પ્રણમીયા, મોટે મોતિયડે વધાવીરે, જિન સન્મુખ કર જોડીય, બેઠેલા આગલે આવીરે. ૨ ધન અવતાર અમારડો, ધન દિન આજુનો એહોરે, સુરતરૂ આંગણે મોરીયો, મોતીયડે વૂઠલો મેહોરે; આ શું અમારડે એવડો, પૂરવ પુન્યનો નેહોરે, હૈડલો હેજે હરસિઓ, જો જિન મલીઓ સંયોગોરે. ૩ અતિ આદર અવધારીએ, ચરમ ચોમાસલું રહિયારે, રાય રાણી સેવે સુરનર, હિયડલાં માંહે ગહગહિયારે, અમૃતથી અતિ મીઠડી, સાંભલી દેશના જિનનીરે, પાપ સંતાપ પરો થયો, શાતા થઇ તન મનનીરે. ૪ ઇંદ્ર આવે આવે ચંદ્રમા, આવે નરનારીના વૃંદોરે, ત્રણ પ્રદક્ષિણા દેઇ કરી, નાટિક નવ નવે છંદોરે; જિનમુખ વયણની ગોઠડી, તિહાં હોયે અતિ ઘણી મીઠીરે, તે નર તેહજ વરણવે, જાણે નિજ નયણલે દીઠીરે. ૫ ઇમ આણંદે અતિક્રમ્યા, શ્રાવણ ભાદરવો આસો રે; કાર્તિક કોડિલો અનુક્રમે, આવિયો કાર્તિક માસોરેઃ પાખિ પર્વ પનોતલું, પોહતલું પુન્ય પ્રવાહિરે, રાય અઢાર તિહાં મીલ્યા, પોસહ લેવા ઉછાંહિરે ૬ ત્રિભુવન જન સવિ તિહાં મીલ્યા, શ્રી જિન વંદે કામોરે, સહેજ સંકિરણ તિહાં થયો, તિલ પડવા નહિ ઠામોરે, ગોયમસ્વામિ સમોવડી, સ્વામિ સુધર્મા તિહાં બેઠારે, ધન ધન તે દિન આપણે, લોયણે જિનવર દીઠારે. ૭ પુરણ પુન્યના ઔષધ, પૌષધ તિહાં વેગે લીધાંરે, કાર્તિક કાલી ચઉદશે, જિન મુખે પચ્ચખાણ કીધાંરે; રાય અઢાર

પ્રમુખ ઘણે, જિન પગે વાંદણાં દીધાંરે, જિન વચનામૃત તિહાં ઘણે, ભવિયણ ઘટ ઘટ પીધાંરે. ૮

---

## ॥ ઢાલ ૩ ॥

### ॥ રાગ મારૂ ॥

શ્રી જગદીશ દયાલુ દુઃખ દૂર કરેરે, કૃપા કોડી તુજ જોડી; જગમાંરે જગમાંરે કહિએ કેહને વીરજીરે. ૧ જગ જનને કુણ દેશે એહવી દેશનારે, જાણી નિજ નિરવાણ, નવરસરે નવરસરે સોલ પહોર, દીયે દેશનારે; ૨ પ્રબલ પુન્ય ફલ સંસુચક સોહામણાંરે, અજઝયણાં પણ પન્ન, કહીયાંરે કહિયાંરે મહિયાં સુખ સાંભલી હોયરે. ૩ પ્રબલ પાપ ફલ અજઝયણાં તિમ તેટલાંરે, અણ પુછયાં છત્રીસ; સુણતાંરે સુણતાંરે ભણતાં સવિ સુખ સંપજેરે. ૪ પુણ્યપાલ રાજા તિહાં ધર્મ કથાંતરે રે, કહો પ્રભુ પ્રત્યક્ષ દેવ; મુજનેરે મુજનેરે સુપન અર્થ સવિ સાંચલોરે. ૫ ગજ વાનર ખીર દ્રુમ વાયસ સિંહ ઘડોરે, કમલબીજ ઈમ આઠ; દેખીરે દેખીરે સુપન સંશય મુજ મન હુઓરે. ૬ ઉખર બીજ કમલ અસ્થાનકે સિંહનુરે, જીવ રહિત શરીર, સોવનરે સોવનરે કુંભ મલિન એ શું ઘટેરે, ૭ વીર ભણે ભુપાલ સુણો મન થીર કરીરે, સુમિણ અર્થ સુવિચાર; હેડેરે હેડેરે ધરજ્યો ધર્મ ધુરંધરૂ રે. ૮

---

## ॥ ઢાલ ૪ થી ॥

શ્રાવક સિંધુર સારિખા, જીનમતના રાગી; ત્યાગી સહુ ગુરૂ દેવ ધર્મ, તત્ત્વે મતિ જાગી; વિનય વિવેક વિચારવંત, પ્રવચન ગુણ પૂરા, એહવા શ્રાવક હોયસે, મતિમંત સનુરા. ૧ લાલચે લાગી થોડીલે; સુખે રાચી રહિયા, ઘરવાસે આશા અમર, પરમારથ દૂહિયા; વ્રત વૈરાગ થકી નહિ, કોઇ લેશે પ્રાયે, ગજ સુપને ફલ એહ, નેહ નવિ માંહો માંહે. ૨ વાનર ચંચલ ચપલ જાતિ, સરખા મુનિ મોટા, અગલ હોસ્યે લાલચી, લોભી મન ખોટા; આચારજ તે આચાર હિણુ, પ્રાયે પરમાદિ, ધર્મ ભેદ કરસ્યે ઘણા, સહેજે સ્વારથ વાદી. ૩ કો ગુણવંત મહંત સંત, મોહન મુનિ રૂડા, મુખ મીઠા માયાવિયા, મનમાંહે કુડા; કરસ્યે માંહોમાંહે વાદ, પર વાદે નાસે, બીજા સુપન તણો વિચાર, એમ વીર પ્રકાશે. ૪ કલ્પવૃક્ષ સરિખા હોસ્યે, દાતાર ભલેરા, દેવ ધર્મ ગુરૂ વાસના, વરિવારિનાવેરા; સરલ વૃક્ષ સવિને દીએ, મનમાં ગહગહતા, દાતા દુર્લભ વૃક્ષ રાજ, ફલ ફુલે ત્રહતા. ૫ કપટી જિનમત લિંગિયા, વળી બબુલ સરિખા, ખીર વૃક્ષ આડા થયા, જીમ કંટક તીખા; દાન દેયંતા વારસી, અન્ય પાવન પાત્રો, ત્રીજા સુપન વિચાર કહ્યો, જિનધર્મ વિધાત્રી. ૬ સિંહ કલેવર સારિખો, જિન શાસન સબલો, અતિ દુર્દાન્ત અગાહનિય, જિનવાચક જમલો; પરશાસન સાવજ અજ, તે દેખી કંપે, ચોથા

સુપન વિચાર ઈમ, જિન મુખથી જંપે. ૭ તપગચ્છ ગંગાજળ સારીખો, મૂકી મતિ હીણા, મુનિ મન રાચે છીલરે, જેમ વાયસ દીણા; વંચક આચારજ અનેક, તિણે ભુલવીયા, તે ધર્માન્તર આદરે, જડમતિ બહુ ભવિયા. ૮ પંચમ સુપન વિચાર એહ, સુંણીઓ રાજાને. છઠ્ઠે સોવન કુંભ દીઠ, મઈલો સુણી કાને; કો કો મુનિ દરિસણ ચારિત્ર, જ્ઞાન પૂરણ દેહા, પાલે પંચાચાર ચારૂ, છંડી નીજ ગેહા. ૯ કો કપટી ચારિત્ર વેશ, લેઇ વિપ્રતારે, મઇલો સોવન કુંભ જીમ, પિંડ પાપે ભારે છઠ્ઠા; સુપન વિચાર એહ, સાતમે ઈંદિવર, ઉકરડે ઉત્પત્તિ થઇ, તે શું કહો જિણવર. ૧૦ પુણ્યવંત પ્રાણી હુસ્યે, પ્રાયઃ મધ્યમ જાત, દાતા ભોક્તા ઋદ્ધિવંત, નિરમલ અવદાત, સાધુ અસાધુ જતિ વદે, તવ સરીખા કીજે, તે બહુ ભદ્રક ભવાંયણે, સ્યો ઓલંભ દીજે, ૧૧ રાજા મંત્રી પદે સુસાધુ, આપો પુંગોપી, ચારિત્ર સુધુ રાખસ્યે, સવિ પાપ વિલોપી; સપ્તમ સુપન વિચાર વીર, જિનવરે ઈમ કહીયો, અષ્ટમ સુપન તણો વિચાર, સુણી મન ગહગહિયો. ૧૨ ન લહે જિન મતમાત્ર જેહ, તેહ પાત્ર ન કહીએ, દીધાનું પરભવ પુણ્ય ફલ, કાંઇ ન લહીયે, પાત્ર અપાત્ર વિચાર ભેદ, ભોલા નવિ લહેસ્યે, પુણ્ય અર્થે તે અર્થ આય, કુપાત્રે દેહસ્યે. ૧૩ ઉખર ભૂમિ દૃષ્ટ બીજ, તેહનો ફલ કહીએ, અષ્ટમ સુપન વિચાર એમ, રાજા મન ગ્રહિયે; એહ અનાગત સવિ સરૂપ, જાણી તિણે કાલે, દીક્ષા લીધી વીર પાસે, રાજા પુન્યપાલે. ૧૪

## ॥ ઢાલ ૫ મી-રાગ ગોડી ॥

ઈંદ્રભૂતિ અવસર લહીરે, પુછે કહો જિનરાય; સ્યું આગલ હવે હોયસ્યેરે, તારણ તરણ જીહાજો રે, કહે જીન વીરજી. ૧ મુજ નિરવાણ સમય થકીરે, ત્રીહું વરસે નવ માસ; માઠેરો તિહાં બેસશ્યેરે, પંચમ કાલ નિરાસરે. કહે૦ ૨ બારે વરસે મુજ થકીરે, ગૌતમ તુજ નિરવાણ; સોહમ વીશે પામશેરે, વરસે અખય સુખ ઠાણરે. કહે૦ ૩ ચઉસઠ વરસે મુજ થકીરે, જંબુને નિરવાણ; આથમસે આદિત્ય થકીરે, અધીકું કેવલ નાણરે. કહે૦ ૪ મન પજ્જવ પરમાવધિરે, ક્ષય ઉપશમની શ્રેણી; સંયમ ત્રિણ જિન-કલ્પનીરે,પુલાગાહારગ હાણરે કહે૦ ૫ સિજ્જં ભવ અઠાણુવેરે, કરસ્યે દસવૈકાલિક, ચઉદપૂર્વિ ભદ્રબાહુથીરે, થાસ્યે સયલ વિલોાયરે. કહે૦ ૬ દોય શત પન્નરે મુજ થકીરે, પ્રથમ સંઘયણ સંઠાણ, પૂર્વણું ઉગતે નવિ હુસ્યેરે, મહાપ્રાણ નવિ ઝાણોરે. કહે૦ ૭ ચઉત્રયપને મુજ થકીરે, હોસ્યે કાલિકસૂર; કરસ્યે ચઉથી પજુસણેરે, વરગુણ રયણનો પૂરોરે. કહે૦ ૮ મુજથી પણ ચોરાશીયેરે, હોસ્યે વયરકુંમાર, દશ પુર્વિ અધિકા લિયોરે, રહસ્યે તિહાં નિરધારરે કહે૦ ૯ મુજ નિર્વાણ થકી છસેરે, વીશ પછી વનવાસ, મુકી કરસે નગરમાંરે, આર્ય રક્ષિત મુનિવાસોરે. કહે૦ ૧૦ સહસ્ર વરસ મુજ થકીરે, ચઉદપૂરવ વિચ્છેદ, જ્યોતિષ અણમિલતાં હુસેરે, બહુલ મતાંતર ભેદોરે. કહે૦ ૧૧ વિક્રમથી પાંચ પંચાશિએરે, હોસ્યે હરિ-

ભદ્રસૂરિ; જિનશાસન ઉજવાલસેરે, જેહથી દૂરિયાં સવિ દૂરોરે. કહે૦ ૧૨ દ્વાદશ સત્ત સિત્તેર સમેરે, મુજથી મુનિ સુરિ હીર; બપ્પભટ્ટસૂરિ હોયસેરે, તે જિનશાસન વીરરે કહે૦ ૧૩ મુજ પ્રતિબિંબ ભરાવસેરે, આમરાય ભુપાલ; સાર્દ્ધત્રિકોટી સોવન તણોરે; તાસ વયણથી વિશાલોરે. કહે૦ ૧૪ ષોડસ શત ઓગણોત્તરેરે, વરસે મુજથી મુણિંદ; હેમ-સૂરિ પડિબોહસેરે, શાસન ગયણ દિણંદોરે, કહે૦ ૧૫ હેમસૂરિ પડિબોહસેરે; કુમારપાલ ભુપાલ, જીન મંડિત કરસ્યે મહીરે, જિન શાશન પ્રતિપાલોરે. કહે૦ ૧૬ ગૌતમ નબળા સમયથીરે, મુજ શાસન મન મેલ; માંહોમાંહે નવિ હોસ્યેરે, મચ્છ ગલાગલ કેલોરે. કહે૦ ૧૭ મુનિ મોટાં માયાવિયારે, કલહકારી વિશેષ; આપ સવારથ વસી થયારે, એ વિડંબસ્યે વેષોરે. કહે૦ ૧૮ લોભી લખપતિ હોયસ્યેરે, જમ સરિખા ભુપાલ;સજજન વિરોધિ જન હશેરે, નવિ લજ્જાલુ દયાલોરે. કહે૦ ૧૯ નિરલોભી નિરમાઈયારે, સુધા ચારિત્રવંત થોડા મુનિ મહિયલે હોસ્યેરે, સુણ ગૌતમ ગુણવંતરે. કહે૦ ૨૦ ગુરૂ ભકિત શિષ્ય થોડલારે, શ્રાવક ભકિત વિહીણ, માતપિતાના સુત નહીંરે, તે મહિલાના આધિનોરે કહે૦ ૨૧ દુપ્પસહસુરિ ફલ્ગુંસિરીરે, નાગિલ શ્રાવક જાણ; સચ્ચસિરિ તિમ શ્રાવિકારે, અંતિમ સંઘ વખાણ્યોરે. કહે૦ ૨૨ વરસ સહસ ઓવિંશતિરે, જિનશાસન વિખ્યાત, અવિચલ ધર્મ ચલાવશેરે, ગૌતમ આગળ વાતોરે. કહે૦

૨૩ દુષમે દુષમા કાલનીરે, તે કહીએ શી વાત; કાયર કંપે હૈડલોરે, જે સુણતાં અવદાતોરે. કહે૦ ૨૪

---

## ॥ ઢાળ ૬ થી ॥

### પિઉડા ઘરે આવે–એ દેશી.

મુજશું અવિહડ નેહ બાંધ્યો, હેજ હૈડા રંગે; દઢ મોહ બંધણ સબલ બાંધ્યો, વજ્ર જીમ અભંગે; અલગા થયા મુજ થકી એહને, ઉપજસેરે કેવલ નીય અંગકે; ગૌતમ રે ગુણવંતા ૧. અવસર જાણી જિનવરે, પુછીયા ગોયમ સ્વામ, દોહગ દુખીયા જીવને, આવીયે આપણ કામ; દેવસર્મા બંભણો, જઈ બુઝવોરે, એણે ઢુંકડે ગામકે. ગૌ૦ ૨ સાંભલી વયણ જિણંદનું; આણંદ અંગ ન માય, ગૌતમ એ કરજોડી, પ્રણમ્યા વીર જિનના પાય; પાંગર્યા પૂરવ પ્રાતથી, ચઉનાણીરે મનમાં નીરમાય કે. ગૌ૦ ૩ ગૌતમ ગુરૂ તીહાં આવીયા, વંદાવીઓ તે વિપ્ર; ઉપદેશ અમૃત દીધલો. પીધલો તીણે ક્ષિપ્ર, ધસમસ કરતાં બંભણી, બારી વાગીરે થઈ વેદના વિપ્રકે. ગૌ૦ ૪ ગૌતમ ગુરુના વયણલાં, નવિ ધર્યાં તિણે કાન, તે મરી તસ શિર કૃમિ થયો, કામનીને એક તાન, ઉઠીયા ગોયમ જાણીઓ, તસ ચરીયોરે પોતાને જ્ઞાનકે. ગૌ૦ ૫

---

## ॥ ઢાળ ૭ ॥

॥ રાગ-રામગિરિ ॥

ચોસઠ મણનાં તે મોતી ઝગમગેરે, ગાજે ગુહિર ગંભીર શિરેરે; પુરાં તેત્રીસ સાગર પૂરવે રે, નાદે લીણાલ વસત્તમિયા સૂરરે, વીરજી વખાણેરે જગજન મોહીયોરે. ૧ અમૃતથી અધિકી મીઠી વાણીરે, સુણતાં જે મનડે સંપજેરે; તે લહેસ્યે જે પહોંચસ્યે નિર્વાણરે. વી૦ ૨ વાણી પડછંદે સુર પડિબોહીયારે, સુણતાં પામે સુખ સંપત્તિની કોડરે; બીજા અટલ ઉલટથી ઘણારે, આવી બેઠા આગળ બે કરજોડ રે. વી૦ ૩ સોહમ ઇંદ્રો શાસન મોહીયોરે, પૂછે પરમેશ્વરને તુમ આયરે; બે ઘડી વધારો સ્વાતિ થકી પરહુંરે, તો ભસ્મગ્રહ સઘલો દૂરે જાયરે. વી૦ ૪ શાસન શોભા અધીકી વાધસ્યેરે, સુખીયા હોશે મુનિવરના વૃંદરે; સંઘ સયલને સવિ સુખ સંપદારે, હોશે દિન દિનથી પરમાનંદરે. વી૦ ૫ ઇંદા ન કદા રે કહિએ એહવું રે, કેણે સાંધ્યું નવિ જાએ આયરે; ભાવિ પદારથ ભાવે નીપજેરે, જે જિમ સરજ્યો તે તિમ થાયરે. વી૦ ૬ સોળ પહોરની દેતા દેશનારે, પરધાનકનામા રૂઅડો અજ્ઝયણરે; કહેતાં કાર્તિક વદિ કહું પરગડીરે, વીરજી પહોતા પંચમી ગતિ રયણરે. વી૦ ૭ જ્ઞાન દીવોરે જબ દૂરે થયો રે, તવ કીધી દેવે દીવાની શ્રેણીરે; તિમરે ચિહું વરણે દીવા કીધલારે, દિવાલી કહીયે છે કારણ તેયરે. વી૦ ૮ આંસુ પરિપૂરણ નયણ અખંડ

લોરે, મુકી ચંદનની ચેહમાં અંગરે; દીધો દેવે દહન સઘલે મીલીજીરે, હા ધીગધીગ સંસાર વિરંગરે. વી૦ ૯

---

## ॥ ઢાલ ૮ ॥

### ॥ રાગ વિરાગ ॥

વંદીશું વેગે જઇ વીરો, ઇમ ગૌતમ ગહગહતા, મારગે આવતાં સાંભળિયું, વીર મુગતિમાંહિ પહોતારે; જિનજી તું નિસનેહી મોટો, અવિહડ પ્રેમ હતો તુજ ઉપરે, તે તેં કીધો ખોટોરે. જીનજી૦ ૧ હે હે વીર કર્યો અણુઘટતો, મુજ મોકલીઓ ગામે; અંતકાલે બેઠા તુજ પાસે, હું સ્યેન આવત કામેરે. જીનજી૦ ૨ ચૌદ મુહસ મુજ સરિખા તાહરે, તુજ સરીખો મુંજ તુંહિ; વિશ્વાસી વીરે છેતરીઓ, તે શ્યાં અવગુણ મુંહિરે. જી૦ ૩ કો કેહને છેહડે નવિ વળગે, જો મિલતો હોઈ સબળો; મિલતાસ્યું જેણે ચિત્ત ચોર્યું, તે તિણે કર્યો નિબલોરે જી૦ ૪ નિઠુર હૈયા નેહ ન કિજે, નિસનેહી નર નીરખી; હૈડાં હેજે મિલે જિહાં હરખી, તે પ્રીતલડિ સરીખીરે. જી૦ ૫ તે મુજને મનડો નવિ દીધો, મુજ મનડો તેં લીધો; આપ સવારથ સઘલો કીધો, મુગતિ જઈને સિદ્ધોરે. જી૦ ૬ આજ લગે તુજ મુજસું અંતર, સુપનાંતર નવિ હુંતો; હૈડા હેજે હિયાલિ છંડી, મુજને મુકયો રોવંતો રે. જી૦ ૭ કો કેહશું બહુ પ્રેમ મ કરસ્યો, પ્રેમે વિટંબણુ વિરૂઈ; પ્રેમે પરવશ જે દુઃખ પામે, તે કથા

ઘણી ગિરૂઈ રે. જી૦ ૮ નિસનેહી સુખ રહે સઘલે, સસનેહી દુઃખ દેખે; તેલ દુગ્ધ પરે પરની પીડા, પામે નેહ વિશેષેરે. જી૦ ૯ સમવસરણ કહીએ હવે હોસે, કહો કોણ નયણે જોશે; દયા ધેનુ પુરી કોણ દોહસ્યે, વૃષ દધિ કોણ વિલોસેરે. જી૦ ૧૦ ઇણ મારગ જે વ્હાલા જાવે, તે પાછા નવિ આવે; મુજ હૈડો દુઃખડે ન સમાએ, તે કહો કોણ સમાવેરે, જી૦ ૧૧ દ્યો દરિસણ વીરા વાલાને, જે દરિસણના તરસ્યારે; જોસુહણે કેવારે દેખસું, તો દુઃખ દૂરે કરશું રે. જી૦ ૧૨ પુણ્યકથા હવે કોણ કેવલશે, કોણ વ્હાલા મેલવશે; મુજ મનડો હવે કોણ ખેલવશે, કુમતિ જિમ તિમ લવસેરે. જી૦ ૧૩ કુણ પૂછયાનો ઉત્તર દેશે, કોણ સંદેહ ભાંજશેરે; સંઘ કમળવન કિમ વિકસસે, હું છદમસ્થા વેસેરે, જી૦ ૧૪ હું પરાપુરવસું અજાણ, મેં જિન વાત ન જાણી, મોહ કરે સવિ જગ અનાણી, એહવી જીનજીની વાણીરે. જી૦ ૧૫ એહવે જિન વયણે મન વાપ્યો, મોહ સબલ બળ કાપ્યો; ઇણ ભાવે કેવલ સુખ આપ્યો, ઇંદ્રે જિનપદ થાપ્યોરે. જી૦ ૧૬ ઇંદ્રે જુહારયા ભટ્ટારક, જુહાર ભટ્ટારક તેણે; પર્વ પન્હોતું જગમાં વાપ્યું, તે કીજે સવિ કેણેરે. જી૦ ૧૭ રાજા નંદિવર્દ્ધન નોતરીઓ, ભાઈ બહિનડી બીજે: તે ભાવડબીજ હુઈ જગ સઘલે, બહેન બહુ પરે કીજેરે. જી૦ ૧૮

## ॥ ઢાલ ૯ મી ॥

॥ વિવાહલાની દેશી—એ રાગ ॥

પરિહરીએ નવરંગ ફાલડીએ, માંડી મૃગમદ કેસર ભાલડીએ; ઝબઝબકે શ્રવણે ઝાડલીએ, કરી કંઠે મુગતાફલ માલડીએ. ૧ ઘર ઘર મંગલ માલડીએ, જપે ગોયમ ગુણ જપ માલડીએ, પહોતલો પરવ દીવાલડીએ, રમે રસ ભર રમત બાલડીએ. ૨ શોક સંતાપ સવિ કાપીઓએ, ઇંદ્રે ગોયમ વીરપદે થાપીઓએ; નારી કહે સાંભળ કંતડાએ, જપો ગોયમ નામ એકંતડાએ ૩ લ્યો લખ લાભ લખેશરી એ, ઘો મંગલ કોડી કોડેશરી એ; જાપ જપે થઈ સુત પેસરી એ, જીમ પામીએ ઋદ્ધિ પરમેસરીએ, ૪ લહીએં દીવાલડી દાડલો એ, એ તો પુણ્યનો ટબકો ટાલુઓએ; સુકૃત સિરિ દ્રઢ કરો પાલડીએ, જિમ ઘર હોય નિત્ય દીવાલડીએ. ૫

---

## ॥ ઢાલ ૧૦ મી ॥

હવે મુનિસુવ્રત સીસોરે, જેહની સબલ જગીસો; તે ગુરૂ ગજપુરે આવ્યા રે, વાદી સવિ હાર મનાવ્યા. ૧ પાવસ ચઉમાસું રહિયારે, ભવિયણ હઇડે ગહગહીઆરે; નમુચી ચક્રવર્તિ પદ્મરે, જસુ હિયડે નવિ છદ્મરે. ૨ નમુંચિ તસ નામે પ્રધાનરે, રાજા દિયે બહુ માન, તિણે તિહાં રિઝવી રાયરે, માગી મોટો પસાયરે. ૩ લીધો ષટ્ ખંડ રાજરે, સાત

દિવસ માંડી આજ, પૂર્વે મુનિસું વિરોધ્યોરે, તે કિણે નવિ પ્રતિબોધ્યોરે, ૪ તે મુનિસું કરે બંડોરે, મુજ ધરતિ સવિ છંડોરે, વિનવિઓ મુનિ મોટો રે, નવિ માને કર્મે ખોટોરે, ૫ સાઠસયાં વર્ષ તપ તપિઓરે, જે જિન કિરીયાનો ખપીઓ, નામે વિષ્ણુકુમાર રે, સયલ લબ્ધિનો ભંડાર ૬ ઉઠ કેમ ભૂમિ લેવારે, જોવા ભાઈની સેવારે, લ્યું ત્રિપદિ ભૂમિ દાનરે, ભલે ભલે આવ્યા ભગવાન. ૭ ઈણે વયણે ધડહડીયોરે, તે મુનિ બહુ કોપે ચઢીઓરે, કીધો અદભૂત રૂપરે, જોયણ લાખ સ્વરૂપરે. ૮ પ્રથમ ચરણ પૂર્વે દીધોરે; બીજો પશ્ચિમે કીધોરે; ત્રીજો તસ પુંઠે થાપ્યોરે, નમુંચિ પાતાલે ચાંપ્યોરે, ૯ થરહરીઓ ત્રિભૂવનરે, ખળભળીઆ સવિ જનરે, સલવલીઆ સુર દિન્નરે, પડયો નવી સાંભલીએ કન્નરે ૧૦ એ ઉત્પાત અત્યંતરે, દૂર કરો ભગવંતરે, હે હૈ સ્યું હવે થાશે રે, બોલે બહુ એક સાસેરે. ૧૧ કરણે કિન્નર દે ધારે, કડુઆ ક્રોધ સમેવારે; મધુર મધુર ગાએ ગીતરે, બે કરજોડી વિનીતરે. ૧૨ વિનય થકી વેગે વલીઓરે, એ જિનશાસન બલીઓરે; દાનવ દેવે ખમાવ્યોરે, નરનારીએ વધાવ્યોરે. ૧૩ ગાવલડી ભેંસ ભડકી રે, જે દેખી દુરે તડકી રે; તે જતને ગ્રહી છે રે, આરતિ ઉતારી મેરઇએ રે. ૧૪ નવલે અવતારે આવ્યા રે, જીવિત ફલ લહી ફાવ્યારે; શેવ સુંહાલી કંસાર રે, ફલ લીધું નવે અવતાર રે ૧૫ છગણ તણો ઘરબાર રે, નમુંચિ લખ્યું ઘર નારરે; તે જીમ જીમ ખેરૂ

થાય રે, તીમ તીમ દુઃખ દુરે જાય રે. ૧૬ મંદિર મંડાણ માંડયા રે, દારિદ્ર દુઃખ દુરે છાંડયારે; કાર્તિક સુદિ પડવે પરવેરે, ઈમ એ આદરીઓ સર્વે રે. ૧૭ પુણ્યે નરભવ પામીરે, ધર્મ પુન્ય કરો નરધામીરે; પુન્યે ઋદ્ધિ રસાલી રે, નિત નિત પુન્યે દિવાળીરે. ૧૮

## ॥ કલશ ॥

જિન તું નિરંજન સજલ રંજણ, દુઃખ ભંજન દેવતા; ઘો સુખ સ્વામી મુગતિ ગામી, વીર તુજ પાયે સેવતા; તપગચ્છ ગયણ દિણંદ દહદિસે, દીપતો જગ જાણીએ; શ્રી હીરવિજય સુરિંદ સહગુરૂ, તાસ પાટ વખાણીએ ૧ શ્રી વિજયસેન સૂરિસ સહગુરૂ, વિજયદેવ સૂરીસરૂ જે જપે અહનિશ નામ જેહનો, વર્દ્ધમાન જિનેશ્વરૂ; નિર્વાણ સ્તવન મહિમા ભવન, વીર જિનનો જે ભણે, તે લહે લીલા લબ્ધિ લચ્છી, શ્રી ગુરૂ હર્ષ વધામણે.

## ૧૦ શ્રી દીવાળીનું સ્તવન

દીવાળી તે મારે અજુઆળી રે, સખી આજ અનોપમ દીવાળી; પ્રભુજી આવ્યા છે મારે ઘેર ચાલી રે, સખી આજ અનોપમ દીવાલી. ૧

અંતિમ ચોમાસું અપાપાએ, આવ્યા ચૌદ સહસ મુની
ગુણ માલી રે, સખી૦ ૨

છત્રીસ સહસ તે સાહુણી સાથે, હસ્તીપાલ રાજા જે આલીરે.
સખી૦ ૩

દેવે સમવસરણ તીહાં રચીયું, ત્રિગડાની શોભા બહુ સારી રે,
સખી૦ ૪

ત્યાં પ્રભુ બેસી દેશના દેવે, સાંભળે પરખદા નરનારી રે.
સખી૦ ૫

હસ્તીપાલ ધરણી તીહાં આવે, ગુંહલી કરે તીહાં મનોહારી રે.
સખી૦ ૬

મુક્તાફલશું વીરને વધાવે, સરખી સાહેલી બહુ મલી રે.
સખી૦ ૭

નવ મલી નવ લચ્છી મલીયા, મલીયા સુર નર ગણધારી રે,
સખી૦ ૮

કારતક વદી અમાવાસ્યા પ્રભુજી, વરીયા શિવ વધુ લટકાળીરે.
સખી૦ ૯

ભાવ ઉદ્યોત ગયે પ્રગટાયો, દેવરત્ન દિપક માલી રે,
સખી૦ ૧૦

ગોતમ કેવળ લહ્યું પરભાતે, જુહાર કરે નર સૌ આલી રે.
સખી૦ ૧૧

સુદર્શનાએ નંદિવર્ધનને, વીર વિરહનો દુઃખ ટાળી રે,
સખી૦ ૧૨

પ્રબોધી બંધવને જમાડયા, ભાઈબીજ પ્રગટી ગુણ આલી રે.
સખી૦ ૧૩
વીર નિર્વાણથી દિપક ઓચ્છવ, ગૌતમ કેવળ દિન ભાળી રે,
સખી૦ ૧૪
દાન દયા દિલમાં સહુ ધરજો, લાખ કોટી છહુ
ફળ શાલી રે, સખી૦ ૧૫

---

## ૧૧. શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

(જ્ઞાનાવરણી દૂરે કરો રે મિત્તા—એ દેશી)

શ્રી સિદ્ધાચલ ભેટીએ રે મિત્તા, મહિમાનો નહીં પાર રે ॥ એકાગર ચિત્તા, એ ગિરિ સેવોને ॥ એ આંકણી ॥ કેવળજ્ઞાને જાણતા હો મિત્તા, કહી ન શકે અંશ માત્ર રે ॥ એકા૦ ॥ એ૦ ॥ એ ગિરિ સેવો ધ્યાનમાં હો મિત્તા, કરી સ્થિર મન વચ કાય રે ॥ એકા૦ ॥ એ૦ ॥ ૧ ॥ ઋષભ જિણંદ સમોસર્યા હો મિત્તા, પૂર્વ નવાણું વાર રે ॥ એકા૦ ॥ એ૦ ॥ પંચક્રોડ પુંડરીકજી હો મિત્તા, વરીયા શિવ વધૂ સાર રે ॥ એકા૦ ॥ એ૦ ॥ ૨ ॥ ભરત-પાટે મુગતે ગયા હો મિત્તા, અસંખ્યાત વિખ્યાત રે ॥ એકા૦ ॥ એ૦ ॥ નમિ વિનમિ શિવસુખ વર્યા હો મિત્તા, બે કોડી મુનિ સંઘાત રે ॥ એકા૦ ॥ એ૦ ॥ ૩ ॥ ઈણ ગિરિરાજે સમોસર્યા હો મિત્તા, નેમિ વિના ત્રેવીશ રે ॥ એકા૦ ॥ એ૦ ॥ એકાણું લાખ નારદ ઋષિ હો મિત્તા,

પાંડવ કોડી વીશ રે ।। એકા૦ ।। એ૦ ।। ૪।। શાંબ પ્રદ્યુમ્ન હોય બાંધવા હો મિત્તા, સાડી આઠ કોડી સંઘાત રે ।। એકા૦ ।। એ૦ ।। ષટ દેવકી નંદન થયા હો મિત્તા, શિવસુંદરી ભરતાર રે ।। એકા૦ ।। એ૦ ।। ૫ ।। થાવચ્ચા મુનિ સહસશું હો મિત્તા, પામ્યા ભવજલ પાર રે ।। એકા૦ ।। એ૦ ।। પાંત્રીશ હજારે શિવ વરી હો મિત્તા, વસુદેવની નાર રે ।। એકા૦ ।। એ૦ ।। ।। ૬ ।। એમ અનેક મુગતે ગયા હો મિત્તા, મુનિગણ ગુણ–મણિ ખાણ રે ।। એકા૦ ।। એ૦ ।। બુદ્ધિ નીતિથી સેવતાં હો મિત્તા, એમ લહો દરિસણ જાણ રે ।। એકા૦ ।। એ૦ ।। ૭ ।।

---

## ૧૨ શ્રી સિદ્ધાચલજીનું સ્તવન

શત્રુંજયગિરિના સોયડારે, દેવું વધાઈ તો;
શત્રુંજય રાજ દેખાડવા, તું તો બાંધવ આગળ હોય રે;
હીયડો મારો હેજે હેસેરે, જીનજી મીલનરો ચાહ્ય.એ આંકણી ૧

પાયે બંધાવો ઘુઘરારે, કંઠે મોતનકી માલ;
ચાંચ ભરૂં દાડમ કળીરે, દ્રાક્ષ બદામ રસાલ રે, ૨

ભરતક્ષેત્રમાંહિ મંડણોરે, વિમલ મહિધર નામ રે;
નાભી નરેસર કુલ તિલોરે, એ તો રત્નત્રયીનું ધામ. ૩

નાણી જાણે વિશેષે રે, દંસણે સકલ સામાન્ય રે,
ચરણે રમે નિજ રમ્યમાં, પ્રભુ અનુભવલીલ અમાપ રે; ૪

ઘાતી કર્મના અભાવથી રે, દોષ અઢાર વ્યતીત;
ક્ષમાવિજય જિનરાજનો રે, મહિમા વિશ્વ વિદીત રે; ૫

---

## ૧૩ શ્રી ઋષભદેસ્વામીનું સ્તવન.

પ્રથમ જિનેશ્વર પૂજવા, સૈયર મોરી; અંગ ઉલટ ધરી આવ હો; કેસર ચંદન મૃગમદે, સૈયર મોરી; સુંદર આંગી બનાવ હો ॥ સેહેજે સલુણો મારો, શિવસુખ લીનો મારો, જ્ઞાનમાં ભીનો મારો, દેવ નગીનો મારો—સાહિબો,—સૈયર મોરી જયો જયો પ્રથમ જિણંદ હો ॥ ૧ ॥ ધન્ય મરૂદેવા કુખને ॥ સૈયર૦ ॥ વારી જાઉં વાર હજાર હો; સ્વર્ગ શિરોમણિને તજી ॥ સૈયર૦ ॥ જીહાં લહે પ્રભુ અવતાર હો સેહેજે૦ ॥ ૨ ॥ દાયક નાયક જન્મથી ॥ સૈયર૦ ॥ લાજ્યો સુરતરૂ વૃંદ હો; જુગલા ધર્મ નિવારણો ॥ સૈયર૦ ॥ જે થયો પ્રથમ નરિંદ હો ॥ સેહેજે૦ ॥ ૩ ॥ લોક નીતિ સવિ શીખવી ॥ સૈયર૦ ॥ દાખવા મુક્તિનો રાહ હો, રાજ્ય ભળાવી પુત્રને ॥સૈયર૦॥ થાપ્યો ધર્મ પ્રવાહ હો ॥ સેહેજે૦ ॥ ૪ ॥ સંયમ લેઈને સંચર્યા ॥ સૈયર૦ ॥ વરસ લગે વિણ આહાર હો, શેલડી રસ સાટે દીયો ॥ સૈયર૦ ॥ શ્રેયાંસને સુખસાર હો ॥સેહેજે૦ ॥ ૫ ॥ મહોટા મહંતની ચાકરી ॥ સૈયર૦ ॥ નિષ્ફળ કદીએ ન થાય હો, મુનિપણે નમિ વિનમિ કર્યા ॥સૈયર૦॥ ક્ષણમાં ખેચર—રાય હો ॥ સેહેજે૦ ॥ ૬ ॥ જનનીને કીધું ભેટણું ॥ સૈયર૦ ॥ કેવળ રત્ન અનુપ હો, પહેલાં માતાજીને મોકલ્યાં ॥ સૈયર૦ ॥ જોવા શિવવહુ રૂપ હો ॥સેહેજે૦

॥ ૭ ॥ પુત્ર નવાણું પરિવર્યા ॥ સોયર૦ ॥ ભરતના નંદન આઠ હો; અષ્ટ કરમ અષ્ટાપદે ॥સૌયર૦॥ યોગ નિરૂંધે નીઠ હો ॥ સેહેજે૦ ॥ ૮ ॥ તેહનાં બિંબ સિદ્ધાચળે ॥ સોયર૦ ॥ પૂજો એ પાવન અંગ હો, ખિમાવિજય જિન નિરખતાં ॥ સોયર૦ ॥ ઉછળે હર્ષ તરંગ હો ॥ સેહેજે૦ ॥ ૯ ॥

---

## ૧૪ શ્રી ઋષભદેવસ્વામીનું સ્તવન.

ભરતજી કહે સુણો માવડી, પ્રગટયાં નવ નિધાન રે; નિત નિત દેતાં ઓલંભડા, હવે જુઓ પુત્રનાં માન રે ॥ ઋષભની શોભા હું શી કહું ? ॥ ૧ ॥ અઢાર કોડાકોડી સાગરે, વસીયો નયર અનુપ રે; ચાર જોયણનું માન છે, ચાલો જોવાને ચુપ રે ॥ ઋષભ૦ ॥ ૨ ॥ પહેલો રૂપાનો કોટ છે, કાંગરા કંચન વાન રે; બીજો કનકનો કોટ છે, કાંગરા રત્ન સમાન રે ॥ ઋષભ૦ ॥ ૩ ॥ ત્રીજો રત્નનો કોટ છે, કાંગરા મણિમય જાણ રે; તેમાં મધ્ય સિંહાસને, હુકમ કરે પ્રમાણ રે ॥ ઋષભ૦ ॥ ૪ ॥ પૂરવ દિશાની સંખ્યા સુણો, પગથિયાં વીશ હજાર રે; એણી પરે ગણતાં ચારે દિશા, પગથિયાં એંસી હજાર રે ॥ ઋષભ૦ ॥ ૫ ॥ શિરપર ત્રણ છત્ર જળહળે, તેહથી ત્રિભુવનરાય રે; ત્રણ ભુવનનો રે બાદશાહ, કેવલજ્ઞાન સોહાય રે ॥ ઋષભ૦ ॥ ૬ ॥વીશ બત્રીશ દશ સુરપતિ, વળી દોય ચંદ્ર ને સૂર્ય રે; દોય કર જોડી ઊભા ખડા; તુમ સુત ઋષભ હજૂર રે ॥ ઋષભ૦ ॥ ૭ ॥ ચામરજોડી ચો દિશ છે,ભામંડલ ઝળકંત રે,ગાજે ગગને રે દુદુંભી,

ફુલ પગરવ સંત રે ॥ ઋષભ૦ ॥ ૮ ॥ બાર ગુણો પ્રભુ-દેહથી, અશોકવૃક્ષ શ્રીકાર રે; મેઘ સમાણી દે દેશના, અમૃત વાણી જયકાર રે ॥ ઋષભ૦ ॥ ૯ ॥ પ્રાતિહારજ આઠથી, તુમ સુત દીપે દેદાર રે; ચાલો જોવાને માવડી, ગયવર ખંધે અસવાર રે ॥ ઋષભ૦ ॥ ૧૦ ॥ દૂરથી રે વાજાં સાંભળી, જોતાં હરખ ન માય રે, હરખનાં આંસુથી ફાટીયાં, પડલ તે દુર પલાયરે ॥ ઋષભ૦ ॥ ૧૧ ॥ ગયવર ખંધેથી દેખીયો, નિરૂપમ પુત્ર દેદાર રે; આદર દીધો નહિ માયને, માય મન ખેદ અપાર રે ॥ ઋષભ૦ ॥ ૧૨ ॥ કેના છોરૂ ને માવડી, એ તો છે વીતરાગ રે; એણી પેરે ભાવના ભાવતાં, કેવલ પામ્યાં મહાભાગ રે ॥ ઋષભ૦ ॥ ૧૩ ॥ ગયવર ખંધે મુગતે ગયાં, અંતગડ કેવલી એહ રે; વંદો પુત્ર ને માવડી, આણી અધિક સનેહ રે ॥ ઋષભ૦ ॥ ૧૪ ॥ ઋષભની શોભા મેં વરણવી, સમકિતપુર મોઝાર; સિદ્ધ-ગિરિ માહાત્મ્ય સાંભળો, સંઘને જય જયકાર રે ॥ ઋષભ૦ ॥ ૧૫ ॥ સંવત અઢાર એંસીયે, માગસર માસ કહાય રે; દીપવિજય કવિરાયને, મંગળમાળ સોહાય રે ॥ઋષભ૦॥ ૧૬ ॥

---

## ૧૫ શ્રી અભિનંદન સ્વામીનું સ્તવન

તુમે જોજો જોજોરે, વાણીનો પ્રકાશ તુમે જોજો જોજો રે;
ઉઠે છે અખંડ ધ્વની, યોજને સંભળાય;
નરતિરિ દેવ આપણી સહુ, ભાષાયે સમજાય. તુમે૦૧

દ્રવ્યાદિક દેખો કરીને, નય નિક્ષેપે જુત્ત;
ભંગ તણી રચના ઘણી કાંઇ, જાણે સહુ અદ્‌ભુત. તુમે૦૨

પય સુધાને ઇક્ષુ વારી, હારી જાયે સર્વ;
પાખંડી જય સાંભળીને, મુકી દીયે ગર્વ. તુમે૦૩

ગુણ પાંત્રીસે અલંકરી કાંઈ, અભિનંદન જિન વાણ;
સંશય છેદે મન તણા પ્રભુ, કેવળજ્ઞાને જાણ. તુમે૦૪

વાણી જે જન સાંભળે તે, જાણે દ્રવ્યને ભાવ;
નિશ્ચયને વ્યવહાર જાણે, જાણે નિજ પર ભાવ. તુમે૦૫

સાધ્ય સાધન ભેદ જાણે, જ્ઞાન જે આચાર;
હેય જ્ઞેય ઉપાદેય જાણે, તત્ત્વા તત્ત્વ વિચાર. તુમે૦૬

નરક સ્વર્ગ અપવર્ગ જાણે, થિર વ્યયને ઉત્પાદ;
રાગ દ્વેષ અનુબંધ જાણે, ઉત્સર્ગને અપવાદ. તુમે૦૭

નિજ સ્વરૂપને ઓળખીને, અવલંબે સ્વરૂપ;
ચિદાનંદઘન આતમા તે, થાયે નિજ ગુણ ભૂપ. તુમે૦૮

વાણીથી જિન ઉત્તમ કેરા, અવલંબે પદ પદ્મ,
નિયમા તે પર ભાવ તજીને, પામે શિવપુર સદ્મ. તુમે૦૯

---

## ૧૬. શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન.

મુજ ઘટ આવજોરે નાથ, કરૂણા કટાક્ષે જોઇને,
દાસને કરજો સનાથ. મુજ૦ ૧

ચંદ્રપ્રભ જિન રાજીયા, તુજ વાસ વિસમો દૂર,
મળવા મન આવજો ઘણો, કિમ આવીયે હજુર. મુજ૦ ૨

વિરહ વેદના આકરી, કહી પાઠવું કુણ સાથ;
પંથી તો આવે નહિ, તે મારગે જગનાથ. મુજ૦ ૩

તું તો નિરાગી છે પ્રભુ, પણ વાલ્હો મુજ જો;
એક પખી એ પ્રીતડી. જિમ ચંદ્રમાને ચકોર. મુજ૦ ૪

તુજ સાથે જે પ્રીતડી, અતિ વિષમ ખાંડા ધાર,
પણ તેહના આદર થકી, તસ ફલ તણો નહિ પાર. મુજ૦ ૫

અમે ભક્તિ યોગે આણશું, મન મંદિરે તુંજ આજ,
વાચક વિમલના રામશું, ઘણું રીઝશો મહારાજ. મુજ૦ ૬

---

## ૧૭. શ્રી ચંદ્રપ્રભુજિનનું સ્તવન.

ચંદ્રપ્રભુની ચાકરી, મુને લાગે મીઠી,
જગમાં જોડી જેહની, કીહાં દીસે ન દીઠી ચંદ્રપ્રભુ૦ ૧

પ્રભુજીના ચરણે માહરૂં, મન લલચાણું,
કોણ છે બીજો એણે જગે, જોઈને પલટાણું. ચંદ્રપ્રભુ૦ ૨

કોઈ કરે પણ અવસરે, કોઈ કામન આવે,
સુરતરૂ ફલે મોહિયો, કીમ આક સુહાવે. ચંદ્રપ્રભુ૦ ૩

જીમ જીમ નિરખું નયણે, તિમ હિયડું ઉલ્લસે,
એક ઘડીને આંતરે, મુજ મનડું તલસે. ચંદ્રપ્રભુ૦ ૪

મુજ પ્રભુ મોહન વેલડી, કરૂણા શું ભરીયા,
પ્રભુતા પુરો ત્રિભુવનને, ગુણ મણિના દરીયા. ચંદ્રપ્રભુ૦ ૫
સહેજે સલુણો મારો સાહિબો, મળ્યો શિવનો સાથી,
સહેજે જીત્યો જગતમાં, પ્રભુની સેવાથી. ચંદ્રપ્રભુ૦ ૬
વિમળ વિજય ગુરૂરાયનો, શિષ્ય કહે કરજોડી,
રામવિજય પ્રભુ ધ્યાનથી, લહે સંપદ કોડી. ચંદ્રપ્રભુ૦ ૭

---

## ૧૮. શ્રી શીતલનાથસ્વામીનું સ્તવન.

### કીસકે ચેલે કીસકે પૂત–એ દેશી

શીતલનાથ સુણો અરદાસ, સાહિબ ! આપો, પદ કમલે વાસ; સાંઇ સાંભળો ॥ મોહ મહીપતિ મ્હોટો ચોર, નવ નવ રૂપ ધરી કરે જોર–સાંઈ૦ ॥ ૧ ॥ માત પિતા વધૂ ભગિની ભ્રાત, સાસુ સસરો પિતરીયા જાત-સાંઇ૦ ॥ કુટુંબ વેષ કરી કિરતાર, એહ ભમાડે બહુ સંસાર–સાંઈ૦ ॥ ૨ ॥ ષડ દર્શનનું લેઈ રૂપ, જગને પમાડે ભવને કુપ–સાંઇ૦ ॥ જો છોડણ ચાહે સુણી સુત, રૂપ ધરે એહ બીજો ભૂત–સાંઇ૦ ॥ ૩ ॥ નિમગ્ન કુમતિ મન ઉન્માદ, આણા લોપી માંડે વાદ–સાંઇ૦ ॥ આગમ ભાખીનો મતિ મંદ, આરોપે નિજ મતનો કંદ–સાંઇ૦ ॥ ૪ ॥ મોહ તણો એહવો પ્રપંચ, સ્વામી હવે શ્યો કીજે સંચ–સાંઈ૦ ॥ કાંઈ બતાવો

એક ઉપાય, જેમ મોહ નાશી દુરે જાય–સાંઇ૦ ॥ ૫ ॥ નેહ નજર ભરી નાથ નિહાલ, સુખિઓ થાઉં ત્રણે કાળ સાંઇ૦ ॥ કીર્તિવિમળ પ્રભુ કર ઉપગાર, લક્ષ્મી કહે તું કરૂણાગાર–સાંઇ૦ ॥ ૬ ॥

---

## ૧૯ શ્રી વાસુપૂજ્ય સ્વામીનું સ્તવન.

(સૌભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ–એ દેશી)

શ્રી વાસુપૂજ્ય નરિંદનેજી, નંદન ગુણમણી ધામ;
વાસુપૂજ્ય જિન રાજીયોજી, અતિયય રત્ન નિધાન;
પ્રભુ ચિત્ત ધરીને, અવધારો મુજ વાત–એ આંકણી. ૧

દોષ સયલ મુજ સાંસહોજી, સ્વામી કરી સુપસાય;
તુમ ચરણે હું આવીયોજી, મહેર કરો મહારાય. પ્રભુ૦ ૨

કુમતિ કુસંગતિ સંગ્રહીજી, અવિધિને આ સદાચાર;
તે મુજને આવી મિલ્યાજી, અનંત અનંતીવાર, પ્રભુ૦ ૩

જબ મેં તુમને નિરખીયાજી, તવ તે નાઠા દૂર;
પુણ્યે પ્રગટે પ્રભુ શુભ દિશાજી, આયો તુમ હજુર. પ્રભુ૦ ૪

જ્ઞાનવિમલ પ્રભુ જાણુનેજી, શું કહેવું બહુ વાર;
દાસ આશ પુરણ કરોજી, આપો સમકિત સાર. પ્રભુ૦ ૫

---

## ૨૦ શ્રી શાન્તિનાથ જિન સ્તવન.

શાંતિ જિનેશ્વર સાહિબા રે, શાંતિ તણા દાતાર; અંતરજામી છો માહરા રે, આતમના આધાર ॥ શાંતિ૦ ॥ ૧ ॥ ચિત્ત ચાહે પ્રભુ ચાકરી રે, મન ચાહે મળવાને કાજ; નયન ચાહે પ્રભુ નિરખવા રે, દ્યો દરિસણ મહારાજ ॥ શાંતિ૦ ॥ ૨ ॥ પલક ન વિસરો મન થકી રે, જેમ મોરા મન મેહ; એક પખો કેમ રાખીએ રે, રાજ કપટનો નેહ, ॥ શાંતિ૦ ॥ ૩ ॥ નેહ નજરે નિહાળતાં રે, વાધે બમણો વાન; અખૂટ ખજાનો પ્રભુ તાહરો રે, દીજીએ વાંછિત દાન ॥ શાંતિ૦ ॥ ૪ ॥ આશ કરે જે કોઈ આપણી રે, નવિ મૂકીએ નિરાશ; સેવક જાણીને આપણો રે, દીજીએ તાસ દિલાસ ॥ શાંતિ૦ ॥ ૫ ॥ દાયકને દેતાં થકી રે, ક્ષણ નવિ લાગે વાર; કાજ સરે નિજ દાસનાં રે, એ મ્હોટો ઉપકાર ॥ શાંતિ૦ ॥ ૬ ॥ એવુ જાણીને જગ ધણી રે, દિલમાંહી ધરજો પ્યાર; રૂપવિજય કવિરાયનો રે, મોહન જય જયકાર ॥ શાંતિ૦ ॥ ૭ ॥

---

## ૨૧ શ્રી શાન્તિનાથ જિન સ્તવન

મ્હારો મુજરો લ્યોને રાજ, સાહિબ શાંતિ સલુણા ॥ એ આંકણી ॥ અચિરાજીના નંદન તોરે. દરશન હેતે આવ્યો; સમકિત રીઝ કરોને સ્વામી, ભક્તિ ભેટણું લાવ્યો; ॥ મ્હારો૦

॥ ૧ ॥ દુ:ખભંજન છે બિરૂદ તુમારું, અમને આશ તુમારી; તુમે નિરાગી થઈને છૂટો, શી ગતિ હોશે અમારી ॥ મ્હારો૦ ॥ ૨ ॥ કહેશે લોક ન તાણી કહેવું, એવડું સ્વામી આગે; પણ બાલક જો બોલી ન જાણે, તો કેમ વ્હાલો લાગે ॥ ॥ મ્હારો૦ ॥ ૩ ॥ મ્હારે તો તું સમરથ સાહિબ, તો કિમ ઓછું માનું; ચિંતામણી જેણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કિશ્યાનું ॥ મ્હારો૦ ॥ ૪ ॥ અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ, મોહ તિમિર હર્યું જુગતે; વિમલવિજય વાચકનો સેવક, રામ કહે શુભ ભગતે ॥ મ્હારો૦ ॥ ૫ ॥

---

## ૨૨ શ્રી મલ્લીનાથ ભગવાનનું સ્તવન.

મન મોહન જી મલ્લીનાથ, સુણો મુજ વિનતિ;
હું તો ભુલ્યો ભવોદધિમાંહ્ય, પીડાયો કર્મે અતિ. ૧

જ્યાં જ્યાં અધર્મ કેરાં કામ, તેહમાં બહુ હરખીયો;
ધર્મ કાજમાં ન દીધું ધ્યાન, માર્ગ નવિ પરખીયો. ૨

દુર્ગુણે ભર્યો હું બાલ, સદ્દગુણ ગણુ નવી રમ્યો;
મોહે મચ્યો સદાકાળ, હરખના ફંદે પડ્યો. ૩

છલ કરીને ઘણું દગાબાજી, દ્રવ્યને મેં સંચીયા;
જુઠું બોલી મન વાત લોકોનાં મન હર્યાં. ૪

પતિત પાવન રંક જે, જીવ તેને છેતર્યા બહુ;
પાપે કરીને પીંડ ભરાય, કથા કેટલી કહું. ૫

પ્રભુ તાહરો ધર્મ લગાર, મેં તો નવિ જાણીયો;
મેં તો ઉથાપી તુજ આણ, પાપે ભર્યો પ્રાણીયો. ૬

શુદ્ધ સમકિત તાહરૂં જેહ, તે મનથી ન ભાવીયું;
શંકા કંખા વિતિગિચ્છામાંહિ, પાખંડે પલાવીયું. ૭

તકસીરો ઘણી મુજ નાથ, મુખે નવી ગણી શકું;
કરો માફી ગુના જગ ભ્રાત, કહી કેટલા બકું. ૮

રીઝ કરીને ઘણું જગનાથ, ભવ પાસ તોડીયે:
શરણે રાખી મહારાજ, પછી કેમ છોડીયે. ૯

મળીયા વાચક વીર સુજાણ, વિનયની આવારમાં;
જેથી ટળીયા કુમતિના ફંદ, પ્રભુજી દેદારમાં. ૧૦

---

## ૨૩ શ્રી નેમિનાથ પ્રભુનું સ્તવન.

(અજિત જિણંદશું પ્રીતડી–એ દેશી.)

પરમાતમ પૂરણ કલા, પૂરણ ગુણ હો પૂરણ જન આશ;
પૂરણ દૃષ્ટિ નિહાલીયે, ચિત્ત ધરિયે હો અમચી અરદાસ.
॥ પરમા૦ ॥ ૧

સર્વ દેશઘાતી સહુ, અઘાતી હો કરી ઘાત દયાળ;
વાસ કિયો શિવમંદિરે, મોહે વિસરી હો ભમતો જગજાળ.
॥ પરમા૦ ॥ ૨

જગતારક પદવી લહી, તાર્યા સહી હો અપરાધી અપાર;
તાત કહો મોહે તારતાં, કિમ કીની હો ઈણ અવસર વાર
॥ પરમા૦ ॥ ૩

મોહ મહા મદ છાકથી, હું છકીયો હો નહિ શુદ્ધિ લગાર;
ઉચિત સહી ઈણે અવસરે, સેવકની હો કરવી સંભાળ,
॥ પરમા૦ ॥ ૪

મોહ ગયે જો તારશો, તિણ વેળા હો કહાં તુમ ઉપગાર;
સુખ વેળા સજ્જન ઘણા, દુઃખ વેળા હો વિરલા સંસાર.
॥ પરમા૦ ॥ ૫

પણ તુમ દરિસન જોગથી, થયો હૃદયે હો અનુભવ પ્રકાશ;
અનુભવ અભ્યાસી કરે, દુઃખદાયી હો સહુ કર્મ વિનાશ.
॥ પરમા૦ ॥ ૬

કર્મ કલંક નિવારીને, નિજ રૂપે હો રમે રમતા રામ;
લહત અપૂરવ ભાવથી, ઈણ રીતે હો તુમ પદ વિશ્રામ.
॥ પરમા૦ ॥ ૭

ત્રિકરણ જોગે વિનવું, સુખદાયી હો શિવાદેવીના નંદ;
ચિદાનંદ મનમેં સદા, તુમે આવો હો પ્રભુ ! નાણ-દિણંદ !
॥ પરમા૦ ॥ ૮

---

## ૨૪ શ્રી નેમનાથ જિનનું સ્તવન.

દ્વારાપુરીનો નેમ રાજીઓ,
તજી છે જેણે રાજુલ જેવી નાર રે;
ગીરનારી નેમ સંયમ લીધો છે બાળાવેશમાં. ૧

મંડપ રચ્યો છે મધ્ય ચોકમાં,
જોવા મળીયું છે દ્વારાપુરીનું લોક રે. ગીરનારી નેમ૦ ૨

ભાભીએ મેણાં મારીયાં,
પરણે વાલો શ્રી કૃષ્ણનો વીર રે. ગીરનારી નેમ૦ ૩

ગોખે બેસીને રાજુલ જોઈ રહ્યાં,
કયારે આવે જાદવ કુળનો દીપ રે. ગીરનારી નેમ૦ ૪

નેમજી તે તોરણ આવીયા,
સૂણી કાંઈ પશુનો પોકાર રે. ગીરનારી નેમ૦ ૫

સાસુએ નેમજીને પોંખીયા,
વ્હાલો મારો તોરણ ચઢવા જાય રે, ગીરનારી નેમ૦ ૬

નેમજીએ શાળાને બોલાવીયા,
શાતે કરે છે પશુડાં પોકાર રે. ગીરનારી નેમ૦ ૭

રાતે રાજુલ બેન પરણશે,
સવારે દેશું ગોરવનાં ભોજન રે. ગીરનારી નેમ૦ ૮

નેમજીએ રથ પાછો વાળીયો,
જઈ ચઢયા ગઢ ગીરનાર રે ગીરનારી નેમ૦ ૯

રાજુલ બેની રૂવે ધ્રૂસકે,
રૂવે રૂવે કાંઇ સૌરીપુરીનાં લોક રે. ગીરનારી નેમ૦ ૧૦

વીરાએ બેનીને સમજાવીયાં,
અવર જોશું નેમ સરીખો ભરથાર રે. ગીરનારી નેમ૦ ૧૧

પીયુ તે નેમ એક ધારીયા,
અવર દેખું ભાઈને બીજા બાપ રે. ગીરનારી નેમ૦ ૧૨

જમણી આંખે શ્રાવણ સરવરે,
ડાબી આંખે ભાદરવો ભરપુર રે. ગીરનારી નેમ૦ ૧૩

ચીર ભિંજાય રાજુલ નારનાં,
વાગે છે કાંઇ કંટક અપાર રે. ગીરનારી નેમ૦ ૧૪

હીર વિજય ગુરૂ હીરલો,
લબ્ધિવિજય કહે કરજોડ રે. ગીરનારી નેમ૦ ૧૫

જૈન તીર્થંકર બાવીસમા,
સખીયો કહે ન મળે એની જોડ રે. ગીરનારી નેમ૦ ૧૬

---

## શ્રી નેમનાથનો સલોકો.

સરસ્વતી માતા તુમ પાય લાગું, દેવ ગુરૂ તણી આજ્ઞા માગું;
જિહ્વા અગ્રે તું બેસજે આઇ, વાણી તણી તું કરજે સવાઈ ૧

આઘો પાછો કોઈ અક્ષર થાવે, માફ કરજો જે દોષ કંઈ નાવે,
તગણ સગણ ને જગણના ઠાઠ, તે આદે દઇ ગણછે આઠ. ૨.

કીયા સાગ ને કીયા નિષેધ, તેનો ન જાણું ઉંચારથ ભેદ;
કવિજન આગળ મારી શી મતિ, દોષ ટાળજો માતા સરસ્વતી ૩

નેમજી કેરો કહીશું સલોકો, એક ચિત્તથી સાંભળજો લોકો,

રાણી શિવાદેવી સમુદર રાજા, તસ કુળ આવ્યા કરવા
દીવાજા ૪

ગર્ભે કારતક વદ બારસે રહ્યા, નવ માસને આઠ દીન થયા,
પ્રભુજી જનમ્યાની તારીખ જાણું, શ્રાવણ સુદી પાંચમ
ચિત્રા વખાણું. ૫

જનમ્યા તણી તો નોબત વાગી, માતપિતાને કીધાં વડભાગી;
તરિયાં તોરણ બાંધ્યાં છે બાર, ભરી મુકતાફળ વધાવે નાર, ૬

અનુક્રમે પ્રભુજી મોટેરા થાય, ક્રીડા કરવાને નેમજી જાય,
સરખે સરખા છે સંગાતે છોરા, લટકે બહુ મુલા કલગી
તોરા ૭

રમત કરતા જાય છે તિહાં, દીઠી આયુધશાળા છે જિહા,
નેમ પૂછે છે સાંભળો ભ્રાત, આતે શું છે ? કહો તમે
વાત ૮

ત્યારે સરખા સહુ બોલ્યા ત્યાં વાણ, સાંભળો નેમજી ચતુર
સુજાણ,
તમારો ભાઇ કૃષ્ણજી કહીયે, તેને બાંધવા આયુધ જોઇએ ૯

શંખ ચક્ર ને ગદા એ નામ, બીજો બાંધવ ઘાલે નહીં હામ,
એહવો બીજો કોઇ બળીયો જો થાય, આવા આયુધ તેને
બંધાય ૧૦

નેમ કહે છે ઘાલું હું હામ, એમાં ભારે શું મ્હોટું છે કામ,
એવું કહીને શંખ જ લીધો, પોતે વગાડી નાદ જ
કીધો. ૧૧

તે ટાણે થયો મ્હોટો ડમડોલ, સાયરનાં નીર ચઢયા કલ્લોલ,
પરવતની ટુંકો પડવાને લાગી,હાથી ઘોડા તો જાય છે ભાગી, ૧૨
ઝબકી નારીઓ નવ લાગી વાર, તુટયા નવસેર મોતીના હાર,
ધરા ધ્રુજી ને મેઘ ગડગડીયો, મ્હોટી ઇમારતો તુટીને પડીયો ૧૩
સહુનાં કાળજાં ફરવાને લાગ્યાં, સ્ત્રી પુરૂષ જાય છે ભાગ્યાં;
કૃષ્ણ બલભદ્ર કરે છે વાત, ભાઇ શો થયો આ તે ઉત્પાત ૧૪
શંખ નાદ તો બીજે નવ થાય, એહવો બળિયો તે કોણ કહેવાય,
કાઢો ખબર આ તે શું થયું,ભાગ્યું નગર કે કોઈ ઉગરીયું ૧૫
તે ટાણે કૃષ્ણ પામ્યા વધાઈ, એ તો તમારો નેમજી ભાઈ,
કૃષ્ણ પુછે છે નેમજી વાત, ભાઇ શો કીધો આ તેં ઉત્પાત ૧૬
નેમજી કહે સાંભળો હરિ, મેંતો અમસ્તી રમત કરી,
અતુલી બળ દીઠું નાનડીયે વેષે,કૃષ્ણજી જાણે એ રાજને લેશે ૧૭
ત્યારે વિચાર્યું દેવ મોરારી, એને પરણાવું સુંદર નારી,
ત્યારે બળ એનું ઓછું જો થાય,તો તો આપણે અહીં રહેવાય.૧૮
એવો વિચાર મનમાં આણી, તેડયા લક્ષ્મીજી આદે પટરાણી,
જળક્રીડા કરવા તમે સહુ જાઓ,નેમને તમે વિવાહ મનાવો ૧૯
ચાલી પટરાણી સરવે સાજે, ચાલો દેવરીયા નાવાને કાજે,
જળક્રોડા કરતાં બોલ્યાં રૂક્ષ્મણી,દેવરીયા પરણો છબીલી રાણી.૨૦
વાંઢા નવિ રહીયે દેવર નગીના, લાવો દેરાણી રંગના ભીના,
નારી વિના તો દુઃખ છે ધાટું, કોણ રાખશે બાર ઉઘાડું. ૨૧
પરણ્યા વિના તો કેમ જ ચાલે, કરી લટકો ઘરમાં કોણ માલે;
સૂવો કુંકશો પાણીને ગળશો,વેલા મોડા તો ભોજન કરશો. ૨૨

બારણે જાશો અટકાવી તાળું, આવી અસુરા કરશો વાળુ;
દીવાબત્તીને કોણ જ કરશે,લીંપ્યા વિના તો ઉકેડા વળશે. ૨૩

વાસણ ઉપર તો નહીં આવે તેજ, કોણ પાથરશે તમારી સેજ;
પ્રભાતે લુખો ખાખરો ખાશો, દેવતા લેવા સાંજરે જાશો ૨૪

મનની વાતો કોને કહેવાશે, તે દિન નારીનો ઓરતો થાશે;
પરોણા આવીને પાછા જો જાશે, દેશવિદેશે વાતો બહુ થાશે. ૨૫

મ્હોટાના છોરૂ નાનેથી વરીયા, મારૂં કહ્યું તો માનો દેવરીયા;
ત્યારે સતભામા બોલ્યા ત્યાં વાણ,સાંભળો દેવરિયા ચતુર સુજાણ. ૨૬

ભાભીનો ભરોંસો નાશીને જાશે,પરણ્યા વિના કોણ પોતાની થાશે;
પહેરી ઓઢીને આંગણે ફરશે,ઝાઝાં વાનાં તો તમને કરશે. ૨૭

ઉંચાં મન ભાભી કેરાં કેમ સહેશો,સુખદુઃખની વાત કોને કહેશો,
માટે પરણોને પાતળીયા રાણી,હું તો નહિ આપું નાવાને પાણી, ૨૮

વાંઢા દેવરને વિશ્વાસે રહીએ,સગા વહાલામાં હલકાંજ થઇએ;
પરણ્યા વિના તો સુખ કેમ થાશે, સગાને ઘેર ગાવા કોણ જાશે. ૨૯

ગણેશ વધાવા કેને મોકલશો, તમે જાશો તો શી રીતે ખલશો,
દેરાણી કેરા પાડ જાણીશું ! છોરુ થાશે તો વિવા માણીશું ૩૦

માટે દેવરીયા દેરાણી લાવો, અમ ઉપર નથી તમારો દાવો;
ત્યારે રાધિકા આઘેરા આવી,બોલ્યા વચન મોઢું મલકાવી. ૩૧

શી શી વાતોરે કરો છો સખી, નારી પરણવી રમત નથી;
કાયર પુરુષનું નથી એ કામ, વાપરવા જોઇએ ઝાઝેરા દામ ૩૨

ઝાંઝરનેપુર ને ઝીણિ જવમાલા, અણુવટ વીછુઆ ઘાટે રૂપાળા;
પગપાને ઝાઝી ઘુઘરીઓ જોઇએ,માટે સાંકળે ઘુઘરા જોઇએ. ૩૩

સોના ચુડલી ગુજરીના ઘાટ, છલા અંગુઠી આરિસા ઠાઠ;
ઘુઘરી પોંચીને વાંક સોનેરી, ચંદન ચુડીની શોભા ભલેરી ૩૪

કલ્લાં સાંકળાં ઉપર સિંહમોરા, મરકત બહુ મુલા નંગ જડેલા;
તુળશી પાટીયાં જડાવ જોઇએ, કાલી ગાંઠીથી મનડું મોહીએ. ૩૫

કાંઠલી સોહીએ ઘુઘરીવાળી, મનડું લોભાએ ઝુમણું ભાળી;
નવસેરો હાર મોતીની માળા, કાને ટીંટોડા સોનેરી ગાળા. ૩૬

મચકણિયા જોઇએ મુલ્ય ઝાઝાના, ઝીણા મોતી પણ પાણી તાજાનાં;
નીલવટ ટીલડી શોભે બહુસારી, ઉપર દામણી મુલની ભારી. ૩૭

ચીર ચુંદડી ઘર ચોળા સાડી, પીલી પટોલી માગશે દહાડી;
બાંટ ચુંદડી કસબી જોઈએ, દશરા દીવાળી પહેરવા જોઈએ;૩૮

મોંઘા મુલના કમખા કહેવાય, એવડું નેમથી પુરૂં શી રીતે થાય,
ત્યારે લક્ષ્મીજી બોલ્યાં પટરાણી,દીયરના મનની વાતો મેંજાણી. ૩૯

તમારૂં વેણુ માથે ધરીશું, એઉનું પુરૂં અમે કરીશું;
માટે પરણો અનોપમ નારી, તમારો ભાઈ દેવ મોરારી. ૪૦

બત્રીસ હજાર નાર છે જેહને, એકનો પાડ ચડશે તેહને;
માટે હૃદયથી ફીકર ટાળો, કાકાજી કેરું ઘર અજવાળો. ૪૧

એવું સાંભળી નેમ ત્યાં હસિયા, ભાભીના બોલ હૃદયમાં વસિયા;
ત્યાં તો કૃષ્ણને ઘેર દિધી વધાઈ,નિશ્ચે પરણશે તમારો ભાઇ; ૪૨

ઉગ્રસેન રાજા ઘેર છે બેટી, નામે રાજુલ ગુણની પેટી
નેમજી કેરો વિવાહ ત્યાં કિધો, શુભ લગ્નનો દિવસ લીધો;૪૩

મંડપ મંડાવ્યા કૃષ્ણજીરાય, નેમને નિત્ય ફુલેકાં થાય.

પીઠી ચોળેને માનની ગાય, ધવળ મંગળ અતિ વરતાય;૪૪
તરીયાં તોરણ બાંધ્યાં છે બહાર, મળી ગાય છે સોહાગણ નાર.
જાન સજાઇ કરે ત્યાં સારી, હલબલ કરે ત્યાં દેવ મોરારી;૪૫
વહુ વારુ વાતો કરે છે છાને, નહી રહીયે ઘેર ને જાઇશું જાને.
છપ્પન કરોડ જાદવનો સાથ, ભેળા કૃષ્ણ બલભદ્ર ભ્રાત; ૪૬
ચડીયા ઘોડલે મ્યાના અસવાર, સુખપાલ કેરો લાધે નહિ પાર.
ગાડાં વેલોને બગીઓ બહુ જોડી, મ્યાના ગાડીએ જોતર્યાં ધોરી;૪૭
બેઠા જાદવ તે વેઢ વાંકડીયા, સોવન મુગટ હીરલે જડીયા.
કડાં પોંચીયો બાજુ બંધ રશીયા,શાલો દુશાલો ઓઢે છે રસીયા;૪૮
છપ્પન કોટીતો બરોબરીયા જાણુ, બીજા જાનૈયા કેટલા વખાણું
જાનડીઓ શોભે બાલુડે વેશે, વિવેકે મોતી પરોવે કેશે; ૪૯
સોળ શણગાર ધરે છે અંગે, લટકે અલબેલી ચાલે ઉમંગે.
લીલાવટ ટીલડી દામણી ચળકે, જેમ વિજળી વાદળે ચમકે, ૫૦
ચંદ્રવદની મૃગા જો નેણી, સિંહલંકી જેની નાગસી વેણી.
રથમાં બેસી બાળક ધવરાવે, બીજી પોતાનું ચીર સમરાવે.૫૧
એમ અનુક્રમે નારી છે ઝાઝી, ગાય ગીત ને થાય છે રાજી;
કોઇ કહે ધન્ય રાજુલ અવતાર, નેમ સરીખો પામી ભરતાર.૫૨
કોઇ કહે પુણ્ય નેમનું ભારી, તે થકી મળી છે રાજુલ નારી;
એમ અન્યોન્ય વાદ વદે છે, મહોડાં મલકાવી વાતો કરે છે. ૫૩
કોઇ કહે અમે જઇશું વહેલી, બળદને ઘી પાઇશું પહેલી,
કોઇ કહે અમારા બળદ છે ભારી, પહોંચી ન શકે દેવ મોરારી. ૫૪
એવી વાતોના ગપોલા ચાલે, પોત પોતાના મગજમાં મહાલે

બહોંતેર કળાને બુદ્ધિ વિશાળ,નેમજી નાહીને ધરે શણગાર;૫૫
પહેર્યો પીતામ્બર જરકશી જામા, પાસે ઉભા છે નેમના મામા
માથે મુગટ તે હીરલે જડિયો,બહુ મુલો છે કસબીનો ઘડીયો,૫૬
ભારે કુંડલ બહુ મુલા મોતી, શહેરની નારી નેમને જોતી
કંઠે નવસેરો મોતીનો હાર,બાંધ્યા બાજુબંધ નવ લાગી વાર;૫૭
દશે આંગળી વેઢ ને વીંટી, ઝીણી દિસે છે સોનેરી લીટી.
હીરા બહુ જડીયા પાણીના તાજા,કડાં સાંકળાં પહેરે વરરાજા, ૫૮
મોતીનો તોરો મુગટમાં ઝળકે, બહુ તેજથી કલગી ચળકે
રાધાએ આવીને આંખડી આંજી,બહુ ડાહી છે નવ જાય ભાંજી,૫૯
કુમકુમનું ટીલું કીધું છે ભાલે, ટપકું કસ્તુરી કેરું છે ગાલે.
પાન સોપારી શ્રીફળ જોડે, ભરી પોસને ચડીઆ વરઘોડે;૬૦
ચડી વરઘોડા ચઉટામાં આવે, નગરની નારી મોતીએ વધાવે
વાજાં વાગે ને નાટારંભ થાય, નેમ વિવેકી તોરણ જાય,૬૧
ધુંસણ મુસળને રવાઇઓ લાવ્યા, પોંખવા કારણ સાસુજી આવ્યાં
દેવ વિમાને જુએ છે ચડી, નેમ નહિ પરણે જાશે આ ઘડી,૬૨
એવામાં કીધો પશુએ પોકાર, સાંભળો અરજી નેમ દયાળ.
તમે પરણશો ચતુર સુજાણ, પરભાતે જાશે પશુઓના પ્રાણ,૬૩
માટે દયાળુ દયા મનમાં દાખો, આજ અમોને જીવતા રાખો.
એવો પશુઓનો સુણી પોકાર, છોડાવ્યાં પશુઓ નેમ દયાળ,૬૪
પાછા તો ફરિયા પરણ્યા જ નહીં, કુંવારી કન્યા રાજુલ રહી
રાજુલ કહે છે ન સિદ્ધાં કાજ, દુશ્મન થયાં છે પશુઓ આજ, ૬૫
સાંભળો સર્વે રાજુલ કહે છે, હરણીને તિહાં ઓ[illegible] છે.

ચંદ્રમાને તેં લંછન લગાડયું, સીતાનું તેં તો હરણ કરાવ્યું ૬૬
મહારી વેળા તો કયાં થકી જાગી, નજર આગળથી જાને તું ભાગી.
કરે વિલાપ રાજુલ રાણી, કર્મની ગતિ મેં તો ન જાણી; ૬૭
આઠ ભવની પ્રીતિને ઠેલી, નવમે ભવ કુંવારી મેલી.
એવું નવ કરીએ નેમ નગીના, જાણું છું મન રંગના ભીના; ૬૮
તમારા ભાઇએ રણમાં રઝળાવી, તે તો નારી ઠેકાણે નાવી
તમો કુલ તણો રાખો છો ધારો, આ ફેરે આવ્યો તમારો વારો; ૬૯
વરઘોડે ચડી મ્હોટો જશ લીધો, પાછાં વળીને ફજેતો કીધો;
આંખો અંજાવી પીઠી ચોળાવી, વરઘોડે ચઢતાં શરમ ન આવી ૭૦
મ્હોટે ઉપાડે જાન બનાવી, ભાભીઓ પાસે ગાણું ગવરાવી,
એવા ઠાઠથી સર્વેને લાવ્યા, આ પુરૂષને ભલા ભમાવ્યા ૭૧
ચાનક લાગે તો પાછાજ ફરજો, શુભ કારજ અમારૂં કરજો;
પાછા ન વળિઆ એકજ ધ્યાન, દેવા માંડયું તિહા વરસીજ દાન; ૭૨
દાન દઇને વિચારજ કીધો, શ્રાવણ સુદી છઠનું મુહૂરત લીધો.
દીક્ષા લીધી ત્યાં ન લાગી વાર, સાથે મુનીવર એક હજાર. ૭૩
ગિરનારે જઇને કારજ કીધું, પંચાવનમે દહાડે કેવલ લીધું.
પામ્યા વધાઈ રાજુલ રાણી, પીવા ન રહ્યાં ચાંગળું પાણી; ૭૪
નેમને જઇ ચરણે લાગી, પીઉજી પાસે મોજ ત્યાં માગી.
આપો કેવલ તમારી કહાવું, હું તો શુકન જોવાને ન જાઉં; ૭૫
દીક્ષા લઈને કારજ કીધું, ઝટપટ પોતે કેવલ લીધું,
મળ્યું અખંડ એવાં તમ રાજ, ગયાં શિવસુંદરી જોવાને કાજ; ૭૬
સુદિની આઠમ અષાડ ધારી, નેમજી વરીયા શિવ વધુ નારી.

નેમ રાજુલની અખંડ ગતિ, વર્ણન કેમ થાયે મારી જ મતી ૭૭
યથાર્થ કહું બુદ્ધિ પ્રમાણે, એઉનાં સુખ તો કેવલી જાણે.
ગાશે ભણશે ને જે કોઈ સાંભળશે, તેના મનોરથ પુરા એ કરશે. ૭૮
સિદ્ધનું ધ્યાન હૃદયે જે ધરશે, તે તો શિવવધુ નિશ્ચય વરસે
સંવત ઓગણીસ શ્રાવણ માસ, વદની પાંચમનો દિવસ ખાસ. ૭૯
વાર શુક્રને ચોઘડીયું સારૂં, પ્રસન્ન થયું મનડું મારૂં;
ગામ ગાંગડના રાજા શામસિંહ, કીધો શલોકો મનને ઉછરંગ. ૮૦
મહાજનના ભાવ થકી મેં કિધો, વાંચી શલોકો મહોટો જશ લીધો.
દેશ ગુજરાત રેવાસી જાણો, વિશાશ્રીમાલી નાત પ્રમાણો. ૮૧
પ્રભુની કૃપાથી નવનીધી થાય, એઉ કર જોડી સુરશશી ગાય,
નામે દેવચંદ પણ સુરશશી કહીયે. એઉનો અર્થ એકજ લઈએ. ૮૨
દેવ સૂરજ ને ચંદ્ર છે શશી, વિશેષે વાણી હૃદયામાં વસી,
ન્યાસી કડીથી પુરો મેં કીધો, ગાઈ ગવડાવી સુયશ લીધો. ૮૩

---

## ૨૬ શ્રી નેમનાથ પ્રભુનો ચોક

### ઢાલ ૧ લી

આ જોને બેની જાદવપતિ આવે ઠાઠમાં, હાંરે ઘણાં વાજીંત્ર વાગે છે તાનમાં;
આ જોને બેની આજ મારે ઘેર આનંદનો દીન છે,
હાંરે મને જડયું ચિંતામણી હાથમાં. આ જોને૦ ૧
છપ્પન્ન ક્રોડ જાનૈયા સરિખા, હાંરે હરિ બળભદ્ર છે સાથમાં;
આ જોને૦ ૨

જાનેમેના રથ માફાને વળી પાલખી, હાંરે સર્વ ચાલે
ઘણા તાનમાં આ જાને૦ ૩

ગજવર બહુ જાલપંતારે ચાલે, હાંરે શોભા શાં કહુ એની
જાનમાં. આ જાને૦ ૪

વચમાં આવે મારો પ્રાણ જીવનજી, હાંરે મારે શોભે તારામાં
જેમ ચંદ્રમા. આ જાને૦ ૫

નેમકુંવર સમો નહિ જગરૂપ, હાંરે મારે નહિ કોઇ સુરનર
ઇંદ્ર. આ જાને૦ ૬

રાજિમતિ નિજ માળીએ રે નીરખે, હાંરે મારે હરખ ન
માયે મનમાં. આ જાને૦ ૭

અમૃતવિમલ પ્રભુ હૃદયમાં વસીયા, હાંરે મારે રમે તે
શિવવધુ રંગમાં. આ જાને૦ ૮

---

## ઢાલ ૨ જી

હું વાટ જોઉં આવો ને નેમ અલબેલા, ખીણ ખીણ
પલપલ પ્રીતમ નીરખે; હાંરે મારે હરખ ન માયે મનમાં.
હું વાટ૦ ૧

એટલે નેમજી તોરણે આવ્યા, હાંરે કરે પશુઓ પોકાર
ઉત્સાહ. હું વાટ૦ ૨

પશુઓનો પોકાર સુણી નેમ દયાળ, હાંરેએતો છોડયા બંધન
તત્કાળ. હું વાટ૦ ૩

તોરણથી રથ પાછો વાળી,હાંરે ચાલ્યા રૈવતગીરીની જાનમાં.
હું વાટ૦ ૪

સહસાવન જઇ સંયમ લીધો, હાંરે જીતી લીધો છે મોહ
મહિયાન. હું વાટ૦ ૫

રાજીમતિ નેમ વળીયા જાણી,હાંરે પામી મૂર્છા ગઈતવ સાનમાં.
હું વાટ૦ ૬

ચિત્ત વર્યું તવ બોલી રાજુલ, હાંરે નવિ મુકીએ એકલડી
નાર. હું વાટ૦ ૭

એકવાર મુજ માળીયે પધારો, હાંરે તવ પામે અમૃત સુખ
પાન. હું વાટ૦ ૮

---

## ઢાલ ૩ જી

સ્વામીનો મને વિરહો તે ઘણું દુઃખ દે છે, હાંરે એમ રાજુલ
સખીયોને કહે છે. સ્વામીનો૦ ૧

તોરણ આવી પ્રીત જગાવી, હાંરે રથ ફેરવી નેમ કીહાં જાય છે.
સ્વામીનો૦ ૨

ત્રણ ભુવનના નાથ કહાવો, હાંરે કાંઇ નિર્બળ થઇ શું બીઓ છો.
સ્વામીનો૦ ૩

બળ અનંતુ સુર નર કહે છે, હાંરે એક નારી દેખી શું બીએ
છે. સ્વામીનો૦ ૪

બાલ ચેષ્ટા નવિ કરીએ પ્રીતમજી, હાંરે જાદવકુળ લાજે છે.
સ્વામીનો૦ ૫

એહવું કરવું તું તો આંવ્યા શા માટે, હાંરે મને દુખડું દેવું
ન ઘટે છે. સ્વામીનો૦ ૬

તમે મૂકો પણ હું નથી મુકું, હાંરે ઇમ કહી જઈ સંયમ
લીયે છે. સ્વામીનો૦ ૭

અમૃત વિમલ કહે ધન્ય એ રાજુલ, હાંરે મને વાંછિત સુખ
દીએ છે. સ્વામીનો૦ ૮

## ઢાલ ૪ થી

સાહેલી નેમ લાવોને મનાવી, પ્રાણ વલ્લભ સખી કોને
રીસાંવ્યા; હાંરે મારે રથડા ફેરી જાય છે. સાહેલી૦ ૧

પશુઓનો પોકાર સુણીને, હાંરે મૂકી ચાલ્યા છે દુઃખ ભેરી.
સાહેલી૦ ૨

મુક્તિ ધુતારી ચિત્તમાંહે વારી, હાંરે તેથી મૂકો છો મુજને
વીસારી. સાહેલી૦ ૩

ઋષભાદિક પરણી સુખ વિલસે, હાંરે પછી થયા છે.
સંયમે ધારી. સાહેલી૦ ૪

તમે તો નવાઈના થયા વૈરાગી, હાંરે અણુપરણી રાજુલ ને
ત્યાગી. સાહેલી૦ ૫

આઠ ભવ અલગી ખાંણ નથી મૂકી, હાંરે ઇમ નવમે ભવે
ચાલ્યા ઠેલી, સાહેલી૦ ૬

રાજુલ કાંઇ ઓરંભા દેતી, હાંરે નેમ સંયમ તવ લેતી.
સાહેલી૦ ૭

દંપતી કેવળ લઈ શીવ વરીયા, હાંરે ઇમ અમૃત વિમલ
સુખ દરીયા. સાહેલી૦ ૮

## ૨૭ શ્રી. ચિન્તામણી પાર્શ્વનાથનું સ્તવન

શ્રી ચિન્તામણિ પાર્શ્વજી વાત સુણો એક મોરી રે;
મનના મનોરથ પૂરજો, હું તો ભક્તિ ન છોડું તોરી રે. શ્રી૦૧

માહરી ખિજમતમાં ખામી નહિ, તાહરે ખોટ ન કાંઇ ખજાને રે;
હવે દેવાની શી ઢીલ છે? કહેવું તે કહીએ છાને રે.શ્રી.૦૨

તેં ઉરણ સવિ પૃથિવી કરી, ધન વરસી વરસી-દાને રે;
માહરી વેળા શું એહવા, દીઓ વાંછિત વાળો વાનરે.શ્રી૦૩

હું તો કેડો નહિ છોડું તાહરો. આપ્યા વિણ શિવસુખ સ્વામી રે;
મૂરખ તે ઓછે માનશે, ચિન્તામણિ કરયલ પામી રે. શ્રી૦૪

મત કહેશ્યો તુજ કર્મે નથી, કર્મે છે તો તું પામ્યો રે;
મુજ સરીખા કીધા મોટકા,કહો તેણે કાંઇ તુજ થામ્યો રે? શ્રી૦૫

કાલ સ્વભાવ ભવિતવ્યતા, તે સઘળા તારા દાસો રે;
મુખ્ય હેતુ તું મોક્ષનો, એ મુજને સબલ વિશ્વાસે રે શ્રી૦૬

અમે ભક્તે મુક્તિને ખેંચશું, જિમ લોહને ચમક પાષાણો રે;
તુમ્હે હેજે દેખશો, કહેશો સેવક છે સપરાણો રે શ્રી.૦૭

ભક્તિ આરાધ્યા ફળ દીએ, ચિન્તામણિ પણ પાષાણો રે;
વળી અધિકું કાંઈ કહાવશો, એ ભક્ત તેં જાણો રે શ્રી૦૮

બાળક તે જિમ તિમ બોલતો, કરે લાડ તાતની આગે રે;
તે તેહશું વાંછિત પૂરવે, બની આવી સઘળું રાગે રે. શ્રી૦૯

માહરે બનનારૂં તે બન્યું જ છે, હું તો લોકને વાત શીખાવું રે;
વાચક જસ કહે સાહિબા, એ રીતે તુમ ગુણ ગાવું રે શ્રી૦૧૦

---

## ૨૮ શ્રી સંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન.

(મહાવીર પ્રભુ ઘેર આવે એ-દેશી.)

નિત્ય સમરૂં સાહિબ સયણાં, નામ સુણતાં શીતલ શ્રવણાં;
જિન દરિસણે વિકસે નયણાં, ગુણ ગાતાં ઉલસે વયણાં રે
શંખેશ્વર સાહિબ સાચો, બીજાનો આશરો કાચો રે શં૦ ૧

દ્રવ્યથી દેવ દાનવ પૂજે, ગુણ શાંત રૂચિપણું લીજે;
અરિહાપદ પજ્જવ છાજે, મુદ્રા પદ્માસન રાજે રે શં૦ ૨

સંવેગે તજી ઘરવાસો, પ્રભુ પાર્શ્વના ગણધર થાશો;
તવ મુકિતપુરીમાં જાશો, ગુણિલોકમાં વયણે ગવાશો રે શં૦ ૩

એમ દામોદર જિનવાણી, આષાઢી શ્રાવકે જાણી;
જિન વંદી નિજઘર આવે પ્રભુ પાર્શ્વનિ પ્રતિમા ભરાવે રે શં૦ ૪

ત્રણ કાલ તે ધૂપ ઉખેવે, ઉપકારી શ્રી જિન સેવે;
પછી તેહ વૈમાનિક થાવે, તે પ્રતિમા પણ તિહાં લાવે રે શં૦ ૫

ઘણા કાલ પૂજી બહુમાને, વળી સૂરજ ચંદ્ર વિમાને;
નાગલોકનાં કષ્ટ નિવાર્યાં જ્યારે પાર્શ્વપ્રભુજી પધાર્યા રે શં૦ ૬

યદુસૈન્ય રહ્યું રણ ઘેરી, જીત્યા નવિ જાયે વૈરી;
જરાસંઘે જરા તવ મેલી, હરિબલ વિના સઘળે ફેલી રે શં૦ ૭
નેમીશ્વર ચોકી વિશાલી, અઠ્ઠમ કરે વનમાલી;
તુઠી પદ્મમાવતી બાલી, આપે પ્રતિમા ઝાકઝમાલી રે–શં૦ ૮
પ્રભુ પાર્શ્વની પ્રતિમા પૂજી, બળવંત જરા તત્ર ધ્રુજી;
છંટકાવ ન્હવણ–જલ જોતી, જાદવની જરા જાય રોતી રે–શં૦ ૯
શંખ પૂરી સહુને જગાવે, શંખેશ્વર ગામ વસાવે;
મંદિરમાં પ્રભુ પધરાવે, શંખેશ્વર નામ ધરાવે રે–શં૦ ૧૦
રહે જે જિનરાજ હજૂરે, સેવક મનવાંછિત પૂરે;
એ પ્રભુજીને ભેટણે કાજે, શેઠ મોતીભાઈને રાજે રે–શં૦ ૧૧
નાના માણેક કેરા નંદ, સંઘવી પ્રેમચંદ વીરચંદ;
રાજનગરથી સંઘ ચલાવે, ગામે ગામના સંઘ મિલાવે રે;
શંખે૦ ૧૨
અઢાર અટ્ઠોતેર વરસે, ફાગણ વદિ તેરશ દિવસે;
જિન વંદી આનંદ પાવે, શુભવીર વચન રસ ગાવે રે
શંખેશ્વર સાહિબ સાચો, બીજાનો આશરો કાચો રે;–શં૦ ૧૩

## ૨૯ શ્રી પાર્શ્વનાથ પ્રભુનો થાળ

માતા વામાદે બોલાવે જમવા પાસને, જમવા વેળા થઈ છે,
રમવાને શિદ જાવ, ચાલો તાત તુમારા બહુ થાયે ઉતાવળા,
વહેલા હાલોને ભોજનીયાં ટાઢાં થાય. માતા૦ ૧

માતાનું વચન સુણીને, જમવાને બહુ પ્રેમશું,
બુદ્ધિ બાજોઠ ઢાળી, બેઠા થઈ હોંશિયાર;
વિનય થાળ અજુઆલી, લાલન આગળ મૂકીયો,
વિવેક વાટકીયો શોભાવે, થાળ મોઝાર. માતા૦ ૨

સમકિત શેલડીના, છોલીને ગઠા મૂકીયા,
દાનના દાડમ દાણા,ફોલી આપ્યા ખાસ;
સમતા સિતાફલનો, રસ પીજ્યો બહુ રાજીયા,
જુક્તિ જામફળ પ્યારા, આરોગોને પાસ. માતા૦ ૩

મારા નાનડીયાને, ચોખા ચિત્તનાં ચૂરમાં,
સુમતી સાકર ઉપર, ભાવશું ભેળી ઘૃત,
ભક્તિ ભજીયાં પિરસ્યાં પાસકુમારને પ્રેમશું.
અનુભવ અથાણા, ચાખો ને રાખો સરત. માતા૦ ૪

પ્રભુને ગુણ ગુંજા મેં જ્ઞાન ગુંદવડા પીરસ્યા,
પ્રેમના પેંડા જનસ્યો, માન વધારણ કાજ;
જાણપણાની જલેબી જમતાં ભાગે ભુખડી,
દયા દૂધપાક અમીરસ, આરોગોને આજ. માતા૦ ૫

સંતોષ શીરાને વળી, પુન્યની પુરી પીરસી,
સંવેગ શાક ભલાં છે, દાતાર ઢીલી દાળ;
મોટાઈ માલપુવાને, પ્રભાવનાના પૂડલા,
વિચાર વડી વધારી, જમજો મારા લાલ. માતા૦ ૬

રૂચી રાયતાં રૂડાં, પવિત્ર પાપડ પીરસ્યાં,
ચતુરાઈ ચોખા, ઓસાવી આણ્યા ભરપુર;

ઉપર ઇંદ્રિય દમન દૂધ, તપ તાપે તાતું કરી,
અંતે પીરસ્યું, જમજો જગજીવન સહ નૂર. માતા૦ ૭

પ્રીતિ પાણી પીધાં, પ્રભાવતીના હાથથી,
તત્ત્વ તંબોલ લીધાં, શિયલ સોપારી સાથ;
અકલ એલાયચી આપીને, માતા મુખ વદે,
ત્રિભુવન ત્હારી તારજો, જગજીવન જગનાથ. માતા૦ ૮

પ્રભુના થાલ તણા જે, ગુણ ગાવે ને સાંભળે,
ભેદ ભેદાન્તર સમજે, જ્ઞાની તેહ કહેવાય;
ગુરૂ ગુમાનવિજયનો, શિષ્ય કહે શીરનામીને,
સદા સૌભાગ્યવિજય, ગાવે ગીત થાય સદાય. માતા૦ ૯

---

## ૩૦ સમવસરણ-વર્ણનગર્ભિત-શ્રી વર્દ્ધમાનજિન-સ્તવન

(વંદના વંદના વંદના રે, જિનરાજકું
સદા મોરી વંદના—એ દેશી.)

એક વાર વચ્છ દેશ આવજો, જિણંદજી !
એક વાર વચ્છ દેશ આવજો;
જયંતીને પાયે નમાવજો જિણંદજી ! એક વાર૦ ॥
વળી સમવસરણ દેખાવજો જિણંદજી ! એક વાર૦ ॥ ૧ ॥

સમવસરણ શોભા જે દીઠી, ક્ષણ ક્ષણ સાંભળી આવશે—
જિણંદજી !. ભૂતલ સુગંધી જલ વરસાવે, ફૂલના પગાર
ભરાવશે !, જિણંદજી૦ ॥ ૨ ॥

કનક રતનનો પીઠ કરીને, ત્રિગડાની શોભા રચાવશે જિણંદજી !; રૂપાનો ગઢ ને કનક કોસીસાં; વચે વચે રતન જડાવશે જિણંદજી૦ ! ॥ ૩ ॥

રયણ ગઢે મણિનાં કોસીસાં, ઝગમગ જ્યોતિ દીપાવજો જિણંદજી !; ચાર દુવારે એંસી હજારા, શિવ સોપાન ચડાવજો જિણંદજી૦ ! ॥ ૪ ॥

દેવ ચારે કર આયુધ ધારી, દ્વારે ખડા કરે ચાકરી જિણંદજી !; દૂર પાસેથી એક સમયે વાંદે, જયંતિને લઘુ છોકરી જીણંદજી૦ ! ॥ ૫ ॥

સહસ યોજન ધ્વજ ચાર તે ઉંચા, તોરણ આઠ ગાઉ વાવડી જિણંદજી૦ ! મંગળ આઠ ને ધૂપ ઘટાની, ફૂલમાળા કર ફૂટડી જિણંદજી૦ ! ॥ ૬ ॥

આઠ સુરી બીજે ગઢ દ્વારે, રયણ ગઢે ચઉ દેવતા જિણંદજી૦ ! જાતિ-વૈર છંડી પશુ પંખી, તુજ પદ કમલને સેવતા જિણંદજી૦ ! ॥ ૭ ॥

પંચ વરણ-મયી જલ-થલ કેરાં, ફૂલ અમર વરસાવતા જિણંદજી૦ ! પરષદા સાત તે ઉપર બેસે, મુનિ નર નારી દેવતા જિણંદજી૦ ! ॥ ૮ ॥

આવશ્યક ટીકાએ પણ-ઉત્તર, થાયે ન કુસુમ કિલામણી જિણંદજી૦ !; સાધવી વૈમાનિકની દેવી, ઉભી સુણે હોય ગૂરણી જિણંદજી૦ ! ॥ ૯ ॥

બત્રીશ ધનુષ અશોક તે ઉંચો, ચામર છત્ર ધરાવજો જિણંદજી !૦;
ચઉ મુખ રયણ–સિંહાસન બેસી, અમૃત વયણાં સુણાવજો
જિણંદજી૦! ॥ ૧૦ ॥

ધર્મચક્ર ભામંડલ તેજે, મિથ્યા–તિમિર હરાવજો જિણંદજી !૦;
ગણધર–વાણી જબ અમે સુણીએ, તવ દેવછંદે સુહાવજો
જિણંદજી૦! ॥ ૧૧ ॥

દેવતા સુર કવિ સાચું બોલે, જિહાં જાશો તિહાં આવશે
જિણંદજી !૦; રંભાદિક અપચ્છરાની ટોળી, વંદી નમી ગુણ
ગાવશે જિણંદજી૦! ॥ ૧૨ ॥

અંતરજામી દૂરે વિચરો, અમ ચિત્ત ભીંજયું જ્ઞાનશું
જિણંદજી૦!
હૃદય થકી દૂરે જો જાઓ, તો સાચું કરી માનશું,
જિણંદજી૦! ॥ ૧૩ ॥

સુલસાદિક નવ જિનપદ દીધાં, અમશું અંતર એવડો ?
જિણંદજી !૦
વીતરાગ જો નામ ધરાવો, સહુને સરીખા ત્રેવડો
જિણંદજી!. ॥ ૧૪ ॥

જ્ઞાન–નજરથી વાત વિચારો, રાગ દશા અમ કુઅડી
જિણંદજી૦ !.
સેવક રાગે સાહિબ રીઝે, ધન ધન ત્રિશલા માવડી
જિણંદજી૦ ! ॥ ૧૫ ॥

તુમ વિણુ સુરપતિ સઘળા તુસે, પણુ અમે આમણ-દુમણા જિણુંદજી !૦; શ્રી શુભવીર હજૂરે રહેતાં, ઓચ્છવ રંગ વધામણાં જિણુંદજી૦! ॥ ૧૬ ॥

---

## ૩૧ શ્રી મહાવીર-સ્વામીનું હાલરીઉં.

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે,
ગાવે હાલો હાલો હાલરૂવાનાં ગીત;
સોના રૂપાને વળી રત્ને જડિયું પારણું,
રેશમ દોરી ઘૂઘરી વાગે છુમ છુમ રીત;
હાલો હાલો હાલો હાલો મારા નંદને ॥ ૧ ॥

જિનજી પાસ પ્રભુથી વરસ અઢીસેં અંતરે,
હોશે ચોવીસમા તીર્થંકર જિન પરિમાણ;
કેશીસ્વામી મુખથી એહવી વાણી સાંભળી,
સાચી સાચી હુઈ તે મારે અમૃત વાણ ॥ હાલો૦ ॥ ૨ ॥

ચૌદે સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજ,
વીત્યા બારે ચક્રી નહિ હવે ચક્રીરાજ;
જિનજી પાસ પ્રભુના શ્રી કેશી ગણધાર,
તેહને વચને જાણ્યા ચોવીશમા જિનરાજ. ॥ હાલો૦॥ ૩ ॥

મારી કૂખે આવ્યા તારણ તરણ જહાજ,
મારી કૂખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ;

મારી કૂખે આવ્યા સંઘ તીરથનો લાજ,
હું તો પુણ્ય પનોતી ઇંદ્રાણી થઈ આજ ॥ હાલો૦ ॥ ૪ ॥

મુજને દોહલો ઉપન્યો બેસું ગજ અંબાડીયે,
સિંહાસન પર બેસું ચામર છત્ર ધરાય,
એ સહુ લક્ષણ મુજને નંદન ! તાહરા તેજનાં,
તે દિન સંભારૂંને આનંદ અંગ ન માય ॥ હાલો૦ ॥ ૫ ॥

કરતલ પગતલ લક્ષણ એક હજાર ને આઠ છે,
તેહથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદીશ;
નંદન ! જમણી જંઘે લંછન સિંહ વિરાજતો,
મેં તો પહેલે સુપને દીઠો વિસવાવીસ ॥ હાલો૦ ॥ ૬ ॥

નંદન ! નવલા બંધવ નંદિવર્દ્ધનના તમે,
નંદન ! ભોજાઈઓના દીયર છો સુકુમાલ;
હસશે રમશે ને વળી ચુંટી ખણશે ગાલ,
હસશે રમશે ને વળી ઠુંસા દેશે ગાલ ॥ હાલો૦ ॥ ૭ ॥

નંદન ! નવલા ચેડા રાજાના ભાણેજ છો,
નંદન ! નવલા પાંચસેં મામીના ભાણેજ છો,
નંદન ! મામલીયાના ભાણેજા સુકુમાલ;
હસશે હાથ ઉછાળી કહીને ન્હાના ભાણેજા;
આંખો આંજી ને વળી ટપકું કરશે ગાલ ॥ હાલો૦ ॥ ૮ ॥

નંદન ! મામા મામી લાવશે ટોપી આંગલાં,
રતને જડીયાં ઝાલર મોતી કસબી કોર;

નીલાં પીલાં ને વળી રાતાં સરવે જાતિનાં,
પહેરાવશે મામી મ્હારા નંદ કિશોર! ॥ હાલો૦ ॥ ૯ ॥

નંદન ! મામા મામી સુખડલી સહુ લાવશે,
નંદન ! ગજવે ભરશે લાડુ મોતી ચૂર,
નંદન ! મુખડાં જોઇને લેશે મામી ભામણાં,
નંદન ! મામી કહેશે જીવો સુખ ભરપુર ॥ હાલો૦ ॥ ૧૦ ॥

નંદન ! નવલા ચેડા મામાની સાતે સતી,
મારી ભત્રીજી ને બેન તમારી નંદ !,
તે પણ ગુંજે ભરવા લાખણસાઈ લાવશે,
તુમને જોઇ જોઇ હોશે અધિકો પરમાનંદ ॥ હાલો૦ ॥ ૧૧ ॥

રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘૂઘરો,
વળી સુડા મેના પોપટ ને ગજરાજ;
સારસ હંસ કોયલ તીતર ને વળી મોરજી,
મામી લાવશે રમવા નંદ ! તમારે કાજ ॥ હાલો૦ ॥ ૧૨ ॥

છપ્પન કુમરી અમરી જળ કલશે નવરાવિયા,
નંદન !તમને અમને કેલી–ઘરની માંહિ;
ફુલની વૃષ્ટિ કીધી યોજન એકને માંડલે,
બહુ ચિરંજીવો આશિષ દીધી તુમને ત્યાંહિ ॥ હાલો૦ ॥ ૧૩ ॥

તમને મેરૂગિરિ પર સુરપતિએ નવરાવિયા;
નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય;
મુખડા ઉપર વારૂ કોટિ કોટિ ચંદ્રમા,
વળી તન પર વારૂં ગ્રહ–ગણને સમુદાય ॥ હાલો૦ ॥ ૧૪ ॥

નંદન ! નવલા ભણુવાનિ શાળે પણ મૂકશું;
ગજ પર અંબાડી બેસાડી મ્હોટે સાજ;
પસલી ભરશું શ્રીફળ ફોફળ નાગરવેલશું,
સુખડલી લેશું નિશાળિયાને કાજ ॥ હાલો૦ ॥ ૧૫ ॥

નંદન ! નવલા મ્હોટા થાશો ને પરણાવશું;
વહુવર સરખી જોડી લાવશું રાજકુમાર,
સરખા વેવાઇ વેવાણુંને પધરાવશું,
વર વહુ પોંખી લેશું જોઇ જોઇને દેદાર ॥ હાલો૦ ॥ ૧૬ ॥

પીયર સસરા માહરા બેહુ પખ નંદન ઉજળા,
મ્હારી કૂખે આવ્યા તાત પનોતા નંદ;
મ્હારે આંગણે વુઠયા અમૃત-દૂધે મેહુલા;
મ્હારે આંગણે ફળીયા સુરતરૂ સુખના કંદ ॥ હાલો૦ ॥ ૧૭ ॥

ઇણિ પેરે ગાયું માતા ત્રિશલા સુતનું પારણું,
જે કોઇ ગાશે લેશે પુત્ર તણા સામ્રાજ,
બીલીમોરા નગરે વરણવ્યું વીરનું હાલરૂં,
જય જય મંગલ હોજો દીપવિજય કવિરાજ ॥ હાલો૦ ॥ ૧૮ ॥

---

## ૩૨ મહાવીર સ્વામીનું સ્તવન

તારા વિના વીર કોની સાથે બોલશું, જંગલ વન લાગે છે
આ સંસાર જો;

ત્રિધવિધ શાસ્ત્ર તણો આલાપ કરૂં કિહાં,
ભોજન પણ નવિ ભાવે તુમ વિના નાથજો. તારા વિના૦ ૧

કાર્ય સકળ કરવા તુજ અનુમતિ માગતો,
એહવી હે વીર કોણથી પ્રાપ્યજ થાય જો;
પ્રેમ પ્રકર્ષે હર્ષ હતો મુજ અંતરે;
નિરાશ્રિત કરી આપ ચાલ્યા શિવ સ્થાન જો. તારા વિના૦ ૨

અમૃત અંજન સમ પ્રભુ દર્શન તાહરૂં,
કરવા અતિ અમ અંતર ઈચ્છા થાય જો;
સ્વામી નિરાગી છતાં હું તુમને વિનવું,
શિષ્ય ગણી લો સાથે દીન દયાળ જો. તારા વિના૦ ૩

રાગ દશાએ બંધન આ સંસારનું
એહવી તારી વાણીનો પરતાપ જો;
આજ ખરેખર અંતરથી મેં અનુભવી,
બાહ્ય દૃષ્ટિથી સ્વામી શિષ્ય ગણાય જો. તારા વિના૦ ૪

કેના વિરને કેના સ્વામી જાણવા,
શ્રીયુત ગૌતમ એ ભાવે તદ રૂપ જો.
નીજ સ્વરૂપી કેવળ કમળા વરી થયા,
ભવી પ્રગટાવો એ ભાવે નિજ રૂપ જો. તારા વિના૦ ૫

---

## ૩૩ મહાવીર સ્વામીનું સ્તવન

વીર વ્હેલા આવો રે ગૌતમ કહી બોલાવો રે,
દરોશન વહેલા દીજીયે હોજી;
પ્રભુ તું નિઃસનેહી હું સસ્નેહી અજાણ. વીર૦ ૧

ગોતમ ભણે ભો નાથ તેં, વિશ્વાસ આપી છેતર્યો;
પરગામ મુજને મોકલી, તું મુકિત રમણીને વર્યો,
હે પ્રભુજી તારા ગુસ ભેદોથી અજાણ, વીર૦ ૨

શિવનગર થયું શું સાંકડું, કે હતી નહિ મુજ યોગ્યતા;
જો કહ્યું હોત તો મુજને, તો કોઈ કોઇને રોકતા,
હે પ્રભુજી ! હું શું માગત ભાગ સુજાણ. વીર૦ ૩

મમ પ્રશ્નના ઉત્તર દઈ, ગોતમ કહી કોણ બોલાવશે;
કોણ સાર કરશે સંઘની, શંકા બિચારી કયાં જશે,
હે પુણ્ય કહીને પાવન કરો મુજ મન. વીર૦ ૪

જિન ભાણ અસ્ત થતાં તિમિર મિથ્યાત્વ સઘળે વ્યાપશે;
કુમત કુશલ્ય જાગશે, વળી ચારે ચુગલ વધી જશે
હે ત્રિગડે બેસી દેશના દીયે જિન ભાણ. વીર૦ ૫

મુનિ ચોદ સહસ છે તાહરે, વીર માહરે તું એક છે;
ટળવળતો મને મુકી ગયા પ્રભુ કયાં તમારી ટેક છે,
હે પ્રભુ સ્વપ્નાંતરમાં અંતર ન ધર્યો સુજાણ. વીર૦ ૬

પણ હું આજ્ઞાવાટ ચાલ્યો, ન મળે કોઇ અવસરે,
હું રાગ વશ રખડું નિરાગી, વીર શીવપુર સંચરે;
હું વીર વીર કહું વીર ન ધરે કોઇ ધ્યાન, વીર૦ ૭

કોણ વીરને કોણ ગોતમ, નહીં કોઈ કોઈનું તદા;
એ રાગ ગ્રંથી છુટતાં, વળી જ્ઞાન ગોતમ જે થતાં,
હે સુરતરૂ મણી સમ ગોતમ નામે નિધાન. વીર૦ ૮

કાર્તિક માસ અમાસ રાત્રે, અષ્ટ દ્રવ્ય દીપક મળે,
ભાવ દીપક જ્યોત પ્રગટે, લોકો દેવ દિવાળી ભણે,
હે વીર વિજયનાં નરનારી ધરે ધ્યાન. વીર૦

## ૩૪ મહાવીર સ્વામીનું સ્તવન.

હરિસણુ આવ્યારે હો હરિસણુ આવ્યારે હો દેવાનંદા બ્રાહ્મણીજી; સાથે લીધો પોતાનો કંથ એક કંથ બેસીરે હો દંપતી દોય સંચર્યાજી, વંદણુ આવ્યા તિહાં, શ્રી ભગવંત, હરિસણુ આવ્યારે હો દેવાનંદા બ્રાહ્મણીજી ॥ ૧ ॥ ઘરેણાં તે પહેર્યાં અતિહિ જડાવનાંજી, શોભે શોભે અપચ્છરા મનોહાર; ઝુમ ઝુમ કરતી રે હો હીંડે પ્રેમ શું જીરે, અઢાર દેશના દાસી છે સાથ, હરિસણુ૦ ૨ અતિશય દેખીરે હો હેઠાં ઉતર્યાંજી, પાળા થઈને આવ્યા પ્રભુની પાસ, પંચ અભિગમ હો દંપતી દોય સંચર્યાંજી,સેવા તો કીધી મનને ઉલ્લાસ. હરિસણુ૦ ૩ ઉભાં તે થઈને રે હો જુવે સુંદરીજી, નયન કમલ કિહાં નવિ જાય, તન મન ઉલસ્યાંરે હો દેવાનંદા બ્રાહ્મણી, નજર તે ખેંચી પછી નાથ જાય હરિસણુ૦ ૪ પ્રભુજીને દેખીને હો પાનો આવીયોજી, પ્રફુલ્લિત દેહડીને અંગ ન માય, કસ તે તૂટીરે હો કંચુકી તણીજી, અલ્લોયા તે બાહ્યોમાં નવિ સમાય, હરિસણુ૦ ૫ ગોયમ પૂછેરે હો શ્રી ભગવંતનેજી, આનંદા કેમ જુવે છે મેંસા મેંસ,દેહડી ફુલીને રે હો પાનો આવશેજી, આટલી વારમાં દીસે છે એક. હરિસણુ૦ ૬ ભગવંત

ભાખેરે સુણો ગોયમાજી, આનંદા છે મોરી માય, દેહડી પુલીને રે હો પાનો આવીયોજી, માય બેટાનું હેત જણાય. હરિપ્રણું૦ ૭ વાણી સુણીને રે હો હરખ્યા ગોયમાજી, હરખ્યા સર્વ સભાનાં લોક, જ્ઞાનવિમલ કહે ધન્ય ધન્ય એહ સતીજી, કર્મ ખપાવી ગયા હોય મોક્ષ. હરિપ્રણું૦ ૮

---

# સ્તુતિ સંગ્રહ

## ૧. શ્રી જ્ઞાનપંચમીની સ્તુતિ.

શ્રીનેમિઃ પંચ–રુપ–ત્રિદશપતિ–કૃત,–પ્રાજ્ય–જન્માભિષેક–
શ્ચંચત્ પંચાક્ષમત્ત–દ્વિરદ–મદ–ભિદા, પંચ–વક્ત્રોપમાનઃ;
નિર્મુક્તઃ પંચ–દેહ્યાઃ પરમ–સુખ–મયઃ પ્રાસ્ત–કર્મ–પ્રપંચઃ;
કલ્યાણં પંચમી સત્તપસિ વિતનુતાં, પંચમ–જ્ઞાનવાન વઃ (૧)

સંપ્રીણન્ સચ્ચકોરાન્–શિવ–તિલક–સમઃ કૌશિકાનંદ–મૂર્તિઃ;
પુણ્યાબ્ધિઃ પ્રીતિ દાયિ સિતરુચિરિવ યઃ, સ્વીય ગોભિસ્તમાંસિ,
સાન્દ્રાણી ધ્વંસમાનઃ સકલ–કુવલયોલ્લાસમુચ્ચૈશ્ચકાર,
જ્ઞાનં પુષ્પાજ્જિજનૌઘઃ સતપસિભવિનાં, પંચમી વાસરસ્ય.(૨)

પીત્વા નાનાભિધાર્થા–મૃતરસમસમં, યાન્તિ યાસ્યન્તિજગ્મુ-
જીવા યસ્માદનેકે, વિધિવદમરતાં, પ્રાજ્ય–નિર્વાણપુર્યામ્;
યાત્વા દેવાધિદેવા–ગમદશમશુધા–કુંડમાનંદહેતુ
સ્તત્પંચમ્યા સ્તપસ્યુ–દ્યુતવિશદધિયાં,ભાવિનામસ્તુ નિત્યમ્ (૩)

સ્વર્ણાલંકારવલ્ગન્-મણિ-કિરણ-ગણ, ધ્વસ્ત નિત્યાંધકારા;
હુંકારારાવદૂરી-કૃતસુકૃત જન,-વ્રાત-વિઘ્ન-પ્રચારા,.
દેવી શ્રી અંબિકાખ્યા, જિનવર ચરણા,-મ્ભોજ-ભૃંગી-સમાના;
પંચમ્યહ્નસ્તપોઽર્થં. વિતરતુ કુશલં ધીમતાં સાવધાના. (૪)

---

## ૨ શ્રી રોહિણીની સ્તુતિ.

જયકારી જિનવર, વાસુપૂજ્ય અરિહંત,
રોહિણી તપને ફળ, ભાખે શ્રી ભગવંત;
નરનારી ભાવે, આરાધે તપ એહ,
સુખ સંપત્તિ લીલા, લક્ષ્મી પામે તેહ. ૧

ઋષભાદિક જીનવર, રોહિણી તપ સુવિચાર,
નિજ મુખે પ્રકાશે, બેઠી પર્ષદા-બાર;
રોહિણી દિન કીજે, રોહિણીનો ઉપવાસ,
મનવાંછિત લીલા, સુંદર ભોગ વિલાસ. ૨

આગમમાંહિ એહનો, બોલ્યા લાભ અનંત,
વિધિશું પરમારથ, સાધે શુદ્ધ અનંત,
વળી દિન દિન વાધે, અંગ અધિકો નૂર,
દુઃખ દોહગ તેહના, નાશી જાયે દુર. ૩

મહિમા જગ મહોટો, રોહિણી તપનો જાણુ,
સૌભાગ્ય તે સદા, પામે ચતુર સુજાણ;
તેણે ઘેર ઘેર ઓચ્છવ, નિત્ય નવલા શણગાર,
જિનશાસન દેવી, લબ્ધિ રૂચી જયકાર, ૪

---

## ૩ શ્રી સિદ્ધચક્રજીની સ્તુતિ.

વિર જિનેશ્વર અતિ અલવેસર, ગોતમ ગુણના દરીયાજી,
એક દિન આણા વીરની લઇને, રાજગ્રહી સંચરીયાજી,
શ્રેણીક રાજા વંદન આવ્યા, ઉલટ મનમાં આણી જી,
પર્ષદા આગળ બાર બિરાજે, હવે સુણો ભવિ પ્રાણી જી. ૧

માનવ ભવ તુમે પુણ્યે પામ્યા, શ્રી સિદ્ધચક્ર આરાધો જી,
અરિહંત સિદ્ધ સૂરી ઉવજઝાયા, સાધુ દેખી ગુણ વાધો જી,
દરશણ નાણ ચારિત્ર તપ કીજે, નવપદ ધ્યાન ધરીજે જી,
ધુર આસોથી કરતાં આયંબિલ સુખ સંપદા પામીજે જી. ૨

શ્રેણીક રાય ગૌતમને પુછે, સ્વામી એ તપ કેણે કીધો જી,
નવ આયંબિલ તપ વિધિશું કરતાં,વાંછિત સુખ કેણે લીધો જી,
મધુંર ધ્વનિ બોલ્યા શ્રી ગોતમ, સાંભળો શ્રેણિકરાય વયણા જી,
રોગ ગયો ને સંપદા પામ્યા, શ્રી શ્રીપાળ ને મયણા જી, ૩

રૂમ ઝુમ કરતી પાયે નેઉર, દીસે દેવી રૂપાળી જી,
નામ ચક્કેસરીને સિદ્ધાઇ, આદિ જિન વીર રખવાળી જી;
વિઘન કોડ હરે સહુ સંઘનાં, જે સેવે એના પાય જી,
ભાણવિજય કવિ સેવક 'નય' કહે, સાનિધ્ય કરજો માય જી. ૪

---

## ૪ શ્રી આદિશ્વર જિન સ્તુતિ.

સકલ મંગલ લીલા મુનિ ધ્યાન, પરભવ ઘૃતનું દીધું દાન,
ભવિજન એહ પ્રધાન, મરૂદેવાએ જન્મજ દાધો,

ઈંદ્ર શેલડી રસ આગળ કીધો, વંશ ઈક્ષ્વાગતે સીધો,
સુનંદા સુમંગલા રાણી; પુરવ પ્રીત ભલી પટરાણી,
પરણાવે ઈંદ્ર ઈંદ્રાણી; સુખ વિલસે રસ અમીરસ ગુંજે,
પૂર્વ નવાણું વાર શેત્રુંજે, પ્રભુ જઈ પગલે પૂજે. ૧

આદિ નહીં અંતર કોઈ એહનો,
કિમ વર્ણવી જે સખી ગુણ એનો,
મ્હોટો મહિમા તેનો; અનંન તીર્થંકર ઈણગિરી આવે,
વિહરમાન વ્યાખ્યાન સુણાવે, દિલભરી દિલ સમજાવે;
સકલ તીર્થનું એહીજ ઠામ, સર્વ ધર્મનું એહીજ ધ્યાન,
એ મુજ આતમરામ, રે રે મુરખ મનશું મુજે,
પુજીયે દેવ ઘણા શેત્રુંજે; જ્ઞાનની સુખડી ગુંજે. ૨

સોવન ડુંગર ટુંક રૂપાની, અનુપમ ટુંક માણેક સોનાની,
દીસે દેરાં દધાની; એક ટુંકે મુનિ અણસણ કરતા.
એક ટુંકે મુનિ વ્રત તપ કરતા, એક ટુંકે ઉતરતા,
સુરજકુંડ જલધિપ લગાવો, મહિપાલનો કોટ ગમાવો,
તેને તે સમુદ્ર નીપાવો, સવાલાખ શત્રુંજય મહાતમ
પાપ ન રહે તિહાં રતિ માત્ર, સુણતાં પવિત્ર થાય આતમ. ૩

રમણિક ભોંયરૂં ગઢ રઢિયાલો, નવખંડ કુમર તીર્થ નિહાલો,
ભવિજન પાપ પખાલો, ચોખાખાણને વાઘણપોળ,
ચંદન તલાવડી ઓલખા જોર, કંચન ભર્યો રે અંઘોલ;
મોક્ષ બારીનો જગ જસ મ્હોટો, સિદ્ધશિલા ઉપર લઈ લોટો,

સમકિત સુખડી ખોટો, સોવન ગભારે સોના જાળી;
જીનજીની મુર્તિ રસાલી, ચક્કેશ્વરી રખવાલી. ૪

## ૫ શ્રી નેમનાથ જિન સ્તુતિ.

યાદવકુળ શ્રીનંદ સમો એ, નેમિશ્વર એ દેવ તો,
કૃષ્ણ આદેશે ચાલીયા એ, વરવા રાજુલ નાર તો,
અનુક્રમે તિહાં આવીયા એ, ઉગ્રસેન દરબાર તો,
ઇંદ્ર ઇંદ્રાણી નાચતા એ, નાટક થાય તેણી વાર તો. ૧
તોરણ પાસે આવીયા એ, પશુઓનો પોકારતો,
સાંભળીને મુખ મરડીયું એ, રાજુલ મન ઉચાટ તો,
આદિનાથ આદિ તિર્થંકર એ, પરણ્યા છે દોય નાર તો,
તેણે કારણ તુમે કયાં ડરો એ, પરણો રાજુલ નાર તો. ૨
તોરણથી રથ ફેરીયાએ, જઇ ચઢયા ગઢ ગિરનાર તો,
નેમિશ્વર કાઉસ્સગ્ગ રહ્યાં એ, પામ્યા કેવળજ્ઞાન તો,
સોળ પહોર દેઇ દેશનાએ, આપી અખંડાધાર તો,
ભવિક જીવને બુઝવ્યા એ, બીજી રાજુલ નાર તો. ૩
અથિર જાણી સંયમ લીયો એ, અંબા જય જયકારતો,
શ્યામ વરણના નેમજીએ, શંખ લંછન શ્રીકારતો,
પાયે ઝાંઝર ઘમ ઘમે એ, નાચે નેમ દરબાર તો,
કવિ નમિ કહે રાયને એ, પરણો શિવસુંદરી નાર તો, ૪

## ૬ શ્રી રાત્રિભોજનની સ્તુતિ.

શાસન નાયક વીરજીએ, પામી પરમ આધાર તો,
રાત્રિ ભોજન મત કરો એ, જાણી પાપ અપાર તો,
ઘુઅડ કાગ ને નાગના એ, તે પામે અવતાર તો,
નિયમ નોકારસિ નિત્ય કરો એ, સાંજે કરો ચોવિહાર તો. ૧
વાસી બોળો ને રીંગણા એ, કંદમૂળ તું ટાળ તો,
ખાતાં ખોટ ઘણી કહી એ, તે માટે મન વાળ તો,
કાચા દૂધ ને છાશમાં એ, કઠોળ જમવું નિવાર તો,
ઋષભાદિક જિન પૂજતાં એ, રાગ ધરે શિવનાર તો ૨
હોળી બળેવ ને નોરતાં એ, પીંપળે પાણી મ રેડ તો,
શીલ સાતમના વાસી વડાએ, ખાતાં મોટી ખોડ તો,
સાંભળી સમકિત દૃઢ કરો એ, મિથ્યાત્વ પર્વ નિવાર તો,
સામાયિક પડિક્કમણું નિત્ય કરો એ,
જિનવાણી જગ સાર તો. ૩
ઋતુવંતી અડકે નહીં એ, નવિ કરે ઘરનાં કામ તો;
તેનાં વાંછિત પૂરશે એ, દેવી સિદ્ધાયિકા નામ તો,
હિત ઉપદેશ હર્ષ ધરી એ, કોઇ ન કરશો રીશ તો,
કીર્તિ કમલા પામશો એ, જીવ કહે તસ શિષ્ય તો. ૪

---

## ૭ શ્રી દશત્રિક વિગેરેની સ્તુતિ.

ત્રણ નિસિહી ત્રણ પ્રદક્ષિણા, ત્રણ પ્રણામ કરીજેજી,
ત્રણ પ્રકારી પૂજા કરીને, અવસ્થા ત્રણ ભાવીજેજી,
ત્રણ દિશી વર્જિ જિન જુઓ, ભૂમિકા ત્રણ પુંજીજેજી,
આલંબન મુદ્રા ત્રણ પ્રણિધાન, ચૈત્યવંદન ત્રણ કીજેજી. ૧

પહેલે ભાવજિન દ્રવ્યજિન બીજે, ત્રીજે એક ચૈત્ય ધારોજી,
ચોથે નામજિન પાંચમે સર્વ લોકાં ચૈત્ય જુહારોજી
વિરહમાન છઠે જિન વંદો, સાતમે નાણ નિહાળોજી,
સિદ્ધ મહાવીર જિન ઉજ્જિંત અષ્ટાપદ,
શાશન સુર સંભાળોજી ૨
શક્રસ્તવમાં હોય અધિકાર અરિહંત ચેઈયાણ ત્રીજેજી,
ચોવિસત્થામાં હોય પ્રકાર, શ્રુતસ્તવ હોય લીજે જી,
સિદ્ધ સ્તવમાં પાંચ પ્રકાર, એ બારે અધિકારોજી;
નિર્યુક્તિએ ક્રિયા જાણો, ભાષ્યમાંહિ વિસ્તારોજી ૩
તંબોલ પાન ભોજન વાહન, મેહુણ એક ચિત્ત ધારોજી;
થુંક સળેખમ વડી લઘુ નીતિ, જુગટે રમવું વારોજી;
એ દશે આશાતના મોટી, વર્જો જિનવર દ્વારોજી,
ક્ષમાવિજય જિન એણીપર જંપે,
શાસન સુર સંભાળોજી. ૪

## ૮ શ્રી પોષ દશમીની સ્તુતિ

પોષ દશમી જીન પાર્શ્વ જિનેશ્વર, જન્મ્યા વામા માયજી,
જન્મ મહોત્સવ સુરપતિએ કીધો, મળી વિશેષે રાયજી;
છપ્પન દિગ્કુમરી હુલરાયા, સુરનરકિન્નર ગાયાજી,
અશ્વસેન કુલ કમલ વિતક્ષ, ભનુ ઉદય સોહાયાજી. ૧
પોષ દશમી દિન આયંબિલ કીજે, જીમ ભવસાયર તરીયેજી,
ત્રેવીસમો જિન મનમાં ધ્યાતાં, આતમ સાધન સાધોજી:
ઋષભાદિક જિનવર ચોવીસે, જે સેવે પ્રભુ પાયજી,
આ ભવ પરભવ જિનવર જપતાં, ધર્મ હોયે આધારજી. ૨
કેવળ પામી ત્રીગડે બેસી, પાર્શ્વ જિનેશ્વર સારજી,
મધુર ધ્વની દેશના દેઈને, ભવિ જન મન સુખકારજી,

દાન શિયલ તપ ભાવ આદરશે, તે પામે ભવ પારજી,
શીવરમણીશું પરણી બેઠા, પરમાનંદ પદ પાયજી. ૩
સકલ તિથિમાં અધિકી જાણો, દશમી દિન આરાધોજી,
પાર્શ્વ જિણંદનું ધ્યાન ધરતાં, સુકૃત ભંડાર ભરીજેજી;
ધરણીધર પદ્માવતીદેવી, જે સેવે પ્રભુ પાયજી,
હર્ષવિજયના પંડિત બોલે,રાજવિજય શીવ માગેજી. ૪

## ૯ શ્રી સીમંધર સ્વામી જિન સ્તુતિ.

મુજ આંગણે સુર તરૂ ઊગીઓ, કામધેનું ચિંતામણી પુગીઓ;
સીમંધર સ્વામી જો મીલે, મારા મનના મનોરથ સવી ફળે. ૧
હું વંદુ વીસે વિહરમાન, તે કેવલસીરી યુગ પ્રધાન;
સીમંધર સ્વામી ગુણ નિધાન, જીત્યા જેણે કોહ લોહ મોહ માન. ૨
આંબાવન સમરે કોકીલા, મેહને વંછે તીમ મોરલા;
મધુકર માલતી પરિમલ રમે, તિમ આગમે મારૂં મન રમે ૩
જય લચ્છી શાસન દેવતા, રત્નમય સુખ તે સાધતા;
વિમલ સુખ પામે જે ચંદા, સીમંધર પ્રણમું તે સદા. ૪

## ૧૦ શ્રી દિવાળીની સ્તુતિ.

વંદુ વીર જિનેશ્વર નમી કરી,બહોંતેર વર્ષ આયુ પુરણ કરી;
કારતક વદિ અમાવાસ્યા મળી, વીર મોક્ષે પહોંચ્યા પાવાપુરી. ૧

ચોવીસે જિનવર મુકતે ગયા, મને શરણ હોજો નિર્ભય થયા;
એક વારજ જિનવર જો મીલે, મારા મનના મનોરથ સવી ફળે. ૨

મહાવીર તે દિયે દેશના, સોળ પહોર સુણી નર તેજના;
તે અર્થ ગણધર મુખથી સુણી, સિદ્ધાંતને વંદુ લળી લળી. ૩

દિવાળી તે મહા પર્વ જાણીએ, મહાવીર થકી મન આણીએ;
ગુણુણું ગણી છઠ તપ જે કરે, લાલ વિજય સિદ્ધાઈ સંકટ હરે. ૪

---

## ૧૧. શ્રી દિવાળીકલ્પની સ્તુતિ.

શાસન નાયક શ્રી મહાવીર, સાત હાથ હેમ વરણ શરીર,
હરિ લંછન જિનવીર;
જેહનો ગોતમ સ્વામી વજીર, મદન સુભટ ગંજન વડવીર,
સાયર પરે ગંભીર;
કાર્તિક અમાવાસ્યે નિર્વાણ, દ્રવ્ય ઉદ્યોત કરે નૃપ જાણ,
દીપક શ્રેણી મંડાણ;
દિવાલી પ્રગટયું અભિધાન, પશ્ચિમ રજનીએ ગોતમ જ્ઞાન,
વર્ધમાન ધરૂં ધ્યાન; ૧

ચઉવીસ એ જિનવર સુખકાર, પર્વ દીવાળી અતિ મનોહાર,
સકલ પર્વ શણગાર;
મેરૈયાં કરે ભવિ અધિકાર, 'મહાવીર સર્વજ્ઞાય' પદ સાર,
જપીયે દોય હજાર;
મજ્ઝિમ રજની દેવ વંદીજે, 'મહાવીર પારંગતાય' નમીજે,
તસ સહસ દોય ગુણીજે;

વળી ગૌતમ સર્વજ્ઞાર્ય નમીજે, પર્વ દીવાળી એણી પર કીજે,
માનવ ભવ ફલ લીજે;
અંગ અગીયાર ઉપાંગજ બાર, પયન્ના દસ છ છેદ મૂલ સૂત્ર ચાર,
નંદી અનુયોગ દ્વાર; ૨

છ લાખ છત્રીસ હજાર, ચૌદ પૂરવ વિરચે ગણધાર,
ત્રિપદીના વિસ્તાર;
વીર પંચમ કલ્યાણક જેહ, કલ્પસૂત્ર માંહિ ભાખ્યું તેહ,
દીપોત્સવ ગુણ ગેહ,
ઉપવાસ છઠ્ઠ અઠ્ઠમ કરે જેહ, સહસ લાખ કોડી ફલ લહે તેહ,
શ્રી જિનવાણી એહ, ૩

વીર નિર્વાણ સમય સુર જાણી, આવે ઈન્દ્ર અને ઇન્દ્રાણી,
ભાવ અધિક મન આણી,
હાથ ગ્રહી દીવી નિશિ જાણી, મેરૈયા–મુખ બોલે વાણી,
દીવાલો કહેવાણી;
એણી પર દીપોત્સવ કર ઓ પ્રાણી, સકલ સુમંગલ કારણ જાણી,
લાભવિમળ ગુણ ખામી,
વદતિ રત્નવિમલ બ્રહ્માણિ, કમલ કમંડલ વીણા પાણી,
દ્યો સરસ્વતી વર વાણી; ૪

—૦—

## ૧૨ શ્રી પર્યુષણ પર્વની સ્તુતિ.

પર્વ પર્યુષણ પુન્યે કીજે, સત્તરભેદી જિન પૂજા રચીજે,
વાજિંત્ર નાદ સુણી જે; પરભાવના શ્રીફળની કીજે,
યાચક જનને દાન જ દીજે, જીવ અમારી કરી જે;

મનુષ્ય જન્મ ફળ લાહો લીજે, ચોથ છઠ્ઠ અઠ્ઠાઈ તપ કીજે,
સ્વામી વત્સલ કીજે; ઈમ અઠ્ઠાઈ મહોત્સવ કીજે,
કલ્પસુત્ર ઘર પધરાવી જે, આદિનાથ પૂજી જે ॥ ૧ ॥

વડા કલ્પ દીને ધૂરી મંડાણુ, દશ કલ્પ આચાર પ્રમાણુ,
નાગકેતુ વખાણુ; પછી કીજે સૂત્ર મંડાણુ,
નમુત્થુણુ હોય પ્રથમ વખાણુ, મેઘકુમાર અહિ ઠાણુ;
દશ અચ્છેરાનો અધિકાર, ઈંદ્ર આદેશે ગર્ભ અપહાર,
દેખે સુપન ઉદાર; ચોથે સુપને બીજો સાર,
સુપન પાઠક આવ્યા દરબાર, ઈમ ત્રીજુ જયકાર. ૨
ચોથે વીર જનમ વખાણુ, દિશિકુમરી સવિ ઇંદ્રને જાણુ,
દિવ્ય પંચ વખાણુ; પારણે પરિષહ તપને નાણુ,
ગણુધરવાદ ચોમાસી પ્રમાણુ, તિમ પામ્યા નિરવાણુ,
એ છઠે વખાણે કહીએ, તેલધર દિવસે એ લહીએ,
વીર ચવિત્ર એમ સુણીએ; પાસ નેમિ જિન અંતર સાત,
આઠમે ઋષભ થેરા અવદાત, સુણતાં હોએ સુખ શાત ૩

સંવત્સરી દિન સહુ નરનારી, બારસેં સુત્રને સમાચારી,
નિસુણે અઠ્ઠમધારી; સુણીએ ગુરૂ પટ્ટાવલી સારી,
ચૈત્ર પરવાડી અતિ મનોહારી, ભવ્ય દેવ જુહારી;
સાહમી સાહમણી ખામણાં કીજે, સમતા રસમાં ઝીલીજે,
દાન સંવત્સરી દીજે; એમ ચક્કેશ્વરી સાનિધ્ય કીજે,
જ્ઞાનવિમલસૂરિ જગ જાણી જે, સુજસ મહોદય કીજે. ૪

---

## ૧૩ જ્ઞાન પંચમીની સ્તુતિ.

કારતક સુદ પંચમી તપ કીજે, ગુરૂ મુખથી ઉપવાસ કરીજે,
આગળ જ્ઞાન ઠવીજે; દીપક પંચ પ્રગટ કરી જે,
બહુ સુગંધી ધૂપ ધૂપીજે, સોહમ પુષ્પ પુજી જે;
પાંચ જાતિના ધાન ધોઈ જે, ઉપર પાંચ ફળ મૂકી જે,
પકવાન મેવા સુણી જે; નમો નાણસ્સ પદ એહ ગણી જે,
ઉત્તરાભિમુખ સામા રહી જે, તસ સહસ્સ દોય ગુણી જે. ૧

પંચમી તપ એણી પેરે આરાધો, પાંચે નાણે સહેજે સાધો.
જીન શોભા જસ વાધો, નેમ જન્મ કલ્યાણક જાણો,
વરસે વારૂને દિવસે વખાણો, તપ કરી ચીત્તમાં આણો;
પાંસઠ માસે તપ પુરો થાશે, વરદત્તની પરે કષ્ટ પળાશે,
નિર્મળ જ્ઞાન ભણાશે; ગુણમંજરી કુંવરી તસ ખાણી;
તપ કરી હુઇ શિવઠકુરાણી, શિર વહો જિનવર વાણી. ૨

પાટી પોથી કવણી કવળી, કાંબી કાતર પાળી કવળી,
લેખણ ખડીયાને ચવળી, સઘળાં પાઠાંને રૂમાલ,
ચાબકી લેખન ઝાક જમાવ, નવકાર વ્રત પ્રવાહ;
કળશ આરતી મંગળ દીવો, વાસ ધુપી ધોતીયે ધરેવો,
શ્રી જિન બિંબ પુજેવો; પાંચ પાંચ વાનાં સઘળાં એહ,
સિદ્ધાંત લખાવી ધરી ગુણ મેહ, કરી ઉજમણું તેહ ૩

પંચમી તપ એણી પેરે કીજે, પંચમી મહાત્મ્ય શ્રવણ સુણી જે,
સુખ સંપત્તિ પામીજે; વચ મન કાયા વશ કીજે,દાન સુપાત્રે સઘળું દીજે,
લક્ષ્મીનો લાહો લીજે; નેમનાથની શાસન દેવી,
બહુ દેવે દેવીએ સેવી, અંત નામ સદેવી;

શ્રી વિશાલસોમસૂરિ ગણધર બિરાજે,
ધનવિજય પંડિત જસ છાજે, ભાવવિજય અધિક જસ વાધે. ૪

---

# સજ્ઝાય સંગ્રહ

## ૧ શ્રી પાંચમની સજ્ઝાય

અનંત સિદ્ધને કરૂં પ્રણામ, હૈડે સમરૂં સદ્‌ગુરૂ નામ,
જ્ઞાન પંચમીની કહું સજ્ઝાય, ધર્મી જનને હુઈ સુખદાય. ૧
જગમાંહિ એક જ્ઞાનજ સાર, જ્ઞાન વિના જીવ ન લહે પાર,
દેવગુરૂ ધર્મ નવિ ઓળખે, જ્ઞાન વિના કર્મ વસ થઈ. ૨
નવતત્ત્વાદિક જીવવિચાર, હૈડા ઉપર હેય સાર, .
સાધુ શ્રાવકનો શુદ્ધ આચાર, જ્ઞાન લહિ જીવ ભવનો પાર. ૩
આત્મા આઠ પ્રકારના કહ્યા, સમક્તિ દ્રષ્ટિ તે સદ્દહ્યા,
દ્રવ્ય આત્મા પહેલો જાણ, બીજો કષાય આત્મા પ્રધાન. ૪
જોગ આત્મા ત્રીજો સહી, ઉપયોગ આત્મા ચોથો અહિં;
જ્ઞાન આત્મા પાંચમો સાર, દર્શન આત્મા છઠ્ઠો ધાર. ૫
ચારિત્ર આત્મા સાતમો વરો, વીરજ આત્મા અષ્ટમ મનધરો.
ચાર જ્ઞેય ઉપાદેય દોય, હેય દોય ઉત્તમને હોય. ૬
જીનવર ભાખિત સર્વ વિચાર, ન લહે જ્ઞાન વિના નિરધાર,
જ્ઞાન પંચમી આરાધે ભલી, વિધિ સહિત નર દૂષણ વલી. ૭
વરદત્ત ગુણમંજરીને જુઓ, કર્મ બંધન પુરવ ભવ હુઓ,
ગુરૂ વચને આરાધી સહી, સૌભાગ્ય પંચમી મન ગહગહી. ૮

રોગ ગયો સુખ પામ્યા બહુ, એ અધિકાર પ્રસિદ્ધ શું કહું,
સંયમ લેઈ વિજયંતે જાય, એકાવતારી તે બેઉ થાય, ૯
મહાવિદેહમાંહી તે અવતરી, સંયમ લેઈ શિવનારી વરી,
એણી પેરે જે આરાધે જ્ઞાન, તે પામે નિશ્ચય નિર્વાણ. ૧૦
માનવભવ લેઈ કરો ધર્મ,જીમ તુમ છુટે સઘળાં કર્મ,
ઋષિ કીર્તિ વાધે ઘણી, અમૃત પદના થાવો ધણી. ૧૧

---

## ૨ શ્રી આઠમની સજ્ઝાય

અષ્ટ કર્મ ચૂરણ કરી રે લાલ,
આઠ ગુણે પ્રસિદ્ધ મેરે પ્યારે રે,
ક્ષાયિક સમક્તિના ધણીરે લાલ,
વંદુ વંદુ એવા સિદ્ધ મેરે૦ અષ્ટ૦ ૧

અનંત જ્ઞાન દર્શન ધરા રે લાલ,
ચોથું વીર્ય અનંત મેરે૦
અગુરૂ લઘુ સુખમય કહ્યા રે લાલ.
અવ્યાબાધ મહંત મેરે૦ અષ્ટ૦ ૨

જેહની કાયા જેહવી રે લાલ, ઉણી ત્રીજે ભાગ મેરે૦
સિદ્ધ શિલાથી જોયણે રે લાલ,
અવગાહના વીતરાગ મેરે૦ અષ્ટ૦ ૩

સાદિ અનંત તિહાં ઘણી રે લાલ, સમય સમય તે જાય મેરે૦
મંદિરમાંહી દિપાલિકા રે લાલ,
સઘળું તેજ સમાય મેરે૦ અષ્ટ૦ ૪

માનવ ભવથી પામીએ રે લાલ, સિદ્ધ તણા સુખ સંગ મેરે૦
એહનું ધ્યાન સદા ધરો રે લાલ,
એમ બોલે ભગવઈ અંગ મેરે૦ અષ્ટ૦ ૫

શ્રી વિજયદેવ પટ્ટધરૂરે લાલ, શ્રી વિજયસેન સુરીશ મેરે૦
સિદ્ધ તણા ગુણ એ કહ્યા રે લાલ,
દેવ દીએ આશીશ મેરે૦ અષ્ટ૦ ૬

---

## ૩ શ્રી એકાદશીની સજ્ઝાય

ગોયમ પૂછે વીરને સુણો ગોયમજી, મૌન એકાદશી કોણે કરી;
કોણે પાળી કોણે આદરી,
સુણો સ્વામીજી, એહ અપૂર્વ દિન સહી. ૧

વીર કહે સુણો ગોયમા, ગુણ ગેહાજી;
નેમ પ્રકાસી એકાદશી, મૌન એકાદશી નિર્મલી,
સુણો ગોયમજી ગોવિંદ કરે મલારસી. ૨

દ્વારામતી નગરી ભલી, સુણો૦ નવ જોજન આરામ વસી,
છપ્પન્ન ક્રોડ જાદવ વસે, સુણો૦
કૃષ્ણ વિરાજે તેણી નગરી. ૩

વિચરંતા વિચરંતા નેમજી, સુણો૦
આવી રહ્યા ઉજ્વલ શીખરી;
મધુર ધ્વનિ દીયે દેશના, સુણો૦
ભવિયણને ઉપકાર કરી. ૪

ભવ અટવી ભીષણ ઘણી, સુણો૦ તે તરવા પંચ પર્વી કહી;
બીજે બે વિધ ધર્મ સાચવો, સુણો૦
દેશવિરતી સર્વવિરતિ સહી. ૫

પંચમી જ્ઞાન આરાધીએ, સુણો૦ પંચ વરસ પંચ માસ વળી;
અષ્ટમી દિન અષ્ટ કર્મને સુણો૦
પરભવ આયુનો બંધ કરે. ૬

ત્રીજે ભાગે નવમે ભાગે, સુણો૦ સત્તાવીશમે ભાગે સહી.
અથવા અંતર્મુહૂર્ત્ત સમે, સુણો૦ શ્વાસોશ્વાસમાં બંધ કરે. ૭
માયા કપટ જે કેળવે, સુણો૦ નરક તિર્યંચનું આયુ ધરે;
રાગ તણે વશ મોહીઓ, સુણો૦ વિકળ થયો પરવશ પણે. ૮

કરણી અકરણી નવિ ગણે સુણો૦ મોહ તિમિર અંધકાર પણે,
મોહે મદ ઘાઢો ફરે, સુણો૦ દે ઘુમણી ઘણું જોરપણે. ૯
ઘાયલ જીમ રહે ઘુમતો, સુણો૦ કહ્યું ન માને નેહ પણે,
જીવ રૂળે સંસારમાં, સુણો૦ મોહ કર્મની સહીલાણી. ૧૦
અલ્પ સુખ સરસવ જે તું, સુણો૦ તે તું મેરૂ સમાન ગણે,
લોભે લંપટ વાહીઓ, સુણો૦ નવિ ગણે તે અંધ પણે. ૧૧

જ્ઞાની વિના કહો કુણ લહે સુણો૦ શું જાણે છદ્મસ્થ પણે,
અષ્ટમી એકાદશી ચતુર્દશી, સુણો૦ સામાયિક પોસહ કરે. ૧૨

ધર્મને દીવસે કર્મનો, સુણો૦ આરંભ કરે જે નરનારી;
નિશ્ચે સદ્‌ગતિ નવિ લહે, સુણો૦
અશુભ કર્મના છે ફળ ભારી. ૧૩

પંચ ભરત પંચ ઐરવતે સુણો૦ મહાવિદેહે તે પંચ ભાણે;
કર્મભૂમિ સઘળી થઈ, સુણો૦ કલ્યાણક પંચસય ગણો. ૧૪

શ્રી વિશાળ સોમસૂરિ પ્રભુ, સુણો૦ તપગચ્છકો શિરદાર ગુણી;
તસ ગુરૂ ચરણ કમળ નમી, સુણો૦ સુવ્રત શેઠ સજ્ઝાય ભણી. ૧૫

---

## ૪ શ્રી રોહિણીની સજઝાય

શ્રી વાસુપૂજ્ય જીણંદનો એ, મઘવા સુત મનોહાર,
જ્યો તપ રોહિણી એ, રોહિણી નામે તસ સુતાએ;
શ્રી દેવી માત મલ્હાર–જ્યો તપ૦
કરે તસ ધન્ય અવતાર જ્યો તપ૦ ૧

પદ્મપ્રભુના વયણથી એ, દુર્ગંધી રાજકુમાર. જ્યો તપ૦
રોહિણી તપ કરતાં ભવેએ, સુજસ સુગંધ વિસ્તાર જ્યો૦ ૨

નરદેવ સુરપદ ભોગવી એ, તે થયો અશોક નરિંદ જ૦
રોહિણી તપ કરી દુઃખ હરી એ,
રોહિણી ભત્ર સુખવંત. જ૦ ૪

પ્રથમ પારણા દિન ઋષભનો એ, રોહિણી નક્ષત્ર વાસ. જ૦
દ્વિવિધે કરી તપ ઉચ્ચરો એ, સાત વરસ સાત માસ જ૦ ૫

કરો ઉજમણું પુરણ તપે એ, અશોક તરૂ તળે ઠાય. જ૦
બિંબ રયણ વાસુપૂજ્યનું એ, અશોક રોહિણી સમુદાય. જ૦ ૬

એકસો એક મોદક ભલા એ, રૂપા નાણું સમેત, જ૦
સાત સત્તાવીસ કીજીએ એ, વેશ સંઘ ભક્તિ હેત. જ૦ ૭

આઠ પુત્ર ચારે સુતા એ, રોગ શોક નવિ દીઠ, જ૦
પ્રભુ હાથે સંયમ લહ્યો એ, દંપતી કેવળ દીઠ. જ૦ ૮

કાંતિ રોહિણી પતિ જીસી એ, રોહિણી સુત સમરૂપ, જ૦
એ તપ સુખ સંપતિ દીયે એ,
વિજયલક્ષ્મીસૂરિ ભૂપ. જ૦ ૯

## ૫ શ્રી સિદ્ધચક્રજીની સજ્ઝાય

શ્રી મુનિચંદ્ર મુનિશ્વર વંદીએ,
ગુણવંતા ગણધાર સુજ્ઞાની.
દેશના સરસ સુધારસ વરસતા,
જિમ પુષ્કળ જળધાર. સુજ્ઞાની. શ્રી૦ ૧

અતિશય જ્ઞાની પર ઉપકારીઆ,
સંયમ શુદ્ધ આચાર, સુજ્ઞાની.
શ્રી શ્રીપાળ ભણી જાપ આપીઓ,
કરી સિદ્ધચક્ર ઉદ્ધાર. સુજ્ઞાની, શ્રી૦ ૨

આયંબિલ તપ વિધિ શીખી આરાધીયો
પડિક્કમણાં દોય વાર સુજ્ઞાની,
અરિહંતાદિક પદ એક એકનું,
ગુણણું દોય હજાર સુજ્ઞાની. શ્રી૦ ૩

પડિલેહણ દોય ટંકની આદરે,
જીન પૂજા ત્રણ કાળ સુજ્ઞાની.

બ્રહ્મચારી વળી ભોંય સંથારે.
વચન ન આળ પંપાળ સુજ્ઞાની. શ્રી૦ ૪

મન એકાગ્ર કરી આયંબિલ કરે
આસો ચૈતર માસ સુજ્ઞાની,
શુદિ સાતમથી નવ દિન કીજીએ,
પૂનમે ઓચ્છવ ખાસ સુજ્ઞાની. શ્રી૦ ૫

એમ નવ ઓળી એકાશી આયંબિલે,
પૂરણ પૂરણ હર્ષ સુજ્ઞાની,
ઉજમણું પણ ઉદ્યમથી કરે,
સાડા ચારે રે વર્ષ સુજ્ઞાની. શ્રી૦ ૬

એ આરાધનથી સુખ સંપદા,
જગમાં કીર્ત્તિ રે થાય સુજ્ઞાની,
રોગ ઉપદ્રવ નાસે એહથી,
આપદા દૂરે પલાય સુજ્ઞાની. શ્રી૦ ૭

સંપદા વાધે અતિ સોહામણી,
આણા હોય અંખડ સુજ્ઞાની,
મંત્ર જંત્ર તંત્ર કરી સોહતો,
મહિમા જાસ પ્રચંડ સુજ્ઞાની. શ્રી૦ ૮

ચક્કેશ્વરી જેહની સેવા કરે,
વીમલેશ્વર વળી દેવ સુજ્ઞાની,
મન અભિલાષ પૂરે સવિ તેહના,
જે કરે નવપદ સેવ સુજ્ઞાની. શ્રી૦ ૯

શ્રીપાળે તેણી પરે આરાધીઓ,
દૂર ગયો તસ રોગ સુજ્ઞાની,
રાજ ઋદ્ધિ દિન દિન પ્રત્યે વાધતો,
મનવાંછિત લહ્યા ભોગ સુજ્ઞાની,. શ્રી૦ ૧૦

અનુક્રમે નવમે ભવ સિદ્ધિ વર્યા,
સિદ્ધચક્ર : સુપસાય સુજ્ઞાની,
એણી પરે જે નિત્ય નિત્ય આરાધશે,
તસ જશ વાદ ગવાય સુજ્ઞાની શ્રી૦ ૧૧

સંસારીક સુખ વિલસી અનુક્રમે,
કરીએ કર્મનો અંત સુજ્ઞાની,
ઘાતી અઘાતી ક્ષય કરી ભોગવે;
શાશ્વત સુછ અનંત સુજ્ઞાની શ્રી૦ ૧૨

એમ ઉત્તમ ગુરૂ વયણ સુણી કરી,
પાવન હુઆ બહુ જીવ સુજ્ઞાની
પદ્મવિજય કહે એ સુર તરૂ સમો,
આપે સુખ સદૈવ સુજ્ઞાની. શ્રી૦ ૧૩

---

## ૬ શ્રી સિદ્ધચક્રજીની સજઝાય

ગુરૂ નમતાં ગુણ ઉપજે, બોલ આગમ વાણ,
શ્રી શ્રીપાલને મયણા, સદાય ગુણખાણ;
શ્રી મુનિચંદ્ર મુનિસર, બોલે અવસર જાણ.

આયંબિલનો તપ વરણવ્યો, નવપદ નવે રે નિધાન,
કષ્ટ ટળે આશા ફળે, વાધે વસુધા વાન. શ્રી૦ ૨

રોગ જાએ રોગી તણા, જાયે શોક સંતાપ,
વ્હાલા વૃંદ ભેગા મળે, પુન્ય વધે ઘટે પાપ શ્રી૦ ૩

આસો શુદિ સાતમ થકી, તપ માંડયો તનું હેત,
પૂરો તપ પૂનમ લગે, કામિની કંત સમેત. શ્રી૦ ૪

ચૈતર શુદિ સાતમ થકી, નવ આયંબિલ નિરમાય,
ઈમ એકાશી આયંબિલે, એ તપ પુરો થાય. શ્રી૦ ૫

રાજ્ય નીકંટક પાલતાં, નવ શત વરસ વીલીન.
દેશવિરતિ પણું આદરી, દીપાવ્યો જગજન. શ્રી૦ ૬

ગજ રથ સહસ તેં નવ ભલા, નવ લાખ તેજી તુખાર,
નવકોડી પાય દલ ભલું, નવ નંદન નવ નાર. શ્રી૦ ૭

તપ જપ ક્રિયા ઉજવી, લીધું નવમું સ્વર્ગ,
સુર નરના સુખ ભોગવી, નવમે ભવ અપવર્ગ. શ્રી૦ ૮

હંસવિજય કવિરાયનો, જીમ જલ ઉપર નાવ.
આપ તર્યા પર ને તારવે, મોહન સહજ સ્વભાવ. શ્રી૦૯

---

## ૭ શ્રી ઋષભદેવ સ્વામીની સજઝાય (ઢાળ-૪)

### ઢાળ ૧ લી

માતાજી મરૂદેવારે ભરતને ઈમ કહે,
ધન ધન પુત્ર જ મુજ કુળ;

તુજ અવતાર જો પણ દાદીનાં દુખડાં,
તે નવિ જાણ્યા કેઇ વિધ
કરી તુજ આગળ કરૂં પોકારજો,
માતાજી મરૂદેવીરે ભરતને ઈમ કહે. ૧

જે દિનથી ઋષભજીએ દીક્ષા આદરી,
તે દિનથી મુજ આ સઘળું ન ખમાય,
જો આંખલડી સલુણીરે થઈ ઉજાગરે,
રાત દિવસ મુજ નિદ્રા વિહુણા જાય જો. માતા૦ ૨

તુજ સરિખો કાંઈ પુત્રજ માહરે લાડકો,
તાતની ખબર ન લેતો દેશ પરદેશ જો;
જો અનેક સુખ વિલસે તું રંગ મહેલમાં,
ઋષભજી તો વનમાં વિરૂએ વેષ જો. માતા૦ ૩

ખરા રે બપોરે ફરતા ગોચરી,
શિર ઉઘાડે પાય અડવાણે જોય જો;
બાળ લીલા મંદિરિયે રમતો આંગણે,
યક્ષ વિદ્યાધર સોહમ ઈંદ્રને સંગ જો;
હું દેખી મનમાંહી હૈડે હીસતી,
ચોસઠ ઈંદ્ર આવી કરતા ઉમંગ જો. માતા૦ ૫

મ્હારાં રે સુખડાં તે સુખ સાથે ગયાં,
દુઃખનાં હૈડે ચઢી આવ્યાં છે પુર જો;
પુરવની અંતરાય તે આજ આવી નડી,
કેઈ વિધે કરીને ધીરજ રાખું ઉર જો. માતા૦ ૬

પુરી અયોધ્યા કેરો સુત તું રાજીયો,
રાજ ઋષિ મંદિર બહોળો પરિવાર જો;
રાજધાનીના સુખમાં વાત ન સાંભરે,
રાત દિવસ રહેતો રંગ મહેલ મોઝાર જો. માતા૦ ૭

સહસ વરસ ઋષભજીને ફરતાં વહિ ગયા;
હજુ ખબર નહિ સંદેશો નહિ નામ જો;
એહવું તે કઠણુ રે હૈડું કેમ થયું,
સુગુણ સુતનાં એહવાં નવિ હોય કામ જો. માતા૦ ૮

ખબર કઢાવો સુભટ બહુધા મોકલી;
જુઓ તાત તણી ગતિ શી શી હોય જો,
સેવકના સ્વામીરે એહવું કહાવજો;
નિજ માતા દિન દિન વાટલડી જોય જો. માતા૦ ૯

---

ઢાળ બીજી

ઓલંભો એણિ વિધ સુણી દાદી તણો,
ભરત લળી લળી બોલે મધુરી વાણ જો;
તુજ સુતની વાતો રે દાદી શી કહું,
કેઇ પુન્ય જાગ્યા દાદી તણા અપારજો, ઓ૦ ૧

પંચ મહાવ્રત સુધાં તુજ સુતે આદર્યાં,
ટાળ્યા મનના ક્રોધાધિક જે ચાર જો;
વેર વિરોધ ઇંદ્રિ રે પાંચે વશ કરી,
નવવાડે શુદ્ધ પાળે છે બ્રહ્મચર્ય જો. ઓ૦ ૨

પંચ આચાર ને વળી પંચ સુમતી ગ્રહી,
ત્રણ ગુપ્તિ આતમ વશ કીધો સોય જો;
સત્તાવીશ ગુણે રે કરીને શોભતા,
નિર્દોષી અણગાર મુનિશ્વર હોય જો. ઓ૦ ૩

બારે તે માસ વળી તપ પૂરો તપ્યા,
સંચિત કર્મ કર્યાં તે સઘળાં ચુર જો;
મોહ માયાનાં દળ સઘળાં ચુરણ કર્યાં,
ચઢતે પરિણામે લડિયા જે રણશુર જો. ઓ૦ ૪

સજ્જન કુટુંબની તેહને મન ઇચ્છા નહીં,
રાજઋદ્ધિ સિદ્ધ તસ સકળ અકામ જો;
અંતે તે અળગું એ સઘળું જાણિયું,
તે છંડિ જઇ વિચર્યા અનેરે ધામ જો. ઓ૦ ૫

ધન તે દેશને ધન તે નગર સોહામણું,
ધન તેહની વન વાડી ધન શુભ ઠામ જો;
ધન્ય ભૂમિ જિહાં પ્રભુજી પગ માંડતા,
જેણે વાંદ્યા તેનાં સિદ્ધ હુઆં સવિ કામ જો. ઓ૦ ૬

ઋદ્ધિ અનંતી આગળ તુમ સુત પામશે,
શાશ્વતાં સુખ મુક્તિ કેરાં જોય જો,
થોડા રે દહાડામાં દાદી જાણજો,
કેવળ મહોત્સવ તુમ સુત કેરો હોય જો. ઓ૦ ૭

ઈમ દાદીને ધીરજ દેતો દિન પ્રતે,
સુણી સુણી દાદી ધીરજ ધરતી મન જો,

આશાને વિશુદ્ધિ રે માડી નિત રહે,
રોતી ઋષભનું ધ્યાન સુમનને તન જો, ઓ૦ ૮

સહસ વરસ ફરતાં ઇણ વિધે થયાં,
કર્મ ખપાવી સમવસર્યા ઉદ્યાન જો;
ઉગમતે સૂરે રે રૂખ તળે ઉપન્યું,
ઝળમળ જ્યોતિ નિર્મળ કેવળજ્ઞાન જો. ઓ૦ ૯

ઈણ અવસરમાં ભરતસભામાં વધામણી,
પુરિમતળે પિતાને કેવળનાણ જો;
કરજોડી સેવક જન માગે વધામણી,
ભવબંધનથી છોડી કરો નિર્વાણ જો. ઓ૦ ૧૦

---

ઢાળ ૩ જી

નગરી અયોધ્યામાં રે આનંદ ઉપન્યો,
સુણી સુણી શ્રી આદીશ્વર સમવસરણ જો;
ભરતેશ્વરે દાદીને જઇ વધાવીયાં;
મુખથી કહેતા મીઠી અમૃત વાણ જો. નગરી૦ ૧

સુણો દાદી વધાઇ આજ છે માહરી,
પુરિમતળે મુજ પિતાને કેવળજ્ઞાન જો;
ત્રિગડું રે રચિયું મળી ચોસઠ દેવતા,
ઇન્દ્ર ઇન્દ્રાણી ગંધર્વ કરતા ગાન જો. નગરી૦ ૨

ચોસઠ ઇંદ્ર ત્રિગડે જિન પદ સેવતા,
દેવ દુદુંભીના નાદ હુવે છે રસાળ જો,

દેવા ઘંટા ઝણુકારની આભે ગર્જના,
છપ્પન કુમરી મંગળ બોલે વિશાળ જો. નગરી૦ ૩

ત્રિગડા કેરી રચના દાદી શું કહું,
જોજન માંહી દીસે ઝાકઝમાળ જો,
સોવનમય કોશીશાં રત્ન હીરે જડયાં,
રત્ને તોરણુ દીસે રંગ રસાળ જો. નગરી૦ ૪

કનક સિંહાસન મધ્યે મણિરત્ને જડયું,
તિહાં બીરાજે ત્રિભુવન કેરા નાથ જો;
બારે તે પર્ષદા મિલી કાંઈ એકઠી,
નાચે અપચ્છરા ઉત્સવ હુવે ઠાઠ જો. નગરી૦ ૫

માતાજી વધાઈ ઈણુ વિધ સાંભળી,
આરતિ છાંડી ઉલટ હૈડે થાય જો;
સાત આઠ પગ સ્હામા જઈ નીચે નમી,
લળિ લળિ વંદે ઋષભ જિણુંદના પાય જો. નગરી૦ ૬

સહસ વરસનાં દુઃખડાં સર્વ મટી ગયાં,
ઉમંગ અંગ અંગે આનંદ રંગના રોળ જો;
ભરતેશ્વરનાં દાદી લેતા વારણાં,
પુત્ર હુઓ એ સારો તાહરો બોલ જો. નગરી૦ ૭

માતાજી વંદન ઋષભ જિન કારણે,
પાખરિયો ઐરાવત હસ્તિ સાર જો,
બહુ મૂલા આભરણુ તે વસ્ત્રજ પહેરિયાં,
સાથે સખી વળી સુભટને અસવાર જો. નગરી૦ ૮

બહુ આડંબરે વંદન કારણ સંચર્યાં,
પંચ શબ્દ તણા આગળ હોય અવાજ જો,
એક જીભે મુખથી કેમ જાયે વર્ણવ્યા.
ધન્ય જેણે તે નિરખ્યા સર્વે સાજ જો. નગરી૦ ૯
ભાવે ચઢયાં માતાજી ચઢતે પરિણામશું,
ત્રુટી જાળી કર્મતણી જે ભુર જો,
દૂરથી ત્રિગડું રે નયને નિરખતાં,
કેવળ લહ્યું જેમ ઉગ્યો અંબર સુરજો. નગરી૦ ૧૦
જન્મ મરણનાં દુઃખડાં રે સર્વે મટી ગયાં,
શાશ્વતાં સુખ મુગતિ કેરાં પાય જો,
ગુણી પુરૂષના ગુણ આવે શુદ્ધ ભાવથી,
ઋષિ રાયચંદ વદે તેહ મુગતિ જાય જો નગરી૦ ૧૧

---

ઢાળ ૪ થી

જંબુદ્વીપે હો ક્ષેત્ર ભરતમાં, વીર હો મુગતિનો હોય,
અઢાર કોડાકોડી હો સાગરમાં ઠેરો કહ્યો,
મુગતિ ગયા નહિ હોય,
માતાજી મરૂદેવીએ મુગતિનું ખોલ્યું બારણું, ૧
પહેલાં પહોત્યાં નિર્વાણ અંતક્રિયા તિહાં,
ભાખી હો સુત્ર ઠાણાંગમાં આગમ વચનં પ્રમાણ. માતાજી૦ ૨
ક્રોડ પૂરવ લગે હો સુવાસણ રહ્યાં સતી,
નીત નીત નવલા રે વેષ,

ભર જોબનમાંહી રહ્યાં હો, માતાજી જીવ્યાં જયાં લગે,
કાળા ભરમ રહ્યાં કેશ. માતાજી૦ ૩

કેળ સરીખી કાયા હો ઉંચી ધનુષ પાંચસેં,
સોવન વર્ણ શરીર સુપનાની માંહી હો,
કદિય ન જાણ્યું સાસરૂં નહિ કોઇ જાણ્યું પિયર. માતાજી૦ ૪

ઓષધ એક ન લીધું હો માજી જીવ્યાં જયાં લગે,
કદિ કસર ન હુઇ પેટ,
માથું હાથ પગ હો પલક એક દુખ્યાં નહીં,
ક્રોડ પૂરવ લગે ઠેઠ.માતાજી૦ ૫

ચોસઠ હજાર પહેઢાં હો નજરે નિરખી આપણી,
દાદીજીએ કીધાં નામ,
એકહિ મૂઓ કાને હો કોઇ નવિ સાંભળ્યો,
સુખ દિઠો સવિ ઠામ, માતાજી૦ ૬

ક્રોડ પૂરવ માંહી હો એકજ જણીયું જોડલું,
શ્રી મરૂદેવીજ માત, તુજ સરીખા બેટા હો કિણ હીએ,
જનમ્યા નહી તીન ભુવન કે નાથ. માતાજી૦ ૭

દોય તો સુંદર હો સોવન વરણી શોભતી,
પરણી ઋષભ જિણંદ,
ભરતક્ષેત્રમાંહી હો વિવાહ વહેલો હુઓ,
સૂત્રમાં સર્વ સંબંધ. માતાજી૦ ૮

એકસો પુત્ર હો દાદીએ નયણે નિરખ્યા,
બ્રાહ્મી સુંદરી દોય, સર્વ કબીલો સુખીયો હો,

દુઃખીયો એક ન દેખીયો, એહવું પુણ્ય કેહનું ન હોય.
માતાજી૦ ૯

ષટખંડ કેરા સ્વામી હો ભરત ભરતનો ધણી,
અરજ કર કરજોડ,
દાદીને પાયે લાગે હો મુજરો લેજ્યો માહરો,
સુખ અંગ મન મોહ. માતાજી૦ ૧૦

હસ્તી હોદ્દે બેઠાં હો, ઋષભને જોય,
મરૂદેવી માતા હો મનશું જીત્યાં મોહની,
કેહનું સગું નહિ કોય. માતાજી૦ ૧૧

કેવળ પામી હો માતાજી મુગતે ગયાં, હસ્તી હોદ્દે વીતરાગ,
પછી શિવ પહોંત્યા હો અસંખ્યાતા કેવળી,
ખોલ્યો મુગતિનો માર્ગ. માતાજી૦ ૧૨

સાધુ સાધ્વી હો તીર્થંકર ચોવીશમા,
પહોંત્યા મુગતી મોઝાર,
મરૂદેવી માતા હો મુગતિનો ખોલ્યો બારણું,
જડાયો જંબુકુમાર. માતાજી૦ ૧૩

તીર્થંકર ચક્રી હો હળધર કેશવા, વળી રાણાને રાય,
એહવી માતા હો સ્રી ન હુઈ ભરતમેં,
એહ ચોવીસની માય, માતાજી૦ ૧૪

માજી સરીખાં સુખીયાં હો કાને કોઇ ન સાંભળ્યાં,
જોયું સૂત્રે ઠેરે ઠેર,

ઋષિ રાયચંદજી હો ઢાળો જોડી જુગતિશું,
આછી શહેર અજમેર. માતાજી૦ ૧૫

સંવત અઢારસે હો વરસ પંચાવને, ગ્રીષ્મ જેઠજ માસ,
પૂજ્ય જેમલજી હો પુન્ય પસાયથી,
કીધો જ્ઞાન અભ્યાસ. માતાજી૦ ૧૬

---

## ૮ શ્રી નેમ રાજુલની સજ્ઝાય

રાણી રાજુલ કરજોડી કહે, એ તો જાદવ કુલ શણગાર રે.
વાલા મારા આઠેરે ભવનો નેહલો,
પ્રભુ મત મેલો વિસારી રે. વાલા૦ ૧

હું તો વારીરે જીનવર નેમજી, મોરી બિનતડી અવધારરે, વાલા.
સુરતરૂ સરિખો સાહિબો,
હું તો નિત્ય નિત્ય કરૂં દીધાર રે. વાલા૦ ૨

પ્રથમ ધનપતિને ભવે, તું ધન નામે ભરતાર રે, વાલા.
નિશાળે જાતાં મુજને, છાનો મેલ્યો મોતી કેરો હાર રે. વાલા૦ ૩

દીક્ષા લેઇ હરખે કરી, તિહાં દેવ તણો અવતાર રે વાલા.
ક્ષણ વિરહ ખમતાં નહીં, તિહાં પણ ધરતાં પ્યાર રે. વાલા૦ ૪

ત્રીજે ભવે વિદ્યાધરૂ, તિહાં ચિત્રાંગદ રાજકુમાર રે. વાલા.
ભોગવી પદવી ભુપની, હું રત્નવતી તુજ નાર રે. વાલા૦ ૫

મહાવ્રત પાળી સાધુનાં, તિહાં ચોથે ભવે શિરદાર રે, વાલા.
આરણ્ય દેવલોકે બેઉ જણાં,
તિહાં સુખ વિલસ્યાં શ્રીકાર રે. વાલા૦ ૬

પાંચમો ભવ અતિ શોભતો, તિહાં નૃપ અપરાજિત સાર રે, વા૦
પ્રીતિમતી હું તાહરી થઈ, પ્રભુ હૈયાનો હાર રે. વાલા૦ ૭

ગ્રહી દિક્ષા હરખે કરી, તિહાં છઠે ભવે સુખકાર રે, વાલા.
મહેન્દ્ર દેવલોકમાં, તિહાં સુખ વિલસ્યાં વારંવાર વાલા૦ ૮

શંખરાજા ભવ સાતમો, તિહાં જસોમતી પ્રાણાધાર રે, વાલા.
વિશસ્થાનક તીહાં ફરસતાં, જીનપદ બાંધ્યું સાર રે. વાલા૦ ૯

આઠમે ભવે અપરાજીતે, તિહાં વરસ ગયાં બત્રીસ હજાર રે, વા૦
આહારની ઇચ્છા ઉપની, એ તો પુન્ય પ્રકાશ રે. વાલા૦ ૧૦

હરિવંશમાંથી ઉપની, મારી શિવાદેવી સાસુ મલ્હાર રે, વા૦
નવસે ભવે કયાં પરિહરો, પ્રભુ રાખો લોક વ્યવહાર રે. વા૦૧૧

એરે સંબંધ સુણી પાછલો, તિહાં નેમજી ભણે બ્રહ્મચારી રે, વા૦
હું તમને તેડવા કારણે, આવ્યા સસરાજીને વાસ રે. વા૦ ૧૨

અવિચલ કીધો એણે સાહિબો, રૂડો નેહલો મુક્તિ મોઝાર રે; વા૦
માની વચન રાજેમતી, તિહાં ચાલી પીયુડાની હાર રે. વા૦ ૧૩

ધન્ય ધન્ય જિન બાવીસમો, જિણે તારી પોતાની નાર, વાલા.
ધન્ય ધન્ય ઉગ્રસેનની નંદિની, જે સતીયોમાં શિરદારરે વા૦૧૪

સંવત સત્તર ઇકોત્તરે, તિણ શુભ વેળા શુભ વાર રે. વાલા.
કાન્તિવિજય રાજુલના, તિહાં ગુણ ગાય શ્રીકાર રે. વા૦ ૧૫

---

## ૯ કમલાવતીની સજઝાય

મોલે તે બેઠા મહારાણી કમલાવતી,
ઉડે છે ઝીણેરી ખેહ, સાંભળ હે દાસી,

જોઇ રે તમાસો ઇક્ષુકાર નગરીનો,
મનમાં તે ઉપન્યો સંદેહ, સાંભળ હે દાસી,
આજ રે નયરીમાં ખેપટ અતી ઘણી. ૧

કાંતો દાસી પરધાનનો દંડ લીધો,
કાંતો લુંટયા રાજાએ મામ. સાંભળ૦
કાંતો કોઇનાં ગાડાં નિસર્યાં,
કાં કોઇની પાડી રાજાએ મામ, સાંભળ૦ ૨

નથી રે બાઇજી પરધાનનો દંડ લીધો,
નથી રે લુંટયાં રાજાએ ગામ, સુણ હો બાઇજી.
નથી કોઇનાં ધનનાં ગાડાં નિસર્યાં,
નથી કોઇની પાડી રાજાએ મામ, સુણ હો૦
હુકમ કરો તો ગાડાં અહીં ધરૂં. ૩

ભૃગુ પુરોહિતને જશા ભારજા,
વલી તેહના દોય કુમાર. સુણ હો૦
સાધુ પાસે જઇ સંયમ આદર્યો,
તેનું ધન લાવે છે આજ, સુણ હો૦ ૪

વયણ સુણીને માથું ધુણાવીયું,
બ્રાહ્મણ પામ્યો વૈરાગ્ય. સાંભળ હે દાસી.
તેહની રૂદ્ધિ લેવી જુગતી નથી,
રાજાનાં મોટાં છે ભાગ્ય. સાંભળ૦
રાજાનો મત એ જુગતો નથી. ૫

મેલેથી ઉતર્યાં રાણી કમલાવતી,
આવ્યાં કંઈ હેઠ હજુર. સાંભળ૦
વચન કહે છે ઘણાં આકરાં,
જેમ કોપેથી ચડીયો બોલે. સાંભળ૦
બ્રાહ્મણની છંડી ઋદ્ધિ મત આદરો, ૬
વમ્યા તે આહારની ઇચ્છા જે કરે,
કરે વળી શ્વાનને કાગ, સાંભળ૦
પહેલું જે દાન દીધું હાથથી,
તે પાછું લેતાં નાવે લાજ. સાંભળ૦ ૭
કાંતો રાણી તને ઝોલો લાગીયો,
કાં કોઇએ કીધો મતવાલ, સાંભળ૦
કાં કોઈ ભુત વ્યંતરીએ છળી,
કાં કોઈએ કીધી વિકરાલ. સાંભળ૦
રાજાને કઠણ વચન નવિ કીજીએ. ૮
નથી રે મહારાજા ઝોલો લાગીયો,
નથી કોઇએ કીધી મતવાલ, સાંભળ૦
નથી કોઇ ભુત વ્યંતરીએ છળી,
નથી કોઈએ કીધો વિકરાલ, સાંભળ૦ ૯
જગ સઘળાનું ભેગું કરી, લાવે તારા ઘરમાંય, સાંભળ૦
તો પણ તૃષ્ણા છીપે નહિ, એક તારે ધર્મ સોહાય. સાંભળ૦ ૧૦
અગ્નિ થકી વન પરજળે, પશુ બળે તેહની માંય, સાંભળ૦
રાજા એમ ચીંતવે, આહાર કરૂં ચિત્ત લાય. સાંભળ૦ ૧૧

એમ આજ્ઞાને આપશું, રાગ દ્વેષ ચિત્ત લાય, સાંભળ૦
કામભોગને વશ થઇ, ધન લેવાને લલચાય, સાંભળ૦ ૧૨

એક દિન એહ ધન છાંડવું, પરભવે સગું નહિ કોઈ, સાંભળ૦
પરભવ જાતાં એણે જીવને, ધર્મ સખાઇજ હોય. સાંભળ૦ ૧૩

તન ધન જોબન કારમું, ચંચળ વિજળી સમાન, સાંભળ૦
ક્ષણમાં આયુષ્ય ઘટે જિહાં
લોભી ચિત્ત ધરે રે ગુમાર. સાંભળ૦ ૧૪

ગરૂડ દેખી જેમ સર્પ હે, ભયે સંકોચે રે દેહ, સાંભળ૦
તિમ અનિત્ય ધન જાણીને, લાલચ છંડો રે તેહ, સાંભળ૦ ૧૫

ખગ મુખ માંસ લઇ નિસરે, ઇર્ષા કરે ખગ તામ, સાંભળ૦
તિમ પરધન ઋદ્ધિ દેખીને, મુરખ કરે રે વિચાર, સાંભળ૦ ૧૬

આરે સંસાર અસાર છે, કાલ ઝપેટા રે દેત, સાંભળ૦
ઓચિંતો લેઇ જાયશે, ચેતી શકાય તો ચેત. સાંભળ૦ ૧૭

એહવાં વચન સુણાવીને, રાણી વૈરાગ્યમાં આય, સાંભળ૦
સંયમ લેવા ઉતાવળી, આકુલ વ્યાકુલ થાય, સાંભળ૦
આજ્ઞા આપો તો સંયમ આદરૂં. ૧૮

હાથી તે જેમ બંધન તજે, તેમ તજું કુટુંબ પરિવાર, સાંભળ૦
આજ્ઞા આપોને રાજવી, ઢીલ ન ક્ષણ સોહાય. સાંભળ૦ ૧૯

રત્ન જડિત રાય મહારૂં પાંજરૂં,
તેમાં સુડીલો મને જાણ, સાંભળ૦

તેમ રે હું બેઠી તારા રાજ્યમાં,
 રહેતાં ન પામું કલ્યાણ. સાંભળ૦ ૨૦

મેળવ્યું ધન રહેશે ઈહાં, થોડું પણ નાવે સાથ, સાંભળ૦
આગળ જાશો તો પાધરૂં, સંબલ લેજો રે સાથ. સાંભળ૦ ૨૧

રાણીનાં વચન સુણી કરી, બુઝયા કાંઈ ઈક્ષુકાર સાંભળ૦
 એક ચિત્તે તન ધન જોબન જાણ્યા કારમા,
જાણ્યો સંસાર અસાર સાંભળ૦
 એક ચિત્તે છએ જીવે તે સંયમ આદર્યો ૨૨

ભૃગુ પુરોહિતને જશા ભારજા, વલી તેહના દોય કુમાર, સાંભળ૦
રાજા સોતા રાણી કમલાવતી, લીધો કાંઇ સંયમ ભાર સાંભળ૦૨૩

તપ જપ સંયમ સાધતાં, કરતાં કાંઈ ઉગ્રવિહાર, સાંભળ૦
કર્મ ખપાવી હુઆ કેવલી, હીરવિજય ગુરૂ એમ ભણે,
 પહોત્યા કાંઈ મુક્તિ મોઝાર સાંભળ૦ ૨૪

---

## ૧૦ શ્રી સુકુમાલિકાની સજઝાય

### ઢાળ ૧ લી

વસંતપુર સોહામણું રે,
 રાજ્ય કરે તિહાં રાય, સિંહસેન નૃપતિ રાજીયોરે;
રાણી સીંહલ્યા નામ રે, પ્રાણી જુઓ જુઓ કર્મની વાત;
છાંડે પણ છુટે નહિ રે, કર્યાં કર્મ વિશેષરે. પ્રાણી જુઓ૦ ૧

સસીક ભસીક દોય તેહના રે, ઉપન્યા બાલકુમાર;
બાલિકા એક સુકુમાલિકા રે, રૂપ તણો ભંડાર રે. પ્રાણી૦ ૨

સસીક ભસીક સુકુમાલિકા રે, વાધે તે રૂપ વિવેક;
અનુક્રમે મોટા થયા રે, જ્ઞાનાદિ ગુણ સુવિશેષ રે. પ્રાણી૦ ૩

સાધુ સમિપ દીક્ષા ગ્રહી રે, સસીક ભસીક સુકુમાર,
પછી તેહનું શું થયું રે, જુઓ જુઓ કર્મ વિટંબ રે. પ્રાણી૦ ૪

ગામ નગરપુર વિચરતા રે, પાળે જીનવર આણ;
તપ કરતાં અતિ આકરાં રે, તોડે કર્મ નિદાન રે, પ્રાણી૦ ૫

બાલિકા એક સુકુમાલિકા રે, તેનું અનુપમ રૂપ;
વિવરીને હું વર્ણવું રે, જોવા આવે છે ભૂપ રે. પ્રાણી૦ ૭

ભ્રાતા દોય ચોકી કરે રે, મેલી કુળ આચાર;
રૂતુ ધરીને ખમાવીયા રે, અઠ્ઠમ તપ અનુસાર રે. પ્રાણી૦ ૭

અંગોપાંગ હાલે નહિ રે, જીવ થયો અસરાલ;
કંઠે તો કાંટા પડે રે, મરણું માગ્યું સુકુમાલ રે. પ્રાણી૦ ૮

મરણ જાણી મેલી ગયા રે, થઈ ઘડી એક દોય;
શીતલ વાયો વાયરો રે, પ્રાણ સચેત ન હોય રે. પ્રાણી૦ ૯

ચાર દિશાએ જુએ વળી રે, વન મોટું વિકરાળ;
નયણે તો આંસુ ઝરે, બેઠી વડતરૂ છાંય રે. પ્રાણી૦ ૧૦

---

## ઢાળ ૨ જી

હવે એક સમય આવ્યો પરદેશી, વેપારી વેપાર રે,
પાંચસેં પોઠ ભરીને લાવ્યો, સાર્થવાહ શિરદાર,
જુઓ જુઓ જન્મ જરા જગ જોરો, કર્મ ન મેલે કેડો. ૧

પોઠ ઉતારી સરોવર તીરે, ભર્યું ઘોર ગંભીર રે,
વડ તળે મોટી વાદળી, છાંયાં તેમાં ભર્યાં નીર. જુઓ૦ ૨

ઇંધણ પાણી જોવા સારૂ, ફરે અનુચર જોતા રે,
બેઠી બાળા વનમાં દેખી, ત્યાં ક્ષણે જઇ પહોંચ્યા. જુઓ૦ ૩

રે બાઇ તું એકલી વનમાં, ઇહાં કેમજ આવી રે;
કહે બેની સાંભળ વીરા, કર્મે મુજને લાવી. જુઓ૦ ૪

અનુચરે જઇને સંભળાવ્યું, સાર્થવાહની પાસે રે;
મહા વનમાં એક નારી અનુપમ, બેઠી વડતરૂ છાંય. જુઓ૦ ૫

ઇન્દ્રાણીને અપચ્છરા સરીખી, રૂપા રૂપી ગાત્ર રે,
કહો તો અહીંયાં તેડીને લાવું, જોયા સરખી પાત્ર. જુઓ૦ ૬

સાર્થવાહ કહે તેડીને લાવો, ઘડી ન લગાડો વિલંબ રે;
અનુચર તેહને તેડીને લાવ્યો, સાર્થવાહની પાસ. જુઓ૦ ૭

વાત વિનોદ કરી સમજાવી, ભોળવી તે નારી રે;
સાર્થવાહે ઘરમાં બેસાડી, કર્મ તણી ગતી ન્યારી. જુઓ૦ ૮

કર્મ કરે તે કોઇ ન કરે, કર્મે સીતા નારી રે;
દમયંતિ છોડી નળ નાઠો, જુઓ જુઓ વાત વિચારી.
જુઓ૦ ૯

સુકુમાલિકાએ મનમાં વિમાસી, છોડયો સંજમ જોગ રે;
સાર્થવાહના ઘરમાં રહીને, ભોગવે નિત્ય નવા ભોગ.
જુઓ૦ ૧૦

ભાઈ પોતાના સંજમ પાળે, દેશ દેશાંતર ફરતા રે;
અનુક્રમે તેહના ઘરમાં આવ્યા, ઘેર ઘેર ગોચરી ફરતા જુ૦ ૧૧

મીઠા મોદક ભાવ ધરીને, મુનીને વહોરાવ્યા રે;
મુનિ પણ મનમાં વિસ્મય પામ્યા, સમતા શું મન લાવી.
જુઓ૦ ૧૨

કહે બ્હેની સાંભળ વીરા, શી ચિન્તા છે તુમને રે,
મનમાં હોય તે કહો મુજ આગળ, જે હોય તમારા મનમેં.
જુઓ૦ ૧૩

તારા જેવી એક બ્હેન અમારી, શુદ્ધો સંજમ પાળી રે;
મોટું ફળ કરીને પામી, તે મનમાં શું વિમાસી. જુઓ૦ ૧૪

સુકુમાલિકા કહે સાંભળ વીરા, જે બોલ્યા તે સાચું રે;
કર્મે લખ્યું તે મુજને થયું છે, તેમાં નહિં કાંઈ કાચું. જુ૦ ૧૫

---

ઢાળ ૩ જી

મનમાં સમજ્યા હોય ભ્રાત વડેરા એમ કહે,
સાંભળ બેની વાંત તે તો તું નવિ લહે,
નહિં કાંઈ તારો વાંક, પૂર્વ ભવ આંતરો,
નહિં કાંઈ તારો દોષ, રખે મન ધરો. ૧

આગળ સિધ્યા અનંત, સંજમથી લડથડયા,
તપને બળે વળી શીવમંદિરમાં તે ગયા,
આ સંસાર નાટક નવલો સહી,
તે દેખી મન રાચ્યો તુમે કાં શ્રીમતી. ૨

જેવો રંગ પતંગ કે સુખ સંસારનું,
ઝાકળ વરસ્યો પાન કે મોતી ઠારનું;
એમ મીઠે વચણે એની પ્રીતિ બુઝવી,
સંયમ લહી મન શુદ્ધ વૈરાગી મન રૂળી. ૩

સમેતશીખર ગિરનાર, આબુની જાત્રા કરી,
વળી શત્રુંજય ગિરીરાજ, તેણે ફરસી કરી,
વનમાં રહ્યા એકાંકી કે કાયા કેળવી,
વનચર જીવ અનેક તેને પ્રતિ બુઝવી. ૪

છઠ્ઠ અઠ્ઠમ ઉપવાસ આયંબિલ એકાસણું,
એમ તપ કરતાં કેઈ માસ, દીન કેટલા,
કર્મ રૂપી સુભટ હણ્યા તેણે તેટલા. ૫

એમ ઘોર તપ કરતાં કાયા થઈ દુબળી,
ન રહ્યું લોહી માંસ કે હાડ ગયા ગળી;
સંલેખણ એક માસનું અણુસણ આદરી,
એમ કરતાં સુકુમાલિકા આયુ પુરણ કરી. ૬

એમ ચારિત્ર આરાધી ત્રિકરણ યોગથી,
પહોંચી દેવલોકમાંહી અંતે શિવગતી લહી;
સુમતિવિજયનો શિષ્ય રામવિજય એમ કહે,
ઘેર ઘેર મંગળ માળા કે સુખ સંપત્તિ લહે. ૭

---

## ૧૧ શ્રી ચંદનબાળાની સજઝાય

કોસંબી નયરી પધારીયા, વહોરવા તે શ્રી મહાવીર,
અભિગ્રહ એમ ચીંતવ્યો, તમે શું જાણો જગદીશ,
હો સ્વામી બ્રાહ્મણીએ જાઉં હો સદ્‌ગુરૂ. ૧

વ્હોરંતા નિત દહાડલે, મુનિ ભમતાં ઘર ઘર બાર,
સુખડી ઘેબર ઢાંકી મેલ્યાં, એ તો મનમાં ન આણે લગાર.
હો સ્વામી બ્રાહ્મણીએ જાઉં હો સદ્‌ગુરૂ. ૨

રાજાના મહેલ લુંટી ગયા, લુંટી તે ચંપાપોળ,
નિજ સ્થાનક આવી રહ્યા, ત્યાંતો હાથી ઘોડાના ગંજ,
હો સ્વામી બ્રાહ્મણીએ જાઉં હો સદ્‌ગુરૂ, ૩

રાજાના મહેલ લુંટાઈ ગયા, લુંટી કરી ઘેર જાય,
સોપાલક મેડી ચડયો, ત્યાં તો દીઠાં છે ચંદનબાળા;
હો સ્વામી બ્રાહ્મણીએ જાઉં હો સદ્‌ગુરૂ. ૪

ચંદનબાલા ધારણી, હેઠા ઉતારી ત્યાંય;
ખંધે ચઢાવીને લેઇ ગયો;
એ તો બોલે છે કડવા બોલ. હો સ્વામી બ્રા૦ ૫

બાઈ તું મારે ઘેર ગોરડી, હું છું ત્હારો નાથ.
એવાં વચન જ્યારે સાંભળ્યાં,
ત્યારે ધારણીએ કીધો કાળ. હો સ્વામી બ્રા૦ ૬

જીભ કચરીને મરી ગઈ, મરતાં ન લાગી વાર,
એ તો મરી ગઈ તતકાલ. હો સ્વામી બ્રા૦ ૭

ખંધેથી હેઠા પડયા, ટળવળે તે ચંદનબાળ,
બાઈ તું મ્હારે ઘેર બેટડી, હું છું તાહરો તાત,
બાઈ ન કરીશ આપઘાત, હો સ્વામી બ્રા૦ ૮

ખંધે ચઢાવીને લેઈ ગયો, ઘેર છે ચેતા નાર,
જાઓ રે બજારમાં વેચવા;
ન કર બાઈશિ રાજ પોકાર. હો સ્વામી બ્રા૦ ૯

ખંધે ચઢાવીને લેઈ ગયો, વેચવા તે બજાર માંહી,
બજારમાંહી ઉભી કરી,
એને મુલવે કોશ્યાનાર. હો સ્વામી બ્રા૦ ૧૦

લાખ ટકા એ બાઈને મુલવે, મોં માગ્યાં તે આપે મૂલ,
લાખ ટકાના બાઈ અધ લાખ,
બાઈ તુમ ઘેર કેવો આચાર હો સ્વામી બ્રા૦ ૧૧

રાગ ઠાઠ બનાવવા, સજવા તે સોલ શણગાર,
હિંડોળા ખાટે હીંચવા,
અમ ઘેર ચાવવાં ચેલઇચાં પાન. હો સ્વામી બ્રા૦ ૧૨

મારો ભઠ પડયો અવતાર હો સ્વામી;
મેં ના સમર્યા ભગવંત હો સ્વામી;
મેં ન આરાધ્યા અરિહંત ઓ સ્વામી,
મેં તોડી પુન્યની પાળ હો સ્વામી બ્રા૦ ૧૩

આકાશે ઉભા દેવતા, સાંભળી એવા બોલ,
એને વિકુર્વ્યો વ્યંતર વાંદરા હો સ્વામી બ્રા૦ ૧૪

કાન નાક વઢુરીયા,
એ તો નાશી ગઇ તતકાળ, હો સ્વામી પ્રા૦ ૧૫

ખંધે ચઢાવીને લઈ ગયા, વેચવા તે બજાર માંહી,
ચૌટા માંહિ ઉભી કરી,
એને મુલવે સુદર્શન શેઠ. હો સ્વામી પ્રા૦ ૧૬

લાખ ટકાના ભાઇ અધલાખ,
ભાઇ તુમ ઘેર કેવો આચાર. હો સ્વામી પ્રા૦ ૧૭

પોસહ પડિક્કમણાં અતિ ઘણાં, આયંબિલનો નહિ પાર,
ઉપવાસ એકાસણાં નિત્ય કરવાં,
અમ ઘેર પાણી ગળવા ત્રણ વાર. હો સ્વામી પ્રા૦ ૧૮

મેં આરાધ્યા અરિહંત હો સ્વામી,
મેં સમર્યા ભગવંત હો સ્વામી.
મેં બાંધી પુન્યની પાળ. હો સ્વામી પ્રા૦ ૧૯

શેઠ વખારેથી આવીયા, ચંદનબાળા તે ધુવે શેઠના પાય,
મુળાએ મનમાં ચિંતવ્યું,
એ તો નારી કરીને રાખી હો સ્વામી. પ્રા૦ ૨૦

હાથે તે ઘાલ્યાં ડસકલાં, પગે તે ઘાલી હેડ,
મસ્તકે મુંડયા રે, વેણીના કેસ હો સ્વામી.
એમને ઘાલ્યાં છે ગુપ્ત ભંડાર. હો સ્વામી પ્રા૦ ૨૧

પહેલું તે દહાડું તિહાં થયું, કયાં ગઈ તે ચંદનબાળ,
સરખી સંહિયરોમાં ખેલવા.
એ તો ઘરમાં ન આવે લગાર. હો સ્વામી પ્રા૦ ૨૨

બીજો તે દહાડો તિહાં થયો, કયાં ગઇ તે ચંદનબાળ,
તમે એને મોઢે ચઢાવી મેલી,
એ તો કહ્યું ન માને લગાર. હો સ્વામી બ્રા૦ ૨૩

ત્રીજો તે દહાડો તિહાં થયો, કયાં ગઈ તે ચંદનબાળ,
તમે એને લાડવાઇ કરી મેલી,
એ તો સાતરમાં ન આણે લગાર હો સ્વામી બ્રા૦ ૨૪

ચોથું તે દહાડું તિહાં થયું, કયાં ગઈ તે ચંદનબાળ,
શેઠે કટારો કાઢીયો હવે મારીશ મારે પેટ હો સ્વામી;
મુળા નાશી ગઇ તતકાળ હો સ્વામી બ્રા૦ ૨૫

શેઠે પાડોશીને પૂછીયું, કયાં ગઇ તે ચંદનબાળ,
હાથે તે ઘાલ્યાં ડસકલાં, પગે તે ઘાલી હેડ,
મસ્તકે મુંડયા રે વેણીના કેશ. હો સ્વામી બ્રા૦ ૨૬

શેઠે તાળાં તોડીયાં, કાઢયાં તે ચંદનબાળ,
એમને બેસાડયાં ઉમરા માંય હો સ્વામી.
સુપડા ખુણે બાકુળા, બેસાડી ચંદનબાળ,
શેઠજી લવારને તેડવા જાય. હો સ્વામી બ્રા૦ ૨૭

છમાસીને પારણે, મુનિ ભમતા તે ઘેર જાય,
સઘળી જોગવાઇ તિહાં મલી,
પણ ન દીઠી આંસુની ધાર. હો સ્વામી બ્રા૦ ૨૮

ત્યાંથી તે પ્રભુ પાછા વળ્યા,
મારો ભઠ પડયો અવતાર હો સ્વામી;
મેં તોડી પુન્યની પાળ હો સ્વામી,

મેં ન સમર્યા ભગવંત હો સ્વામી.
મેં ન આરાધ્યા અરિહંત હો સ્વામી પ્રા૦ ૨૯

પાછું વાળીને જુવે તિહાં, દીઠી આંસુની ધાર,
સઘળી જોગવાઈ તિહાં મલી, ત્યાં તો વહોરાવે ચંદનબાળ;
વ્હોરાવી કરો તુમે પારણું,
તમારો સફળ થયો અવતાર. હો સ્વામી પ્રા૦ ૩૦

હાથે તે થયો સોનાનો ચુડલો, પગે તે થઈ સોનાની હેડ,
મસ્તકે થયા રે વેણીના કેશ હો સ્વામી.
સેંથો તે થયો મોતીની સેર. હો સ્વામી પ્રા૦ ૩૧

શેઠજી લુહાર તેડીને આવીયા, શું થયું તે ચંદનબાળ,
પિતા તમારે પસાય હો સ્વામી.
એટલે આવ્યા મુળા માય, શું થયું તે ચંદનબાળ,
માતા તમારે પસાય. હો સ્વામી પ્રા૦ ૩૨

દેશ દેશના રાજવી, ચંદનબાળાને વાંદવા જાય,
તિહાં કને બાર ક્રોડ બત્રીશની વૃષ્ટિ થાય હો સ્વામી.
તિહાં કને નાટારંભ ઘણા થાય હો સ્વામી.

તિહાં કને દેવતાઈ વાજાં વાગે હો સ્વામી.
તિહાં કને અઠ્ઠાઈ મહોત્સવ ઘણા થાય હો સ્વામી.
તિહાં કને લબ્ધિવિજય ગુણ ગાય હો સ્વામી પ્રા૦ ૩૩

—o—

## ૧૨ શ્રી કામલત્તાની સજઝાય

શી કહું કથની મારી રાજ, શી કહું કથની મારી,
મને કર્મે કરી મહીયારી રાજ શી૦ ૧

શીવપુરના માધવદ્વીજની, હું કામલત્તાભિધ નારી,
રૂપ કલા ભર યૌવન ભાઈ, ઉરવશી રંભા હારી રાજ શી૦ ૨

પારણે કેશવ પુત્ર પોઢાડી, હું ભરવા ગઈ પાણી,
શીવપુરી દુશ્મનરાયે ઘેરી,
હું પાણીયારી લુંટાણી રાજ શી૦ ૩

સુભટોએ નિજ રાયને સોંપી, રાયે કરી પટરાણી,
સ્વર્ગના સુખથી પણ પતિ માધવ,
વિસરી નહિ ગુણખાણિ રાજ શી૦ ૪

વરસ પંદરનો પુત્ર થયો તવ,
માધવદ્વીજ મુજ માટે, ભમતો યોગી સમ ગોખેથી;
દીઠો જાતાં વાટે રાજ, શી૦ ૫

દાસી દ્વારા દ્વીજને બોલાવી, દ્રવ્ય દેઈ દુઃખ કાપ્યું,
ચોદશ દિન મહાકાલી મંદિરમાં,
મલશું વચન મેં આપ્યું રાજ શી૦ ૬

કારમી ચુંકે ચીસ પોકારી, મહીપતિને મેં કીધું,
એકાકી મહાકાલી જાવા,
તુમ દુઃખે મેં વ્રત લીધું રાજ શી૦ ૭

વિસરી બાધા કોપી કાળી, પેટમાં પીડ થઈ ભારી,
રાય કહે એ બાધા કરશું,
તિક્ષણ ચુંક મટી મારી રાજ શી૦ ૮

ચૌદશને દીન રાજા રાણી એકાકી પગપાળે,
મહીપતિ આગળ ને હું પાછળ,
પહોંચ્યા બેઉ મહાકાલી રાજ શી૦ ૯

રાજાએ નિજ ખડગ વિશ્વાસે મારા કરમાં આપ્યું,
જબ નૃપ મંદિરમાંહી પેસે,
તવ મેં તસ શિર કાપ્યું રાજ શી૦ ૧૦

રાયને મારીને પતિને જગાડું, ઢંઢોળતાં નવિ જાગે,
નાગ ડસ્યો પતિ મરણ થયો તવ,
ઉભય ભ્રષ્ટ થઈ ભાગી રાજ શી૦ ૧૧

નાઠી વનમાં ચોરે લુંટી, ગુણીકાને ઘેર વેચી,
જાર પુરૂષથી જારી રમતાં,
કર્મની વેલ મેં સીંચી રાજ શી૦ ૧૨

માધવ સુત કેશવ પિતૃ શોધે, ભમી ગુણિકાને ઘેર આવે,
ધન દેખી જેમ દૂધ માંજરી,
ગુણિકાને મન ભાવે રાજ શી૦ ૧૩

ગુણિકાએ નિજ મુજને સોંપ્યો, જાણ્યું ન મેં લલચાવ્યો,
ધિક ધિક પુત્રથી જારી ખેલું,
કર્મે નાચ નચાવ્યો રાજ શી૦ ૧૪

જારી રમતાં કાલ વીત્યો કાંઇ, એક દીન કીધી મેં હાંસી,
કયાંના વાસી કયાં જવાના,
તવ તેણે અથ ઇતિ પ્રકાશી રાજ શી૦ ૧૫

દૃઢ મન રાખી વાત સુણી મેં, ગુહ્ય મેં રાખી મારી,
પુત્રરે કહ્યું તુમે દેશ સિધાવો,
મેં દુનિયા વિસારી રાજ શી૦ ૧૬

પુત્રને વળાવી કહ્યું ગુણિકાને, હા હા ધીક મુજ તુજને
મહા પાતિકની શુદ્ધિ માટે,
અગ્નિનું શરણ હો મુજને રાજ શી૦ ૧૭

સરિતા કાંઠે ચેહ સળગાવી, અગ્નિ પ્રવેશ મેં કીધો,
કર્મે નદી પુરમાં તણાણી,
અગ્નિએ ભોગ ન લીધો રાજ શી૦ ૧૮

જલમાં તણાતી કાંઠે આવી, આહિરે જીવતી કાઢી,
મુજ પાપીણીને સંઘરી ન નદીએ,
આહિરે કરી ભરવાડી રાજ શી૦ ૧૯

તે ભરવાડણ દહીં દૂધ લઇ, હું વેચવા પુરમાં પેઠી,
ગજ છુટ્યો કોલાહલ સુણીને,
પાણીયારી ને હું નાઠી રાજ શી૦ ૨૦

પાણીયારીનું કુટ્યું બેડું, ધ્રુસકે રોવા લાગી;
દહીં દૂધની મટુકી મમ પુટી,
હું તો હસવા લાગી રાજ શી૦ ૨૧

હસવાનું કારણ તેં પુછ્યું, વીરા અથ ઇતિ કીધું,
કેને ભોઉં ને કેને રોઉં હું,
દૈવે દુઃખ મને દીધું, રાજ શી૦ ૨૨

મહીયારીની દુઃખની કહાણી, સુણી મૂર્છા થઈ દ્વિજને,
મૂર્છા વળી તવ હા હા ઉચરે,
દ્વિજ કહે ધીક ધીક મુજને. રાજ શી૦ ૨૩

મા દીકરો બેઉ પસ્તાવો કરતાં, જ્ઞાની ગુરૂને મળીયા,
ગુરૂની દીક્ષા શિક્ષા પામી, ભવના ફેરા ટળીયા રાજ શી૦ ૨૪

એક ભવે ભવ બાજી રમતાં, ઉલટ સુલટ પડે પાસા,
નાના વિધ ભવોભવ સાંકળચંદ,
ખેલે કર્મ તમાસા રાજ શી૦ ૨૫

---

## ૧૩ શ્રી ગજસુકુમાલની સજઝાય

સોના કેરા કાંગરા રૂપા કેરો ગઢ રે,
કૃષ્ણજીની દ્વારિકામાં જોયાની રઢરે;
ચિરંજીવો કુંવર તુમે ગજસુકુમાલ રે,
પુરા પૂન્યે પામીયા રે. ૧

નેમિજિણંદ આવ્યા, વંદન આવ્યા ભાઈ રે;
ગજસુકુમાલ વીરા સાથે બોલાઈ રે. ચિરંજીવો૦ ૨

વાણી સુણી વૈરાગ્ય ઉપન્યો, મન મોહ્યું એમાં રે;
શ્રી જૈનધર્મ વિના સાર છે શેમાં રે. ચિરંજીવો૦ ૩

ઘેર આવી એમ કહે, રજા દિયો માતા રે;
સંયમ સુખે લહું જેથી, પામું સુખ શાતા રે. ચિં૦ ૪

મૂર્છાની મારી કુંવર, સુણી તારી વાણી રે;
કુંવર કુંવર કેતાં નથી, માતા આંખે પાણી રે. ચિ૦ ૫

હૈડાનો હાર વીરા, તજ્યો નવિ જાય રે,
દેવનો દીધેલો તુજ વિના, સુખ નવિ થાય રે. ચિ૦ ૬

સોના સરિખા વાળ તારા, કંચનવરણી કાયા રે;
એવી કાયા એક દિન, થાશે ધુળ ધાણી રે. ચિ૦ ૭

સંજમ ખાંડા ધાર, તેમાં નથી જરા સુખ રે;
બાવીશ પરિસહ, જીતવા દુક્કર રે. ચિ૦ ૮

દુઃખથી ભરેલો દેખું, સંસાર અટારો રે;
કાયાની માયા જાણી, પાણીનો પરપોટો રે. ચિ૦ ૯

જાદવ કૃષ્ણ કહે, રાજ્ય વીરા કરો રે;
હજારો હજાર ઉભા સેવક, છત્ર તુમને ધરે રે. ચિ૦ ૧૦

સોનાની થેલી કાઢો, ભંડારી બોલાવો રે;
ઓઘા પાતરા વીરા લાવો, દીક્ષા દિયો ભાઈ રે. ચિ૦ ૧૧

રાજ્ય પાટ વીરા હવે, સુખે તમે કરો રે;
દીક્ષા આપો મને ને, છત્ર તુમે ધરો રે; ચિ૦ ૧૨

આજ્ઞા આપી ઓચ્છવ કરે, દીક્ષા દિયે આપે રે;
દેવકી કહે વીરા, સંજમ ચિત્તે સ્થાપે રે. ચિ૦ ૧૩

મુજને તજીને વીરા, અવર માતા મત કીજે રે;
કર્મ ખપાવી ઈહ સવ, વેલી મુક્તિ લીજે રે; ચિ૦ ૧૪

કુંવર અંતે ઉર મેલી, સાધુ વેષ લીધો રે;
ગુરૂ આજ્ઞા લેઈને, શ્મશાને કાઉસ્સગ્ગ કીધો રે; ચિ૦ ૧૫

જંગલમાં જમાઈ જોઈને, સોમિલ સસરો કોપ્યો રે;
ખેરના અંગારા લેઈને, મસ્તકે ઠવ્યા રે. ચિ૦ ૧૬

મોક્ષ પાઘ બંધાવી, સસરાને દોષ નવિ દીધો રે;
વેદના અનંત સહી, સમતા રસ પીધો રે. ચિ૦ ૧૭

ધન્ય જન્મ ધર્યો તુમે, ગજસુકુમાલ રે;
કર્મ ખપાવી તુમે, હઈડે ધરી હામ રે. ચિ૦ ૧૮

વિનયવિજય કહે, એવા મુનિને ધન્ય રે;
કર્મનું બીજ બાળી, જીતી લીધું મન્ન રે. ચિ૦ ૧૯

## ૧૪ શ્રી એલાયચીકુમારની સજ્ઝાય

નામ એલાયચી પુત્ર જાણીએ, ધનદત્ત શેઠનો પુત્ર,
નટડી દેખીને મોહીયો, નવિ રાખ્યું ઘર સૂત્ર;
કર્મ ન છુટે રે પ્રાણિયા. (એ આંકણી) ૧

પૂરવ નેહ વિકાર, નિજ કુળ છંડી રે નટ થયો,
નાણી શરમ લગાર. કર્મ૦ ૨

માતા પિતા કહે પુત્રને, નટ નવિ થઈએ રે જાત,
પુત્ર પરણાવું રે પદ્મણી, સુખ વિલસો દિન રાત. કર્મ૦ ૩

કહેણ ન માન્યું રે તાતનું, પૂરવ કર્મ વિશેષ,
નટ થઈ શીખ્યો રે નાચવા, ન મટે લખિયા રે લેખ. કર્મ૦ ૪

એકપુર આવ્યો નાચવા, ઉંચો વાંસ વિશેષ,
તિહાં રાય જોવાને આવિયા, મળિયા લોક અનેક. કર્મ૦ ૫

ઢોલ બજાવે નટવી, ગાવે કિન્નર સાદ,
પાય તળે ઘુઘરા ઘમઘમે, ગાજે અંબરનાદ. કર્મ૦ ૬

હોય પગ પહેરી રે પાવડી, વંશ ચઢયા ગજગેલ,
નોંધારો થઈ નાચતો, ખેલે નવ નવા ખેલ. કર્મ૦ ૭
નટડી રંભારે સારિખી, નયણે દેખેરે જામ;
જો અંતેઉરમાં એ રહે, જનમ સફળ મુજ તામ. કર્મ૦ ૮
ઈમ તિહાં ચિંતે રે ભૂપતિ, લુબ્ધ્યો નટવીની સાથ;
જો નટ પડે રે નાચતો, તો નટડી કરૂં મુજ હાથ. કર્મ૦ ૯
કર્મ વશે રે હું નટ થયો, નાચું છું નિરાધાર;
મન નવિ માને રે રાયનું, તો શું કરવો વિચાર. કર્મ૦ ૧૦
દામ ન આપે રે ભૂપતિ, નટે જાણી તે વાત;
હું ધન વાંછું છું રાયનું, રાય વાંછે મુજ ઘાત. કર્મ૦ ૧૧
દાન લહું જો રાયનું, તો મુજ જીવિત સાર;
ઇમ મનમાંહે રે ચિંતવી, ચઢિયો ચોથી રે વાર. કર્મ૦ ૧૨
થાળ ભરી શુદ્ધ મોદકે, પદ્મણી ઉભી છે બાર;
લ્યો લ્યો કહે છે લેતા નથી, ધન ધન મુનિ અવતાર. કર્મ૦ ૧૩
એમ તિહાં મુનિવર વહોરતા, નટે દેખ્યા મહાભાગ;
ધિગ ધિગ વિષયારે જીવને, ઇમ નટ પામ્યો વૈરાગ. કર્મ૦ ૧૪
સંવર ભાવે રે કેવળી, થયો તે કર્મ ખપાય;
કેવળ મહિમારે સુર કરે, લબ્ધિવિજય ગુણ ગાય. કર્મ૦ ૧૫

## ૧૫ શ્રી સુબાહુકુમારની સજ્ઝાય

હવે સુબાહુકુમાર એમ વિનવે, અમે લેઇશું સંજમભાર,
માડી મોરીરે,
મા મેં વીર પ્રભુની વાણી સાંભળી;
તેથી મેં જાણ્યો અથીર સંસાર, ૧

માડી મોરીરે, હવે હું નહિ રાચું આ સંસારમાં.
અરે જાયા, તુજ વિના સુનાં મંદિર માળીયાં,
તુજ વિના સુનોરે સંસાર, જાયા મોરારે,
કાંઇ માણેક–મોતી–મુદ્રિકા, કાંઇ ઋદ્ધિ તણો નહિ પાર;
જાયા મોરારે, તુજ વિના ઘડી એક ન નિસરે. ૨

અરે માડી તન ધન જોબન કારમું, કારમો કુટુંબ પરિવાર;
માડી મોરી રે, કારમા સગપણમાં કોણ રહે,
એ તો જાણ્યો અથિર સંસાર, માડી મોરીરે૦ ૩

અરે જાયા સંયમ પંથ ઘણો આકરો, જાયા વ્રત છે ખાંડાની ધાર;
જાયા મોરારે, બાવીસ પરિષહ જીતવા, જાયા રહેવું છે વનવાસ;
જાયા મોરારે, તુજ વિના ઘડી એક ન નિસરે. ૪

અરે માજી, વનમાં રહે છે મૃગલાં;
તેની કોણ કરેરે સંભાળ, માડી મોરીરે.
વન મૃગલાં પેરે ચાલશું, અમે એકલડા નીરધાર.
માડી મોરીરે, હવે હું નહિ રાચું આ સંસારમાં. ૫

હાંરે માજી નરક નિગોદમાં હું ભમ્યો, ભમ્યો ભમ્યો–અનંતી વાર;
માડી મોરીરે, છેદન ભેદન મેં ત્યાં સહ્યાં,

તે કહેતાં નાવે પાર,
માડી મોરીરે હવે હું નહિ રાચું આ સંસારમાં. ૬

અરે જાયા તુજને પરણાવી પાંચસેં નારીઓ,
રૂપે અપચ્છરા સમાન, જાયા મોરારે,
ઉંચા તે કુલમાં ઉપની, રહેવા પાંચસેં પાંચસેં મહેલ,
જાયા મોરારે. તુજ૦ ૭

હાંરે માડી ઘરમાં જો એક નીકલે નાગણી,
સુખે નિંદ્રા ન આવે લગાર,
માડી મોરીરે, પાંચસેં નાગણીઓમાં કેમ રહું,
મારૂં મન આકુલ વ્યાકુલ થાય માડી મોરીરે. હવે૦ ૮

હાંરે જાયા આટલા દિવસ હું તો જાણતી,
રમાડીશ વહુરોનાં બાલ,
જાયા મોરારે, દિવસ અટારો હવે આવીયો,
તું તો લે છે સંયમભાર, જાયા મોરારે. તુજ૦ ૯

હાંરે માજી મુસાફર આવ્યો કોઇ પરૂણલો,
ફરી ભેગો થાય ન થાય, માડી મોરીરે,
એમ મનુષ્ય ભવ પામવો દોહીલો,
ધર્મ વિના દુરગતિમાં જાય, માડી મોરીરે. હવે૦ ૧૦

હવે પાંચસેં વહુરો એમ વીનવે, તેમાં વડેરી કરેરે જવાબ,
વાલમ મોરારે, તુમે તો સંયમ લેવા સંચર્યા,
સ્વામી અમને કોનો છે આધાર, વાલમ મોરારે,
વાલમ વિના કેમ રહી શકું. ૧૧

હાંરે માજી માત પિતાને ભાઇ બેનડી,
નારી કુટુંબ ને પરિવાર, માડી મોરીરે,
અંત વેલાએ સહુ અળગા રહે,
એક જૈનધર્મ તરણ તારણ હાર, માડી મોરીરે. હવે૦ ૧૨

હાંરે માજી કાચી કાયા તે કારમી,
સડી પડી વીણસી જાય, માડી મોરીરે;
જીવડો જાયે ને કાયા પડી રહેશે.
મુવા પછી બાળી કરે રાખ, માડી મોરીરે. હવે૦ ૧૩

હવે ધારણી માતા એમ ચિંતવે, આ પુત્ર નહીં રહેરે સંસાર,
ભવીક જનરે, એક દીવસનું રાજ્ય ભોગવી,
લીધો સંયમ મહાવીર સ્વામીની પાસ,
ભવીક જનરે, સોભાગી કુંવરે સંયમ આદર્યું. ૧૪

તપ જપ કરી કાયા શોષવી,
આરાધી ગયા દેવલોક, ભવીક જનરે,
પંદરે ભવ પુરા કરી, જાશે મહાવીદેહક્ષેત્ર મોઝાર,
ભવીક જનરે, સોભાગ્યવિજય ગુરૂ એમ કહે ૧૫

હાંરે માજી વિપાકસૂત્રમાં ભાખીયું, બીજા સૂત્ર અખંડ મોઝાર;
ભવિક જનરે, પ્રથમ અધ્યયને એ કહ્યું, સૂત્ર વિપાકમાં અધિકાર,
ભવિક જનરે, સોભાગી કુંવરે સંયમ આદર્યો. ૧૬

---

## ૧૬ શ્રી દ્વારિકા નગરીની સજઝાય

દોહા-દોનું બંધવ આરડે, દુઃખ ધરતાં મન માંહે;
બલતી દેખો દ્વારિકા, કીજે કવણ ઉપાય, ૧

રતન ભીંત સોવન તણી, તેહ બલે તત્કાલ;
સોવન થંભા કાંગરા, જાણે બલે પરાલ. ૨

ઢાલ—બલતી દ્વારિકા દેખી રે ભાઇ, ઘણા થયા દિલગીર રે,
છાતી તે લાગી ફાટવા રે ભાઈ, નયણે વછુટયાં નીરરે,
માધવ ઈમ બોલે, ૧

બે બંધવ મલીને તીહાં રે ભાઇ, વાત કરે કરૂણાય,
દુઃખ સાલે દ્વારિકા તણું રે ભાઇ, અબ કીજે કવણ ઉપાયરે.
માધવ૦ ૨

કિહાંરે દ્વારિકાની સાહ્યબીરે ભાઇ, કિહાં ગજંદરનો ઠાઠ,
સજ્જનનો મેળો કિહાં રે ભાઇ, ક્ષણમાં હુઆ ઘણા ઘાટ રે.
માધવ૦ ૩

હાથી ઘોડા રથ બલે રે ભાઈ, બેતાલીસ બેતાલીસ લાખ,
અડતાલીસ કોડ પાલા હતારે ભાઈ, ક્ષણમાં હુઈ ગયા રાખરે.
માધવ૦ ૪

હલધરને હરજી કહે રે ભાઈ, ધિગ કાયરપણું મોય,
નગરી બલે મુજ દેખતાંરે ભાઈ, જોર મુજ ન ચાલે કોયરે.
માધવ૦ ૫

નગરી બલે મુજ દેખતાંરે ભાઈ, રાખી ન શકું રે જેમ,
ઈંદ્ર ધનુષ મેં ચઢાવીયું રે ભાઈ, એ બલ ભાગ્યું કેમ રે.
માધવ૦ ૬

જેણી દીશે જોતા તિણી દિસે રે ભાઈ, સેવક સહસ સહસ અનેક
હાથ જોડી ઉભા ખડા રે ભાઈ, આજ ન દીસે એક રે,
માધવ૦ ૭

મોટા મોટા રાજવી રે ભાઇ, શરણે રહેતા આય,
ઉલટો શરણો તાકીઓ રે ભાઇ, વેરણ વેલા આય રે.
માધવ૦ ૮

બાદલ બીજ તણી પરે રે ભાઈ, બુદ્ધિ બદલાયે સોય,
ઇણ દોહીલીમાં આપણો રે ભાઇ, સગો ન દીસે કોય રે.
માધવ૦ ૯

મહેલ ઉપગરણ આયુધ બલે રે ભાઇ, બળે સહુ પરિવાર,
આ આપદા પુરી પડી રે ભાઈ, કીજે કવણ વિચાર રે
માધવ૦ ૧૦

વળતાં હળધર ઇમ કહે રે ભાઇ, પ્રગટયાં પૂર્વનાં પાપ,
બીજું તો સઘળું રહ્યું રે ભાઈ, માંહિ બળે માયને બાપરે.
માધવ૦ ૧૧

દોનું બાંધવ માંહે ધસ્યા રે ભાઇ, નગરીમાં ચાલ્યા જાય,
રથ જોડી તિણે સમે રે ભાઇ, માંહે ઘાલ્યા માતને તાત રે.
માધવ૦ ૧૨

દોનું બાંધવ જુતિયા રે ભાઈ, આવ્યા પોળની માંય,
દોનું બાંધવ બહાર નીકળ્યારે ભાઇ, દરવાજે પડિયો આયરે,
માધવ૦ ૧૩

પાછું વાળી જુએ તિહાં રે ભાઇ, ઘણા થયા દિલગીર,
છાતી તે લાગી ફાટવા રે ભાઈ, નયણે વછુટયાં નીર રે.
માધવ૦ ૧૪

હળદરને હરજી કહે રે ભાઇ, સાંભળ બાંધવ વાત,
કિણ દીશી આપણે જાઈશું રે ભાઈ, તે દિશ મોય બતાયરે.
માધવ૦ ૧૫

વચન સુણી માધવ તણાં રે ભાઇ, હળધર બોલે એહ,
પાંડવ ભાઇ કુંતા તણા રે ભાઇ, અબ ચાલો તેહને રે ઘેર.
માધવ૦ ૧૬

વયણ સુણી હળધર તણા રે ભાઇ, માધવ બોલે એમ,
દેશવટો દેઇ કાઢીયારે ભાઇ, તે ઘર જાઉં રે કેમ? મા૦ ૧૭
વલતાં હળધર ઇમ કહે રે ભાઇ, દેખી હોશે દિલગીર,
તે કિમ અવગુણ આણશે રે ભાઇ, ગિરૂઆ ગુણગંભીર રે.
માધવ૦ ૧૮

તેં તેહનાં કારજ કિયાં રે ભાઇ, ધાતકીખંડમાં જાય,
દ્રૌપદી સોંપી આણીને રે ભાઇ, તે કેમ ભુલશે ભાયરે. મા૦ ૧૯
અહંકારી શિર શેહરો રે ભાઈ, એહવી સંપદા પાય;
તે નર પાળા ચાલીયા રે ભાઇ, આપદા પડી બહુ આય રે.
માધવ૦ ૨૦

પાંડવ મથુરા પ્રગટી જિહાં રે ભાઇ, અગ્નિખુણ સમુદ્રતીર;
તે નગરી ભણી ચાલીયા રે, ભાઇ બાંધવ બેહુ સુધીર રે,
માધવ૦ ૨૧

જે નર શય્યાયે પોઢતા રે ભાઈ, તે નર પાળા હોય;
કરજોડી વિનયવિજય એમ ભણે રે, ભાઇ આ જગ એવું
જોય. માધવ૦ ૨૨

## ૧૭ શ્રી માનવિજયજી કૃત દશ ચંદરવાની સાજ્ઝાય

### ઢાળ ૧લી ॥ દેશી ચોપાઇ ॥

સમરી સિદ્ધ અનંત મહંત, કેવલજ્ઞાની સિદ્ધિ વરતંત;
ચંદરવા ઘરમાં દશ ઠામ, તેહ તણાં કહું સુણજો નામ. ૧

ભોજન પાન પીષણુ ખાંડણે, શય્યા સંઝેરે અન્ન તણે;
દેરાસર સામાયક જાણુ, છાશ દહિં વિગયાદિક ઠામ. ૨

ચુલા ઉપર ચતુર સુજાણુ, ચંદરવો બાંધો ગુણ ખાણ;
તેહ તણાં ફલ સુણજો સહુ, શાસ્ત્રાંતરથી જાણી કહું, ૩

જંબુદ્વીપ ભરત મંડણો, શ્રીપુર નગર દુરિત ખંડણો,
રાજ કરે શ્રી જિન મહારાજ, તસ નંદન કુષ્ટિ દેવરાજ. ૪

ત્રિક ચોક ચાચરને ચોતરે, પડહ વજાવી એમ ઉચ્ચરે;
કોઢ ગમાવે નૃપ સુત તણો, અર્ધરાજ દેઉં તસ આપણો. ૫

જસાદિત્ય વ્યવહારી તણી, એણી પેરે કુંવરી સબલી ભણી;
પડહ છબી તેણે ટાળ્યો રોગ, પરણ્યાં તે બહુ વિલસે ભોગ ૬

અભિનંદનને આપી રાજ, દીક્ષા લહે રાજા જિનરાજ;
દેવરાજ હુઆ મહારાજ, અન્ય દિવસ આવ્યા મુનિરાજ. ૭

સુણી વાત વંદન સંચર્યો, હય ગય રથ પાયક પરવર્યો;
અભિગમ પાંચે તિહાં અનુસરી, નૃપ બેઠો શ્રુતવંદન કરી. ૮

સુણી દેશના પૂછે વાત, વિલસી સાત વરસ જે વ્યાપ;
કિમ કુંવરી કર ફરસે ટલી, કિમ કરપીડ ન એહ શું વલી. ૯

જ્ઞાની ગુરૂ કહે સુણ તું ભુપ, પૂરવ ભવનો એહ સ્વરૂપ;
મિથ્યામતિ વાસીત પ્રાણીયો, દેવદત્ત નામે વાણીયો. ૧૦

મહેશ્વરી નંદન તસ સુત ચાર, લઘુ બંધવ તું તેહ મઝાર,
કુડ કપટ કરી પરણી હુઆ, મૃગ સુંદરી શ્રાવકની ધુઆ. ૧૧
લઘુ વયથી તેણીને નિયમ, જિનવંદન વિણુ નવિ ભુંજિમ;
શુભ ગુરૂને વલી દેઇ દાન, રાત્રિભોજનનું પચ્ચક્ખાણુ ૧૨
પરણીને ઘરે તેડી વહુ, રાતે જમવા બેઠા સહુ,
મૂળા મોઘરીને વંતાક, ઇત્યાદિક તિહાં પીરસ્યાં શાક. ૧૩
તેડે વહુ જમવા પાંતમાં, તે કહે હું ન જમું જિહાં લગે આતમા;
સસરો કહે તુંમ પડ ફંદમાં, મત વાહો જિનવર મહાત્મા. ૧૪
ત્રણુ દિવસ કીધા ઉપવાસ, ચોથે દિન ગઇ મુનિવર પાસ;
વાંદી કહે નિશિ ભોજન તજું, કિમ જિનચરણકમલને ભજું.
કિણી પરે દઉં મુનિવરને દાન, મિથ્યામતિ ઘરમાં અસમાન. ૧૫

---

## ઢાળ ૨ જી

શાસ્ત્ર વિચારી ગુરૂ, કહે રે, સુણુ મૃગસુંદરી બાલ; ચૂલા ઉપર ચંદ્રવો રે, તું બાંધે ચોસાલ રે; લાભ અછે ઘણો ॥ ૧ ॥ પંચ તીર્થદિન પ્રતે કરે રે, શત્રુંજય ગિરનાર; આબુ અષ્ટાપદ વલીરે, સમેતશિખર શિરદારોરે; લાભ૦ ॥ ૨ ॥ પાંચ મુનિવરને ભાવથી રે, પડિ લાભે જેહ, તેટલો ફલ તું જાણજે રે, એક ચંદ્રોદય સારોરે, લાભ૦ ॥ ૩ ॥ ગુરૂ વાંદી નિજ ઘેર જઇરે, ચૂલા ઉપર ચંગ, ચંદ્રોદય તેણે બાંધિયોરે, જીવદયા મન રંગરે, લાભ૦ ॥ ૪ ॥ સસરે નિજ સુતને કહ્યું રે, દેખી તેણે તત્કાલ, તુંજ કામિની કામણ-કીયારે, તેણે તે નાખ્યો જવાલરે લાભ૦ ॥ ૫ ॥ વલી વલી

બાંધે કામિનીરે, વલી વલી જવાલેરે કંત; સાત વાર એમ જવાલીઓરે, ચંદ્રોદય તેણે તંતરે, લાભ૦ ॥ ૬ ॥ સસરો કહે શું માંડીયો રે, એ ઘર માંહે ધંધ, સ્યો ચંદુઓ શ્યું કરે રે; નિશિ ભોજન તુમે મંડારે, લાભ૦ ॥ ૭ ॥ સા કહે જીવ જતના ભણીરે, એ સઘલો પ્રયાસ, નિશિ ભોજન હું નવિ કરૂં રે, જો કાયામાં શ્વાસરે, લાભ૦ ॥ ૮ ॥ શેઠ કહે નિશિ ભોજન કરો રે, તો રહો અમ આવાસ; નહિ તો પીઅર પહોંચજો રે, તુમ શ્યું શ્યો ઘર વાસરે, લાભ૦ ॥ ૯ ॥ સા કહે જેમ જન પરવર્યારે, તેડી લાવ્યારે ગેહ, તિમ મુજ પરિવારે પરવર્યારે, પહોંચાડો સસનેહ રે. લાભ અછે ઘણો. ॥૧૦॥

---

## ઢાળ ૩ જી

(કપુર હોયે અતિ ઉજળો રે—એ દેશી)

દેવદત્ત વ્યવહારીઓરે, આણી મનમાં રીશ; વોળાવણ ચાલીઓરે, લઈ સાથે જગીશોરે, પ્રાણી જીવદયા મન આણ, એ સઘલી જિનની વાણીરે, પ્રાણી૦ ॥ ૧ ॥ ધર્મરાય પટ્-રાણીરે, એ આપી ક્રોડી કલ્યાણી રે, પ્રાણી જીવ૦ ॥ ૨ ॥ અનુક્રમે મારગ ચાલતાં રે, શેઠ સહોદર ગામ, જામિની જમવા તેડીઆરે, તે તેણે નિજ ધામરે પ્રાણી જીવ૦ ॥ ૩ ॥ ન જમે શેઠ તે વહુ વિનારે, વહુ પણ ન જમે રાત; સાથે સર્વે નવિ જમ્યાં રે, વાધી બહુલી રાતરે પ્રાણી૦ ॥ ૪ ॥ શેઠ સગાં રાતે જમ્યાં રે, મરી ગયાં તે આપ, ચોખા ચરૂમાં દેખીઓ રે, રાતે રંધાણો સાપરે ,પ્રાણી જીવ૦ ॥ ૫ ॥ શેઠ કહે અમ કુલ તણી રે, તું કુલ દેવી માય,

કુટુંબ સહુ જીવાડીયો રે, એમ કહી લાગ્યો પાય રે પ્રાણી૦ ॥ ૬ ॥ નવકાર મંત્ર ભણી કરીરે, છાંટીયાં સહુને નીર, ધર્મ પ્રભાવે તે થયા રે, ચેતન સઘલા જીવરે પ્રાણી જીવ૦ ॥ ૭ ॥ મૃગસુંદરી પ્રતિ બુઝવ્યો રે, શેઠ સયલ વડ ભાગ; જિનશાસન દીપાવીઓ રે, પામી તે સયલ સોભાગ રે પ્રાણી૦ ॥ ૮ ॥ રયણી ભોજન પરિહર્યા રે, ચંદ્રુવા સુવિશાલ; ઠામ ઠામ બંધાવીઆ રે, વર્ત્યો જયજયકાર રે પ્રાણી જીવ૦ ॥ ૯ ॥ ચુલ્લક ઘરંટી ઉખલો રે, ત્રસની સમાર્જની જેહ, પાણીઆરૂં એ ઘર કેરૂં રે, પાંચે આ ખેટક એહરે પ્રાણી૦ ॥ ૧૦ ॥ પાંચ આ ખેટક દિન પ્રત્યે કરે રે, કરતાં પાતક જેહ; ચૂલા ઉપર ચંદ્રુઓ રે, નવિ બાંધે તસ ગેહરે પ્રાણી૦ ॥ ૧૧ ॥ સાત ચંદ્રુઆ બાલીઆ રે, તેણે કારણ ભવ સાત, કોઢ પરા ભવ તેં સહ્યાં રે, ઉપર વરસ સાતરે પ્રાણી૦ ॥ ૧૨ ॥ જ્ઞાની ગુરૂ મુખથી સુણીરે, પૂર્વભવ વિસ્તાર, જાતિસ્મરણ ઉપન્યું રે, જાણ્યો અથિર સંસાર રે પ્રાણી૦ ॥ ૧૩ ॥ પંચ મહાવ્રત આદરી રે, પાલી નિરતિચાર; સ્વર્ગે સિધાવ્યા દંપતિ રે, જિહાં માદલના ધોંકારરે પ્રાણી૦ ॥ ૧૪ ॥ સંવત સત્તર આડત્રીસ સમેરે, વદિ દશમી બુધવાર; રત્નવિજય ગણિવર તણો રે, એ રચિયો અધિકાર રે પ્રાણી૦ ॥ ૧૫ ॥ તપગચ્છ નાયક સુંદરૂ રે, શ્રી વિજયપ્રભસુરિંદ, કીર્તિવિજય વાચક તણો રે, માનવિજય કહે શિષ્ય રે. પ્રાણી૦ ॥ ૧૬ ॥

(ઉપરના ચૂલાદિક પાંચે વસ્તુ અજયણાદિકથી વાપરે તો પાંચ ખાટકી જેટલું પાપ લાગે છે.)

---

# ૧૮ શ્રી વજ્રસ્વામીની સજ્ઝાય

## ઢાળ પહેલી

( દેશ મનોહર જાળવો–એ રાગ )

અરધ ભરતમાંહિ શોભતો, દેશ અવંતી ઉદારો રે;
વસવા સ્થાનક લચ્છિનો, સુખીયો લોક અપારો રે. અરધ૦ ૧

ઇભ્યપુત્ર ધરમાતમા, ધનગિરી નામ સુહાવે રે;
કાયા મન વચને કરી, ધરમી ઓપમ પાવે રે. અરધ૦ ૨

અનુક્રમે યૌવન પામીયો, યોગી જિમ ઉપશમ ભરીઓ રે;
માતપિતા સુત કારણે, વિવાહનો મત ધરીઓ રે અરધ૦ ૩

તૃપતો ભોજનની પરે, માત પિતાને વારે રે,
દિક્ષા લઇશિ હું સહી, બીજું કામ ન મ્હારે રે. અરધ૦ ૪

કન્યા માત પિતા ભણી, વાર્યો ધનગિરી ધર્મી રે,
કોઇ ન દેશો મુજને સુતા, હું છું નહી ભોગ કર્મી રે અરધ૦ ૫

તત્ત્વાતત્ત્વ વિમર્શથી, તેહના તે માવિત્રો રે;
સુતનને નિષેધે હઠ કરી, જિનહર્ષ જેહ પવિત્રો રે. અરધ૦ ૬

---

## ઢાળ ૨જી

( તિહાં મોટાંને છોટાં થલ ઘણાં–એ દેશી )

શેઠ ધનપાલની નંદની, નામે સુનંદા સુરૂપ રે;
ધનગિરી વિણ પરણું નહીં, બીજો વર કોઇ અનુપ રે. શેઠ૦ ૧

માતપિતાએ અણુવાંછતો, પરાણે પરણાવીઓ તાસ રે,
ભોગ કર્મે સુખ ભોગવે, તિવ્ર વાધે નહીં આસરે. શેઠ૦ ૨

સુર ભવ થકી કોઈ દેવતા, પુણ્યથી ચવી તિણ વાર રે;
હંસ માનસ સર જિમ લિયો, તાસ કુખે અવતાર રે. શેઠ૦ ૩
ગર્ભવંતી થઇ જાણી ને, ધનગિરી આપણી નાર રે;
જો હવે આપે પ્રિયા આજ્ઞા, આદરૂ સંયમ ભાર રે. શેઠ૦૪
કર્મ યોગે હું તો માહરે, એટલા દિન અંતરાય રે;
હવે વ્રત લેઇ સફલો કરૂં, નરભવ ફોગટ જાય રે. શેઠ૦ ૫
વચન સુણી ભરતારના, કહે તિણી વાર તે નાર રે;
એ જિનહર્ષ તુમ્હેં શું કહ્યું, માહરા પ્રાણ આધાર રે. શેઠ૦૬

---

ઢાળ ૩ જી (નગરી ઉજ્જેણીરે નાગદત્ત શેઠ વસે–એ રાગ)

નારી સુનંદા રે રોતી ઇમ કહે, સુણો પ્રીતમ મુજ વાત;
નર વિણુ નારી રે પીઉ શોભે નહીં, ચંદ્ર વિણા જિમ રાત.
નારી૦ ૧
હજીય સમય રે કોઇ આવ્યો નહીં, સુત પુત્રીને સંતાન,
ભારીયે ભર્મે રે જાઓ મૂકીને, કિણ લ્હેસ્યો રે સન્માન.
નારી૦ ૨
પુત્ર નિહાલો રે પ્રિતમ આપણો, પુરો તેહના રે કોડ;
મોટો થાવે રે તુજને સુખ થશે, થાયે તુમારી રે જોડ.
નારી૦ ૩
ધર્મ કરતાં રે વારીજે નહીં, પણ જોવો ઘર સુત;
હું તો નારી રે અબલા શું કરૂં, હજીય ઉદર મારે સુત.
નારી૦ ૪

દુઃખણી મૂકીરે મુજને એકલી, કિમ જાશો મોરા કંત;
ભલા ન દીસો રે નારી છોડતાં, સાંભળો તુમે ગુણવંત.
નારી૦ ૫

રાખીશ તુજને રે પાલવ ઝાલીને, સુખ ભોગવી મુજ સાથ;
સંયમ લેજોરે અનુમતિ માહરી, કરી જિનહર્ષ સનાથ.
નારી. ૬

---

ઢાળ ૪ થી ( જીમ જીમ એ ગીરી સેવીએરે—એ રાગ )

જિમ તિમ કરી સમજાવી નારીનેરે, સિંહગિરી ગુરૂજીની પાસરે;
આર્ય સુમતિ ભાઈ નિજ નારીનો, સહાધ્યાયી હુઓ તાસરે
વૈરાગી. જિમ૦ ૧

સુત્ર અરથ સઘળો સંગ્રહ્યો, કેડીએ સુનંદા નારી રે વૈરાગી;
સુખે સમાધે ગર્ભને પાલતી, દિન થયા પૂર્ણ તે વારરે
વૈરાગી. જિમ૦ ૨

સુદિન સુનંદા નંદન જનમીઓ, જિમ પૂરવ દિશી ભાણુરે; વ.
ઉત્તમ લક્ષણ ગુણે કરી પૂરીઓ, પ્રગટી સુખની ખાણ રે
વૈરાગી. જિમ૦ ૩

મંગલ ગીત જનમનાં ગોરડી, ગાવે જિણેરે સાદરે વૈરાગી.
દેવભુવન જાણે દેવાંગના, સૂનંદા તણે રે પ્રાસાદ રે
વૈરાગી. જિમ૦ ૪

ફરસી ફરસી અંગ કુમર તણો, ઇણી પરે બોલે નારીરે વૈરાગી;
પહિલો તાહરો તાત ઘરે નહીં, સંયમ કેરે રે મારગ રે
વૈરાગી. જિમ૦ ૫

તો તાહરો જનમ ઓચ્છવ બહુ પરે, હોત સહીશું રે બાલરે, વૈ.
નારી સાધના નર વિણસ્યું કરે, કરે જિનહર્ષ પ્રતિપાલરે
વૈરાગી. જિમ૦ ૬

---

ઢાળ ૫ મી (જંબુદ્વિપ મોઝારે પૂર હથિણા ઉરે—એ રાગ)

સાંભળી વનિતાના બોલ ઉહાપોહથી, જાતિ સ્મરણ ઉપનોએ,
હવે બાલક મનમાંહે એહવું ચિંતવે, ચારિત્ર લઇ થાઉં એક
મનોએ. ૧

મુજ ગુણ દેખી માત મુનીને દે નહીં, દ્વેષ ઉપજાવું માયને એ;
રૂદન કરે નિશદીશ રાખ્યો રહે નહીં, રાખે હાલરડું ગાઈનેએ. ૨

પાલણુડે પોઢાવી હિંડાલે ઘણું, મીઠા બોલ સુણાવતી એ;
સુઇ ન શકે કિણીવાર કામ ન કરી શકે, સુખ પામે નહીં એક
રતીએ. ૩

વહી ગયા ઇમ ષટમાસ તેહને રોવતાં, તાસ સુનંદા ચિંતવે એ;
પુત્ર જણ્યો સુખ કાજે જાણ્યું પાલશેએ, બાળશે મુજને
હવેએ. ૪

હમણાં થાએ દુઃખ શું કરસ્યે આગેએ, ખરે સંતાપે મુજ ભણીએ;
એ સુતથી જાણું મ્હારે મનમાંહે, મુજથી સુખિણી વાંઝણીએ. ૫

ઈણ અવસર મુનીરાય ધનગિરી આદિક, શ્રી સિંહગીરી તિહાં આવીયાએ;
સમવસર્યા ઉદ્યાન બહુ પરિવારશું, કહે જિનહર્ષ સુહાવીયાએ. ૬

---

ઢાળ ૬ ઠી ( સકલ કુશલ કમલાનું—એ રાગ )

ધનગિરી આર્ય સમિત સંઘાતે, નમિ શ્રી ગુરૂના પાય;
સંસારીક વંદાવા કાજે, ગુરૂ પૂછે મુનિરાયારે.
મુનિવર સુણજો વચન વિચાર૦ ૧

શુકન કાંઈક તત્કાલ વિચારી, વાણી કહે ગણધારરે; મુનિ
લાભ હોશે તુમને આજ મોટો, તિહાં જાતાં ઋષિરાય;
અચિત સચિત જે મિલે તુમને, તે લેજ્યો ચિત્ત લાયરે. મુનિ૦ ૨

પહોંચ્યા ઘેર સુનંદા કેરે, હોય મુનિવર તેહ,
દેખી તાસ સાહેલી ભાખે, ધનગિરી આયા એહરે. મુનિ૦ ૩

બહેની સાંભળને તું વાત, બાપ ભણી બહુ આદર કરીને,
આપ પુત્ર દુઃખદાયિ;
રાત દિવસ તુજને સંતાપે, શાતા નહિં તુજ કાંઈરે, બ્હેની૦ ૪

નારી સુનંદા પણ દેખી ને, સુત વેદન પીડાણી;
પુત્ર લેઈને ધનગિરી આગે, બોલે મીઠી વાણી રે. મુની૦ ૫

એટલા દિવસ લગે એ બાળક, દુઃખે કરી મેં પાલ્યો;
મુજ જિનહર્ષ ઈણે સુત વઈરી,દુઃખ ઘણો દેખાડયો રે. મુનિ૦ ૬

---

ઢાળ ૭ મી ઢાળ–બિંદલિની

કહે સુનંદા નારી, તુમે તો નિસ્પૃહ અણગારી રે હો
ઋષિજી પુત્ર ગ્રહો.
પીતા ન પીઇઇ સુતથી,ઉતારે ન હેત ચિત્તથી હો. ઋષિ૦ ૧
મુખ મલકે ધનગિરી ભાખે,ગુરૂ વચન હૈયામાં રાખીહો. ઋષિ૦૨
સુણ સુંદરી વચન તું મારૂં, તુમે કરજો અવસ્ય વિચારી હો;
સુંદરી વયણ સૂણો.
હાંસી કરતાં દે મુજને, પસ્તાવો થાશે તુજને હો. સુણ૦ ૩
પોતાને હાથે દીધો પાછો, નવિ જાસ્યે લીધો હો. સુંદરી.
કરીએ નિજ કામ વિચારી,પૂછો વલી કોઈ નર નારી હો.સુણ૦૪
આપે તો કરી કોઇ સાખી, હું તો ન લઉં તે પાખે હો; સુંદરી.
મુગ્ધાએ પણ તિમહીજ કીધો,લેઇ પુત્ર પિતાને દીધો હો સુણ૦૫
ઝોળી માંહે લેઇ ધરિઓ, બાલક દેખી મન હરીઓ હો; સુંદરી
તત્કાલ રહ્યો રોવંતો જિનહર્ષ કહે ગુણવંતો હો. સુણ૦૬

---

ઢાળ ૮ મી (એક દીન બેઠા માળી રે લાલ–)

ગુરૂ આદેશ પાળી કરી રે લાલ, સુનંદા ઘરથી તામરે;
નિસિહી કહી પાછા વર્યા રે લાલ, આવ્યા ગુરૂને ઠામરે.
સનેહી ગુરૂ ૧
ગુરૂ ધનગિરી ને દેખીને રે લાલ, બાંહ નમંતી ભારરે; સ૦
ઝોળી દે મુજને કહે રે લાલ, લ્યો વિસામો વિચારરે
સનેહી ગુરૂ. ૨

તિણે દીધો ગુરૂને તદા રે લાલ, પુત્ર રતન તેજવંત રે; સ૦
ભાર ઘણો તે બાલમાં રે લાલ, ગુરૂનો હાથ નમંતરે
સનેહી ગુરૂ ૩

નીજથી અધિકો જાણીઓ રે લાલ, તેહનાં લક્ષણ નિહાલરે; સ૦
સુરતી અમૃત સારીખી રે લાલ, ગુરૂ હરખ્યા તત્કાલરે
સનેહી ગુરૂ. ૪

બાળ થકી બળ એહવોરે લાલ, એહની કાંતિ સુરૂપરે; સ૦
યુગ પ્રધાન થાશે સહી રે લાલ, જિનશાસનનો ભૂપરે,
સનેહી ગુરૂ. ૫

વજ્ર નામ દીધો ગુરૂએ રે લાલ, ભારે વજ્ર સમાનરે; સ૦
જતને રાખો એહને રે લાલ, જિમ જિનહર્ષ નિધાનરે.
સનેહી ગુરૂ. ૬

---

ઢાળ ૯ મી ( સમરી શારદ સ્વામી—એ રાગ )

સચ્યાતરી નારી ભણી, દીધો પાલણ કાજ લાલ રે;
હોડા હોડે કામિની, પાલે શિષ્ય શિરતાજ લાલ રે. સ૦ ૧

ધવરાવે માની પરેં, ખેલાવે ધરી પ્રેમ લાલ રે,
મજ્જન સ્નાન વિલેપને, જોખા જોખણે એમ લાલ રે. સ૦ ૨

સ્વર્ણ રત્નની કંઠીકા; વજ્ર કંઠે સોહંત લાલ રે;
ક્રિડા અનુદિન તે કરે, સહુનાં મન મોહંત લાલ રે; સ૦ ૩

દેખી દેખી લોયણ ઠરે, સુનંદા નારી બાળ લાલ રે;
માગે તે શ્રાવીકા કને, મુજ અંગજ દ્યો સાર લાલ રે; સ૦ ૪
તે કહે અમ્હે જાણું નહીં, તુજને કિણ દેવરાય લાલ રે;
દીધો છે એ પાલવા, અમ્હ ને શ્રી ગુરૂરાય લાલ રે; સ૦ ૫
ન કારો સુણી તે થઇ, નારી સુનંદા નિરાશ લાલ રે;
સાખા ભ્રષ્ટ મર્કટ પરે, થઇ જિનહર્ષ ઉદાસ લાલ રે. સ૦ ૬

---

ઢાળ ૧૦ મી (સાસુ શીખ દે છે વહુ વારૂ–એ રાગ)

તિહાં થકી ગુરૂ પાંગર્યાજી, વિચરે દેશ મોઝાર;
વજ્ર થયો એક વરસનોજી, ફરી આવ્યા તિણી વાર૦ ૧
સુનંદા માગે પુત્ર રત્નને,
ધનગિરી મુનિવરને કહેજી, સુત વિણ ન રૂચે અન્ન; સુનંદા૦ ૨
બોલી ફોગટ બોલ માંજી, રોતાં ન આવે રાજ;
સાક્ષી દેઇ માગતાંજી, તુજને ન આવે લાજ. સુનંદા૦ ૩
ઝઘડો માંહો માંહે કરેજી, સાધુ સુનંદા નાર;
બાળ વજ્ર લેઇ કરીજી, આવ્યા નૃપ દરબાર. સુનંદા૦ ૪
વામે પાસ રાજા તણેજી, રહી સુનંદા તામ;
શ્રી સંઘ બેઠો દક્ષિણેજી, વજ્ર લેવાને કામ. સુનંદા૦ ૫
બોલાવો બાળક ભણીજી, જાશે જેહને પાસ;
રાય કહે સુત તેહનોજી, એહજ ન્યાય વિમાસી. સુનંદા૦ ૪
રાય સુનંદાને કહેજી, બાઇ તું એહને બોલાય;
નૃપ વચને બોલાવીઓજી, કહે જિનહર્ષે માય. સુનંદા૦ ૭

---

ઢાળ ૧૧ મી (દિઠી હો પ્રભુ દિઠી જગ ગુરૂ તુજ—એ રાગ)

તેડે રે વાલ્હા તેડે સુનંદા તામ, આવો રે વાલ્હા આવો લઉં
તુજ ભામણાજી;
માહરો રે વાલ્હા માહરો રે, જીવન પ્રાણ;
સાંભળરે વાલ્હા સાંભળ; બોલ સોહામણાજી૦ ૧

મોદ કરવા વાલ્હા મોદ કરવા તુજ, ખારેકરે વાલ્હા ખારેક
ખુરમા હે સમીજી;
પિસ્તાં રે વાલ્હા પિસ્તાં દ્રાક્ષ ખજુર,
ભાવે રે વાલ્હા ભાવે રે ન હોવે કાંઇ કમીજી૦ ૨

આવો રે વાલ્હા આવો રે માહરે ગોદ, દડારે વાલ્હા દડા
લ્યો રૂડાં રમકડાંજી;
ઘોડારે વાલ્હા ઘોડારે હાથી એહ, રમવારે વાલ્હા રમવારે
જોડી દડાજી૦ ૩

તુજ વિણુ રે વાલા તુજ વિણુ જે જાયે દિન, લેખે રે વાલ્હા
લેખે તે ગણુજયો મતિજી;
તાહરો રે વાલ્હા તાહરો રે મુંજ મન ધ્યાન,
સુતાં રે વાલ્હા સુતાં રે વલી જાગતાંજી૦ ૪

રાખ્યો રે વાલ્હા રાખ્યો રે મેં છમાસ, તુજને રે વાલ્હા
તુજને રે બહુ જતને કરીજી,
તું તો રે વાલ્હા તું તોરે થયો નિઃસનેહ, તુજનેરે વાલ્હા તું
જિનહર્ષ બેઠા ફરીજી૦ ૫

ઢાળ ૧૨ મી ( હવે કુંવર ઈશ્યું મન ચીંતવે—એ રાગ )

હવે રાજા ધનગિરી ભણી, કહે હવે તુમ્હે બોલાવો રે;
ઓઘાનો જો ખપ હોવે તો, અમ્હારી પાસે આવો રે, હવે૦ ૧

ચતુર ચિંતામણી જિમ ગ્રહે, રજોહરણ તિમ લીધો રે;
શીશે ચઢાવી નાચીઓ, હવે વાંછિત મુજ સિધોરે! હવે૦ ૨

થઇ સુનંદા દુમણી, જુઓ પુત્રનો કેવો સનેહો રે;
મુજ સામો એણે જોયો નહીં, મુનીશું બાંધ્યો નેહો રે. હવે૦ ૩

હવે ઘરે આવી પોતા તણે, મનમાં કરે વિચારો રે,
ભાઈએ વ્રત પહેલો લીધો, પછી લીધો ભરતારો રે; હવે૦ ૪

સુત પણ વ્રત લેશે હવે, મુજને કુણ આધારો રે,
ઈમ ચિંતવી શ્રી ગુરૂ કન્હે, લીધો સંયમ સારો રે. હવે૦ ૫

સાધવી મુખથી સાંભળી, ભણ્યા અગ્યારે અંગો રે,
સુતાં રમતાં પારણે, કહે જિનહર્ષ અભંગો રે. હવે૦ ૬

---

ઢાળ ૧૩ મી (આદર જીવ ક્ષમા ગુણ આદર.—એ દેશી)

આઠ વરસમાં દીક્ષા લીધી, ભદ્ર ગુપ્ત સુપસાયજી;
વયર કુમાર ભણ્યા દશ પૂરવ, ગુરૂને આવ્યો દાયજી. આઠ૦ ૧

પાટ દીધી સિંહગીરી આચારજ, વાયરકુમારનો મિત્રજી;
ઓચ્છવ જંભક સુરવર કીધો, કુસુમ વૃષ્ટિ સુપવિત્રજી. આઠ૦ ૨

પંચ સય મુનિવર પરિવારે, પુહવિ કરે વિહારજી;
પાટલીપુર ધન વણિકની પુત્રી, રૂકમણી રૂપ ઉદારજી. આઠ૦ ૩

વયરસ્વામીના ગુણ સાંભળીયા, પ્રવર્તની મુખથી જેણેજી;
પરણું તો શ્રી વયરકુમારને, અભિગ્રહ કીધો તેણેજી. આઠ ૦૪
વિચરંતા અવ્યા તિણે નગરે, કોડી અનેક ધન લેઇજી,
ધન વણિક કન્યા સંઘાતે, આવી વચન કહે એહજી. આઠ૦ ૫
લ્યો ધન એહ કન્યાને પરણો, પૂરો એહની આશાજી,
તુમ વિણ અગ્નિ શરણ ઈણે કીધો, કરો જિન હર્ષ વિલાસજી.
આઠ ૦૬

---

ઢાળ ૧૪ મી (એટલા દિન હું જાણતી રે હાં. એ રાગ)

વયરસ્વામી એહવું કહે રે હાં, અજ્ઞાની મતિ હિત સાંભળ સહીજી.
વ્રત સામ્રાજ્ય તજી કરી રે હાં, કુણ થાયે આધિન; સાં૦ ૧
વિષ સંસારિક સુખ સહુ રે હાં, એતો ભોગ ભુજંગ; સાંભળ
નારી વિષની વેલડી રે હાં, પંડીત ન કરે સંગ. સાં૦ ૨
એહ વિવાહે ભમે ઘણું રે હાં, લહે દુર્ગતિ સંસાર;
ફળ કિંપાક સમા કહ્યા રે હાં, સેવે વિષય ગમાર. સાં૦ ૩
જો મુજ ઉપરે ઘણો રે હાં, એહ કન્યાનો રે રાગ, સાં૦
તો સંયમ લ્યે મુજ કન્હે રે હાં, આણી મન વૈરાગ સાં૦ ૪
થોડા સુખને કારણે રે હાં, કુણ મેલે સંયોગ; સાં૦
મોક્ષ મૂકી કોણ આદરે રે હાં, ભોગ વધારણ રોગ. સાં૦ ૫
એહવું સાંભળી રૂકમણી રે હાં, વ્રત લીધો તત્કાલ; સાં૦
ઉત્તમ પાલે પ્રીતડી રે હાં, ઈમ જિનહર્ષ રસાલ. સાં૦ ૬

---

ઢાળ ૧૫ મી ( માતાજી તુમે ધન ધનરે–એ રાગ )

વૈરાગી રે વૈરાગી રે, શ્રી વયરકુમાર નિરોગી રે;
સંયમ શું જેહ સરાગી રે; ધ્યાનામૃત શું લય લાગીરે. વૈ૦ ૧
જિનશાસન જેણે દીપાવ્યો રે, દુર ભિક્ષમાં સંઘ જીવાડ્યો રે;
બૌદ્ધ દરશની શરણે લાવ્યો રે,જિનભકતે તામ ઉપાયો રે. વૈ૦ ૨
પરભાવિક પુરૂષ કહાયો રે; ત્રિભુવનમેં સુજસ સવાયો રે;
પરમાનંદે આયુ વિતાયો રે,અણુસણુ કરી સુરપદ પાયો રે;વૈ૦ ૩
રૂપે મોહે સુર નર નારી રે, મોટો મુનિ બાલ બ્રહ્મચારી રે;
શ્રી સંઘ ભણી હિતકારી રે, સહુ જીવ તણા ઉપકારી રે, વૈ૦ ૪
સત્તરસે નવ પચાસે રે, સુદિ પડવો આસો માસે રે,
થઇ ઢાલ પંદર ઉલાસે રે, ભણતાં સુણતાં સુખ થાસે રે; વૈ૦ ૫
શ્રી જિનચંદસૂરિ ગુરરાય રે ખરતર ગચ્છ જિણે શોભાવ્યા રે,
વાચક શાંતિહર્ષ પસાયા રે, જિનહર્ષ વયર ગુણ ગાયા રે.વૈ૦ ૬

---

## ૧૯. શ્રી. જંબુસ્વામીની સજઝાય

સરસ્વતિ સ્વામીને વિનવું–સદગુરૂ લાગુંજી પાય
ગુણ રે ગાશું જંબુસ્વામીના–હરખધરી મનમાંહી
ધન ધન ધન જંબુસ્વામીને. ૧

સંયમ પંથ સ્વામી દોહીલો, વ્રત છે ખાંડાની ધાર;
વેલુ સમાન વાળવા કોળીયા, તે કેમ વાળ્યા જાય, ધન૦ ૨
પાય અલવાણે સ્વામી ચાલવું, દીન ઊગે તપેરે લલાટ;
મધ્યાન્હે કરવીજી ગોચરી, લેવોજી સૂઝતો આહાર, ધન૦ ૩

કોડી નવાણું સોવર્ન તાહરે, તારે છે આઠ જ નાર;
ભોગ વેલારે જોગ કાંઇ લીયો, ભોગવો ભોગ સંસાર, ધન૦ ૪

રામ સીતાના વિયોગથી, બહુત હુવોરે સંગ્રામ;
છતીરે નારીરે પીયુજીકયાં તજો,કયાં તજો ધન અને માલ,ધન૦ ૫

પરણીને પીયુજી શું પરિહરો, હાથ મેલ્યાનો સ્નેહ;
ભોગ વેલારે જોગ કાંઇ લીયો, ભોગવો ભોગ અનૂપ; ધન૦ ૬

સંયમ પંથ સ્વામી દોહીલો, વ્રત છે ખાંડાનીધાર;
પછી કરશો સ્વામી [redacted]ા, જેમ કીયો મેઘકુમાર; ધન૦ ૭

રત્ન કચોલે સ્વામી જમતા, કાચલડે વ્યવહાર;
ઢાલ તળાઈએ સ્વામી પોઢતા, સંથારે વ્યવહાર; ધન૦ ૮

શીયાળે શીતળ ઢળે, ઉનાળે લૂ વાય;
વરસાલે મેલાજી કપડાં, તમે તો અતિ સુકુમાળ; ધન૦ ૯

પંખી મેલાવે સો મલે, પ્રભાતે ઊડી ઊડી જાય;
જે જેવી કરણી કરે, તે તેવી ગતી થાય; ધન૦ ૧૦

જંબુ કહે નારી પ્રત્યે, અમે લઈશું સંયમ ભાર;
સાચો સ્નેહ કરી લેખવો, સંયમ લ્યો અમ સાથ, ધન૦ ૧૧

તેણે સમે પ્રભુ આવિયા, પાંચસેજી ચોર સંગાથ;
તેણે જંબુસ્વામી બુઝવ્યા, બુઝવી આઠ જ નાર, ધન૦ ૧૨

સસરા સાસુજીને બુઝવ્યા, બુઝવ્યા માયને બાપ;
સુધર્માસ્વામી પાસે આવીયા, લીધોજી સંયમ ભાર. ધન૦ ૧૩

પાંચસો સત્તાવીસ સંગાથે, વિચરેજી મનને ઉલ્લાસ;
કર્મ ખપાવી થયા કેવલી, પામ્યા ભવ કેરો પાર; ધન૦ ૧૪

સંવત સત્તર સડસઠમાં, કુડુપુર નગર મોઝાર;
ભાગ્ય વિમલસુરી ઇમ ભણે, જંબુ નામે જય જયકાર, ધન૦૧૫

## ૨૦. શ્રી. અંજનાસતીની સજઝાય.

સખી આજ મેં સાંભળી વાત, કટકે પવનજી જાશે પરભાત;
મહેલમાં કેમ જાશે દીનરાત, સાહેલી મોરી કર્મે મલ્યો
વનવાસ; સાહેલી મોરી પૂન્ય જોગે તુમ પાસ. ૧
અંજના વાત કરે મારી સખી, મને મેલી ગયા મારા પતિ;
અંતે રંગ મહેલમાં મૂકી રોતી, સાહેલી મોરી.૦ ૨
લશ્કર ચડતામાં શુકન દીધા, તે તો નાથે મારા નવિ લીધા;
ધીક પાટુ પોતે મને દીધા; સાહેલી મોરી૦ ૩
ચકલા ચકલીનો સુણી પોકાર, રાતે આવ્યાં પવનજી દરબાર;
બારે વરસે લીધી સંભાળ; સાહેલી મોરી૦ ૪
સખી પુત્ર રહ્યો ગર્ભવાસ, મારી સાસુએ રાખી નહિ પાસ;
મારા સસરે મેલી વનવાસ; સાહેલી મોરી૦ ૫
પાંચસેં સખીઓ દીધી છે મારા બાપે,તેમાં એકે નથી મારી પાસે;
એક વસંત બાળા મારી સાથે; સાહેલી મોરી૦ ૬
કાળો ચાંદોને રાખડી કાળી, રથ મેલ્યો છે વન મોઝારી;
સહાય કરોને પ્રભુજી અમારી, સાહેલી મોરી૦ ૭
મારી માતાએ લીધી નહિ સાર,મારા પીતાએ કાઢી ઘર બાર;
સખી ન મલ્યો પાણીનો પાનાર, સાહેલી મોરી૦ ૮

મને વાત ન પૂછી મારા વીરે, મનમાં રેતી નથી ધીર;
મારા અંગે ફાટી ગયાં ચીર, સાહેલી મોરી૦ ૯

મને દીસા લાગે છે કારી, મારી છાતી જાય છે ફાટી;
અંતે અંધારી અટવીમાં નાખી, સાહેલી મોરી૦ ૧૦

મારૂં જમણું ફરકે છે કેમ અંગ, હું તો નથી બેઠી કોઈની સંગ;
આતો રંગમાં સૌ પડીઓ ભંગ, સાહેલી મોરી૦ ૧૧

વનમાં ન મળે ઝાડ કે પાણી, એવી ભયંકર અટવીમાં આણી;
આતે કર્મે શું કીધું પ્રાણી, સાહેલી મોરી૦ ૧૨

ચુસી ધાવતાં છોડાવ્યાં હશે બાળ, નહિતર કાપી હશે
કુપળ ડાળ; તેના કર્મે પામ્યા ખોટી આળ, સાહેલી મોરી૦ ૧૩

વનમાં ભમતા મુનિવર મેં દીઠા, આજ પુર્વ ભવની પૂછી
છે વાત જીવે શાં કીધાં હશે પાપ, સાહેલી મોરી૦ ૧૪

હવે દેશના દીયે મુનીરાય, કહે પૂર્વ ભવ કેરી રે વાત;
એની સાંભળ થઇ ઉજમાળ, સાહેલી મોરી૦ ૧૫

એની હસતાં રમે હરણ લીધું, મુનીરાજને ઘણું દુઃખ દીધું;
તેના કર્મે વનવાસ તુમે લીધું, સાહેલી મોરી૦ ૧૬

પુર્વે હતો સોકયનો બાળ, ઉછળતી મનમાં ઝાળ;
તેના કર્મે જોયા વન ઝાડ, સાહેલી મોરી૦ ૧૭

સખી વનમાં જન્મ્યો છે બાળ, કયારે ઉતરશે અમારી આળ;
ઓચ્છવ કરશું માને મોસાળ, સાહેલી મોરી૦ ૧૮

વનમાં દીઠા ભમતાં આજ, સખીઓ આવડો શો કરો કલ્પાંત,
વારે ચઢસે પવનજી એને તાત; જતન કરોને પુત્રને ભલીભાત.
સાહેલી મોરી૦ ૧૯

વનમાં ભમતાં દીઠા મુની આજ, અમને ધર્મ બતાવો
મુનીરાજ; કયારે સરસે અમારાં કાજ, સાહેલી મોરી૦ ૨૦.

વનમાં મળશે મામો ને મામી, આજ ત્યાં પવનજી કરસે સાર,
પછી સરસે તુમારાં કાજ, સાહેલી મોરી૦ ૨૧

સખી આવ્યા પવનજી મોસાળ, બીજી બારે વરસે લીધી
સંભાળ; ચાલો સ્ત્રી પુત્ર ઘરબાર, સાહેલી મોરી૦ ૨૨

દીક્ષા લીધી સાધવીજી પાસે, પુત્ર સોંપ્યો સાસુ સસરાને હાથે,
એવા કર્મના વિકટ માથે, સાહેલી મોરી૦ ૨૩

દીક્ષા લઈને તપસ્યા કીધી, સવી કર્મને નાખ્યા તોડી;
વર્યા શીવરમણી લટકાળી, સાહેલી મોરી૦ ૨૪

કર્મે ન મૂકયા સુરનર રાય, ભોગવ્યા વિના છુટકો ન થાય,
મુનીરાયે જોડી સજઝાય, સાહેલી મોરી૦ ૨૫

જોડી જામનગર મોઝાર, સાલ સિત્તેરને ભોમવાર;
કહે માણેકવિજય હિતકાર; સાહેલી મોરી૦ ૨૬

---

## ૨૧. શ્રી. કલાવતીસતીની સજઝાય

બેન લલીતા તમને રે વિનવું, સ્વામીની સેવા કરજો;
પતિ પરમેશ્વર આપણા છે, આગ્ના તે કરજો યત્ન હો બેની;
કર્મ કરે તે સહેવું. ૧

સત્ય પણાથી સવળું રે બોલી, અવળું અવળું સમજ્યા છે;
સ્વામી વાંક નથી એમાં કસો, સ્વામી લખ્યા લેખ લલાટ
હો બેની. કર્મ૦ ૨

પરણી આવી ત્યારથી જ લાડમાં, નથી રાખી કાંઇ ખામી; સુખ આપ્યું છે અમને ઘણુંજો, એમનાથી રાખી ખામી, હો બેની૦૩

હું તો જાવું છું વન વિષે, હવે ઝાઝા પ્રણામ છે તમને, સર્વ બેનની ક્ષમા માગુ છું, મારે જાવું વન મોઝાર હો બેની કર્મ૦૪

પ્રભુ પ્રતાપથી સંતાન દીધું, કર્મે તે કીધું કહેવું; ભર જંગલમાં જન્મ જ લેશે, હો પ્રભુ શરણુ તમારૂં હો બેની કર્મ૦ ૫

કાળા રથને રે કાળા માફા, કાળા બળદ કાળા વસ્ત્ર; ગળીનો ચાંલ્લો કપાળે કરીયો, ત્યાંથી તે ચાલ્યા જાય હો બેની કર્મ૦ ૬

ચાલતાં ચાલતાં અટવીએ આવી, ભર જંગલ ઘોર વન; ત્યાંથી સતીને હેઠે ઉતાર્યો, આંખે આંસુડાની ધાર હો બેની કર્મ૦ ૭

સુભટે સંભળાવ્યું બેન કલાવતી, રાજાનો હુકમ એવો; કહેતાં અમારી કાયા કંપે છે, બેરખાં આપો કાપી હો બેની કર્મ૦૮

રોતાં રોતાં સતીજીરે બોલ્યાં, બેરખાં કાપી લ્યોને; બેરખાં કાપીને સ્વામીને કહેજો, પાળી આશા તુમારી હો બેની કર્મ૦૯

બેરખાં કાપ્યા ત્યારથી તો; સતીને દુઃખજ થાય; અપસોસ કરતાં રે મુર્છા આવી, સારવાર નથી કોઈ પાસે હો બેની કર્મ૦ ૧૦

સવા નવ માસે પુત્રજ જન્મ્યો, ચંદ્ર સુર્ય બે સ્થંભ્યા; ભર જંગલમાં જન્મજ લીધો, હો શરણું તુમારૂં હો બેની કર્મ૦૧૧

આકાશમાં દેવ સિંહાસન, ચલાયમાન થાય; દેવે વિચાર્યું સતી છે દુઃખી, જાવ દેવ દેવી તેની સહાયે હો બેની કર્મ૦૧૨

દેવ દેવી આવી નમન કરે છે, સતીનું દુઃખ જ જોઇ; બાલક લીધું દેવીએ હાથમાં, ત્યાંથી તે ચાલ્યા જાય હો બેની કર્મ૦૧૩

સાવ સોનાનો મહેલ બનાવ્યો, ફરતાં દેવો બેઠા, સતીની આજ્ઞા વિના કોઈન આવે,એવોશીળનો પ્રભાવ હો બેની કર્મ૦ ૧૪ સાવસોનાની માચીયે બેસી, બાળકને ધવરાવે, બાળક ધવરાવતાં અપસોસ કરતાં, સ્વામી હશે સુખી કે દુખી હો બેની કર્મ૦૧૫ નીમીયાને વેશે દેવ પધાર્યા, આવ્યા છે રાજ દુવારે; રાજાને આવી પ્રણામ કરે, બેઠા છે રાજા પાસે હો બેની કર્મ૦૧૬ નીમીત્તજી બોલ્યા અરે રાજનજી, કેમ ઉદાસ દેખાવો; રાજા બોલ્યા સાંભલો નીમીતજી,કલાવતી નીચ બુદ્ધિ જાણી હો બેનીકર્મ૦૧૭ બેરખાં પહેરતાં ત્યારે મેં પૂછયું, કહો રાણીજી આ કયાંથી; તેને અમોને ઉત્તર ન આપ્યો, મારા મન વિષે કેણે મોકલ્યા હો બહેની કર્મ૦ ૧૮ મારાથી બલિયો કોણ વસે છે, એવું જાણી કાઢયા વનવાસે; બેરખાં કાપીને ભંડારે મૂકયા, તે તમને દેખાડું આજ. હો બહેની કર્મ૦ ॥૧૯॥ બેરખાં જોઇને નીમીત્તિયો બોલ્યો, ભુલ તો થઈ છે રાજન; જય વિજય ભાઈ તેહના, સીમનને અવસરે મોકલ્યા હો બેની કર્મ૦ ॥ ૨૦ ॥ નામ છાપેલું જુવો રાજનજી, વગર વિચાર્યું કર્યું કામ; એટલું સાંભલતાં મૂર્છા રે આવી, સેવા કરે છે સેવકો હો બેની કર્મ૦ ॥૨૧॥ મુર્છા ઉતરતાં રાજન બોલ્યા, શું કરૂં નિમિત્તજી આજ, ભર જંગલમાં શું રે થયું હશે; વગર વિચાર્યું કર્યું કામ હો બેની કર્મ૦ ૨૨ જાવ જાવ સેવક

સતીને શોધવા, ચારે તરફ ફરીને આવો; જે કોઇ સતીને શોધીને લાવે, તેને મોઢે માગ્યા આપું દામ હો બેની કર્મ૦ ॥૨૩॥ નીમીત્તજીને રાજન ત્યાંથી ચાલ્યા, ભર જંગલ ઘોર વન; ચાલતાં ચાલતાં અટવીરે આવી, ત્યાં જોયા દેવતાઈ મહેલ હો બહેની કર્મ૦ ॥૨૪॥ સામે ગોખમાં કલાવતી બેઠાં, ખોળામાં પુત્ર છે તેની પાસે; સામેથી આવતાં રાજન જોયા; હર્ષનો નથી રહ્યો પાર હો બહેની કર્મ૦ ॥ ૨૫ ॥ સામે આવીને પ્રણામ કર્યો, હર્ષનો રહ્યો નથી પાર; પુત્રને આપ્યો સ્વામીના હાથમાં, આંખે આંસુડાની ધાર હો બહેની કર્મ૦ ॥૨૬॥ એહવે સમયે મુની વનમાં પધાર્યા, પૂછી બેરખડાની વાત, કહો મુનીજી મેં શાં પાપ કર્યાં હશે, તે કર્મ ઉદય આવ્યા આજ હો બહેની કર્મ૦ ॥૨૭॥ તું રેહતી બાઇ રાજાની કુંવરી, એ હતો સૂડાનો જીવ, તેં એ સૂડાની પાંખો છેદી, તે કર્મ ઉદય આવ્યું આજ હો બહેની કર્મ૦॥૨૮॥ તમે તમારી વસ્તુ સંભાળો, લઇશું સંયમ ભાર; સંયમ લીધો શ્રી મહાવીરની પાસે, પહોંચ્યા છે મુકિત મોઝાર હો બહેની કર્મ૦ ॥૨૯॥ સુમતિ વિજય કહે છે શીયળ પ્રભાવથી, દુઃખી તે સુખી થાય, સત્ય જનોને નમન કરૂં છું, તેથી ઉતરશો ભવ પાર હો બહેની કર્મ૦ ॥૩૦॥

## ૨૨. શ્રી. સાસુ વહુની સજઝાય

દુહો—શ્રી શંખેશ્વર પાય નમી, સમરૂં સરસ્વતી માય;
મહેર કરો મુજ ઉપરે, મુરખ મન હરખાય. ૧
અલ્પ બુદ્ધિ છે માહરી, પણ કીધી મુજ સુહાય;
ઢાળ કહુ સાસુ વહુ તણી, સાંભળે સહુ સુખદાય. ૨

### ઢાળ પહેલી

જંબુદ્વિપના ભરતમાં જો, નયરી થરાદમાંય મેરે લાલ, રાજ્ય કરે રજપુત રાજવી, વાઘેલા ભીમસીંહ ત્યાંય મેરે લાલ. બડ બડ બોલે ડોકરી. ।।૧।। વરણ અઢાર વસે તિહાં, શ્રાવક સુખી ધનવાન મેરે લાલ, અચરિજ એક ગામ દેખીયું, સાંભળો થઇ સાવધાન મેરે લાલ. બ૦ ।।૨।। એક દીન ઘરમાં ડોકરી, બેઠી કરે રે વિચાર મેરે લાલ, ઘર ઉચેરા વળી ગયા, કહે વહુને તેણીવાર મેરે લાલ. બ૦ ।।૩।। ઘર આંગણું ભાંગીયું, ભીંતો પડી જાય મેરે લાલ, પરદેશી પરૂણા આવશે, પૂછે ઉત્તર શો અપાય મેરે લાલ. બ૦ ।।૪।। ચોમાસું પજુસણ ઉતર્યાં, દશરા દીવાળી જોવે કોણ વાટ મેરે લાલ, ઘર શોભા હવે કીજીએ, ડોકરી ઘડે નવા ઘાટ મેરે લાલ. બ૦ ।।૫।। વહુને કહે વહેલી ઉઠજે, જાજે ફરવા શહેર મેરે લાલ, છાણ માટીના ટોપલા, ભરી લાવજે વહેલી ઘેર મેરે લાલ. બ૦ ।।૬।। વહુ સાસુને એમ કહે, જીવ અનંતા હોય મેરે લાલ; તે કેમ છાણ માટી લીજીયે, બાંધે કર્મ કોણ મેરે

લાલ. બ૦ ॥૭॥ ચોમાસું ઉતર્યા પછી, લીંપણુ ગુંપણુ કરશું કામ મેરે લાલ, જીવદયારે પાળીએ, લીજે પ્રભુનું નામ મેરે લાલ; વહુ૦ ॥૮॥ પૂરવ પૂન્ય કીધા હશે, પામ્યા મનુષ્ય ભવ મેરે લાલ; તે કેમ એળે ગુમાવીએ, ગુમાવે તે ગમાર મેરે લાલ. વહુ૦ ॥૯॥ જન્મ મરણુનો જેહનો, માથે ભય હોય મેરે લાલ, પ્રાણુ જીવનને જાળવે, હીંસા ન કરે કોઇ મેરે લાલ. વહુ૦ ॥૧૦॥ હીંસાથી દુરગતિ પામીયે, હીંસા દુઃખની ખાણુ મેરે લાલ, દેખી પેખી હીંસા કોણુ કરે, હીંસા નરકનું ઠામ મેરે લાલ. વહુ૦ ॥૧૧॥ પહેલી ઢાળ ભેદ ભાખીયો, સાસુ વહુનો સંવાદ મેરે લાલ; હીંસા દુર નીવારજો, મત કરજો વિષવાદ મેરે લાલ. વહુ૦ ॥૧૨॥

---

દુહો—સાસુએ શીખ સાંભળી, રીસ કરે તે વાર;
વળતું વહુને શું કહે, તે સુણજો વિસ્તાર. ॥૧॥

## ઢાળ બીજી

વળતાં સાસુ એમ કહે, આંખે આંસુની ધારજી;
નીરલજ જીભ નથી લાજતી, નહિ ઘરની દરકારજી; કીધું કરે નહિ માહરૂં. ॥૧॥ નાક વીનાની નટડી, સામા બોલમ બોલજી, બાર બાટી ખાઇ બંગલે, હાંડ પંખીની જેમજી; કીધું૦ ॥૨॥ જીવદયાને પાલતી, લેતી પ્રભુજીનું નામજી, શીખામણુ મારી માને નહિ, ઘરનું વિણુસાડે કામજી, કીધું૦ ॥૩॥

દીકરો પરણાવ્યો હોંસથી, ખરચ્યાં દામ હજારજી,
વહુ લાવી ઘણી હોંસથી, કહ્યું ન માને લગારજી. કીધું૦ ॥૪॥
શીખ દઈ સાસુજી થાકીયાં હવે ઘડે કેવા ઘાટજી,
બીજી ઢાળે રે ક્રોધ કરી, જુવે દીકરાની વાટજી. કીધું૦ ॥૫॥

---

દુહો—વાટ જોતાં આવીઓ, દીકરો ઘરની માંય,
ઉદ્વેગ દેખી માતને, પૂછવા લાગ્યો ત્યાંય. ૧
શી ચિંતા છે માતજી; દુહવ્યા તમને કોણ,
દીસો આમણા દુમણા, ભાખો મુજને તેણ. ૨

---

## ઢાળ ત્રીજી

માય કહે સુણ બેટડા, તુજ વહુની વાત ન્યારીરે,
ઘરનું કામ ભલાવતાં, કરે નહિ લગારરે;
વિનતી માહરી સાંભળો. ૧
છાણ માટી નથી લાવતી, મુજને ખોટી લડાવેરે,
ચોમાસું ઉતરે લાવશું, એવા ઉત્તર આલેરે;
વીરા ઘરની શોભા ચાલી ગઈ. ૨
લીંપણ વિણ ઘરની ભીંતો, જલ્દી પડી જાશેરે;
લીંપણ ગુંપણ કરે નહિ, પછી શી ગતી થાશેરે. વીરા૦ ૩

ચોમાસું ઉતર્યા પછી, છાણુ હાથ ન આવેરે;
જીવની જયણા શી રીતે કરૂં, ઘરમાં ઉચેરા વળસેરે વીરા૦ ૪
જે કરવું તે વહેલું કરવું, વાયદાની વાટ કોણ જોવેરે;
મારે કર્મે આવી વહુ મલી, ઘરની આબરૂં ખોવેરે; વીરા૦ ૫
પુત્ર કહે સુણો માતજી, એ વાતે રીસ ન કરીએરે;
જીવદયાને પાળતાં, લાભ અનંતો લીજેરે. વીરા૦ ૬
ચૌમાસાના ચાર માસમાં, જીવ અનંતા થાયરે;
હીંસા માર્ગ કોણ આદરે, શીખામણ સમુદાયરે. વીરા૦ ૭
જુવો મેઘરથ રાયજી, જીવદયા પાળી જેહરે;
તિર્થંકર પદવી લહી, જીવદયા ફ્લ એહ રે. વીરા૦ ૮
પુત્ર વચન એમ સાંભળી, માત મનમાં હરખાયરે;
ઉત્તમ અવતાર પામી કરી, અવળે રસ્તે કોણ જાયરે. વી૦ ૯
ધન ધન વહુ માહરી, સાચે રસ્તે મુજ આણીરે;
જીવદયા હવે પાળશું, લેવા શીવસુખ ખાણીરે. વી૦ ૧૦
ત્રીજી ઢાળ પુરી થઈ, જીવદયા અધિકારરે;
સાંભળી જે નર પાળશે, ધન્ય તેહનો અવતારરે. વી૦ ૧૧

દુહો—વહુએ સાસુને બુઝવી, ઉપદેશ દેઈ તત્કાલ,
જીવદયાને પાળવા, સાસુ થઇ ઉજમાલ.

## ઢાળ ચોથી

હવે સાસુ વહુ રે વાતો કરે, હૈયડે હર્ષ ન માયરે,
પોષહ પડિકમણાં નિત્ય કરે, રોજ ઉપાશ્રયે જાયરે;
જીવદયાને પાળીએ૦ ૧

ચોમાસાના ચાર માસમાં, ઉપજે જીવ અનંતરે; તે કેમ
છાણુ માટી લીજીયે, સમજી પાળો ગુણવંતરે. જીવ૦ ૨

નરનારી સહુ સાંભળે, હિંસા ન કરજો કોઈ રે;
હિંસા કરતાં જે જીવને, નરકમાં વાસજ હોયરે. જીવ૦ ૩

નરકનાં દુઃખ છે મોટકાં, હિંસા કરણ હારરે;
પરભવ જાતાં રે પ્રાણીયા, પરમાધામીના ત્રાસ રે. જીવ૦ ૪

કરવતથી તુજને કાપસે, રાડ પડાવશે જેમરે;
ભાલા માથેજ ખોસશે, દુઃખડાં ભોગવીશ એમરે. જીવ૦ ૫

બરશી ભાલાથી વીંધશે, ઘાણીમાં ઘાલી પીલશેરે,
શરણું કોઇ નહિ તાહરે, ચેતન ચીત્તમાં ચેતોરે. જીવ૦ ૬

અગ્નિકુંડમાં બાલશે, ચીસો પાડીશ અપારરે;
માત પીતા ભાઈ વહુ નહિ, કોઇ છોડાવણ હારરે. જીવ૦ ૭

દયા નહિ આવે તુજ ઉપરે, દેશે અતિ ઘણાં દુઃખરે;
કીધાં કર્મ જે ભોગવો, ક્યાંથી મલશે હવે સુખરે. જીવ૦ ૮

નર્કની વેદના એમ સાંભળી, હૃદયે ધરજો નરનારરે;
જીવનની જયણા પાલશો, કરશો આતમ ઉદ્ધારરે. જીવ૦ ૯

ઓગણપચાસ અંધારીએ, ભાદરવો એકમ સોમવારરે;
રાસપુરો ચોથી ઢાલમાં, સાસુ વહુને સુખકારરે. જીવ૦ ૧૦

જીવની જયણા રાખજો, આરંભ કરશો સવિ દુરરે;
જીવદયાને પાલતાં, મોક્ષ મારગ મળશેરે. જીવ૦ ૧૧

રહી ચોમાસું થરાદમાં એ રચ્યો પુરો સંબંધ રે;
શાંતિ વિજય એમ વિનવે, છોડજો કર્મના બંધરે. જીવ૦ ૧૨

ચોથી ઢાળે એમ સંપ થયો, સાસુ વહુનો એકરે;
ધર્મનો મારગ આદર્યો, રાખી મોટી ટેકરે,
જીવદયાને રે પાલીએ. ૧૩

---

## ૨૩. શ્રી અરણિક મુનિની સજઝાય.

મુનિ અરણીક ચાલ્યા ગોચરી, વનનારે વાસી;
એનું રવિ પેરે તપેરે લલાટ, મુનિવર વૈરાગી. ૧

ઉંચાં મંદિર કોશ્યા તણાં, વનના રે વાસી;
જઈ ઉભા રહ્યા ગોખ હેઠ, મુનિવર વૈરાગી. ૨

કોશ્યાએ દાસી મોકલી ઉતાવળી, વનના રે વાસી;
પેલા મુનિને અહિં તેડી લાવ, મુનિવર વૈરાગી. ૩

મુનિ મંદિરે હીંડયા ઉતાવળા, વનના રે વાસી;
તિહાં જઈ દીધો ધર્મલાભ, મુનિવર વૈરાગી. ૪

મુનિ પંચરંગ બાંધો પાઘડી, વનના રે વાસી;
તમે મેલો ઢળકતા તાર, મુનિવર વૈરાગી. ૫
મુનિ નવનવા નીત લઉં વારણા, વનના રે વાસી;
તમે જમો મોદકનો આહાર, મુનિવર વૈરાગી. ૬
મુનિની માતા શેરી હીંડે શોધતી, વનનારે વાસી;
ત્યાં જોવા મળ્યું હર લોક, મુનિવર વરાગી. ૭
કોઇએ દીઠો મારો અરણિક, વનનારે વાસી;
એ તો લેવા ગયા છે આહાર, મુનિવર વરાગી. ૮
મુનિ ગોખે બેઠા રમે સોગઠે, વનનારે વાસી;
ત્યાં સાંભળ્યો માતાજીનો શોર, મુનિવર વૈરાગી. ૯
મુનિ ગોખેથી હેઠા ઉતર્યા, વનનારે વાસી;
જઇ લાગ્યા માતાજીને પાય, મુનિવર વૈરાગી ૧૦
ન કરવાનાં કામ તમે કર્યાં, વનનારે વાસી;
તમે થયા ચારિત્રના ચોર, મુનિવર વૈરાગી. ૧૧
શીલા ઉપર જઈ કરશું સાથરો, વનનારે વાસી;
અમારાથી ચારિત્ર નહિં રે પળાય, મુનિવર વૈરાગી. ૧૨
હીર વિજય કહે હીરલો, વનનારે વાસી;
ત્યાં તો લબ્ધિવિજય ગુણગાય, મુનિવર વરાગી. ૧૩

## ૨૪. શ્રી દીવાની સજ્ઝાય

દીવામાંથી દીવેલ ખુટ્યું, હવે નથી વાર,
મનમાં મસ્તાન હીંડે, છોગા મેલ્યા ચાર,મુરખ મનમાં વિચાર. ૧

માથા ઉપર મરણ ભમે, કોપી રહયો કાળ;
ઓચિંતાનું આવી પડશે, જમ કેરી ધાડ. મુરખ૦ ૨

ઉંચાં મંદિર માળીયાં, ગોખનો નહિ પાર;
પંડ જાસે પડી રહેશે, કાઢશે ઘરની બહાર. મુરખ૦ ૩

લીલા વાંસની પાલખી, નાળીયેર જોઇશે ચાર,
મુંજની દોરી તાણી બાંધશે, ઉંચકનારા ચાર. મુરખ૦ ૪

વન કેરી કાઠી, ઉંચકનારા ચાર,
કંચન વરણી કાયા બળી, ઉડી જશે રાખ; મુરખ૦ ૫

સગું વહાલું સ્વાર્થી, કરે કાગા રોળ,
ઝાંપા સુધી વળાવીને, ઝટ પાછું વળે; મુરખ૦ ૬

જે સમરે અરિહંતને, તેને ઉતારે ભવ પાર,
લબ્ધિવિજય ગુણગાવે, કરો ધર્મનાં કામ. મુરખ૦ ૭

---

## ૨૫. શ્રી સ્થુલિભદ્રજીની સજ્ઝાય

ઢાળ ૫ મી ગોકુળની ગોપીરે ચાલી જળ ભરવા, એ દેશી.

કર કોલ કરીનેરે ચાલ્યા ગુણ ભરીયા ॥ ધરી વિનય વિવેકેરે નૃપને મળીયા ॥ ૧ ॥ ભૂપાળના મુખથીરે વાત સકળની સુણી ॥ સંસાર સ્વરૂપનેરે ચિંતે સીર ધુણી ॥૨॥

મેં વાત ન જાણીરે, વેસ્યા ઘર રમતાં, આતમ ગુણ હાણીરે ભુલા ભવમાં ભમતાં ॥ ૩ ॥ કહે અવનિસ્વામીરે શી ચિંતા કીજે, શકડાલની પાટેરે મંત્રીપણું લીજે ॥ ૪ ॥ સ્થુલીભદ્ર કહે તવરે આલોચી આવું, આલોચે આગલરે સુખ સંપદ પાવું ॥ ૫ ॥ પરિણામ કરીનેરે અશોક વને આવે, શમ તત્ત્વ વિચારીરે લોચ કર્યો ભાવે ॥ ૬ ॥ રત્નકંબળનોરે તિહાં ઓઘો કીધો, જઈ રાજ્ય સભાએરે ધર્મલાભ દીધો ॥ ૭ ॥ આલોચ્યું રાજારે મસ્તક મેં ઇહાં, મહાવ્રત ઉચ્ચરવારે જઈશું ગુરૂ જીહાં ॥ ૮ ॥ કોશ્યા ઘર ખુધેરે નૃપ જોવા ઉઠયો, શબ ગંધ મુની સમરે દેખી દીલ તુઠયો ॥ ૯ ॥ સ્થુલીભદ્ર મુનીવરરે પંથ શીરે ચલીયા, સંભુતવિજયજીરે મારગમાં મલીયા ॥ ૧૦ ॥ ગુરૂ પ્રણમી બોલેરે મુજ દીક્ષા દીજે, વદે સુરીશ જ્ઞાનીરે તો અનુમતિ લીજે ॥ ૧૧ ॥ સરિયા કેરીરે તિહાં આણા માગી, આચારજ પાસેરે લીયે વ્રત વૈરાગી ॥ ૧૨ ॥ સુરિ સાથ વિહારીરે શ્રુત નિત અભ્યાસી, આતમશું વિલાસીરે રહે ગુરૂ કુલ વાસી ॥ ૧૩ ॥ સંયમ શું રમતારે નિશદીન મુનિરાયા, નહિ મોહ ને મમતારે રંક સમા રાયા ॥ ૧૪ ॥ ઇચ્છાદિક દશ વિધરે ચવળી સમાચારી, ચોમાસા ઉપરરે ગુરૂ અભિગ્રહ ધારી ॥ ૧૫ ॥ કૂપાંતર જાવેરે એક હરી કંદરીયે ॥ અહિબિલ સ્થુલીભદ્રોરે વેશ્યા મંદીરીયે ॥ ૧૬ ॥ ગુરૂ આણ વિહારીરે પાતકડાં ધુએ , શુભવીર વિવેકીરે વેશ્યા વાટ જુએ ॥ ૧૭ ॥

---

# ૨૬ શ્રી સ્થુલિભદ્રજીની સજ્ઝાય

(સાંભળરે તું સજની મોરી રજની કયાં રમી આવી જીરે–એ દેશી)

રાજ પધારો મેરે મંદીર, શય્યા પાવન કીજેજીરે, દાસી તુમારી અરજ કરે છે, નરભવ લાહો લીજે રસભર રમીએજીરે ॥ ૧ ॥ પુરવ નેહ નિહાળ રસભર રમીએજીરે આંકણી. સ્નાન કરંતા સામુંરે જોશું, તુમ આણા શિર ધરશુંજીરે, કોઇ દિવસ તુમને અણુગમતું, કારજ કાંઈ ન કરશું ॥ રસ૦ પુ૦ ॥ ૨ ॥ સ્થુલિભદ્ર કહે કોશ્યાને, તથ્ય પથ્ય મિત વાણીજીરે, પાણી વીના શી પાળ કરે છે, ભોજન વીણ ઉજાણી ॥ રસ૦ પુ૦ ॥ ૩ ॥ ઉઠ હાથ તું અળગી રહીને, દીલ ચાહે તે કરજેજીરે, નાટિક નવ નવ રંગે કરજે, વળી શણુગારને ધરજે ॥ રસ૦ પુ૦ ॥ ૪ ॥ ખટરસ ભોજન તુમ ઘર વોહોરી, સંયમ અર્થે આશુંજીરે, એમ પરઠીને રહ્યા ચોમાસું, કોશ્યા કરે હવે હાંશુ ॥ રસ૦ પુ૦ ॥ ૫ ॥ વિણ પુછયા સંયમ આચરિયું, પણ તે વ્રત નવી પળીયુંજીરે, તો અમ ઘર આવ્યા છો પાછા, તુમ વ્રત અમને ફળીયું ॥ રસ૦ ॥ પુ૦ ॥ ૬ ॥ બાર વરસ પ્રેમે વિલશ્યાં પણ, એવડો અંતર દાખોજીરે, જોગારંભ તજી મુજ સાથે, રંગ હતો તે રાખો ॥ રસ૦ પુ૦ ૭ ॥ નીરલોભી નીરમોહાપણાશું, સુણ કોશ્યા અમે રહીશું રે, યોગ વસે શુભ વીર જિનેશ્વર, આણા મસ્તક વહીશું ॥ રસ૦ પુ૦ ॥ ૮ ॥

## ૨૭. શ્રી સ્થુલિભદ્રજીની સજ્ઝાય

(વગડાનો વાસીરે મોર શીદ મારીયો—એ દેશી.)

મેઘ રાગ ઉર ભૈરવ રાત્રે કરીયોરે, ઉદયની વેળા માલવ કૌશીકા, પહોર સમે મધ્યાન્હે હીંડાળો દીપક રે, પાછલે પોહોરે શ્રી ઉપદેશિકા, નાટિકા મેં ન દીઠું એ તોલે સિકા ॥ ૧ ॥ સંસારે વસીયો રાગે તાણિયો, વ્યવહારે રસીઓ જાતે વાણિયો, વગડાનો વાસી આસી પ્રાણીઓ, અવીનાસી નીકાસી ધરમ ન જાણીયો, આંકણી, ચઊદ રાજ ચઉટામાં વેશ બનાવેરે, મિથ્યાત્વે પુરી રાત્રી અંધારિઓ, સૂક્ષ્મ બાદર પજ અપજ નીગોદેરે, નાટીકમાં ન ભુલ્યો મોહે મારીયો, નાઠાની ન દીઠી એકે બારીઓ ॥ ૨ ॥ સં૦ વ્ય૦ વ૦ અ૦ ॥ વિગલેન્દ્રી પંચેંદ્રી થયે અનુક્રમેરે, રૂપ ધની દોભાગી વળી સોભાગીઓ, બાળ કદા વીકરાલ કદા ભુપાળોરે, અવીવેકી પંડીત રસનો રાગીયો, રમણીને રંગે કોઈ દીન લાગીયો ॥ ૩ ॥ સં૦ વ્ય૦ વ૦ અ૦ ॥ જન રંજન ઉપદેસે ઉદરને ભરીયાં રે, ભોગીને જોગી વેશ બનાવીયો, નાગરને ચંડાળ ચડયો વરઘોડે રે, દોડેરે આગે દાસ કહાવીયો, સીદ્ધિનો વેશ કદા નવી લાવીયો ॥ ૪ ॥ સં૦ વ્ય૦ વ૦ અ૦ ॥ માતને બેન થયા નારી તિમ માતોરે, ભ્રાતને તાત હુઆં સંતાનમાં, ભુમંડળ ઠાકુરિયો થઈને બેઠારે, સુણુજયોરે સાને કોરયા કાનમાં, એકલડો રોયો કોઈ દીન રાનમાં ॥ ૫ ॥ સં૦ વ્ય૦ વ૦ અ૦ ॥ ચઊદ પુરવધર પોહોતા

તે સુરલોકે રે, પુરવ શ્રુત દેશ થકી સંભારતા, ચરણ ધરમ ધરવાની તાસ ન શકતીરે, વિષયાકુળ ચિત્તે સુખને સેવતા, અનુગામી અવધીનાણી દેવતા ॥ ૬ ॥ સં૦ ચ્ય૦ વ૦ અ૦ ॥ લિંગ અનંતા ધરિયા કામ ન કરીયારે, હોળીનો રાજા ગુણવીણ સંયમી, નવવીધ જીવની હીંસા નિર્દય કીધીરે, વાસુદેવ ચક્રી ચઊદ રતન વમી, નારકીમાં પોહોતા ગુણીજનને દમી ॥ ૭ ॥ સં૦ ચ્ય૦ વ૦ અ૦ ॥ જાતિસમરણ નાણે નારકી જાણેરે, પુરવ ભવ કેરી સુખની વારતા દશવિધ, વેદન છેદન ભેદન પામીરે; આયુને પાળી તીર્યંચે જાતા, માતાને પુત્ર વીવેક ન ધારતા ॥ ૮ ॥ સં૦ ચ્ય૦ વ૦ અ૦ ॥ શ્રી શુભવીર ગુરૂના વયણ રસાળાંરે, સાંભળતાં વેશ્યા ચીત્ત ઉપસામીયું, ત્રીકરણશ્યું ગંઠી ભેદ કરંતીરે; મીથ્યાત્વ અનાદી કેરૂ વામીયું કોશ્યાએ શુધું સમકીત પામીયું ॥ ૯ ॥ સં૦ ચ્ય૦ વ૦ અ૦ ॥

---

## ૨૮ શ્રી સતી સુભદ્રાની સજ્ઝાય.

મુનિવર સેજે વિચરતા, જીવ જતન કરંત;
તરણું ખુંચ્યું આંખમાં, નયણે નીર ઝરંત. ૧
કલ્પવૃક્ષ જેણે ઓળખ્યો, આંગણે ઊભા જેહ;
જીભે તરણું કાઢીયું, સાસુ મન સંદેહ. ૨
જેણે સ્વજન દુઃખીયા સહુ, જેણે કુલ નાવી લાજ;
પુત્ર વહુરે સોના સમી, નહિંરે અમારે ઘરબાર. ૩
ગુણ વિના સાગની લાકડી, ગુણ વિના નાર કુનાર;
મનરે ભાગ્યું ભરથારનું, નહિંરે અમારે ઘરબાર. ૪

પીયુનાં વચન એવાં સાંભળી, મન ચિંતવ્યું તેણે જેહ;
જેમ દુઃખણી જાણી કરી, કાઉસ્સગ્ગ કીધો તેહ. ૫

આસન કંપ્યું ધરણેન્દ્રનું, સતીને આવ્યું આળ;
ચંપા લાપે ચઢાવીએ, તો રે ઉતરશે આળ. ૬

ભોગળ તો ભાંગે નહિં, ઘણુના લાગે ઘાય,
હલાવ્યો હાલે નહિં, સલકે નહિં રે લગાર. ૭

આકાશે ઊભા દેવતા, બોલે એવા બોલ;
સતી જલ સીંચશે ચાલણી, તો રે ઉઘડશે પોળ. ૮

રાજા મન આનંદ થયો, નગર ઘણી છે નાર;
અંતેઉર છે માહ રે, સતી રે શિરોમણી સાર. ૯

અંતેઉરી થઇ એકઠી, કૂવા કાંઠે નહિ માગ;
કાચે તાંતણે ચાળણી, ત્રૂટી જાયે તાગ. ૧૦

અંતેઉરી થઈ દોહામણી, રાજા થયો રે નિરાશ;
સતીપણું મનમાં રહ્યું, ધિક્ પડ્યો અવતાર. ૧૧

નગર પડહો વજડાવીયો, વસ્તી દીસે હેરાન;
પશુડાને પીડા ઘણી, કોય દો રે જીવિત દાન. ૧૨

પડહો આવ્યો ઘર આંગણે, વસ્તી હાલકલોલ;
જો માતાજી અનુમતી દીયો, તો રે ઉઘાડું પોળ. ૧૩

વળી વળી વહુ તમને શું કહું? નહિં નિરલજ નહિં લાજ;
નવકુલ નાગ નીચે ગયા, આવ્યું કાચંડે રાજ. ૧૪

પડહો છબીને ઊભી રહી, જઈ સંભળાવ્યો રાય;
દોષ દેજે નિજ કર્મને, કલંક ચડાવ્યું મોરી માય ૧૫

વેગે રે ગઇ વધામણી, રાજાને નહિં વિશ્વાસ;
પ્રત્યક્ષ જૂઓને પારખું, આવી કરોને તપાસ. ૧૬
વેગે રે રાય પધારીયા, હૈડે હરખ ન માય;
પશુડાંને પીડા ઘણી, વિલંબ ન કરો મોરી માય. ૧૭
અવર પુરુષ બંધવ પિતા, સતીને આવી આળ;
ચાળણી કાઢી જલ ભરી, ધન્ય રે ઉઘાડી ત્રણ પોળ. ૧૮
કોઇ પીયર કોઈ સાસરે, કોઇ હશે માને મોસાળ;
ચોથી પોળ ઉઘાડશે, હુંથી વડેરી નાર. ૧૯
નાક રાખ્યું નગરી તણું, ગામ ઉતારી ગાળ;
સુજ્ઞજન રાખ્યા સાખીયા, સુભદ્રાએ ઉતારી આળ ૨૦
વાઘણ કેરાં દુધડાં, સોવન કેરી થાળ;
ભણે ગણે જે સાંભળે, કાન્તિવિજય ગુણ ગાય. ૨૧

---

## ૨૯ શ્રી અમકાસતીની સજ્ઝાય

અમકા તે વાદળ ઊગીયો સૂર, અમકા તે પાણીડાં સંચર્યાંરે;
સામા મળ્યા હોય મુનિરાય, માસખમણનાં પારણાંરે. ૧
બેડું મેલ્યું સરોવરીયા પાળે, અમકાએ મુનિને વાંદિયારે;
ચાલો મુનિરાજ આપણે ઘેર, માસખમણનાં. પારણાંરે. ૨
ત્યાંરે ઢળાવું સોવન પાટ, ચાવલ ચાકળા અતિ ઘણારે;
આછા માંડા ને ખોબલે ખાંડ,મહિં તે ઘી ઘણાં લચપચાંરે. ૩
હ્યો હ્યો મુનિરાજ ન કરો ઢીલ, અમ ઘર સાસુજી ખીજશેરે;
બાઈ રે પાડોસણ તું મારી બહેન,
મારી સાસુ આગળ ન કરીશ વાતડીરે. ૪

કે તને આલું મારા કાનની ઝાલ, હાર આલું હીરાતણોરે;
કાનની ઝાલ તારે કાને સોહાય,
હીરાનો હાર મારે અતિ ઘણો રે. ૫

મારે છે વાત કર્યાની ઘણી ટેવ,
વાત કર્યા વિના હું નહિં રહું રે;
પાડોસણ આવી ખડકીરે માંહે,બાઇરે પાડોશણ સામી ગઇરે. ૬

પાડોસણ બાઈ તને કહું એક વાત;
તારી વહુએ મુનિને વહોરાવીઆરે,
નથી ઊગ્યો હજી તુલસીનો છોડ, બ્રાહ્મણે નથી કર્યાં પારણાંરે. ૭
સોવન સોવન મારો પુત્ર, ઘરમાંથી કાઢો ધર્મ ઘેલડીરે;
લાતુ મારી ગડદા મારોરે માંય, પાટુએ પરિસહ કરોરે. ૮
બે બાળક ગોરીએ લીધા સાથ, અમકા તે બારણે નીસર્યાંરે;
ગાયના ગોવાળ ગાયના ચારણહાર,
કોઇયે દીઠી મહીયર વાટડીરે. ૯

ડાબી દિશે ડુંગરીઆ હેઠ, જમણી દિશે મહીયર વાટડીરે;
આણા વિના કેમ મહીઅર જાઉં, ભોજાઇઓ મેણાં બોલશેરે. ૧૦
ગાયના ગોવાળ ગાયના ચારણહાર,કોઇયે દીઠી મહીયર વાટડીરે;
ડાબી દિશે ડુંગરીઆ હેઠ, ઉજ્જડ વાટે જઈ વસ્યારે. ૧૧
સુકાં સરોવર લહેરે જાય, વાંઝીયો આંબો ત્યાં ફલ્યોરે;
નાના ઋષભજી તરસ્યા થાય, મોટા ઋષભજી ભૂખ્યા થયારે. ૧૨
નાના ઋષભજીને પાણી પાય,મોટા ઋષભજીને ફળ આપીયાંરે;
સાસુજી જુએ ઓરડામાંહે, વહુ વિના સૂના ઓરડારે. ૧૩

સાસુજી જુએ પડસાલમાંહે, પુત્ર વિના સૂનાં પારણાંરે;
સાસુજી જુએ રસોડામાંહે, રાંધી રસોઇઓ સેગે ભરીરે. ૧૪

સાસુજી જુએ માટલામાંહે, લાડુડાના ઢગ વળ્યારે,
સાસુજી જુએ કોઠલામાંહે, ખાજાના ખડકા થયારે; ૧૫

સોવન સોવન મારો પુત્ર, તેડી લાવો ધર્મ ઘેલડીરે;
ચાલો ગોરા દેવી આપણે ઘેર, તમ વિના સૂના ઓરડારે. ૧૬

ગાયના ગોવાળ ગાયના ચારણહાર, કિહાંરે વસે ધર્મ ઘેલડીરે;
ડાબી દિશે ડુંગરીયાના હેઠ, જમણી દિશે ધર્મ ઘેલડીરે. ૧૭

ચાલો ઋષભ દેવ આપણે ઘેર, તમ વિના સૂનાં પારણાંરે;
સાસુજી ફીટીને માયજ થાય, તોય ન આવું તુમ ઘરેરે. ૧૮

પાડોસણ ફીટીને બેનીરે થાય, તોય ન આવું તુમ ઘરેરે;
બાઈરે પડોસણ તું મારી બેન, ઘરરે ભાંગવા ક્યાં મલીરે? ૧૯

ફણિધર ફીટીને ફુલમાલા થાય, તોય ન આવું તમ ઘરેરે;
કાંકરો ફીટીને રતન જ થાય, તોય ન આવું તુમ ઘરેરે. ૨૦

એ બાલક ગોરીએ લીધા છે સાથ, અમકાએ જળમાં ઝંપલાવીયુંરે;
એ બાળક ગોરીનો પડ્યોરે વિજોગ, ઘરેરે જઇને હવે શું કરૂંરે. ૨૧

સગા સંબંધી હસશે લોક, પિત્રાઇ મેણાં બોલશેરે;
પછવાડેથી પડ્યો બાઈનો કંથ, પડતાં વેંત જ થયો ફેંસલોરે. ૨૨

આળ દીધાનાં એ ફળ હોય, તેહ મરી થયો કાચબોરે?;
હીરવિજય ગુરુ હીરલો હોય, વીરવિજય ગુણ ગાવતાંરે. ૨૩

## ૩૦ શ્રી સોળ સ્વપ્નની સજઝાય.

( વીરજિનેશ્વરની દેશના. )

સુપન દેખી પહેલડે, ભાંગી છે કલ્પવૃક્ષની ડાળ રે;
રાજા સંયમ લેશે નહિ, દુષમ પંચમ કાલ રે;
ચંદ્રગુપ્ત રાજા સુણો૦ ૧

અકાલે સૂરજ આથમે, તેનો શ્યો વિસ્તાર રે;
જન્મ્યો તે પંચમકાળમાં, તેને કેવળ નવિ હોશે રે. ચંદ્રગુપ્ત૦૨

ત્રીજે ચંદ્રમા ચારણી, તેનો શ્યો વિસ્તાર રે;
સામાચારી જુદી જુદી હશે,બારે વાટે ધર્મ હોશે રે. ચંદ્રગુપ્ત૦૩

ભૂત ભૂતાદિ દીઠા નાચતા, ચોથા સુપનનો વિસ્તાર રે;
કુદેવ કુગુરુ કુધર્મની, માન્યતા ઘણી હોશે રે. ચંદ્રગુપ્ત૦૪

નાગ દીઠો બાર ફેણો, તેનો શ્યો વિસ્તાર રે;
વરસ થોડાંને આંતરે, હોશે બાર દુકાળ રે. ચંદ્રગુપ્ત૦૫

દેવ વિમાન છઠ્ઠે વર્યા, તેનો શ્યો વિસ્તાર રે;
વિદ્યા તે જંઘાચારણી, લબ્ધિ તે વિચ્છેદ હોશે રે. ચંદ્રગુપ્ત૦૬

ઊગ્યું તે ઉકરડા મધ્યે, સાતમે કમળ વિમાસ્યે રે;
એક નહિ તે સર્વ વર્ણીયા,જુદાં જુદાં મન હોશે રે. ચંદ્રગુપ્ત૦૭

થાપના સ્થાપશે આપ આપણી, પછી વિરાધક ઘણા હોશે રે;
ઉચ્છેદ હોશે જૈન ધર્મનોરે, વચ્ચે મિથ્યાત્વ ઘોર અંધાર રે.
ચંદ્રગુપ્ત૦ ૮

સૂકાં સરોવર દીઠા ત્રણ દિશે, દક્ષિણ દિશે ડાળાં પાણી રે;
ત્રણ દિશે ધર્મ હોશે નહિ, દક્ષિણ દિશે ધર્મ હોશે રે. ચં૦ ૯

સોનાની થાળી મધ્યે, કૂતરો ખાવે ખીર રે;
ઊંચ તણી રે લક્ષ્મી, નીચ તણે ઘેરે હોશે રે. ચંદ્રગુપ્ત૦ ૧૦

હાથી માથે બેઠારે વાંદરો, તેનો શ્યો વિસ્તારરે,
મ્લેચ્છી રાજા ઉંચા હોશે, અસલી હિન્દુ હેઠા હાથરે.
ચંદ્રગુપ્ત૦ ૧૧

સમુદ્રે મર્યાદા મૂકી બારમે, તેનો શ્યો વિસ્તારરે;
શિષ્ય ચેલા ને પુત્ર પુત્રીઓ, નહિ રાખે મર્યાદા લગારરે.
ચંદ્રગુપ્ત૦ ૧૨

રાજકુંવર ચઢયો પોઠીએ, તેનો શ્યો વિસ્તારરે;
ઉંચો તે જૈન ધર્મ છાંડીને, રાજા નીચ ધર્મ આદરશેરે;
ચંદ્રગુપ્ત૦ ૧૩

રત્ન ઝાંખારે દીઠા તેરમે, તેનો શ્યો વિસ્તારરે;
ભરતક્ષેત્રના સાધુ સાધવી, (તેને) હેત મેળાવા થોડા હોશેરે.
ચંદ્રગુપ્ત૦ ૧૪

મહારથે જુત્યા વાછડા, તેનો શ્યો વિસ્તારરે;
બાળક ધર્મ કરશે સદા, બુઢ્ઢા પરમાદી પડયા રહેશેરે.
ચંદ્રગુપ્ત૦ ૧૫

હાથી લઢેરે માવત વિના, તેનો શ્યો વિસ્તારરે;
વરસ થોડાને આંતરે, માગ્યા નહિ વરસે મેહરે. ચંદ્રગુપ્ત૦ ૧૬

વ્યવહારસૂત્રની ચૂલિકા મધ્યે, ભદ્રબાહુ મુનિ એમ ભાખેરે;
સોળ સુપનનો અર્થ એ, સાંભળો રાય સુધીરરે. ચંદ્ર૦ ૧૭

## ૩૧ શ્રી નાલંદાપાડાની સજ્ઝાય.

(તુજ સાથે નહિં બોલું રે ઋષભજી, તેં મુજને વિસારીજી એ દેશી)

મગધ દેશમાંહિ બિરાજે, સુંદર નગરી સોહેજી,
રાજગૃહી રાજા શ્રેણીકરે, દેખંતા મન મોહેજી;
એક નાલંદે પાડે પ્રભુજીએ, ચૌદ કીયા ચોમાસાજી. ૧

ધનને ધર્મ નાલંદે પાડે, દોનું વાતે વિશેષાજી;
ફરી ફરી વીર આવ્યા બહુવારે, ઉપકાર અધિકો દેખ્યોજી. એક૦ ૨

શ્રાવક લોક વસે ધનવંતા, જિન મારગના રાગીજી;
ઘરઘર માંહિ સોના ચાંદી, જિહાં જ્યોતિ જાગીજી. એક૦ ૩

જડાવ ઘરેણાં જોર વિરાજે, હાર મોતી નવસરીયાજી;
વસ્ત્ર પહેરણ ભારે મૂલાં, ઘરેણાં રત્ને જડીયાંજી. એક૦ ૪

પડિમા વંદન સઘળા જાવે, રચના કરે ઉલ્લાસોજી;
કેસર ચંદન ચર્ચે બહુલાં, મુક્તિતણા અભિલાષોજી. એક૦ ૫

ત્રણ પાટ શ્રેણિક રાજાના, હુવા સમકિતધારી લગતાજી;
જિન મારગકું જોર દીપાવ્યો, વીરતણા બહુ ભગતાજી. એક૦ ૬

પિયરમાંહી સમક્તિ પામી, ચેલણા પટ્ટરાણીજી;
મહાસતી જેણે સંયમ લીયો, વિરજિણંદે વખાણીજી. એક૦ ૭

જંબૂ સરીખા હુવા તે જેણે, આઠ અંતેઉર પરણીજી;
બાલબ્રહ્મચારી ભલા વિચારી, જેણે કીધી નિર્મળ કરણીજી. એક૦ ૮

શાલિભદ્ર ગોભદ્રનો બેટો, બનેવી વળી ધન્નોજી;
સહિત સુભદ્રા સંયમ લીધો, મુક્તિ જાવણરો મનજી. એક૦ ૯

ગોભદ્ર શેઠ ગુણવંતા જેણે, સંયમ મારગ લીનોજી;
મહાવીર ગુરુ મોટા મળીયા, તેણે જન્મમરણ દુઃખ છીનોજી.
એક૦ ૧૦
અભયકુમાર મહાબુદ્ધિવંતો, જેણે પ્રધાન પદવી પામીજી;
વીર સમીપે સંયમ લીધો, મુક્તિ જાવણુરો કામીજી. એક૦૧૧
શેઠ સુદર્શન છેલ્લો શ્રાવક, વીર વંદનને ચાલ્યોજી,
મારગ બિચમેં અર્જુન મળીયો, પણ ન રહ્યો તેને ઝાલ્યોજી.
એક૦ ૧૨
અર્જુન હોઈ ગયો તે સાથે, વીર જિણંદને ભેટ્યાજી.
માલીને દીક્ષા દેવરાવી, સબ દુઃખ નગરીનાં મેટ્યાજી, એક૦૧૩
ત્રેવીસ તો શ્રેણીકની રાણી, તપ કરી દેહ ગાલીજી;
મોટી સતીયો મુક્તિ બિરાજે, કર્મ તણા બીજ ગાલીજી. એક૦૧૪
ત્રેવીસ તો શ્રેણિકના બેટા, ઉપન્યા અનુત્તર વિમાનોજી;
દશ પૌત્ર દેવલોકે પોહોતા, એ સવિ હોશે નિરવાણોજી. એક૦૧૫
મહાશતક જે મોટો શ્રાવક, તેને છે તેર નારીજી;
કરણી કરીને કર્મ ખપાવ્યાં, હૂઆ એક અવતારીજી. એક૦૧૬
મેઘકુમાર શ્રેણીકનો બેટો, જેણે લીધો સંયમ ભારજી;
વેયાવચ્ચ નિમિત્તે કાયા વોસરાવી, દો નયણારો સારજી. એક૦૧૭

---

## ૩૨. શ્રી રેવતી શ્રાવિકાની સજ્ઝાય

આવીરે પનોતી જરાસંધને—એ દેશી

સોનાને સિંહાસન બેઠાં રેવતી, બેઠાં બેઠાં મંદિર મોઝારરે;
ગજગતિ દીઠા મુનિ આવતા, સુંદર સિંહ અણગાર રે.
મંદિર પધારો મેરે પુજ્યજી—એ આંકણી-૧

આજ સુરતરૂ ફળ્યો આંગણે, મોતીડે વુઠયા મેહરે
સિંહ અણુગાર પધારતાં, પ્રગટયો ધર્મ સ્નેહરે. મંદિર૦૨
ગંગારે જળમાં જેમ કમળલડી મધુકર કેલી કરંતારે;
તેમ મુજ મન મધુકર પરે,ઉલટયો રાગ અત્યંતરે. મંદિર૦૩
પુજ્યજીને વાંદિ નિહાળતાં, તેમ તેમ રાગની રેલરે,
શાન્ત સ્વભાવી સોહામણા, મુરતી મોહન વેલરે. મંદિર૦૪
આદરમાન દિધાં ઘણાં, પૂછે કાંઈ સિંહ અણુગાર રે;
કહો પૂજ્ય કેમ પધારીયા, આદેશ દ્યો સુવિચારરે. મંદિર૦૫
મુજ ગુરુએ તુમ ઘેર મોકલ્યો, માનુની પાક વહોરાય રે;
રેવતી કહે પૂજ્ય કેમ લહ્યું, કેવળજ્ઞાન પસાયરે. મંદિર૦ ૬
શુભ પરિણામે કરી આપીયો, બીજોરા પાક ઉદાર રે;
મણી માણેક મોતી તણી, વૃદ્ધિ હુઇ તેણી વારરે. મંદિર૦૭
દેવ આયુષ્ય તિહાં બાંધીયું, રેવતી એ તેણી વારરે;
વીર પ્રભુ સુખ સંપદા, સફળ કર્યો અવતારરે મંદિર૦ ૮
પુરૂષ ભલારે સંસારમાં,તેમ વળી નારી સંસારરે,
રાજીમતી સીતા કુંતા દ્રૌપદી, મૃગાવતી ચંદન બાળ રે મં.૯
ઇત્યાદિ એ જૈન ધર્મ આદર્યો, ધન્ય ધન્ય તે નરનારરે,
વીર કિંકર એમ ઉચ્ચરે, દક્ષથી જય જયકાર રે મં. ૧૦

## ૩૩ શ્રી આત્મા વિષે સજઝાય

જીવડા જીનજી પૂજન મંદિર જાઈ જો,
માદિર જાઈ જોને પૂજા રચાઈ જો;

જીનજીકા ગુણરસ ગાઈ,
જોને જીવડા જીનજી પૂજાકો મંદિર જાઈ જો૦ ૧
દાન દરવાજાને ધર્મકી બારી, સમતાકો સ્ટેશન બંધાઇ,
જોને જીવડા જીનજી પૂજા૦ ૨
સંતોષિ ચીલોને સંવરકો સીંગલ, શિયલકી સડક બંધાઇ.
જોને જીવડા૦ ૩
મન કેરો બાબુને કાયા કેરો થંભ, તપસ્યાકો તાર લગાઇ
જોને જીવડા૦ ૪
ધ્યાનકો એંજીન ક્ષમાકો ધૂઓ, જ્ઞાનકી રેલ્વે ચલાઈ.
જોને જીવડા૦ ૫
જ્ઞાનકી રેલ્વે ચલાવો બાબુ, સંયમકી ઝંડી દેખાઇ
જોને જીવડા૦ ૬
તનમનકી તો એંક બનાવી, કિરિયાકો માલ ભરાઈ,
જોને જીવડા૦ ૭
નિયમ શિયલકી કરી ઘડીયાલા, પ્રેમકી ઘંટડી બજાઇ;
જોને જીવડા૦ ૮
ભાવનાકી સિટિને દર્શન રૂપૈયો, સમક્તિ ટિકિટ લેવાઇ;
જોને જીવડા૦ ૯
એસી રેલ્વેમાં બેઠે ચતુર નર, શિવપુર નગરે સિધાઈ;
જોને જીવડા૦ ૧૦
ઉદયરત્ન કહે પ્રભુ અર્જ કરતહૈ, ભવોભવ પાપ મિટાઇ.
જોને જીવડા૦ ૧૧

## ૩૪ શ્રી છઠ્ઠા આરાની સજ્ઝાય

છઠ્ઠો આરો એહવો આવશે, જાણશે જિનવર દેવ,
પૃથ્વી પ્રલય થાશે, વરસશે વિરૂવા મેહ
રે જીવ ! જિન ધર્મ કિજીએ ૧
તાવડે ડુંગર તરડશે, વાએ ઉડી ઉડી જાય;
ત્યાં પ્રભુ ગૌતમ પૂછીઓ, પૃથ્વી બીજે કેમ થાય. રે જીવ૦૨
વૈતાઢયગિરિ નામે શાશ્વતી, ગંગા સિંધુ નદી નામ;
તેણે એકે બેહું ભેખડ, બેહોંતેર બિલની ખાણ રે. જીવ૦૩
સર્વે મનુષ્ય તિહા રહેશે, મનખા કેરી ખાણ,
સોલ વર્ષનું આઉખું, મુઢા હાથની કાય રે. જીવ૦ ૪
છ વર્ષની સ્ત્રી ગર્ભ ધરે, દુઃખી મહા દુઃખી થાય,
રાત્રે ચરવા નીકળે, દિવસે બિલમાંહે જાય રે. જીવ૦ ૫
સર્વ ભખી સર્વે માછલાં, મરી મરી દુર્ગતિ જાય,
નર નારી હોશે બહુ, દુર્ગંધિ તસ કાય રે. જીવ૦ ૬
પ્રભુ બાલની પરે વિનવું, છઠે આરે જન્મ નિવાર;
કાન્તિવિજય કવિરાયનો, મેઘ ભણે સુખમાલ, રે જીવ૦ ૭

## ૩૫ શ્રી પાંચમા આરાની સજ્ઝાય.

વીર કહે ગોતમ સુણો, પાંચમા આરાના ભાવરે, દુખિયા પ્રાણી અતિ ઘણા, સાંભળ ગોતમ સુભાવરે ાાવીર૦ ાા ૧ ાા શહેર હોશે તે ગામડાં, ગામ હોશે સમશાનરે, વિણ ગોવાળે રે ધણ ચરે, જ્ઞાન નહિ નિસ્વાણરે ાાવીર૦ાા ાા ૨ ાા મુજ કેડે કુમતિ ઘણા, હોશે તે નિરવાદરે,

જિનમતની રૂચિ નવિ ગમે, થાપશે નિજમતિ સારરે ॥ વીર૦ ॥ ૩ ॥ કુમતિ ઝાઝા કદાગ્રહી, થાપશે આપણાં બોલરે, શાસ્ત્ર મારગ સવિ મૂકશે, કરશે જિનમત મોલરે ॥ વીર૦ ॥ ૪ પાખંડી ઘણા જાગશે, ભાંગશે ધરમના પંથરે, આગમ મત મરડી કરી, કરશે નવા વળી ગ્રંથરે ॥ વીર૦ ૫ ॥ ચારણીની પરે ચાળશે, ધર્મ ન જાણે લેશરે, આગમ શાખાને ટાળશે, આપશે નિજ ઉપદેશરે ॥ ॥ વીર૦ ॥ ૬ ॥ ચોર ચરડ બહુ લાગશે, બોલી ન પાળે બોલરે, સાધુ જન સિદાયશે, દુર્જન બહુલા મોલરે ॥ ॥ વીર૦ ॥ ૭ ॥ રાજા પ્રજાને પીડશે, હિંડશે નિરધન લોકરે, માગ્યા ન વરસસે મેહુલા, મિથ્યાત્વ હોશે બહુ થોકરે ॥ વીર૦ ॥ ૮ ॥ સંવત ઓગણીસ ચૌદોતરે, હોશે કલંકીરાયરે, માત બ્રાહ્મણી જાણીયે, બાપ ચંડાલ કહેવાયરે ॥ વીર૦ ॥ ૯ ॥ છયાસી વરસનું આઉખું, પાટલીપુરમાં હોશેરે, તસુ સુત દત્ત નામે ભલો, શ્રાવકકુળ શુભ પોષે-રે ॥ વીર૦ ॥ ૧૦ ॥ કૌતુકી દામ ચલાવશે, ચર્મતણા તે જોયરે, ચોથ લેશે ભિક્ષાતણી, મહા આકરા કર હોયરે ॥ વીર૦ ॥ ૧૧ ॥ ઈન્દ્ર અવધિયે જોયતાં, દેખશે એહ સ્વરૂપરે, દ્વિજરૂપે આવી કરી, હણશે કલંકી ભૂપરે ॥ વીર૦ ॥ ૧૨ ॥ દત્તને રાજ્ય થાપી કરી, ઈન્દ્ર સુરલોકે જાય રે, દત્ત ધરમ પાળે સદા, ભેટશે શેત્રુંજા ગિરિરાયરે ॥ વીર૦ ॥ ૧૩ ॥ પૃથ્વી જિનમંડિત કરી, પામશે સુખ અપારરે, દેવલોકે સુખ ભોગવે, નામે જય જયકારરે ॥ વીર૦ ॥ ૧૪ ॥ પાંચમા આરાને છેડલે, ચતુર્વિધ શ્રીસંઘ

હોશેરે, છઠ્ઠો આરો બેસતાં જિન ધર્મ પહિલો જાશેરે ॥ વીર૦ ॥૧૫॥ બીજે અગની જાયશે, ત્રીજે રાય ન કોયરે, ચોથે પ્રહર લોપના, છઠે આરે તે હોય રે ॥ વીર૦ ॥ ૧૬ ॥

॥ દોહા ॥ છઠે આરે માનવી, બિલવાસી સવિ હોય; ॥ વીસ વરસનું આઉખું, ષટ વરસે ગર્ભજ હોય ॥ ૧૭ ॥ સહસ ચોરાશી વર્ષપણે. ભોગવશે ભવિ કર્મ ॥ તિર્થંકર હોશે ભલો, શ્રેણિક જીવ સુધર્મ ॥ ૧૮ ॥ તસુ ગણધર અતિ સુંદરૂ, કુમારપાળ ભૂપાળ; આગમ વાણી જોઈને, રચીયાં વયણ રસાળ ॥ ૧૯ ॥ પાંચમા આરાના ભાવ એ, આગમે ભાખ્યા વીર; ગ્રંથ બોલ વિચારી કહ્યા, સાંભળજો ભવિ ધીર ॥ ૨૦ ॥ ભણતાં સમક્તિ, સંપજે સુણતાં મંગળ માળ; જિનહર્ષે કહી જોડ એ, ભાખ્યાં વયણ રસાળ ॥૨૧॥

## ૩૬. શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન

દુહા પુરિસા દાણી પાસજી, બહુ ગુણ મણિ વાસ; ઋદ્ધિ વૃદ્ધિ મંગલ કરણ, પ્રણમું મન ઉલ્લાસ. ॥ ૧ ॥ સરસ્વતિ સ્વામીને વિનવું, કવિ જન કેરી માય; સરસ વાણી મુજને દિયો, મ્હોટો કરી પસાય. ॥ ૨ ॥ લબ્ધિ વિનય ગુરૂ સમરીયે, અહનિશ હર્ષ ધરેય; જ્ઞાન દૃષ્ટિ જેથી લહી, પદ પંકજ પ્રણમેવ ॥ ૩ ॥ પ્રથમ જિનેશ્વર જે હુઓ, મુનિવર પ્રથમ વખાણ; કેવલધર પહેલો જે કહે, પ્રથમ ભિક્ષાચર જાણ ॥ ૪ ॥ પહેલા દાતાએ કહ્યો, આ ચોવીશી મોઝાર; તેહ તણા ગુણ વર્ણવું, આણી હર્ષ અપાર ॥ ૫ ॥

ઢાલ ૧લી ધન્ય ધન્ય સંપ્રતિ સાચો રાજા એ–દેશી.

પહેલે ભવે ધન સાર્થવાહ, સમકિત પામ્યા સાર રે; આરાધી બીજે ભવ પામ્યા, યુગલ તણો અવતાર રે ॥ ૧ ॥

સેવો સમકિત સાચું જાણી, એ સવિ ધર્મની ખાણી રે; નવિ પામે જે અભવ્ય અનાણી. એહવી જિનની વાણી રે. ॥ સેવો૦ ૨ ॥ યુગલ ચવિ પહેલે દેવલોકે, ભવ ત્રીજે સુર થાય રે, ચોથે ભવે વિદ્યાધર કુલે થયા, મહાબલ નામે રાયરે. ॥ સેવો૦ ૩ ॥ ગુરૂ પાસે દીક્ષા પાલીને, અણસણ કીધું અંતરે; પાંચમે ભવે બીજે દેવલોકે, લલિતાંગ સુર દીપંતરે ॥ સેવો૦ ૪ ॥ દેવ ચવી છઠે ભવે રાજા, વજ્રજંઘ એણે નામ રે, તિહાંથી સાતમે ભવે અવતરીયા, યુગલા ધર્મ શું ઠામ રે ॥ સેવો૦ ૫ ॥ પૂર્ણ આયુ કરી આઠમે ભવે, સૌધર્મ દેવલોકે દેવરે; દેવ તણી ઋદ્ધિ બહુલી પામ્યા, દેવ તણા વળી ભોગરે. ॥ સેવો૦ ૬ ॥ મુનિ ભવ જિવાનંદ નવમે ભવે, વૈદ્ય સવિ થયો દેવરે; સાધુનો વેયાવચ્ચ કરી, દીક્ષા લઈ પાળે સ્વયમેવ રે ॥ સેવો૦ ૭ ॥ વૈદ્ય જીવ દશમે ભવે સ્વર્ગે, બારમે સુર હોય રે; તીહાં કણે આયુ ભોગવી પુરૂં, બાવીસ સાગર જોય રે ॥ સેવો૦ ૮ ॥ અગિયારમેં ભવે દેવ ચવીને, ચક્રી હુઓ વજ્રનાભરે; દીક્ષા લઈ વીસ સ્થાનક સાધી, લીધો જીનપદ લાભ રે. ॥ સેવો૦ ૯ ॥ ચૌદ લાખ પૂર્વની દીક્ષા, પાળી નિર્મળ ભાવે રે; સર્વાર્થ સિદ્ધ અવતરીયા, બારમે ભવ આયરે. ॥ સેવો૦ ૧૦ ॥ તેત્રીસ સાગર આયુ પ્રમાણે, સુખ ભોગવે તીહાં દેવ રે; તેરમા ભવ કેરો હવે હું, ચરિત્ર કહું સંક્ષેપરે. ॥ સેવો૦ ૧૧ ॥

ઢાળ બીજી. વાડી ફુલી અતિ ભલી મન ભમરારે.

જંબુદ્વિપ સોહામણું ॥ મન મોહનારે ॥ લાખ યોજન પરિમાણ ॥ લાલ મન મોહનારે ॥ દક્ષિણ ભરત ભલુ તિહાં ॥ મન મોહનારે ॥ અનુપમ ધર્મનું ઠામ ॥ લાલ મન મોહનારે. ॥ ૧ ॥ નયરી વિનિતા જાણીએ

॥ મન૦ ॥ સ્વર્ગપુરી અવતાર ॥ લાલ૦ ॥ નાભિરાયા કુલગર તિહાં ॥ મન૦ ॥ મરૂદેવી તસ નારી ॥ લાલ૦ ॥ ૨ ॥ પ્રીતિ ભકિત પાલે સદા ॥ મન૦ ॥ પીયુ શું પ્રેમ અપાર ॥ લાલ૦ ॥ સુખ વિલસે સંસારનાં ॥ મન૦ ॥ સુર પેરે સ્ત્રી ભરથાર ॥ લાલ૦ ૩ ॥ એક દિન સૂતી માળીયે ॥ મન૦ ॥ મરૂદેવી સુપવિત્ર ॥ લાલ૦ ॥ ચોથ અંધારી અષાડની ॥ મન૦ ॥ ઉત્તરાષાઢા નક્ષત્ર ॥ લાલ૦ ૪ ॥ તેત્રીસ સાગર આઉખે ॥ મન૦ ॥ ભોગવી અનુપમ સુખ ॥ લાલ૦ ॥ સર્વાર્થ સિદ્ધથી ચવી ॥ મન૦ ॥ સુર અવતરીયો કુખ લાલ૦ ૫ ॥ ચઉદ સુપન દીઠાં તીસે ॥ મન૦ ॥ રાણી મધ્યમ રાત ॥ લાલ૦ ॥ જઈ કહે નિજ કંથને ॥ મન૦ ॥ સુપન તણી સવિ વાત ॥ લાલ૦ ૬ ॥ કંથ કહે નીજ નારીને, ॥ મન૦ ॥ સુપન અર્થ વિચાર ॥ લાલ૦ ॥ કુલ દીપક ત્રીભુવનપતિ ॥ મન૦ ॥ પુત્ર હોસે સુખકાર ॥ લાલ૦ ૭ ॥ સુપન અર્થ પિયુથી સુણી ॥ મન૦ ॥ મન હરખ્યા મરૂદેવી ॥ લાલ૦ ॥ સુખે કરી પ્રતિ પાલના ॥ મન૦ ॥ ગર્ભ તણી નિત મેવ ॥ લાલ૦ ૮ ॥ નવ મસવાડા ઉપરે ॥ મન૦ ॥ દિન હુઆ સાડાસાત ॥ લાલ૦ ॥ ચૈત્ર વદી આઠમ દિને ॥ મન૦ ॥ ઉત્તરાષાઢા વિખ્યાત ॥ લાલ૦ ૯ ॥ મઝીમ રયણીને સમે ॥ મન૦ ॥ જનમ્યો પુત્ર રતન ॥ લાલ૦ ॥ જન્મ મહોત્સવ તવ કરે ॥ મન૦ ॥ દિશિકુમરી છપ્પન્ન. ॥ લાલ ૧૦ ॥

ઢાળ ત્રીજી—દેશી હમચડી.

આસન કંપ્યું ઇંદ્ર તણું રે, અવધિજ્ઞાને જાણી; જિનનો જન્મ મહોત્સવ કરવા, આવે ઈન્દ્ર ઇન્દ્રાણી રે ॥ હમચડી૦ ૧ ॥ સુર પરિવારે પરિવર્યા રે, મેરૂ શિખર

લઈ જાય; પ્રભુને નવણ કરીને પુજી, પ્રમણી બહુ ગુણ ગાય રે. ॥ હમચડી૦ ૨ ॥ આણી માતા પાસે મહેલી, સુર સુરલોકે પહુંતા, દીન દીન વાધે ચંદ્ર તણી પરે, દેખી હરખે માતા રે ॥ હમચડી૦ ૩ ॥ વૃષભ તણું લંછન પ્રભુ ચરણે, માતપિતાએ દેખી; સુપન માંહે વળી વૃષભ જે પહેલો, દીઠો ઉજ્વલ વેષી રે. ॥ હમચડી૦ ૪ ॥ તેહથી માતપિતાએ દીધું, ઋષભકુમાર ગુણ ગેહ; પાંચસે ધનુષ પ્રમાણે ઉંચી, સોવન વરણી દેહરે. ॥ હમચડી૦ ૫ ॥ વીસ પૂર્વ લખ કુમાર પણે રે, રહીયા પ્રભુ ઘરવાસે; સુમંગલા સુનંદા કુંવરી, પરણ્યા દોય ઉલ્લાસે રે. ॥ હમચડી૦ ૬ ॥ ત્યાસી લાખ પૂર્વ ઘરવાસે, વસીય ઋષભ જિણંદ; ભરતાદિક સુત શત હુઆરે, પુત્રી દોય સુખકંદ રે. ॥ હમચડી૦ ૭ ॥ તવ લોકાંતિક સુર આવીને રે, કહે પ્રભુ તીર્થ સ્થાપે; દાન સંવત્સરી દેઈ દીક્ષા, સમય જાણી પ્રભુ આપે રે ॥ હમચડી૦ ૮ ॥ દીક્ષા મહોત્સવ કરવા આવે સપરિવાર સુરિંદો; શિબિકા નામે સુદર્શના રે, આગળ ઠવે નરીંદ રે ॥ હમચડી૦ ૯ ॥

ઢાળ ચોથી-રાગ મારૂ એ દેશી

ચૈત્ર વદી આઠમ દીને રે, ઉત્તરાષાઢારે ચંદ; શિબિકાયે બેસી ગયારે, સિદ્ધારથ વન ચંદોરે ॥ ૧ ॥ ઋષભ સંયમ લીયે- એ આંકણી. અશોક તરૂ તલે આવીનેરે, ચઉ મુઠી લોચ કીધ; ચાર સહસ વડ રાજવીરે, સાથે ચારિત્ર લીધરે ॥ ઋ૦ ૨ ॥ ત્યાંથી વિચર્યા જિનપતિ રે, સાધુ તણે પરિવાર; ઘર ઘર ફરતા ગોચરી રે, મહીયલ કરે વિહાર રે ॥ ઋ૦ ૩ ॥

ફરતાં તપ કરતાં થકાંરે, વરસ દિવસ હુઆ જામ; ગજપુર નયર પધારીયારે, દીઠા શ્રેયાંસે તામરે ।। ઋ૦ ૪ ।। વરસી પારણું જિન જઈ રે, શેરડી રસ તિહાં કીધ; શ્રેયાંસે દાન દેઈનેરે, પરભવ શંબલ લીધરે ।। ઋ૦ ૫ ।। સહસ વરસ લગે તપ તપીરે, કર્મ કર્યાં ચકચુર; પુરિમ તાલપુર આવીયા રે, વિચરતાં બહુ ગુણપુરારે ।। ઋ૦ ૬ ।। ફાગણ વદી અગીયારસેરે, ઉત્તરાષાઢારે યોગ; અઠમ તપ વડ, હેઠલે રે, પામ્યા કેવલ્ નાણુ રે ।। ઋ૦ ૭ ।।

ઢાળ–પાંચમી, કપુર હોએ અતિ ઉજળો રે–એ દેશી.

સમવસરણ દેવે મળી રે, રચીયું અતિહિ ઉદાર; સિંહાસન બેસી કરી રે, દીએ દેશના જિન સાર; ચતુરનર કીજે ધર્મ સહાય, જિમ તુમ શિવસુખ થાય ।। ચતુર નર કીજે૦ ।।૧।। બારે પરષદા આગળેરે, કહે ધર્મ ચારે પ્રકાર; અમૃત સમ દેશના સુણીરે, પ્રતિબોધ્યા નરનાર ।। ચતુરનર કીજે ।।૨।। ભરત તણા સુત પાંચસેં રે, પુત્રી સાતસેં જાણ; દીક્ષા લીયે જીનજી કનેરે, વૈરાગે મન આણ ।। ચતુરનર કીજે૦ ।।૩।। પુંડરીક પ્રમુખ થયારે, ચોરાસી ગણધાર; સહસ ચોરાસી તિમ મલીરે, સાધુ તણો પરિવાર ।। ચતુરનર કીજે૦ ।।૪।। બ્રાહ્મી પ્રમુખ વળી સાહુણીરે, ત્રણ લાખ સુવિચાર; પાંચ સહસ ત્રણ લાખ ભલારે, શ્રાવક સમકિત ધાર ।। ચતુરનર કીજે૦ ।। ૫ ।। ચોપન સહસ પંચ લાખ કહીરે, શ્રાવિકા શુદ્ધ આચાર; ઈમ ચઉવિહ સંઘ સ્થાપીનેરે, ઋષભ કરે વિહાર. ચતુનર કીજે૦ ।।૬।। ચારિત્ર એક લખ પૂર્વનું રે,

પાલ્યું ઋષભ જિણંદ; ધર્મ તણે ઉપદેશથીરે, તાર્યા ભવિજન વૃંદ ॥ ચતુરનર કીજે૦ ॥૭॥ મોક્ષ સમય જાણી કરીરે, અષ્ટાપદ ગિરિ આય; સાધુ સહસ દશસું તિહાંરે, અણસણ કીધું ભાવ ॥ ચતુરનર કીજે૦ ॥૮॥ મહા વદી તેરસ દીનેરે, અભિજિત નક્ષત્ર ચંદ્ર યોગ; મુકિત પહોંત્યા ઋષભજીરે, અનંત સુખ સંયોગ ॥ ચતુરનર કીજે૦ ॥૯॥

ઢાળ છઠી, રાગ ધનાશ્રી–કડખાની દેશી

તું જયો તું જયો, ઋષભ જિન તું જયો, અલજયો હું તુમ દરિસન કરવા; મહેર કરો ધણી, વિનવું તુમ ભણી; અવર ન કોઇ કોઇ ધણી જગ ઉધરવા ॥ તુજ૦ ૧ ॥ જગમાંહે મેહને મોર જિમ પ્રીતડી, પ્રીતડી જેહવી ચંદ્ર ચકોર; પ્રીતડી રામ લક્ષ્મણ તણી જેહવી, રાત દિન નામ ધ્યાયું દરસ તોરા ॥ તુજ૦ ૨ ॥ શિતલ સુર તરૂ તણી તીહાં છાંયડી, શિતલો ચંદ ચંદન ઘસારો; શીતલું કેલ કપુર જિમ શિતલું, શીતલો તિમ મુજ મન મુખ તુમારો ॥ તુજ૦ ૩ ॥ મીઠડો શેલડી રસ જિમ જાણીએ, ખટરસ દ્રાક્ષ મીઠી વખાણી; મીઠડી આંબલા શાખ જિમ તુમ તણી, મીઠડી મુજ મન તિમ તુમ વાણી ॥ તુજ૦ ૪ ॥ તુમ તણા ગુણ તણો પાર હું નવિ લહું, એક જીભે કેમ મેં કહી જે; તાર મુજ તાત સંસાર સાગર થકી, રંગ શું શીવર મણી વરી જે ॥ તુજ૦ ॥ ૫ ॥

**કળશ**–ઇમ ઋષભ સ્વામી, મુક્તિ ગામી ચરણ નામી શીર એ, મરૂદેવી નંદન સુખ નંદન, પ્રથમ જિન જગદી-

શએ, મનરંગ આણી, સુખવાણી, ગાઈઓ જગ હિત કરૂ; કવિરાય લબ્ધિ નિજ સુસેવક, પ્રેમવિજય આનંદ વરો. ઈતિ

## ૩૭. શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન.

ગિરિવરીયાની ટોચેરે જગગુરુ જઈ વસ્યા,
લલચાવો લાખોને કાંઈ નવી લેખોરે; આવી તલાટીની તળીયે
ટળવળું એકલો; સેવક પર જરા મ્હેર કરીને દેખોરે. ॥ ૧ ॥

કામ દામને ધામ નવાં હું માગતો, માગું માગણુ
થઈ ચરણુ હજુર જો; કાયા નિર્મળ તે છે
પ્રભુજી જાણજો, આપ પધારો દીલડે દીલડા પુર જો ॥ ૨ ॥

જન્મ લીધો તે દુઃખીયાનાં દુઃખ ટાળવા, તે ટાળીને
સુખીયા કીધા નાથ જો; તુમ બાલુડાની પેરે હું પણ બાલુડો,
નમી વિનમી જપું ધરજો મારો નાથ જો ॥ ૩ ॥

જિમ તિમ કરી પણુ આ અવસર આવી મળ્યો, સ્વામી સેવક
સામા સામી થાય જો; વખત જવાનો ભય છે મને આકરો,
દર્શન દ્યાતો લાખેણુ કહેવાય જો ॥ ૪ ॥

પાંચમે આરે પ્રભુજી મલવા દોહીલા, તો પણુ મળીયા ભાગ્ય
તણો નહિ પારજો; ઉવેખો નહિ થોડા માટે સાહિબા, એક
અરજ તે માની લેજો હજુર જો ॥ ૫ ॥ સુરતરૂ નામ ધરાવે તે
પણુ શું કરે, સાચો સુરતરૂ તું છે દિન દયાળ જો; મન ગમતું
દઈ દાન ભવોભવ વારજો, સાચા થાશો ષટ્કાયા પ્રતિ
પાળજો ॥ ૬ ॥ કરગરૂં તો પણુ કરૂણા જો નહિ લાવશો, લંછન
લગે સુરપતિ નામ ધરાવીરે; કેડ વળગ્યા તે સર્વીને

સરખા કર્યા, ધીરજ આપો અમને ભગત ઠરાવીરે ॥ ૭ ॥
નાભિ નરેશ્વર નંદન આશા પુરજો, રહેજો હૃદયમાં સદા
કરીને વાસજો; કાન્તિવિજયને આતમ પદ અભિરામ છે
સદા સુહાગણ થાઓ મુકિત વિલાસ જો ॥ ૮ ॥

## ૩૮. શ્રી સીમંધર સ્વામીનું સ્તવન

શ્રી સીમંધર મુજ મન સ્વામી, તુમે સાચા છો શીવપુર
ગામી; કે ચંદા તુમે જઈ કહેજો, ૧॥ જો એકવાર અહિંયા
તુમે આવો, હરે મિથ્યાત્વી ને ઘણું સમજાવો; કે ચંદા૦
॥૨॥ કહેજો મારા વહાલાને કહેજો જીનરાજને, કહેજો
સીમંધર સ્વામીને; તુમે ભરતક્ષેત્ર અહિંયાં આવો, કેચંદા૦
॥૩॥ મનડું તે મારું તુમ પાસે રહે છે, ચંદા ચરણે તે
ચિત્ત ચાહે છે. કે ચંદા૦॥૪॥ તીહાં તે જીનજીના વરખ ન
દીપે, જીનના ગુણ ગાવાને દીલ હરખે કે ચંદા૦ ॥૪॥
ભરતક્ષેત્રના જે ભવિ પ્રાણી, જીનની વાણી સુણવાની ગુણખાણી
કે ચંદા૦ ॥૫॥ મહા વિદેહક્ષેત્રના જે ભવિ પ્રાણી- નિત્ય
સુણે એ તુમચી વાણી, યોજન વર વાણી કે ચંદા૦॥૬॥
ક્ષેત્ર જે લહીએ, ચંદા તોય અમે તમને શેના કહીએ.
ચંદા૦ ॥૭॥ અનુભવ અમૃત ભેળીને લેજો, ચંદા રતિ એ
દર્શન દેજો. કે ચંદા૦ ॥૮॥ તુજ પદ પંકજ જીનવિજયના
ચંદા નયને આવવાની ઘણી હોંશો, કે ચંદા૦ ॥૯॥ વાચક
યશ વિજયનારે શિષ્ય, ચંદા નિર્મળ બુદ્ધિ જગીશ. કે
ચંદા૦ ॥૧૦॥

## —: લાયબ્રેરીને શોભાવે તેવાં સુંદર પ્રકાશનો :—

| | |
|---|---|
| અભયકુમાર | ૩—૦ |
| ઈલાયચીકુમાર | ૩—૦ |
| તેજતપંણુ (જગડુશાહ) | ૪—૦ |
| મહાસતી મયણાસુંદરી | ૩—૦ |
| કંસ વધ | ૩—૦ |
| જીવન પ્રવાહ | ૩—૦ |
| પ્રભુ મહાવીર ભાગ ૧ લો. | ૩—૦ |
| ,, ભા. ૨ જો. | ૩—૦ |
| બહોત ગઈ થોડી રહી ભા. ૧ લો | ૩—૦ |
| ,, ભા. ૨ જો | ૩—૦ |
| મહિયારણુ | ૩—૦ |
| માનવ પૂજા | ૩—૦ |
| કયવન્ના શેઠનું ચરિત્ર | ૩—૦ |
| આર્દ્રકુમાર | ૩—૦ |
| એક દંડીયો મહેલ | ૩—૦ |
| કુમારપાળ ચરિત્ર ભા. ૧–૨ | ૬—૮ |
| શાળીભદ્ર ચરિત્ર | ૪—૦ |
| પુણ્યાત્મા અમરકુમાર | ૪—૦ |
| મહામંત્રી શકડાલ | ૪—૦ |
| પાટમદે | ૪—૦ |
| અનોપમા દેવી | ૫—૦ |
| પવિત્રતામાં પ્રભુતા | ૫—૦ |
| ડગમગતું સિંહાસન | ૪—૦ |
| સતીરત્ન કથા સંગ્રહ | ૪—૦ |
| સુભદ્રાદેવી | ૪—૦ |
| દેવકુમાર | ૩—૦ |
| શીલની આદર્શ કથા | ૩—૦ |
| કુમારપાળ રાજાના રાસનું રહસ્ય | ૫—૦ |
| મગધરાજ શ્રેણીક | ૨—૦ |
| અજારા પાર્શ્વનાથ | ૨—૦ |
| ગીરનાર તીર્થનો ઇતિહાસ | ૨—૦ |
| પ્રત્યેક બુદ્ધ ચરિત્ર | ૨—૦ |
| બપ્પભટ્ટસૂરિને આમરાજા ભા. ૧–૨ | ૩—૮ |
| વિક્રમ ચરિત્ર સચિત્ર | ૫—૦ |
| સિંહાસન બત્રીસી | ૩—૦ |
| વૈતાળ પચીસી | ૧—૮ |
| સમરાદિત્ય કેવલી ચરિત્ર | ૫—૦ |

આ ઉપરાંત આગમો તેના ભાષાન્તરો સંસ્કૃત ગદ્યપદ્ય ચરિત્રો તેમજ જૈ... કિફાયત ભાવથી મળશે.

આ ઉપરા...

આ ઉપરાત આગમો તેના ભાષાન્તરો ...ચંદ શાહ

...મજ જૈ... કિફાયત ...અમદાવાદ.

આ ઉપરા...

કિફા...

આ ઉપરા...

ટાઈટલ આ ઉપરાત આગમો તેના ભાષા... ...વાદ